ગુજરાતી બેસ્ટસેલર : ૫,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચુકી છે



સહજીવનનું પ્રથમ પગથિયું

અવંતિકા ગુણવંત





VISIT…

LANZAROTE

Caliente.com

ગુજરાતી બેસ્ટસેલર : ૫,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચુકી છે



સહજીવનનું પ્રથમ પગથિયું

અવંતિકા ગુણવંત









આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

લગ્ન કરીને એક તદ્દન અપરિચિત કે અલ્પરિચિત વ્યક્તિને જીવનમાં પ્રવેશ આપીને એની સાથે હાથમાં હાથ ભેરવીને જીવનના અગોચર નૂતન પ્રદેશમાં ડગ માંડવાં એ ખરેખર સાહસનું કામ છે.

એ અજાણ્યા પથમાં સંકટ આવે કે દુ:ખ આવે ત્યારે ખભે ખભો મિલાવીને આગળ વધવું અઘરું છે ત્યારે દુ:ખ કે તકલીફ કોના કારણે આવ્યાં એવું વિચારવાનું નહીં પણ જે સમસ્યા કે સંકટ આવ્યાં એની સામે બેઉએ એક થઈને લડવાનું છે, એવા ઐક્યની અનુભૂતિ સાહજિક રીતે થાય એ માટે બેઉએ મથવાનું છે. લગ્ન પછીનું સહિયારું જીવન બેઉ જણાં પ્રયત્ન કરે તો જ મધુર અને સંવાદિતાભર્યું બને.

સહજીવનનું પ્રથમ પગથિયું

અવંતિકા ગુણવંત



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,

કેશવબાગ,

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ',

રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,

અમદાવાદ ૩૮૦ ૦૦

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

Sahajivannu Pratham Pagathiyu
Reflective Stories on Marriage Problems
Written by Avantika Gunvant
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai ☐ Ahmedabad

2014
EISBN: 978-93-5122-269-9

મુદ્રણો

પ્રથમ આવૃત્તિ	:	નવેમ્બર, ૨૦૦૭
પુનર્મુદ્રણ	:	ઑગસ્ટ, ૨૦૦૮
પુનર્મુદ્રણ	:	ઑગસ્ટ, ૨૦૦૯
સંવર્ધિત આવૃત્તિ	:	જુલાઈ, ૨૦૧૦
પુનર્મુદ્રણ	:	જૂન, ૨૦૧૧
પુનર્મુદ્રણ	:	ફેબ્રુઆરી, ૨૦૧૨
પુનર્મુદ્રણ	:	મે, ૨૦૧૪

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રિય

હેમા — ડૉ. પરેશ શેઠને

સસ્નેહ

દામ્પત્યજીવનના આરંભે

કેટલી બધી ગંભીરતાથી જીવનસાથીની પસંદગી કરી હતી! રૂપ, ગુણ, સંસ્કાર, સ્વભાવ, અભ્યાસ જોયાં હતાં. સામા કુટુંબની ધનસંપત્તિ, સામાજિક પદ અને પ્રતિષ્ઠા જોયાં હતાં.

અનુભવી અને શાણા માણસોનાં સલાહસૂચનો તથા માતા-પિતાના અભિપ્રાયો પણ ધ્યાનમાં રાખ્યાં હતાં. પોતાના અંતરાત્માનો અવાજ પણ સાંભળ્યો હતો. ક્યાંય ગફલત નહોતી રાખી. લગ્નનું શુભ મુહૂર્ત જોવડાવ્યું હતું. બધી માંગલિક ક્રિયાઓ શાસ્ત્રીય રીતે થઈ હતી.

સુખથી છલકાતા આદર્શ દામ્પત્યજીવનની કલ્પના સાથે ખૂબ હોંશ અને શ્રદ્ધાથી પ્રભુતામાં પગલાં ભર્યાં હતાં. આટઆટલી સાવધાની રાખી છતાં પણ ધાર્યા પ્રમાણે જિંદગી રંગ, રૂપ અને આકાર કેમ ધારણ નથી કરતી?

લગ્ન પછીના જીવનમાં કેટકેટલી તકેદારી રખાય છે, છતાં પણ એવું કંઈક અણધાર્યું અચાનક બની જાય છે કે સમસ્ત જીવન હચમચી ઊઠે છે. દામ્પત્યજીવનના પાયામાં તિરાડ પડે છે. દંપતીને જિંદગીમાં ધ્રાસ્કો પડે છે, મનમાં નિરાશાના ઓઘ ઊમટે છે. લગ્ન તો જીવનનો મહત્ત્વનો નિર્ણય, અગત્યનો વળાંક, ત્યાં આરંભમાં જ નિષ્ફળતા કેમ સાંપડી? ક્યાંય ઉતાવળ નહોતી કરી. જોઈ-વિચારીને યોગ્ય પાત્ર શોધ્યું હતું. તોય કેમ બધું લયબદ્ધ નથી ચાલતું? મેં ક્યાં ભૂલ કરી? મારા જીવનમાં આવું કેમ થયું? હવે શું કરી શકાય? અતિ આધુનિક વિચારસરણી પ્રમાણે છૂટાં થવાની ઘડી તો નહીં આવે ને? જીવન આખું આંસુ અને નિસાસાથી અંધકારમય તો નહીં થઈ જાય ને? હૃદય-મન ચિંતા અને નિરાશાથી ઘેરાઈ જાય છે.

પરંતુ સમાજશાસ્ત્રી તો કહે છે, નિર્ભેળ નર્યું સુખ જીવનમાં કોઈ નસીબદારને જ મળે. સામાન્ય રીતે માણસને જેમ એના સમગ્ર જીવનમાં એ રીતે જ દામ્પત્યજીવનમાં ક્યારેક તો મૂંઝવણ અને નિરાશાનો અનુભવ થાય જ છે; ત્યારે નિરાશ નહીં થવાનું પણ સ્નેહ અને સંયમથી વર્તવાનું.

લગ્ન કરીને એક તદ્દન અપરિચિત કે અલ્પપરિચિત વ્યક્તિને જીવનમાં પ્રવેશ આપીને એની સાથે હાથમાં હાથ ભેરવીને જીવનના અગોચર નૂતન પ્રદેશમાં ડગ માંડવાં એ ખરેખર સાહસનું કામ છે. એ અજાણ્યા પથમાં સંકટ આવે કે દુ:ખ આવે ત્યારે ખભે ખભો મિલાવીને આગળ વધવું અઘરું છે ત્યારે દુ:ખ કે તકલીફ કોના કારણે આવ્યાં એવું વિચારવાનું નહીં પણ જે સમસ્યા કે સંકટ આવ્યાં એની સામે બેઉએ એક થઈને લડવાનું છે, એવા ઐક્યની અનુભૂતિ સાહજિક રીતે થાય એ માટે

બેઉએ મથવાનું છે. લગ્ન પછીનું સહિયારું જીવન બેઉ જણાં પ્રયત્ન કરે તો જ મધુર અને સંવાદિતાભર્યું બને.

દામ્પત્યજીવનની સફળતા જેટલી તમારા જીવનસાથી પર આધાર રાખે છે એટલી જ તમારા પર આધાર રાખે છે. યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ એટલે કામ પતી જતું નથી. તમારે પોતે તમારા જીવનસાથીને યોગ્ય બનવા પ્રયત્નશીલ, સતત પૂરા પ્રયત્નશીલ રહેવાનું છે.

લગ્ન આપમેળે સ્વયંભૂ સફળ નથી નીવડતાં. ક્યારેક સુખથી ભર્યાભર્યા દામ્પત્યજીવનમાં ય ખાલીપાનો અહેસાસ થાય છે. જીવન કદી એકધારું નથી વહેતું; દરેક માણસનું જીવન જીવન્ત છે, એ પ્રતિપળ પરિવર્તન પામે છે અને સમસ્યાઓ ઉદ્ભવે છે. આધુનિક પેઢીનાં યુવક-યુવતીઓનાં લગ્નજીવન ધ્યાન ન રાખે તો અનેક સમસ્યાઓનાં ભોગ બને છે અને બહુ ઝડપથી ભંગાણના આરે આવીને ઊભાં રહે છે.

એટલા માટે જ પતિ-પત્નીએ પોતાના લગ્નને સફળ બનાવવા સભાન પ્રયત્ન કરવો જોઈએ. પતિ-પત્નીનો સંબંધ તન અને મનનો છે. સંબંધમાં બે મટોને એક બનવાનો આદર્શ રખાય છે. એમાં ગાઢ આત્મીયતાની અપેક્ષા રહે છે, છતાં ક્યારેક મતભેદ તો પડે જ છે.

કયા કારણે આવા મતભેદ પડે છે? દરેક માણસનું મન અકળ છે, પરિવર્તનશીલ છે; કઈ ઘડીએ એ કઈ લાગણી અનુભવે છે, કઈ લાગણીનો એ કેવો પ્રત્યાઘાત આપશે તે જાણી શકાતું નથી.

એક ઘરમાં સાથે રહેવા છતાં સાથીની લાગણીની બાબતે અનુમાન કરવામાં ક્યારેક થાપ ખાઈ બેસાય છે. આશા-અપેક્ષા મુજબ સામેથી પ્રત્યુત્તર ન મળતાં મન નિરાશ થઈ જાય છે, પરંતુ આવી વાતને નકારાત્મક મનથી નહીં લેવાની. આવી વાત સાહજિકતાથી સ્વીકારી લેવાની અને જીવનમાં આવું બને એ સ્વાભાવિક છે એમ માનવાનું.

લગ્ન વડીલ-આયોજિત હોય કે પરિચયલગ્ન હોય કે મહિનાઓ અને વર્ષો બાદ થયેલું પ્રેમલગ્ન હોય પરંતુ યુવક-યુવતી પતિ-પત્ની બને છે પછી તેઓ અન્યોન્યનો સાવ જુદો જ પરિચય પામે છે. અન્યોન્યના વ્યક્તિત્વનું સાવ જુદું જ પાસું જોવા મળે છે અને એ ઘડીએ વિસ્મય થાય છે કે અરે! જીવનસાથીનું આ પાસું તો મેં જોયું જ ન હતું. અને પેલી પ્રસિદ્ધ કાવ્યપંક્તિ ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’ હૈયે ચડી આવે છે.

અન્યોન્યનાં એ અપરિચિત પાસાંઓ સાથે મેળ પાડી શકો તો જ દામ્પત્યજીવન રસભર્યું, અર્થપૂર્ણ અને સાર્થક બને; એ માટે પતિ-પત્ની બેઉએ ખુલ્લાં દિલથી સભાનપણે પ્રયત્ન કરવો પડે.

પ્રયત્ન કરવો એટલે શું શું કરવાનું? પતિ-પત્નીએ એકબીજાને સમજવાનાં, સહેવાનાં, એકબીજાની ભૂલો અને ત્રુટિઓ ભૂલી જવાની,

કોઈ વાંક થયો હોય તો માફ કરી દેવાનો, એકબીજાનાં સદ્ગુણો અને સારી વાતો યાદ રાખવાનાં. જેઓ હરપળે જાગ્રત રહીને સ્નેહથી લગ્નજીવનને સંવારતાં નથી તેમનાં જીવન ક્યારેક મુશ્કેલીઓથી ઘેરાઈ જાય છે.

આપણે જાણીએ છીએ કે માણસના મનમાં થોકબંધ આશાઓ અને મહેચ્છાઓ હોય છે. જીવનસાથી પાસેથી એ સાથ અને સહકારના નામ પર ઘણું બધું ઇચ્છે છે, અને જો ધાર્યા પ્રમાણે નથી મળતું ત્યારે એના મનમાં અસંતોષ થાય છે. બેઉની વચ્ચેની આત્મીયતાનો લય ખોરવાય છે.

એકબીજા પર આક્ષેપો અને પ્રતિઆક્ષેપો શરૂ થઈ જાય છે: 'તું સાવ આવો!', 'મેંય તને આવી નહોતી ધારી.', 'મેં તારી પાસેથી આવા વર્તનની અપેક્ષા નહોતી રાખી.', 'હું તારી ગુલામ નથી કે તને પૂછી પૂછીને પગલું ભરું.', 'આ મારું ઘર છે, હું કહું એમ જ થશે!'

આવા પ્રકારની હુંસાતુંસી અને ખેંચાખેંચ શરૂ થઈ જાય છે અને પછી તો 'મારું-તારું'ના ઝઘડાઓનો આરંભ થઈ જાય છે. બેઉનાં હુંપદ ટકરાય છે અને જો બેમાંથી કોઈ પોતાની વાત છોડે નહીં, ધૈર્ય અને ઉદારતા દાખવે નહીં તો ધીમે ધીમે પ્રેમનું બાષ્પીભવન શરૂ થઈ જાય છે; બેઉ વચ્ચે વિખવાદ, વિસંવાદ અને વૈમનસ્ય પ્રગટે છે.

સહજીવનમાં બેઉ જણના સ્વભાવની નબળાઈઓ બહાર આવવા માંડે છે. પતિ-પત્નીના સંબંધને સહજીવનનો માનીને બોલવાચાલવામાં વિવેક કે સભ્યતા રખાતાં નથી. પતિ-પત્ની એકબીજાને ગમે તે કહી શકે એ માન્યતાને લીધે સામી વ્યક્તિની લાગણી દુભાશે એનો ખ્યાલ રખાતો નથી. ક્યારેક તો જાણી જોઈને કટુવચનો બોલાય છે, સંયમ ગુમાવીને નિષ્ઠુર વર્તન કરાય છે. હવે જો પ્રેમ ના હોય ને માત્ર સ્વાર્થી ગણતરી કરીને લગ્ન કર્યાં હોય તો એવું કરનાર જીવનસાથી પ્રત્યે અણગમો ઊપજે છે, મનમાં ઉદ્વેગ થાય છે કે પસંદગી કરવામાં ભૂલ થઈ ગઈ.

ક્યારેક તો બીજાં પાત્રો જે જીવનસાથી તરીકે મળી શકતાં હતાં છતાં એમનો ઇન્કાર કર્યો એ આ સ્વીકારેલા જીવનસાથી કરતાં ચડિયાતાં હતાં એવું લાગે છે. આવી સરખામણી અનાયાસ થઈ જાય છે અને મન પસ્તાવા અને અફસોસથી ઘેરાઈ જાય છે અને એ બધું ક્રોધ રૂપે બહાર આવે છે. વારંવાર ઝઘડા થાય છે. આમ, જીવનમાં અશાંતિ સર્જાય છે. અશાંતિ જીવનરસને નષ્ટ કરી નાખે છે. આ અશાંતિ થતી અટકાવવી શી રીતે? શાણા માણસો કહે છે કે લગ્ન પહેલાં તમારી આંખ અડધી ઉઘાડી રાખજો અને લગ્ન પછી તમારી આંખ અડધી બંધ રાખજો, એટલે કે જીવનસાથીની ખામી જોશો નહીં.

તમારી નબળાઈઓ અને ભૂલોનો જીવનસાથી સમક્ષ નિઃસંકોચ સ્વીકાર કરજો, અને તમારા જીવનસાથીની નબળાઈ જાણો તોય એ મુદ્દે ઝઘડવાના બદલે એક માનવીય નબળાઈ ગણીને એને પ્રેમ કરજો. અંગ્રેજ

કવિ કેમ્પિયનની શીખ યાદ રાખજો: 'Never love unless you can bear with all the faults of a man .'

સહજીવનમાં સુખ અને સુમેળથી રહેવા માટે પ્રેમ જોઈએ, અનર્ગળ પ્રેમ જોઈએ જ જોઈએ. આ સંદર્ભે થોડી સોનેરી સલાહ ગાંઠે બાંધવા જેવી છે: (૧) લગ્ન પછી આદર્શ પતિ કે પત્ની ન શોધાય, પણ પતિ કે પત્નીમાં આદર્શ શોધાય અને જે કંઈ મળે એનાથી સંતોષ મનાય. (૨) લગ્ન પછી તમારા જીવનસાથીને પ્રેમ કરજો પણ એનાં પારખાં ન લેશો, નહીં તો જીવનસાથી જે તમારી લગોલગ છે એ તમારાથી કંટાળશે, ત્રાસ પામશે, થાકશે અને માનસિક રીતે તમારાથી અલગ થઈ જશે. પતિ-પત્નીની મનથી જુદાં પડવાની શરૂઆત થશે. (૩) સાચો પ્રેમ શી રીતે કરવો એ શું શીખી શકાય કે શિખવાડી શકાય? હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થનાર અને 'સાયકોલૉજી ટૂડે' નામના સાપ્તાહિકના તંત્રી રોબર્ટ કહે છે કે જો બે માણસ નિશ્ચય કરે ને સભાન પ્રયત્ન કરે તો પ્રેમભર્યો સંબંધ પ્રસ્થાપિત કરી શકે છે. આ વિદ્વાન તંત્રીને આપણા ભારતદેશની લગ્નભાવના માટે ખૂબ માન છે. આપણા દેશમાં હજુય ૯૫% માણસો પહેલાં લગ્ન કરે છે અને પછી તેઓ જીવનસાથીને પ્રેમ કરે છે. લગ્ન પછી તેઓમાં અન્યોન્ય માટે પ્રેમ ઉદ્ભવે છે અને વૃદ્ધિ પામે છે. આ પ્રક્રિયા એકદમ સ્વાભાવિકપણે થાય છે. આપણી સંસ્કૃતિએ લગ્નને બે આત્માનું મિલન ગણાવ્યું છે. સાત ફેરાનો આ સંબંધ સાત જન્મનો ગણવામાં આવ્યો છે. જીવનમાં ગમેતેવાં સંકટો, આધિ, વ્યાધિ, ઉપાધિ આવે પણ લગ્નનેં એ ખંડિત કરી શકતાં નથી, કસોટીની એરણે ચડીને લગ્ન દૃઢતર બને છે. જો પતિ-પત્ની વચ્ચે આવો નિરપેક્ષ સાહજિક પ્રેમ હોય તો હજારો અભાવો વચ્ચેય એનું જીવન ભર્યુંભર્યું હોય છે.

એવું કહેવાય છે કે ભારતમાં લગ્ન સમયે થયેલો પ્રેમનો કરાર – The love contract – પતિ-પત્ની સાથે રહેવા માંડે પછી ચિરકાળના પ્રેમમાં ફેરવાય છે, પ્રેમની કોઈ સીમા નથી હોતી. કોઈને તમારા માટે પ્રેમ છે એ વાત જ ખૂબ પ્રસન્નકર અને પ્રેરણાજનક છે. એક પ્રેમીજનની ઉક્તિ છે, 'હું તને પ્રેમ કરું છું, તું જે છે એને કારણે નહીં પણ હું જ્યારે તારી સાથે હોઉં છું ત્યારે હું જે હોઉં છું, જે ઉન્નત અનુભૂતિ કરું છું એના કારણે હું તને પ્રેમ કરું છું.' પ્રેમિકા એના પ્રેમીને કહે છે, 'તારું સાન્નિધ્ય સાંપડ્યું ને હું મહારાણી બની ગઈ.'

આવો છે પ્રેમનો ચમત્કાર અને પ્રેમની શક્તિ. પતિ-પત્નીએ પ્રેમની સાધના કરવાની હોય પણ પ્રેમના નામે એકબીજા પર જબરજસ્તી ના કરાય, ખોટી રીતે દબાણ લાવીને ગેરફાયદો ના ઉઠાવાય, છેતરપિંડી ન કરાય. ત્યાગ દ્વારા પ્રેમ પૂણત્વ પામે છે. જો પતિ-પત્નીનાં હૃદયમાં સરળતા, નિખાલસતા, અન્યોન્ય તરફ સમર્પણભાવ અને સ્નેહ હશે તો એમનું દામ્પત્યજીવન શોભી ઊઠશે, ઘર સુખથી છલકાઈ જશે.

પરંતુ માણસનો સ્વભાવ એવો છે કે દરેક સંબંધમાંથી શક્ય એટલું વધારે ને વધારે મેળવવું અને વધારેમાં વધારે વિકસવું. ક્યારેક એક જણનો વિકાસ વધારે થાય છે ને બીજું પાત્ર એની સાથે તાલ નથી મેળવી શકતું અથવા તો ક્યારેક એક જણનો વિકાસ એક દિશામાં એક રીતે થાય છે અને બીજું પાત્ર એનાથી વિરુદ્ધ દિશામાં બીજી રીતે વિકાસ સાધે છે ત્યારેય વિસંવાદિતા ઊભી થવાની શક્યતા સર્જાય છે.

સ્ત્રીપુરુષના આ અસમાનતાના વાતાવરણમાં અને બૌદ્ધિક પ્રગતિના સમયમાં આવું બનવાની સંભાવના વધે છે, કોઈ વિસંવાદિતા ઊભી ન થાય માટે જીવન કે જીવનસાથી પાસેથી વધારે પડતી અપેક્ષા ન રાખો, હક અને અધિકારને વળગી ન પડો; નહીં તો અસંતોષ જાગશે, જીવન ખોરંભે ચડશે.

સફળ દામ્પત્યજીવન માટે તમારા જીવનસાથીને એની રીતે વિકાસ સાધવાની મોકળાશ આપો, સહયોગ આપો, હૂંફ આપો. આપણે જાણીએ છીએ કે આપણે પોતે જ પોતાનાં હૃદયમનને બીજાનાં હૃદયમન સાથે એકાકાર કરવાં એ નાનીસૂની વાત નથી, એ એક પડકાર છે.

આ માટે પતિ-પત્નીમાં સ્નેહ, સહિષ્ણુતા, ઉદારતા, સંબંધ ટકાવી રાખવાની ખેવના, સમય પારખવાની સૂઝ, ક્યારે બોલવું ક્યારે મૂંગા રહેવું એની સમજ, સંયમ, જિંદગીને અખિલાઈપૂર્વક જીવવાની પરિપક્વતા અને પોતાના અહમ્‌ને ઓગાળી નાખવાની નમ્રતા હોવાં જોઈએ.

વળી કેટલીક વ્યક્તિમાં જન્મજાત જીદ, સ્વાર્થ, જૂઠાણું, છેતરપિંડી, તોછડાઈ, રુક્ષતા જેવા અવગુણો હોય છે. એવી વ્યક્તિઓ સાથે મેળ બેસાડવાની તકલીફ પડે છે. કેટલીક વ્યક્તિઓ શંકાશીલ મનની અને કાચા કાનની હોય છે. તે પોતાના મનને સમજીને જાતે નિર્ણય નથી લઈ શકતી; એ બીજાની વાત ખરી માનીને એની બુદ્ધિએ ચાલે છે. એવાં ત્રુટિવાળાં પાત્ર સાથે જીવવા માટે સંયમ, સમતા અને સહનશીલતાની ખાસ જરૂર પડે છે.

આપણા સમાજમાં હમણાં હમણાં લગ્ન વિશેના ખ્યાલો બદલાતા જાય છે. અત્યારના યુગમાં સ્ત્રી-પુરુષો બેઉ બહારનાં ક્ષેત્રે કામ કરતાં હોઈ જીવનસાથીનો સાથ હરપળે ન મળે એ સમજવું જોઈએ. દરેક મુદ્દે જીવનસાથી તમારી સાથે સંમત થાય એવો આગ્રહ ન રખાય.

યાદ રાખો કે તમે અન્યોન્યનાં છો. તમારે એકબીજાના પૂરક થવાનું છે, ઐક્ય સાધવાનું છે, અર્ધનારીશ્વરનો આદર્શ નજર સમક્ષ રાખવાનો છે.

અત્યારના સમયમાં એક નવી વિભાવના જોર પકડતી જાય છે કે બધી જ રીતે સમસ્ત હૃદયથી પ્રયત્ન કરવા છતાંય લગ્ન નિષ્ફળ લાગે તો એ લગ્નને બોજની જેમ વેંઢારીને જીવવા કરતાં છૂટાછેડા લઈને એ

અણગમતા લગ્નમાંથી મુક્ત થવું જોઈએ. કેટલાક લોકો લગ્ન વગર સહજીવન ગાળે છે, છતાં પણ એક વાત ખાસ નોંધવા જેવી છે કે લગ્નનો ભલે કટુ અનુભવ થાય પણ માણસે લગ્નમાંથી શ્રદ્ધા નથી ગુમાવી. માણસ લગ્ન કરવા ઉત્સુક જ રહે છે અને લગ્ન કરે છે.

ક્યારેક લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષો સુમેળથી પસાર થાય છે ને પછી વિખવાદ શરૂ થાય છે. આ પુસ્તકમાં આપણે દામ્પત્યજીવનના આરંભકાળમાં થતા વિસંવાદના કિસ્સા જ ચર્ચીશું. આ ચર્ચા દ્વારા વિખવાદના મૂળ કારણ સુધી પહોંચીને એના ઉકેલ સુધી જવા પ્રયત્ન કરીશું. મેં જોયેલાં અને જાણેલાં સફળ અને નિષ્ફળ એમ બેઉ પ્રકારનાં લગ્નો વિશે અહીં વાત કરી છે.

આ પુસ્તક તૈયાર કરવાનો સુઝાવ આપવાનો યશ શ્રી ચિંતનભાઈને જાય છે. પુસ્તકપ્રકાશન માટે શ્રી ભગતભાઈ તથા ચિંતનભાઈનો સહર્ષ આભાર માનું છું. પ્રૂફરીડિંગ માટે શ્રી ચંદ્રકાન્તભાઈ ભટ્ટનો આભાર માનું છું.

– અવંતિકા ગુણવંત

'શાશ્વત'
જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭
ટે.નં. (૦૭૯) ૨૬૬૪૨૫૦૫

અનુક્રમ

૧

ક્યાંથી મળે સુખના ખજાનાની ચાવી?

'લગ્ન પછી તમે ક્યાં ફરવા જવાનાં છો?' અર્ચનાને એની બેનપણી રીનાએ પૂછ્યું.

'અરે ભાઈ, મારો વર તો બહુ રોમેન્ટિક લાગે છે. એણે એ વિશે તો મને જરાય ખબર નથી પડવા દીધી. એ તો એનું ડિપાર્ટમેન્ટ છે; એ સંભાળે. આપણે તો હું ફોટા પડાવતાં કેવા પોઝ આપીશ, કેવી સ્ટાઇલો મારીશ એ નક્કી કરી રાખ્યું છે.' અદમ્ય ઉત્સાહથી અર્ચનાએ કહ્યું.

લગ્ન, વર અને મોજમસ્તી સિવાય બીજી કોઈ વાત એના મોંએ ન હતી. અરે દાગીના-કપડાં ય ગૌણ થઈ ગયાં હતાં. એ કહે, 'એ તો પછી ય કરાવાય; આપણને તો બસ ફરવા જવામાં રસ છે. એકાંત પહાડીઓ અને પગદંડી વગરનાં જંગલોમાં હાથમાં હાથ પરોવીને બસ ફર્યા જ કરીશું. ગાલને ગાલ અડાડીને ગીતો ગાઈશું. બસ, હું ને મારો રાજેશ.'

અર્ચનાનાં સાસરિયાં ખૂબ પૈસાદાર હતાં. ત્રણ દિવસ સુધી લગ્નનો ઉત્સવ ઊજવાયો, લાખો રૂપિયા ખર્ચાયા, કલ્પનાની પાંખે વિહાર કરતી અર્ચના કોઈ સુરમ્ય એકાંત સ્થળે જવાની પ્રતીક્ષા કરવા લાગી.

લગ્ન પછી એક દિવસ ગયો, પછી બીજો, ત્રીજો... અર્ચના પૂછે છે, 'આપણે ફરવા ક્યારે જઈશું?' રાજેશ ગૂંચવાતો કે અર્ચનાને શી રીતે સમજાવવી કે હનીમૂન જેવો શબ્દ મારાં માબાપ પાસે ઉચ્ચારાય નહીં. એમને એમાં મર્યાદાભંગ લાગે. એ હબકી જાય. અમારે ત્યાં મબલખ પૈસો છે પણ અર્ચના માગે છે એવી જીવનશૈલી નથી. એની કોમળ લાગણી કે મધુર અરમાન સમજે એવાં સંવેદનશીલ મારાં માબાપ નથી. અમારે ત્યાં મા-બાપ કહે એમ જ થાય. રાજેશે સાચવીને ખૂબ પ્રેમથી અર્ચનાને કહ્યું, 'હાલ ને હાલ ફરવા શું જવાનું? પછી ક્યારેક જઈશું.'

'ઓહ, મેં તો કેટકેટલાં સ્વપ્નાં સેવ્યાં હતાં!' અર્ચના બોલી. એના અવાજમાં નિરાશા હતી.

પોતાની પ્રિય પત્નીનું મન રાખી શકતો ન હતો એનું રાજેશને પારાવાર દુ:ખ હતું. પણ એનું કુટુંબ જુનવાણી હતું. સમાજમાં પોતાનો વટ પાડવા ભલે લાખો રૂપિયા ખરચ્યા પણ સંતાનોની ઇચ્છાની એ પરવા નહીં કરે તેવું રાજેશ જાણતો હતો. અર્ચનાની ઇચ્છા એ જ એની ઇચ્છા હતી પણ એના ઘરમાં વડીલશાહી ચાલતી હતી.

અર્ચના રડી ઊઠી. આધુનિક જમાનામાં લોકો સંઘર્ષ ટાળવા મથે છે, નવપરિણીત દંપતી વચ્ચે કોઈ સમસ્યા ઊભી જ ન થાય એવું વલણ લે છે, તો આ ઘરમાં કેમ આવું? એણે રાજેશને આજીજીના સૂરે કહ્યું, 'તું મમ્મી-પપ્પાને કહે ને, ફક્ત ચાર દિવસ માટે નજીકમાં નજીકના કોઈ સ્થળે જઈએ.'

'મમ્મી-પપ્પાને કહેવા જેવું મેં કહ્યું છે, હવે વધારે કહેવું એટલે ઝઘડો કરવો. બોલ અર્ચના, જીવનના આરંભે તને ક્લેશ-કંકાસ ગમશે? આપણા એક મધુર અરમાન ખાતર માબાપ સાથે કાયમનો કકળાટ વહોરવો છે?' રાજેશે સ્નિગ્ધ કંઠે કહ્યું.

વાસ્તવિકતાની કઠોરતાએ અર્ચનાને લાચાર પાડી દીધી. એ સમજી કે હવે આગ્રહ કરીશ તો અમે પતિ-પત્ની પણ ઝઘડી પડીશું. રાજેશ પોતે લાચાર છે, એ મને ફરવા નથી લઈ જઈ શકતો એનું એને દુ:ખ છે, પણ અત્યારે એ મારો છે, સંપૂર્ણપણે મારો, મારી અત્યંત નિકટ. એનો એ અઢળક પ્રેમ અકબંધ મારે જાળવી રાખવો હોય તો મારી ઇચ્છા મારે છોડવી જ રહી. ફરવા જવાની વાત ભૂલી જવાની.

અર્ચના સમજુ હતી. ઘડી-પળ વર્ત એવી હતી, મનનું દુ:ખ મનમાં સમાવવા જેટલી સંયમી હતી. આખી જિંદગીને સમગ્ર રીતે જોવાની એનામાં સુધબુધ હતી. એ સમજી શકી કે ફરવા જવાની વાતે માબાપ સાથે વૈમનસ્ય ઊભું ન કરાય, નહીં તો અમારી વચ્ચે ય અંતર પડી જશે. એણે એક ઉચ્છ્વાસો સાથે મનની નિરાશા, ઉદાસી બહાર ફગાવી દીધી.

અને રાજેશને વહાલ કરતાં અર્ચના બોલી, 'ભૂલી જા, ફરી ક્યારેક ફરવા જઈશું.'

અર્ચનાએ કેટલી કુશળતા અને નાજૂકાઈથી આખી વાત સંભાળી લીધી! એણે પોતાનો આગ્રહ પણ કેટલી સ્વાભાવિકતાથી જતો કર્યો! પોતે ખાસ કંઈ છોડી રહી છે કે રાજેશ પર ઉપકાર કરી રહો છે એવું શબ્દોથી શું હાવભાવથી ય કહ્યું નહીં.

આજકાલ તો સામાન્ય મધ્યમવર્ગનાં સંતાનો ય હનીમૂન માટે જાય છે, જ્યારે અહીં તો ધનદોલતની છોળો ઊડે છે તોય અર્ચના-રાજેશને ફરવા જવા ન મળ્યું. તેમ છતાં અર્ચનાએ એક વારે રાજેશને મહેણું ન માર્યું કે તારાં માબાપ આવાં કેવાં કે તું માવડિયો છે, પાણી વગરનો છે કહીને રાજેશને ઉતારી ન પાડ્યો.

ઘરનું વાતાવરણ બગડે નહીં માટે મનનું દુ:ખ મનમાં સમાવીને એ હસતી રહી. આંખમાં આંસુ ય ન લાવી. રાજેશે આવી સંસ્કારી, ઉદાર, પ્રેમાળ, સમજદાર પત્ની માટે ઈશ્વરનો આભાર માન્યો. પશ્ચિમની દુનિયામાં કહેવાય છે, 'જો જીવનસાથીમાં capacity of forgive and forget હોય

and forgetting what you forgave હોય તો જીવનમાં ક્યારેય સમસ્યા ઊભી નહીં થાય.

Never forget sweet womanliness and graceful diginity . સ્ત્રીની એ સૌથી મોટી સંપત્તિ.

સ્ત્રીમાં અર્ચના જેવું આંતરિક સૌંદર્ય જોઈએ, જે જીવનની હરેક પળને હરિયાળી બનાવે. કોઈ પણ વાત જીવન કરતાં મોટી નથી. એ જીવનને સુખથી છલકાવી દેવું હોય તો પ્રેમ જોઈએ. પહેલાંના સમયની જેમ હજી પણ એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સ્ત્રી સહન કરે, સ્ત્રી ત્યાગ કરે, સ્ત્રી પોતાની જાતને મિટાવી દે. એ સુખ, શાંતિ અને સમૃદ્ધિની સાક્ષાત્ દેવી લક્ષ્મીનું સ્વરૂપ છે. તેથી તો એ ગૃહલક્ષ્મી કહેવાય છે. એના લીધે સંસાર સ્વર્ગ બને છે, પરંતુ સ્ત્રીજાગ્રતિના નામે આ જે નવી હવા આવી છે એમાં ભૌતિકવાદ ગંધાય છે. સ્ત્રીએ એનાથી અળગાં રહેવું જોઈએ, તો જ કુટુંબ અખંડિત રહે. સાચા દામ્પત્યમાં પ્રેમ પામવા કરતાં પ્રેમ આપવાની તાલાવેલી વધારે હોય છે. બેઉની નજર ઉજ્જ્વળ ભવિષ્ય તરફ મંડાયેલી હોય છે.

લગ્નજીવન એટલે સદા પ્રેમની વસંત – એવી ભૂલમાં રહેશો નહીં. વર અને વધૂએ કુટુંબ સાથે સુમેળથી રહેવાનું છે ત્યારે વડીલોની ઇચ્છાને માન આપવાની ફરજ થઈ પડે છે. જૂની પેઢી એમની પરંપરાગત માન્યતા ન છોડી શકે ત્યારે યુવાન પેઢીએ સમજી-વિચારીને કૌટુંબિક સંપ ખાતર હસતા મોંએ પોતાની વાત છોડી દેવી એ શાણપણ છે.

નવલકથામાં વાંચેલું કે પિક્ચરમાં જોયેલું જીવન સંસારમાં અનુભવવા ન પણ મળે. લગ્ન પહેલાંનાં રોમેન્ટિક સ્વપ્નાં વાસ્તવની ધરતી પર પગ મૂક્યા પછી છિન્નભિન્ન થતાં દેખાય ત્યારે નિસાસા નહીં નાખવાના, પણ વર પોંખતી વખતે આપણામાં સાસુજી રવૈયો બતાવે છે એ રવૈયાને યાદ કરવાનો. રવૈયાથી દહીંને ગોળીમાં વલોવીને માખણ કાઢવામાં આવે છે, જે સૂચવે છે કે જીવનરૂપી ગોળીમાં ધર્મ અને ફરજ રૂપી રવૈયાથી સુખ અને આનંદ રૂપી માખણ કાઢજો. પરણનાર યુવક-યુવતીઓએ વિધિ સમયના સંકેતોને કાયમ યાદ રાખવા જોઈએ.



૨

સહજીવનનું પ્રથમ પગથિયું

તિહુણા અને મયંક એક જ વાર મળ્યાં. મળ્યાં શું માત્ર જોયાં ને લગ્ન માટે સંમતિ આપી દીધી હતી. વડીલો દ્વારા ગોઠવાતાં લગ્નમાં આ રીતે જ નિર્ણય લેવાતો હોય છે.

અપરિચિતતાનો એક રોમાંચ અને વિસ્મય અનુભવતાં તેઓ લગ્ન પછી ગોવા ફરવા આવ્યાં. હાથમાં હાથ લઈને તેઓ દરિયાકિનારે આવ્યાં.

મયંક બોલ્યો, 'ચાલ, આપણે દરિયામાં નાહીએ.'

'ના, ના. મને તો પાણીમાં પગ મૂકતાં જ ડર લાગે.' ડર પામતી તિહુણા બોલી.

નવાઈ પામતાં મયંક બોલ્યો, 'હું તો પાણીનો જીવ છું. કંઈ કેટલી સ્ટાઇલથી મને તરતાં આવડે છે. તરણસ્પર્ધામાં મેં ઇનામો જીત્યાં છે.'

'મને પાણીનું આકર્ષણ નથી.' સાવ નીરસતાથી તિહુણાએ કહ્યું.

તિહુણાને પાણીમાં રસ પડે માટે મયંકે જાતજાતના અનુભવો કહેવા માંડ્યા – રોમાંચ અને સાહસભર્યા અનુભવો, પણ પતિની વાતમાં રસ લેવાના બદલે તિહુણા બોલી, 'આપણા બે વચ્ચે આ પાણી કાયમ રહેશે?'

'એટલે શું તને પાણીની વાતો સાંભળવી ય નથી ગમતી?' આઘાત પામતાં મયંક બોલ્યો.

તિહુણા બોલી, 'મને તો દૂરદૂર સુધી ફરવા જવું ગમે.'

'સારું, તું ફરવા જા અને હું તરવા જાઉં.' આટલું કહીને મયંક પાણીમાં કૂદી પડ્યો.

તિહુણાથી નિસાસો નંખાઈ ગયો: શું મયંક મારાથી દૂર ને દૂર જ રહેશે? પ્રેમ અને દામ્પત્યના રોમાન્સની મારી મધુર અભિલાષાઓ સંતોષાશે નહીં? મારે આમ જ જીવન પસાર કરવાનું?

ત્યાં એની નજર એના પોતાના કુર્તા પર ગઈ. સુંદર ફૂલપાંદડાંનું પેચવર્ક કરેલું એ કુર્તું હતું. સવારે જ આ ભરતકામ જોઈને મયંક બોલ્યો હતો: 'આ કુર્તાનો મૂળ લીલો રંગ મને બહુ નથી ગમતો પણ એમાં આ બીજા રંગના પેચીસ ટાંક્યા છે, તેથી આ કુર્તું ખૂબ શોભે છે. મને ગમે છે.'

તિહુણાને મયંક સાથે થયેલો સંવાદ યાદ આવ્યો ને એના મનમાંથી અવાજ ઊઠ્યો: મયંકના વ્યક્તિત્વને, એના શોખ અને એની આદતોને સ્વીકારીને એ સર્વને ફૂલપાંદડાંની જેમ મારી જિંદગીમાં મારે ટાંકવાં જોઈએ. હું આ બધું જો પ્રેમ અને રસથી કરીશ તો એ મારા કુર્તા પરનાં કલાત્મક વિવિધ રંગનાં ફૂલપાંદડાંની જેમ મારી જિંદગીમાં શોભી ઊઠશે. એનાથી મારું જીવન વધુ રસભર્યું, સુંદર અને સમૃદ્ધ બનશે.

મયંક મારા કરતાં તદ્દન જુદા કુટુંબમાં જન્મ્યો છે અને ઊછર્યો છે તેથી એના શોખ, આદતો, માન્યતાઓ મારાં શોખ-આદતો કરતાં જુદાં હોય એ સ્વાભાવિક છે.

પરંતુ લગ્ન પછી સહજીવનમાં મારાથી મારી પોતાની પસંદગીને પકડીને બેસી ના રહેવાય. મયંક મારો શોખ અપનાવે તો જ હું એનો શોખ અપનાવું, એમ રાહ જોવામાં તો જીવનનાં કીમતી વરસો બગડી જાય. અમે નિકટ આવવાના બદલે દૂર થઈ જઈએ.

એને મારામાં રસ લેતો કરવો હોય તો પહેલાં મારે એનામાં રસ લેવો જોઈએ. એની સાથે એકત્વ સાધવા મારે પ્રયત્ન કરવા જોઈએ. એને તરવાનું ગમે છે તો હું તરતાં શીખીશ.

એ પાણીમાં તરતો હોય ને હું કાંઠે બેસી રહું એ ના ચાલે. એ મારી સાથે હાથમાં હાથ પરોવીને ચાલવાનું પસંદ ન કરે તો કંઈ નહીં, એનું હું દુઃખ નહીં લગાડું. એને મારો સંગ ગમે છે, હું ગમું છું એ જ મોટી વાત છે અને એથી તો એ મને તરવાનું શીખવવાની વાત કરે છે. તરતાં તરતાં અમે એકબીજાને સમજીશું, જાણીશું અને એક થઈશું.

મનમાં આવો નિર્ણય લેવાયો અને એણે મયંકને પોકાર પાડ્યો. મયંક તરત નજીક આવ્યો. તિહુણા એના ગળામાં હાથ નાખતી બોલી, ‘મને ય તારું પાણી બોલાવે છે.’ તિહુણાના અવાજમાં મસ્તીભર્યો પ્રેમ હતો. મયંક રાજી થઈ ઊઠ્યો. ‘તો ચાલ, મુહૂર્ત શું જોવાનું?’ પણ બીજી જ ક્ષણે બોલ્યો, ‘તારા આ ડ્રેસમાં તરવાનું તને નહીં ફાવે, માટે આજે નહીં, કાલે કોસ્ચ્યુમ લઈને આવીશું.’

‘તો આજે શું કરવાનું? તું પાણીમાં ને હું એકલી જમીન પર?’ તિહુણાએ પૂછ્યું.

‘ના રે, આજે આપણે બેઉ કિનારા પર બેસીને વાતો કરીશું, ભીની ભીની રેતી પર ચાલવા જઈશું.’ મયંક બોલ્યો. એના અવાજમાં અનેરું પોતાપણું હતું.

તિહુણા આનંદ અને આશ્ચર્ય સાથે મયંકને સાંભળી રહી. એણે તરવાનું શીખવવાની તૈયારી બતાવી તો મયંક કેટલો ખુશ થઈ ગયો! તરવાનું છોડીને એની સાથે જમીન પર આવીને બેઠો. એ મયંકની દિશામાં એક

ડગલું ચાલી તો મયંક એક શું બે-ત્રણ ડગલાં ચાલીને એની પાસે આવીને બેસી ગયો. આમ જ પતિ-પત્ની વચ્ચે નિકટતા સધાય છે. હુંપદ ગળી જાય છે.

દામ્પત્યજીવન સફળ બનાવવું હોય તો ‘હું’ને ઓગાળી દેવું પડે. જીવનસાથીની પસંદગીને પોતાની પસંદગી માનવી જોઈએ અને એ ક્રિયા બહુ સાહજિક રીતે થવી જોઈએ. મેં તારા ખાતર આ છોડ્યું એવો ભાવ મનમાં ન લાવવો જોઈએ કે જીવનસાથીને એનો અહેસાસ ના કરાવવો જોઈએ. હું અને તું વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય તો જ પતિ- પત્ની અદ્વૈત અનુભવી શકે. દામ્પત્યજીવન સુદૃઢ બને.

સ્ત્રી અને પુરુષ બંને મનુષ્ય તરીકે સમાન છે. પરંતુ બંનેની વિચારવાની રીત, દુનિયાને જોવાની રીત, અનુભવવાની રીત, અભિવ્યક્ત કરવાની રીત અલગ હોય છે, છતાંય ઈશ્વરે બંનેનાં સહજીવન નિર્માણ કર્યાં છે. એની પાછળ જે શુભમંગલ હેતુ છે એને સાર્થક કરવાની આપણી ફરજ છે. સ્ત્રી અત્યંત સંવેદનશીલ, ભાવનાશીલ અને ઋજુ છે. એને અવારનવાર પ્રેમની અભિવ્યક્તિ અને ખાતરી જોઈએ છે. એના પ્રમાણમાં પુરુષ એટલો ઋજુ કે નાજુક સંવેદનવાળો નથી હોતો એ સ્ત્રીએ સમજવું જોઈએ. નાની નાની વાતમાં ખોટું લગાડીને રિસાવું જોઈએ નહીં કે કટુવચનો બોલીને પતિ-પત્નીના મધુર સંબંધને કડવો ન બનાવવો જોઈએ. એના કરતાં તિહુણાની જેમ સમજદારી દાખવીને, પોતાના મનની વાત પ્રગટ કરીને પતિને સાથ આપવો જોઈએ. માત્ર દુઃખમાં જ સાથ આપવો એવું નહીં, સુખ અને આનંદમાં પણ સાથ આપવો.



૩

દામ્પત્યજીવન ભિન્નતામાં પણ મહોરી ઊઠે

નવદંપતી શીતલ અને અંકિત બેંગ્લોરના એક સ્ટોરમાં બેઉ પક્ષનાં સગાં માટે ભેટની વસ્તુઓ પસંદ કરતાં હતાં. અંકિતે એની અને શીતલની મમ્મી માટે એકસરખી કિંમતની સાડીઓ ખરીદવાનું શીતલને કહ્યું.

શીતલ એની મમ્મી માટે મોંઘી સાડી ખરીદવા માગતી હતી. અંકિતે કહ્યું, 'ભેટ તો આપણા સ્નેહનું પ્રતીક છે, રૂપિયાથી એને મૂલવવાની ન હોય.'

શીતલ ગુસ્સાથી બોલી ઊઠી, 'તીં કંજૂસ છે, જુનવાણી છે. તારામાં એટિકેટ નથી.' પતિનું અપમાન કરીને એ દુકાનનાં પગથિયાં ઊતરી ગઈ. શીતલને પોતાની જાતનું, પોતાના શિક્ષણ અને કલાત્મક દૃષ્ટિ અને સૂઝસમજનું બહુ અભિમાન હતું; એ અભિમાન અંકિતને વાગતું હતું. આના લીધે બેઉ વચ્ચે વારંવાર બોલાચાલી થતી. આથી એણે છૂટાછેડા લેવાનું નક્કી કર્યું ને શીતલના પિતાને પોતાનો ઇરાદો કહ્યો.

'એટલે હજી તમે કેટલા દિવસ સાથે રહ્યાં છો તે આવા અંતિમ નિર્ણય પર આવી ગયા?' ધ્રૂજતા કંઠે શીતલના પિતા પ્રાણલાલે જમાઈને પૂછ્યું.

'ગમે તેટલું અમે સાથે રહીએ પણ અમારી વચ્ચે મેળ બેસવાની શક્યતા જ નથી. અમારી વિચારસરણી જીવનમૂલ્યો, પસંદગી, ટેવો, સ્વભાવ બધું જ જુદું છે.' રુક્ષતાથી અંકિતે કહ્યું.

પ્રાણલાલે કહ્યું, 'તમે પતિ-પત્ની જુદાં વાતાવરણમાં ઊછર્યાં છો. મા-બાપ અલગ છે એટલે તમારામાં જુદાપણું તો હોય જ ને? જુદાપણાથી ગભરાવાનું શું? તમે બેઉ દૃઢ નિશ્ચય કરીને એકબીજામાં જે છે એ ચલાવી લેવાની સહિષ્ણુતા કેળવો. તમારો અહમ્ છોડો ને હૃદય વિશાળ બનાવો, ઉદાર બનો, પછી એ જુદાપણું નડશે નહીં.

'તમે તમારા વિચારોને ખુશીથી વળગી રહો, પરંતુ સામા માણસના વિચારનો પણ સ્વીકાર કરો. એને માન આપો. એની તરફ અણગમો ન બતાવો. તમારા જીવનસાથી તમારા જેવું જ વિચારે અને કરે એવી અપેક્ષા કે આગ્રહ ન રાખો. જીવનસાથીને તમે સ્વતંત્રતા આપો. એના અલગ

વ્યક્તિત્વનો સ્વીકાર કરો. આધુનિક યુગમાં સૌ પોતપોતાની રીતે પોતાનો વિકાસ ઇચ્છે છે. કોઈ પોતાના મનને ગૂંગળાવવા નથી ઇચ્છતું.'

આ સાંભળીને અંકિત બોલ્યો, 'એટલા માટે તો હું શીતલથી જુદા થવાનું કહું છું. જેથી અમે બેઉ પોતપોતાની રીતે શાંતિથી જીવી શકીએ અને ગૂંગળાઈએ નહીં.'

'પોતપોતાની અલગ રીતે જીવનારાં બે જણ સાથે ના જીવી શકે એવું કોણે કહ્યું? આ સામે ક્યારામાં જુઓને, કેટકેટલા આકારનાં, કેટકેટલી સુગંધનાં ફૂલો એક સાથે ખીલીને કેવું રમણીય આહ્લાદક વાતાવરણ સર્જે છે! એ રીતે એક જ ઘરમાં અલગ વ્યક્તિત્વવાળી બે વ્યક્તિઓ સાથે રહીને ઘરને એક જુદું જ રૂપ આપે છે.' પ્રાણલાલ સ્નેહથી બોલ્યા. જમાઈના રોષને એ ઠંડો પાડવા પ્રયત્ન કરતા હતા.

'તમારી વાતો કવિતા કે સાહિત્યમાં બહુ સારી લાગે, રિયાલિટીમાં નહીં. ઘરમાં તો ઝઘડા જ થાય.' અંકિત ઊંચા સૂરે બોલ્યો.

'તમે બહારની દુનિયામાં ભિન્ન પ્રકૃતિવાળા સાથે કેવી રીતે મેળ બેસાડો છો? ત્યાં જે રીતે સૌજન્ય અને સહિષ્ણુતા દાખવો છો એ રીતે ઘરમાં મેળ બેસાડવાનો.'

'મને માફ કરજો વડીલ, પણ ઘરમાં હું મારી રીતે જીવવા માગું છું. બાંધછોડ કરવી એ તો લાચારી છે. મારે એવી લાચારીમાં નથી જીવવું.' શુષ્ક અને નીરસ અવાજે અંકિતે કહ્યું.

જમાઈની રુક્ષતા ધ્યાનમાં લીધા સિવાય પ્રાણલાલ સ્નેહથી સમજાવતાં બોલ્યા, 'બેટા, જીવનમાં આવી અકડાઈ કે આગ્રહ ના ચાલે. પોતાની વાત ક્યારેક છોડવાની આવે તો સરળતાથી છોડી દેવાની. છોડવું એ એક કળા છે. છોડવામાં લાચારી કે હાર ન માનો. તમને તમારી વાત સાચી લાગે એમ એને એની વાત સાચી લાગે.

'અને જીવનનું એક સત્ય સમજી લો. તમારી ઇચ્છા મુજબનું સંપૂર્ણ મેળ ખાય એવું પાત્ર કદી નથી મળતું, માટે જે મળ્યું છે એને સ્વીકારી લો. એમાં જ શાણપણ છે. જીવનને સફળ બનાવવાનો એ કીમિયો છે. દીકરા, હું ઘણાં કુટુંબોના પરિચયમાં આવ્યો છું, અલ્પશિક્ષિતથી માંડીને આધુનિક કેળવણી પામેલાના સંસાર મેં જોયા છે અને એક તારતમ્ય પર આવ્યો છું, કે એકબીજાને સમજી- સ્વીકારીને હેતપ્રેમથી જીવનાર જ સુખી થાય છે. જીવનમાં તોડફોડ કરીને અશાંતિ વહોરવા કરતાં. જીવનમાં જે મળ્યું છે એને સ્નેહથી સ્વીકારીને સમજપૂર્વક આકાર આપો. આપણી સંસ્કૃતિ સમન્વયની સંસ્કૃતિ છે. આપણા સંસ્કાર જોડવામાં માને છે.'

અંકિત વિચારમાં પડી ગયો. એને સસરાની વાત સાચી લાગવા માંડી. પ્રાણલાલે આગળ કહ્યું, 'હું છૂટાછેડાની વિરુદ્ધ નથી. ખરેખર કોઈ

ગંભીર કારણ હોય તો વાત જુદી છે, પણ તમે ધારો તો તમારા મતભેદમાં સમજૂતી થઈ શકે. તમારા મતભેદ નજીવા – નગણ્ય છે.

અંકિત કહે, 'આ બધી સલાહ તમે શીતલને આપો. એ મારી સાથે તોછડાઈથી વર્તે છે. એનામાં વિનય જ નથી. મારું સ્વમાન ઘવાય છે.'

પ્રાણલાલ તરત બોલી ઊઠ્યા, 'તમારી વાત સાચી છે. એના સ્વભાવની આ ખામી છે.' એમણે શીતલને બોલાવીને કહ્યું, 'દીકરી, જીવનમાં ગુસ્સો કે ચીડ જોઈએ જ નહીં. પતિ-પત્નીનો સંબંધ જીવનમાં સૌથી મોટો અને મહત્ત્વનો છે. તમારે આખી જિંદગી સાથે રહેવાનું છે, માટે સ્નેહ અને આદરથી વર્તો. જીવનને અખિલાઈપૂર્વક જોઈને નાની નાની વાતોને છોડી દેતાં શીખો. પ્રેમ આગળ નરમ પડવું, નમી પડવું એ પરાજય નથી પણ જીત છે.'

થોડા દસકાઓ પહેલાં સ્ત્રી પતિનું બોલેલું બોલતી અને એના પગલે ચાલતી ત્યારે પુરુષપ્રધાન સંસ્કૃતિનું વર્ચસ્વ હતું, પણ હવે શિક્ષણ અને સમાનતાના ખ્યાલે સ્ત્રીમાં સભાનતા આવી છે. પતિથી જુદું એ વિચારે છે. પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપે છે. પતિ-પત્ની ભિન્ન વિચારે એમાં કશું ખોટું નથી, પણ એ ભિન્નતા ઝઘડાનું મૂળ ના બનવી જોઈએ.

બેઉએ શાંત મને ચર્ચા કરીને એકબીજાને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. અન્યોન્યની દૃષ્ટિથી આખી વાત વિચારવી જોઈએ. સમભાવથી બીજાની વાત સાંભળવી જોઈએ અને બોલતી વખતે કે સાંભળતી વખતે ઉગ્રતા કે કડવાશ ના આવવી જોઈએ. મતભેદ મનભેદનું કારણ ન બનવું જોઈએ. શક્ય હોય તો બીજાનો મત સ્વીકારો. અને કદાચ બીજાના મત સાથે સંમત ન થઈ શકાય તોય એના અલગ મતને માન આપીને સ્વીકારવો જોઈએ. સાથેસાથે પોતાનો મત ચડિયાતો છે એવું અભિમાન પ્રગટ ને કરવું જોઈએ. અભિમાન સામા માણસને વાગે છે અને એ પતિ-પત્ની વચ્ચે અંતર સર્જે છે, પ્રેમમાં ઓટ આવે છે અને નહીં ધારેલાં પરિણામ આવે છે. તમારી જીભ, વર્તન કે વિચારમાં કટુતા ન લાવો.



૪

વિશ્વાસ પર રચાઈ છે દામ્પત્યજીવનની ઇમારત

પિકનિક પરથી પાછાં આવીને ઘરમાં પગ મૂકતાં જ નીલેશ બોલ્યો, 'તું છોકરાઓ સાથે ધબ્બાધબ્બી કરે છે, ખિખિયાટા કરે છે એ મને જરાય પસંદ નથી.'

'કેમ, એમાં ખોટું શું છે? આનંદપ્રમોદ ખાતર તો પિકનિક પર ગયાં હતાં. ત્યાં હસીમજાક નહીં કરવાની? શેતલે પૂછ્યું. એના અવાજમાં નરી ઉદ્ધતાઈ હતી.

'પણ પારકા છોકરાઓ સાથે?' ઉકળાટથી નીલેશ બોલ્યો.

'નીલેશ, તેઓ પારકા કેવી રીતે? એ બધા તારા મિત્રો હતા.' શેતલે પતિને જવાબ આપ્યો.

'શેતલ, ખોટી જીભાજોડી ના કર. આ ઘરમાં હું કહું એમ થશે.' નીલેશ કડકાઈથી બોલ્યો.

'આ ઘર આપણા બેઉનું છે. અહીં બેઉની મરજી ચાલશે, કોઈ એકની નહીં.' શેતલ ભારપૂર્વક બોલી.

'શેતલ, તને એક વાર કહ્યું ને, પારકા છોકરાઓ સાથે નહીં બોલવાનું એટલે નહીં બોલવાનું.'

'હું બોલવાની, બોલવાની ને બોલવાની. નીલેશ, હું કોઈ પણ જાતનો છોછ રાખ્યા વગર ખુલ્લા મનથી જીવવામાં માનું છું.' શેતલે જરાય હિચકિચાટ વગર પોતાની માન્યતા જણાવી.

શેતલની વાત સાંભળીને નીલેશ ડઘાઈ ગયો. પરંપરાગત રીતે સંકુચિત વાતાવરણમાં ઊછરેલા નીલેશને પોતાની પત્ની પારકા પુરુષો સાથે આટલી બધી છૂટથી વર્તે એ ના ગમ્યું. એમાં એને આછકલાઈ લાગી, નિર્લજ્જતા લાગી. નીલેશના વિચારો સાથે શેતલ સંમત ના થઈ શકી. એ કહે, 'જીવનમાં મસ્તી ના હોય તો રંગ ના જામે. મને સુસ્ત શાંત જીવન પસંદ નથી.'

આ મુદ્દા પર બેઉ વચ્ચે વારંવાર મતભેદ અને ચર્ચાઓ થવા માંડ્યાં. નીલેશની ટકટક વધી પડી. શેતલ પોતાના પર કોઈની હકૂમત ચાલવા દે એવી ન હતી. એ રિસાઈને પિયર જતી રહી.

શેતલને એની મમ્મીએ શિખામણ આપી, 'દીકરી, હવે તું પરણેલી છે. ઘરમાં પ્રેમ અને શાંતિ જળવાય માટે બાંધછોડ તો કરવી જ પડે. તું કુંવારી હતી ને જે પ્રમાણે મનનું ધાર્યું કરતી હતી એવું હવે ના કરાય.'

આ સાંભળ્યું ને શેતલ અકળાઈ ઊઠી, 'શું કામ હું મારા વિચારો, હોંશ ને આવેગોને મારું? લગ્નનું એવું બંધન મને પસંદ નથી. લગ્ન કરીને મેં ગુલામીખત પર સહી નથી કરી આપી.'

'બેટા, ઘરનાં માણસને જે ગમે એ પ્રમાણે કરવામાં ડહાપણ છે, તારું હિત છે, તારી શોભા છે.' શેતલની મમ્મીએ એને સમજાવવા પ્રયત્ન કર્યો.

'મમ્મી, હું જિંદગીનાં બધાં પાસાંને મોકળે મને માણી લેવા આતુર છું. હું સીમાઓમાં બંધાવા નથી માગતી.' શેતલે બેફિકરાઈથી જવાબ આપ્યો.

'પણ બેટી, એમાં કોઈ મર્યાદા તો હોવી જોઈએ ને! નીલેશને ના ગમતું હોય એ તું ના કરે એમાં તારું સુખ છે ને જો તું તારી રીત નહીં છોડે તો ઘરમાં કજિયાકંકાસ થશે. ઘર દોજખ બની જશે.'

'મમ્મી, મને જે સલાહ આપે છે એ તું નીલેશને આપ ને.' શેતલે કહ્યું. પણ એની મમ્મી શાણી હતી. એ જાણતી હતી કે જમાઈને કહેવા કરતાં પોતાની દીકરીને કહેવું વધારે યોગ્ય છે. પણ શેતલ સમજવા તૈયાર ન હતી. એ અભિમાની હતી. જિદ્દી હતી.

શેતલના પપ્પાએ કહ્યું, 'દીકરી, કોઈ વાત બહુ ના પકડી રાખીએ. તારી જિંદગીનો આ આરંભકાળ છે. તું પહેલાં નીલેશનો વિશ્વાસ જીતી લે પછી નીલેશના વર્તનમાં ફરક આવશે. એ તને તારી રીતે જીવવાની છૂટ આપશે.'

'પપ્પા, નીલેશનો વિશ્વાસ જીતવા મારે વરસોનાં વરસો પસાર કરવાં પડે. મને એમાં રસ નથી. હું તો હળવાશથી જીવવામાં માનું છું.' શેતલ બોલી. શેતલ સાસરે જવા ઉત્સુક ન હતી પણ એનાં મમ્મી-પપ્પાએ એને રામજાવીને મોકલી.

નીલેશ અને શેતલ બેઉ તાજાં પરણેલાં છે, પણ પ્રેમભર્યા વાર્તાલાપના બદલે મહેણાંટોણાં, આક્ષેપો અને આરોપોથી એમનું ઘર નરક બનતું ગયું.

નીલેશ કહેતો, 'તને સારા સંસ્કાર મળ્યા નથી. તારું ઘડતર યોગ્ય કાળજીથી થયું નથી.' એના અવાજમાં નરી કડવાશ હતી.

'નીલેશ, મને બીજાઓના ઘડેલા આદર્શોમાં રસ નથી. મારી રહેણીકરણી હું જ નક્કી કરું છું. તારા જેવી માંદલી મનોદશા મારી નથી.

જે પ્રકારની જિંદગીને તું તુચ્છ-ક્ષુદ્ર ગણે છે એ મારે મન સાચી જિંદગી છે. મારે તો રસરંગભરી જિંદગી જીવવી છે.’

મતભેદના કારણે બેઉ પતિ-પત્ની એક થવાને બદલે સામસામા છેડે ઊભાં છે. થોડાં નરમ બનીને, પ્રેમથી સામી દિશામાં એક એક ડગલું આગળ વધીને અધવચ્ચે મળવાના બદલે બેઉ અહમ્‌થી આંધળાં બનીને પોતાના છેડાને મજબૂતપણે વળગી રહ્યાં.

દામ્પત્યજીવનમાં પ્રેમ સર્વોપરી હોય; હોવો જોઈએ. જ્યારે અહીં તો પ્રેમ ક્યાંય દેખાતો નથી. બેઉમાં ધીરજ નથી. જીવનમાં સુખ મેળવવા સાધના કરવી પડે, યોગ્યતા પ્રાપ્ત કરવી પડે, એ વાત આ ઉતાવળિયાં જુવાનિયાંને કોણ સમજાવશે!

શેતલની માએ વર્તનમાં મર્યાદા રાખવાની અને પતિને ના ગમે તે નહીં કરવાની જે શિખામણ આપી છે એ તદ્દન સાચી શિખામણ છે. આપણા સમાજમાં સ્ત્રી-પુરુષના હળવામળવા પર વણલખ્યા અમુક પ્રતિબંધો છે, એ માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય છે. શેતલ વિજાતીય મિત્રો સાથે જે પ્રકારની મસ્તી ઇચ્છે છે એ કેટલાંય અનિષ્ટો સર્જી શકે. આવી મૈત્રી જિંદગીને કેવી રોળી નાખે છે એ આપણે અવારનવાર સાંભળીએ છીએ. માબાપે નાનપણથી જ સંતાનોને એ બાબતે સાવધ કરવાં જોઈએ.

શેતલના પપ્પાની શિખામણ કે પતિનો વિશ્વાસ પહેલાં સંપાદન કર એ સાચી સલાહ છે. દરેક બાપ આવી જ શિખામણ આપે. પતિ- પત્નીનો સંબંધ વિશ્વાસ પર રચાયો છે. જીવનસાથીને વહેમ ઊભો થાય એવું કંઈ કરાય જ નહીં. ભલે તમારું માનસ શુદ્ધ હોય પણ સંબંધમાં એક વાર શંકા જાગે એટલે દામ્પત્યજીવનની ઇમારત હલવા માંડે અને તિરાડો પડે. લગ્ન પછીના દિવસોમાં બધું નવુંનવું હોય, અપરિચિત હોય ત્યારે એકબીજાને સમજવાની કોશિશ થવી જોઈએ. વાણીમાં અને વર્તનમાં મધુરતા અને સૌમ્યતા જોઈએ, ધીરજ અને સંયમ જોઈએ.

એકબીજાની દરકાર કરવી જોઈએ અને જીવનસાથીની તમે કૅર કરો છો, એના માટે તમને કાળજી છે એ બતાવવું જોઈએ. જીવનસાથીના સાથમાં પોતે કેટલી નિરાંત અનુભવે છે એ કહેવું જોઈએ. જીવનસાથીની લાગણી ઘવાય નહીં એનો ખ્યાલ રાખો તો જ પ્રેમની પ્રતીતિ થાય અને પતિ-પત્ની વચ્ચે ઘનિષ્ટતા સધાય. આધુનિક જમાના પ્રમાણે જો વિજાતીય મૈત્રી હોય તોપણ છુપાવવાની જરૂર નથી; નિખાલસતાથી વાત કરો તો જ જીવનસાથીને વિશ્વાસ રહે. જ્યાં સાચો પ્રેમ હોય ત્યાં કશું છુપાવવાની જરૂર જ ન પડે અને સાચો પ્રેમ હોય તો જીવનસાથીને શંકા પણ ન ઊપજે. વિશ્વાસપાત્રતા કેળવવી જોઈએ.



૫

પત્નીને સાંભળો, એનામાં રસ લો

કિસલય સાથે લગ્ન થયાં ને દામ્પત્યજીવનની રંગીન કલ્પનાઓથી ઋજુતાનું મન નાચી ઊઠ્યું. એ હોંશથી અવનવા શૃંગાર સજતી ને રોમેન્ટિક મૂડ લઈને કિસલય પાસે જતી. એના મનમાં ઉત્કટ અભિલાષા હોય કે કિસલય એને જોઈને ઝૂમી ઊઠશે. પણ કિસલય તો એની સામે નજરેય ન માંડે, કંઈ બોલે નહીં, પત્નીના નાજુક સંવેદનનો પ્રતિઘોષ ના પાડે.

ઋજુતા ઉન્માદભર્યા સ્વરે અધીરાઈથી પૂછે, ‘હું કેવી લાગું છું?’

કિસલય એકદમ ઠંડા અવાજે કહે, ‘સારી લાગે છે, પણ માણસે બાહ્ય દેખાવ પર નહીં આંતરિક સદ્‌ગુણો પર ધ્યાન આપવું જોઈએ. બહારની ટાપટીપ નહીં પણ આત્માના વિકાસ પર ધ્યાન આપવું જોઈએ.’

પતિના કહેવા પર ધ્યાન આપ્યા વગર ઋજુતા કિસલયની નજીક સરકીને લાડથી કહેતી, ‘કિસલય, કવિઓ રંગીન વસંતનાં ગીતો ગાય છે. ચિત્રકારો કુદરતમાં ફોરતી વસંતના રંગો રંગાઈને નૃત્યો કરતાં યુવાન યુગલોનાં મસ્તીભર્યાં ચિત્રો દોરે છે. ગામડાના જુવાનિયા ને શહેરના કૉલેજિયનો વસંતોત્સવ માણે છે. તેઓ પાગલ બનીને આખી રાત ઝૂમે છે.

‘કિસલય, જીવનમાં રંગરાગ અને મસ્તી કોણ નથી ઇચ્છતું? આનંદ જ જીવન છે, તો તું કેમ નીરસ અને નિયંત્રિત જિંદગીની વાતો કરે છે? આપણા નવજીવનનો આરંભ આવો નીરસ?’ કિસલય એકાદ પળ ઋજુતા સામે જોઈ રહેતો પછી એને ધૂત્કારતો હોય એમ કઠોર સ્વરે બોલતો, ‘મને નખરાં પસંદ નથી. માણસે આગળ વધવું હોય, કંઈક બનવું હોય તો છીછરાપણું ના ચાલે.’

‘આનંદ કરવો એ છીછરાપણું છે? આછકલાઈ છે? ઓ કિસલય, તું શું કામ તારી જાતને એવી ઘસીપીટી વાતોમાં જકડી રાખે છે ને મનેય એ કેદમાં નાખવા માગે છે?

‘વેદિયા પંડિતોએ ઊભાં કરેલાં આદર્શોનાં ખોટાં જાળાંઝાંખરાંમાંથી કિસલય તું બહાર આવ. તું સ્વતંત્ર મનથી મુક્ત રીતે વિચાર. શું તારું હૈયું મોજમસ્તી નથી ઝંખતું? કોઈ પણ પ્રકારનો છોછ રાખ્યા વગર જીવવું એવું તો આપણા પ્રાચીન કવિઓ કહી ગયા છે અને અત્યારના કવિઓ પણ કહે છે. ખુલ્લા મને જીવો એ જ જીવન છે.’ ઋજુતાએ મુક્ત મને જરાય સંકોચ રાખ્યા વગર પોતાના વિચારો અને માન્યતાઓ જણાવ્યાં.

પરંતુ કિસલય તો કંઈ કેટલીય ગ્રંથિઓથી જકડાયેલો હતો. એ ઋજુતાની રીતે વિચારી ના શક્યો. એ બોલ્યો, 'ઋજુતા, જીવન બહુ મોટી વાત છે. એની ગંભીરતા અને ગહનતાને આમ ઉપરછલ્લી રીતે ના લેવાય. રંગરાગ અને મસ્તીમાં જો પગ રાખીએ તો આપણે નષ્ટ થઈ જઈએ. આપણી શક્તિઓ ફોગટ વેડફાઈ જાય.'

કિસલયની વાત સાથે ઋજુતા સંમત થઈ શકતી નથી. એને થાય છે કે જીવનમાં રંગ ના હોય તો એ જીવનને કરવાનું શું? બધું સુસ્ત, સપાટ, નીરસ! એવું જીવન તો કંઈ જીવન કહેવાય? એમાં સુખ શું?

ઋજુતા અકળાઈ ઊઠી: આવા શુષ્ક માણસ સાથે જીવન કંઈ રીતે પસાર થશે? એ બોલી, 'કિસલય, તેં લગ્ન શું કરવા કર્યાં? તું મારી નાજુક સંવેદનાઓને સમજી શકવા કેમ પ્રયત્ન નથી કરતો? મારાં સુખદુ:ખ કેમ તને સ્પર્શતાં નથી?

'મારે સોના કે હીરા-માણેક-મોતીના અલંકારો નથી જોઈતા. મારે મબલખ દોલત નથી જોઈતી. મને કોઈ ભૌતિક ચીજવસ્તુનો મોહ નથી. મારે તો તારો પ્રેમ જોઈએ. ઉમળકાભર્યો સંગ જોઈએ. ભલે તું તારા મોંથી 'આઈ લવ યુ' ના કહે પણ તારી આંખોમાં તો એ ભાવ મને વંચાવો જોઈએ. તારી આંખોમાં મારા માટે પ્રેમનો મહાસાગર ઘૂઘવતો હોવો જોઈએ.

'કિસલય, માત્ર હું નહીં દરેકે દરેક સ્ત્રી એના પતિ પાસે પ્રેમની અભિવ્યક્તિ ઇચ્છે, મસ્તી ઇચ્છે. આ બધું સ્વાભાવિક છે. જીવનમાં જો એ મળે પછી ગમે તેટલી મુશ્કેલીઓ, તકલીફો આવે તો સ્ત્રી એની સામે લડી લે છે. પછી એને કોઈ ઊણપ કે અભાવ સાલતાં નથી.'

પત્નીની આર્દ્રતાભરી વાણી સાંભળીને ભીંજાવાના બદલે કિસલય ધૂંધવાઈને બોલ્યો, 'તારી આવી બહેકી બહેકી વાતો મારા મગજમાં ઊતરતી નથી. હલકું સાહિત્ય અને ટી.વી. સિરિયલો જોઈને તારામાં આવા નિમ્ન પ્રકારના ટેસ્ટ કેળવાયા છે. તારામાં સારા સંસ્કારોનું સિંચન થયું નથી. સાદાઈ અને સંયમના પાઠ ભણવાની તારે જરૂર છે.'

કિસલય પોતાના વિચારો છોડી શકતો નથી. ઋજુતાને સમજવા એ પ્રયત્ન જ નથી કરતો. એને મન ઋજુતા છીછરી અને આછકલી છે.

ઋજુતા યૌવનનો ઉંબરો વટાવી ચૂકેલી એક નવવિવાહિતા છે. એના હૈયે શું અરમાન છે એ જાણવાની પતિ તરીકે કિસલયને કોઈ ઇંતેજારી નથી. પોતાની પત્નીમાં એને કોઈ રસ નથી. પત્નીને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે, અલગ સંવેદનતંત્ર છે. એને પોતાના વિચારો અને ઇચ્છાઓ હોય એવું કિસલય સમજતો નથી. પછી એને સમજીને સંતોષ આપવાની વાત જ ક્યાં?

પ્રશ્ન થાય છે કે કિસલય કઈ સદીમાં જીવે છે, અથવા તો એ માણસ તરીકે માનવીય ભાવો અનુભવી શકે છે કે નહીં? કિસલયમાં પુરુષ તરીકેનું એક અભિમાન છે, ગુરુતાગ્રંથિ છે. એ જે માને એ સાચું અને પત્નીએ એને અનુસરવાનું. આ તો કેવી એકાંગી દૃષ્ટિ? પત્નીને સાંભળવાની નહીં, સમજવાની નહીં એ અન્યાય છે, માનવતાની દૃષ્ટિએ ગુનો છે, પતિ તરીકે એ ફરજ ચૂકે છે.

'દરેક ઉંમરે માણસ એકસરખો નથી રહેતો. દરેક ઉંમરનો પોતાનો તકાદો હોય છે. દરેક માણસે એ રીતે બદલાવું જોઈએ. માણસ એકલો હોય ત્યારે એને સાદાઈ અને સંયમ ઇષ્ટ લાગતાં હોય તો ભલે એ પ્રમાણે રહે, પરંતુ દામ્પત્યજીવનના પરોઢે એ પોતાની જ માન્યતાને વળગી રહે એ ના ચાલે. જીવનસાથીનો ખ્યાલ રાખવાની એની ફરજ છે.

પુરાણકાળના ઋષિઓ પણ દામ્પત્યજીવનની માંગ પૂરી કરવા તત્પર રહેતા. પોતાની પત્નીને જો શૃંગાર સજવાની અભિલાષા જાગે તો રાજા પાસે યાચના કરવા જતા. એમાં કશું અશિષ્ટ નથી, શરમાવા જેવું નથી. સ્ત્રી માત્રને શૃંગાર સજીને રૂપાળાં દેખાવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. અમુક વિચારસરણીને વરેલા કિસલય જેવા યુવકો એ સમજતા નથી ને પોતાના ગૃહસ્થાશ્રમને વેરાન કરી મૂકે છે.

માનસશાસ્ત્રીઓ તો ખાસ કહે છે કે દામ્પત્યજીવનને હર્યુંભર્યું રાખવા પતિ-પત્નીએ અન્યોન્યના નાનામાં નાના ગુણની કદર કરવી જોઈએ. એના કોડ સમજવા જોઈએ. એકબીજામાં રસ છે એવું બતાવવાની એક પણ તક જતી ન કરવી જોઈએ. પત્નીના કોડ પૂરા કરવા પતિ હોંશથી તત્પરતા દાખવે તો જ જીવનમાં ઉત્સાહ વધે, લગ્ન સાર્થક થાય.

અન્યોન્યતા વાંધા પાડવા, વિરોધ કરવો, ભૂલ બતાવવી કે શિખામણ આપવી સહેલું છે, પણ એના લીધે જીવનમાંથી કેટલી બધી બાદબાકી થઈ જાય છે એનો ખ્યાલ કિસલયને નથી આવતો. આવા લગ્નમાં રસરંગ ક્યાંથી સંભવે?



૬

જીવવામાં જ ખોવાઈ ગઈ એ જિંદગી ક્યાં છે?

વાસવી અને આકાશનાં લગ્નને એક મહિનો પૂરો થયો. છલકાતા હૈયે વાસવીએ આતુરતાથી આકાશને પૂછ્યું, ‘તને ખબર છે, આજે કયો દિવસ છે?’

‘બુધવાર.’ આકાશ બોલ્યો.

‘પણ આજની તારીખ? બરાબર એક મહિના પહેલા આપણાં લગ્ન થયાં હતાં. બોલ, આજનો શું પ્રોગ્રામ બનાવીશું?’ વાસવીએ થનગનતા અવાજે પૂછ્યું.

‘સરસ રાંધી નાખ.’ આકાશ બોલ્યો.

‘તને તો જમવા સિવાય બીજું કંઈ સૂઝતું નથી. આપણે ક્યાંય ફરવા નહીં જવાનું?’

‘જઈશું, હું સાંજે ઘેર આવું પછી જઈશું.’

સાંજ થતાં વાસવી તૈયાર થઈને બેઠી. આકાશ ઘેર આવ્યો. બોલ્યો, ‘તું તો તૈયાર છે ને, ચાલો ઝટ ઝટ જમી લઈએ.’

‘ઘેર જમવાનું છે? મેં તો રસોઈ જ નથી કરી.’ રીસથી વાસવી બોલી.

‘તો લાવને અથાણું ને ખાખરા સાથે ફર્સ્ટ ક્લાસ ચા બનાવી લાવ.’

આ સાંભળ્યું ને વાસવી એકદમ અકળાઈ ઊઠી. છતાં સંયમ રાખીને પૂછ્યું, ‘આપણે પિક્ચરમાં જઈશું?’

‘જોઈએ ક્યાંય ટિકિટ મળે તો!’ સ્વાભાવિક સૂરમાં આકાશે કહ્યું.

વાસવીને ગુસ્સો આવી ગયો, પણ એ દિવસ બગાડવા નહોતી માગતી તેથી બોલી, ‘ચાલોને ગમે ત્યાં ફરવા જઈએ’

‘તારી બાના ઘરે જઈએ, ચાલ.’

આ સાંભળ્યું ને વાસવી એકદમ ઉશ્કેરાઈને ઊંચા અવાજે બોલી, ‘તારામાં તો કોઈ રસિકતા જ નથી. આજે કંઈ નવીનતા જોઈએ, રોમાંચ જોઈએ. તું તો સાવ વેદિયો છે, નવજીવનનો કોઈ ઉલ્લાસ નહીં...’

વાસવી બોલે જતી હતી પરંતુ આકાશના ચહેરા પર કોઈ પ્રત્યાઘાત નહીં. વાસવી એને દુ:ખ પહોંચાડવા, અપમાનિત કરવા કર્કશ અવાજે બોલે જતી હતી, 'બીજા લોકો તો આ દિવસ કેટલા ઉલ્લાસથી ઊજવે છે! તને તો ખરચો કરવાનો આવે એટલે જોર આવે છે. મેં તને આવો નહોતો ધાર્યો. સાવ મારા માથે પડ્યો... આજે નથી તું મારા માટે કોઈ ભેટ લાવ્યો...' કહીને વાસવી રડી પડી.

આકાશનું મોં ઝંખવાઈ ગયું. એ વાસવીની નજીક ગયો અને એને પંપાળતાં બોલ્યો, 'હું આખો તો તારો છું, પછી બીજું શું આપું?'

'તું મને ફોસલાવ નહીં, નથી મારે તારી ડાહીડાહી વાતો સાંભળવી. ચલ, દૂર ખસ.'

'જો વાસવી, નાટક-સિનેમાના સંવાદો બોલતાં મને નથી આવડતાં, પણ હું જે કંઈ બોલું છું એમાં સચ્ચાઈ છે.'

આકાશની વાત ખોટી ન હતી. વાસવી પોતે જાણતી હતી કે આકાશને એના માટે અનર્ગળ પ્રેમ છે, પણ એને પ્રેમની સાથે એની રોમાંચક ઉજવણી, ભૌતિક ચીજોની ભેટ અને ધાંધલધમાલભરી મસ્તી જોઈતાં હતા.

આકાશ સાથેની જિંદગી એને ફિક્કી, રંગહીન અને રસકસ વગરની લાગી. એણે આ દિવસની મસ્તીભરી ઉજવણીનાં રંગીન સ્વપ્નાં જોયાં હતાં. રોમાંચથી ભરપૂર ક્ષણો એને માણવી હતી. એને થયું, આવા સીધા માણસ સાથે જીવવાની મજા શું આવે!

આજે માણસનો જીવન સાથેનો સંબંધ સપાટી પરનો વધારે થઈ ગયો છે. એમાં દંભ અને બીજાને દેખાડવાની વૃત્તિ વધારે દેખાય છે. આ બધું છીછરાપણું છે. એ અનુભવે ધીરે ધીરે સમજાય છે ત્યારે ક્યારેક મોડું થઈ ગયું હોય છે.

યાદ રાખો કે ભૌતિક ચીજવસ્તુંઓમાં સુખ નથી વસતું અને એની આપલેમાં પ્રેમ નથી વસતો. સુખનો આધાર જેટલો માણસના પોતાના પર છે એટલો બીજા કોઈના પર નથી. સુખ અને દુ:ખ જન્મે છે અપેક્ષા અને ઇચ્છામાંથી અને ઇચ્છા જન્મે છે મનમાંથી. માટે માણસે પોતાના મનને સાચી દિશામાં વાળવું, જોઈએ. પ્રિયજનના હૃદયમાં જોવું જોઈએ, તો કદી ભૂલ નહીં ખાઓ. સુખ મનની એક અવસ્થા છે, એકને જેમાં સુખ લાગે તેમાં બીજાને ન પણ લાગે.

જો માણસનું હૈયું મધુર સંવેદનાઓ અને નાજુક લાગણીઓથી ભરપૂર ના હોય તો એને બહારથી આનંદ-ખુશી ખરીદી લાવવાનું મન થાય. બહાર હરોફરો, ખરીદી કરો એ ધાંધલધમાલભરી દોડાદોડ શરીર-મનને

થકવી નાખે છે અને હૃદય તો કંઈક ઝંખતું જ રહે છે. એ શાની ઝંખના છે? આખરે હૃદય શું ઝંખે છે એ માણસે જાતે સમજવું જોઈએ.

જીવનને અત્યંત બારીકાઈથી જોનાર ઘણા ચિંતકોની ચિંતાભરી ફરિયાદ છે કે ક્યાં છે જિંદગી? દામ્પત્યજીવનમાં આપણે યંત્રવત્ થઈ ગયા છીએ. બહારની દેખાદેખી પ્રમાણે આપણા જીવનને એ બીબામાં ઢાળવા મથીએ છીએ અને એ ઘેલછામાં આપણે આપણી પોતાની પસંદગીનો ખ્યાલ જ નથી રાખતાં. આપણા ભીતરના અવાજને સાંભળ્યો ના સાંભળ્યો કરીને બહારથી સંભળાતા ઘોંઘાટને અનુસરવા મથીએ છીએ.

સમાજશાસ્ત્રીઓ કહે છે: અત્યારે જગત નાનું ને નાનું થતું જાય છે, અન્ય દેશોની અને ખાસ કરીને પશ્ચિમના દેશોની વિચારસરણીએ આપણા પર બહુ અસર કરી છે. આપણે ભૌતિકવાદી બની ગયાં છીએ. હૃદય, મન અને આત્માના બદલે શરીર અને ઇન્દ્રિયોના સુખ પાછળ દોટ મૂકીએ છીએ, પરિણામે સંતોષના બદલે નિર્વેદનો અનુભવ થાય છે.

જીવન આનંદમય છે છતાં આપણે ખોટી દોડાદોડમાં એને મુશ્કેલીભર્યું અને કષ્ટદાયક બનાવી દીધું છે. જિંદગીના ભોગવિલાસ માણવાની મથામણમાં આપણી જિંદગી જ ખોવાઈ ગઈ છે. આદર્શ લગ્નજીવન એ કહેવાય જે લગ્નજીવનમાં અમુક દિવસ નહીં પણ ક્ષણેક્ષણ લગ્નના ઉત્સવ જેવી લાગવી જોઈએ. પતિ-પત્ની નજીક હોય કે દૂર, પ્રેમનાં માધુર્ય અને ઉષ્મામાં કદીય ઊણપ ન વરતાવી જોઈએ.

જ્યાં આવું તાદાત્મ્ય હોય ત્યાં 'આઈ લવ યુ' કે 'આઈ મિસ યુ' જેવા શબ્દો બોલવાની ય જરૂરત નથી પડતી. એ તો એક હૃદય એની ભાષામાં બોલે ને બીજું હૃદય સાંભળે.

પણ અત્યારે આવાં હૃદય જવલ્લે જ મળે છે. માણસને ભૌતિક સુખસંપત્તિ ભોગવવાની એવી લાલસા જાગી છે કે પ્રેમની એને કોઈ કિંમત જ નથી રહી.

પતિ પાસે પૈસા ન હોય તો માત્ર એનો ભરપૂર પ્રેમ એની પત્નીને ખુશ નથી કરી શકતો. પતિ પાસે સમય હોય, પત્નીની સાથે પ્રેમભરી ગોઠડી માંડવા પૂરો સમય હોય, પત્નીને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા એ તત્પર હોય પણ એને કપડાં-દાગીના ન આપી શકે, દૂરદૂર સુધી ફરવા ના લઈ જઈ શકે, એના શોખ પૂરા ન કરી શકે તો પત્ની રાજી નથી રહેતી.



૭

જીવનસાથીને એની બધી ઊણપો સાથે પ્રેમ કરો

હરિતા ડબલ ગ્રેજ્યુએટ હતી પણ દેખાવમાં એટલી સામાન્ય હતી કે છોકરાઓ એને જોઈને ના કહેતા. એનાં મમ્મી-પપ્પા નિસાસો નાખતાં કે ભણતર ગમે તેટલું હોય, પણ આકર્ષક દેખાવ વગર બધું નકામું.

હરિતાને એની બહેનપણીઓ કહેતી, 'તને જે હા કહે એની સાથે પરણી જ જા, જરાય વખત ના બગાડીશ.' હરિતા પણ જાણતી જ હતી કે પસંદગી કરવાનો એને અવકાશ નથી. જે હા કહે એને પરણી જ જવાનું છે. છોકરાઓ જોવાનું ચાલુ હતું, ત્યાં ધીરેનને ત્યાંથી હા આવી. ધીરેન ગ્રૅજ્યુએટ ન હતો પણ એની પાસે મિલકત હતી અને ધીકતો ધંધો હતો. એની જીવનશૈલી વૈભવી હતી. ધીરેનનાં મા-બાપને હતું: આપણો દીકરો ભલે ખાસ ભણેલો નથી પણ ભણેલી વહુ આવે તો વટ પડી જાય. તેથી એમણે હરિતાને પસંદ કરી હતી.

હરિતાને થયું: ધીરેન સાથે પરણીશ તો સુંવાળી, ભોગવિલાસવાળી જિંદગી મળશે. સૌ પૈસને જ મહત્ત્વ આપે છે. મને સમૃદ્ધિમાં મહાલવા મળે છે તો શું કામ ભણતરનો આગ્રહ રાખું?

આવું વિચારીને હરિતા ધીરેનને પરણી. શરૂઆતમાં તો ધીરેન સાથેની જિંદગી રોમાંચક લાગી. પરંતુ ધીરેનની માનસિક ક્ષિતિજો હરિતા જેટલી વિસ્તૃત ન હતી. એનામાં હરિતા જેવી સૂક્ષ્મ બુદ્ધિ કે ઊંડી વિચારશક્તિ ન હતી. વળી એની રીતભાત પણ તોછડી હતી. એને પૈસાનો ઘમંડ હતો.

ધીરે ધીરે આ બધી ઊણપો હરિતાને ખૂંચવા માંડી. એને ધીરેન સાથે કંટાળો આવવા માંડ્યો. હરિતાને કોઈ કલાના પ્રદર્શનમાં કે ગંભીર વિષય વિશેના વ્યાખ્યાન કે પરિષદમાં જવાનું ગમે. જ્યારે ધીરેનને હોટલ કે ક્લબમાં જવું ગમે. એ ખાવાપીવાનો ખૂબ શોખીન હતો. ખાવા માટે જ એ જન્મ્યો હોય એમ બહાર ખાવા જવાના પ્રોગ્રામો ગોઠવ્યા કરે.

તેઓ ખરીદી કરવા જાય ત્યારે કલાત્મક ચીજ કરતાં અત્યારે કઈ ફૅશન છે એ પર જ એનું ધ્યાન રહેતું. એનામાં પોતાની કોઈ આગવી સૂઝ કે સમજ ન હતાં. પોતાના કોઈ વિચાર ન હતા. એને હરિતાની વિદ્વત્તા કે સાહિત્યના સંસ્કાર માટે કોઈ માન ન હતું. એ વાતેવાતે હરિતાનું અપમાન કરતો. સાવ નાના મુદ્દા પર બેઉ વચ્ચે તકરાર થતી.

હરિતા પસ્તાવા માંડી કે હું પરિપક્વ બુદ્ધિની હતી છતાં લગ્ન કરવા માટે કેમ આટલી બધી અધીરી બની ગઈ હતી? વળી આંતરિક ગુણોના બદલે મેં બહારની ચમકદમક ને ઝાકઝમાળને કેમ મહત્ત્વ આપ્યું? ભલે મેં ભૌતિક સંપત્તિ મેળવી પણ હું સુખી નથી. લગ્ન કરવા મેં મારી જિંદગી દાવ પર લગાવી.

હરિતાએ જે મેળવ્યું એનું હવે એને આકર્ષણ ન રહ્યું. એ વિચારવા માંડી કે જીવનસાથી પસંદ કરતી વખતે માણસે પોતાના હૃદયને પૂછવું જોઈએ. ભીતરનો સાદ સાંભળવો જોઈએ. જીવનભર જે જીવનમૂલ્યોને મહત્ત્વ આપ્યું હોય, જે જીવનશૈલીની ઝંખના હોય એને જ મહત્ત્વ આપવું જોઈએ.

હરિતાનો થોડો સમય અફસોસ કરવામાં વીતી ગયો પછી એને થયું: ક્યાં સુધી હું આમ રડ્યા કરીશ? રડવાથી તો હું નિર્બળ બની જઈશ.

મારા કિસ્મતે જે ભૂલ કરાવી તે મેં કરી નાખી. આ પરિસ્થિતિમાં મૂકીને ઈશ્વર મને જીવનનું કોઈ સત્ય સમજાવવા માગતો હશે. એના દરેક કાર્ય પાછળ કોઈ ઉદ્દેશ હોય છે જ. મારે પતિ હોવા છતાં હું સંતાપ કેમ પામું છું? પતિમાં બુદ્ધિ તો છે જ. એ કેળવણી નથી પામ્યો તેથી આવો રહ્યો છે. એને હું પ્રેમથી સાત્ત્વિક શોખ અને ઉદાત્ત વિચારો તરફ વાળીશ. એને કલા અને સાહિત્યમાં રસ જાગે માટે એને જિજ્ઞાસા જાગે એ રીતે વાતો કરીશ. હું હાર નહીં માનું. હું પ્રેમથી એને તૈયાર કરીશ.

ધીરેન સાથે મેં મારી મરજીથી લગ્ન કર્યાં છે. એનામાં શું છે અને શું નથી એ જાણ્યા પછી એની સાથે હું જોડાઈ છું. એ જેવો છે એવો મેં સ્વીકાર્યો હતો. હવે એ સ્વીકારને સાર્થક બનાવવાની ઘડી આવી છે. આ મારી કસોટી છે અને આ કસોટીમાં હું પાર ઊતરીશ.

આવા વિચારથી હરિતામાં ફરી પાછો આત્મવિશ્વાસ અને ઉત્સાહ જાગ્યો. એની ઉદાસી ગાયબ થઈ ગઈ. પરિસ્થિતિની વિષમતા સહન કરવાની શક્તિ આવી.

હવે એને કોઈ વલોપાત નથી, અજંપો નથી, એક પ્રેમાળ-ઉદાર માની જેમ લાડ કરતાં એ ધીરેનનું ઘડતર કરવા માંડી.

હવે ધીરેન અપમાન કરે કે અપશબ્દ બોલે તોય એ લક્ષ્યમાં નથી લેતી. ધીરેનની નાદાની અને આડાઈ હસીને એ ચલાવી લે છે. ધીરેને બનાવેલા કાર્યક્રમમાં હરખભેર બનીઠનીને જાય છે. એ ધીરેનને ઉતારી નથી પાડતી કે સલાહ-શિખામણ નથી આપતી. ધીરેનની અણગમતી વાત હસીને સ્વીકારી લે છે. એનામાં પૂરો રસ લે છે.

હરિતા માધુર્યની મૂરત બની જાય છે. એ મોંથી એક શબ્દ પણ એવો નથી ઉચ્ચારતી કે જે ધીરેનને વાગે. એના ચહેરા પર એકાદ રેખા

પણ એવી નથી આલેખાતી કે જે ધીરેનને ખૂંચે. એ ક્યારેય ગુરુતાગ્રંથિથી વાત નથી કરતી કે જેથી ધીરેન એનાથી દૂર ભાગે.

પ્રેમ પ્રેમ ને પ્રેમ. હરિતા ધીરેન પર વરસ્યા જ કરે છે. પરિણામે એના જીવનમાં હરિયાળી છવાઈ ગઈ.

આવો જ કિસ્સો છે ગૌરવ અને પવિતાનો. ગૌરવ વાતેવાતે એની નવોઢા પત્ની પવિતાની ઉપેક્ષા કરે, શુષ્કતા અને કઠોરતાથી વર્તે પણ પવિતા અકળાય નહીં, ગુસ્સો ના કરે, મોં પર ભાઠપનો ભાવે ય ન લાવે. એના વર્તનમાં કોમળતા અને સૌમ્યતા જ હોય. એ હસતી જ રહે.

આથી એક દિવસ એની જેઠાણી તસ્વીના કહે, ‘તું વધારે પડતી નરમ છે. હવે ફૂંફાડો કર. આવાં અપમાન સહન ન કરાય.’

પવિતા હસીને કહે, ‘ભાભી, એમાં એમનો દોષ નથી. એમની કુંડળીમાં સૂર્ય એવા સ્થાને પડ્યો છે કે એમને ગુસ્સાવાળા રાખે.’ તસ્વીના જોઈ રહી. પવિતા કેટલી સાહજિકતાથી અને સ્નેહથી વરનો બચાવ કરે છે, પણ એ પવિતાની વાત સાથે સંમત ન થઈ શકી. એ બોલી, ‘ગ્રહો ગમે તે હોય પણ માણસે જાતે વિવેકી બનવું જોઈએ. કેમ તું તારા સ્વમાન ખાતરે બોલતી નથી?’

પવિતા બોલી, ‘ભાભી, સ્વમાન કરતાં એમની સાથે સંવાદ જળવાય એ જોવું પડે. હું એમની સાથે અકડાઈથી વર્તું તો વાત વધી જાય ને ઝઘડા થાય. ભાભી, હું એમના દોષ જોવા બેસું તો દોષ જ દેખાયા કરે. ખરી વાત તો આ એમના સ્વભાવની નબળાઈ છે. એમનામાં કોઈ મોટો અવગુણ નથી. હું એમને સાચવી લઉં તો ધીરે ધીરે એમનામાં ફેર પડશે. અમારા સંબંધમાં વાંધો નહીં આવે.’

તસ્વીના આભી બની ગઈ. પવિતા કેટલી આત્મશ્રદ્ધા અને આશાથી વાત કરે છે! એની ભીતર પ્રેમનું ગીત ગુંજ્યા કરે છે. આ ગીતની મધુરતા જરૂર ગૌરવને સ્પર્શશે.



૮

પ્રેમથી જગત પવિત્ર અને પરિપૂર્ણ બને છે

દાયકાઓ પહેલાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે લખ્યું હતું: ‘આપણી ભારતીય પ્રાચીન પરંપરા અનુસાર થતાં લગ્ન એ ખરેખર જ એક રોમાંચકારી આશ્ચર્ય છે. દુનિયામાં જો કોઈ સાથે ઓછામાં ઓછો પરિચય હોય તો તે પતિ સાથે પત્નીનો ને પત્ની સાથે પતિનો. આવી બે વ્યક્તિઓ મંત્રના સામર્થ્ય પર વિશ્વાસ રાખી વડીલોના આશીર્વાદ લઈ પ્રેમના દેવતાની પ્રેરણા અનુસાર અન્યોન્યનો સંપૂર્ણ સ્વીકાર કરે છે.

વિવાહનો એ પ્રથમ દિવસ ખરેખર શ્રદ્ધા અને આસ્તિકતાની પ્રરિસીમા જ છે. એ દિવસ ખરેખર અદ્વિતીય જ હોય છે. જે પાત્ર અજ્ઞાત હતું એ પૂર્ણ પરિચિત બને છે.’

આ હતી થોડા દાયકાઓ પહેલાંની આપણી આસ્થાપૂર્ણ માનસિકતા અને સામાજિક પ્રથા. પરંતુ સમયના વહેવા સાથે માન્યતાઓ બદલાઈ. જીવનમૂલ્યો બદલાયાં. હવે તદ્દન અપરિચિત સાથે લગ્નો નથી ગોઠવાતાં; હવે લગ્ન કરનાર પાત્રો ઘણીબધી રીતે એકબીજાને જોઈ-ચકાસી, પરિચય મેળવીને લગ્ન કરે છે.

જીવનસાથીની પસંદગી કરતી વખતે એકબીજાના ગુણઅવગુણ, સારાં-નરસાં પાસાંઓ તપાસાય છે. એકમેક પ્રત્યેની અપેક્ષાઓ અને અન્ય બાબતોનાં લેખાંજોખાં થાય છે. લગ્ન માણસના ભવિષ્યની નિર્ણાયક ઘટના છે, તેથી એમાથી મળતા લાભાલાભની પાકી ગણતરી થાય છે અને પછી લગ્ન કરાય છે. લગ્ન પછી પતિ-પત્ની એકબીજાનાં સહકાર, સહાય અને પ્રેરણાથી પોતપોતાનાં સ્વપ્નાં સાકાર કરી શકશે અને બંનેને પોતપોતાના વિકાસ માટે પૂરતી મોકળાશ મળશે એની ખાતરી કરાય છે. અન્યોન્ય પ્રત્યે સમાન વ્યવહાર અને સમાન હક્ક-અધિકાર રહેશે એવી ધારણા એકબીજાને અપાય છે.

સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકોના મતે લગ્ન એક સોદો છે, બેઉ પાત્રો સમજી વિચારીને સમજપૂર્વક જોડાય છે. આખી જિંદગીનો વિચાર કરીને વધારેમાં વધારે ફાયદો કોની સાથે જોડાવાથી થશે એ વિચારીને લગ્ન કરે છે.

અહીં આપણને એક પ્રશ્ન થાય છે કે આપણી સેંકડો વર્ષ પુરાણી સંસ્કૃતિ અને ભાવનાશીલ કવિઓ લગ્નને હૃદય સાથે હૃદયનું અને આત્મા

સાથે આત્માનું મિલન કહે છે, ત્યાં વેપારીની જેમ નફાતોટાની આટલી ગણતરી શું કામ? જેને આત્મા ઓળખે એને વધાવી કેમ નહીં લેવાનું? એકબીજાનાં હૈયાં હરખ્યાં અને મુખડાં મલક્યાં ત્યાં જ જોડાણ હોય ને!

અત્યારના જમાનામાં થતી ચોકસાઈપૂર્વકની આટલી બધી ગણતરીઓએ તો લગ્નજીવનના પ્રથમ મિલનના રોમાંચ અને વિસ્મયને નહીંવત્ કરી નાખ્યા છે. હવે એ મિલનમાં કશું નૂતન કે આશ્ચર્યભર્યું તત્ત્વ નથી રહ્યું. એ મિલન માટે હર્ષોલ્લાસભરી ઉત્સુકતા નથી રહી.

જોકે હજીય કેટલાંક હૈયાં તેવા ભાવનાશીલ સરળ અને પ્રેમથી છલકાતાં છે કે તેઓ સામી વ્યક્તિમાં ઓગળી જવા તત્પર હોય છે. એમને મન પ્રેમ એટલે આત્મવિલોપન; એમના પ્રેમના કારણે જ તેઓ પ્રેમના ઐશ્વર્યનો અનુભવ કરે છે.

માબાપ, ભાઈબહેન વગેરેના સંબંધો માણસને જન્મથી મળે છે, જ્યારે લગ્નસબંધ માણસ જાતે બાંધે છે. અગ્નિ, વાયુ, જલ, આકાશ અને પૃથ્વીની સાક્ષીએ તેઓ પ્રતિજ્ઞા લે છે અને વરવધૂ બને છે.

પ્રેમ એ પ્રકૃતિનો મુક્ત ઉપહાર નથી; એની સાથે પોતાના પ્રિયજન તરફ કર્તવ્યની ભાવના સંકળાયેલી છે.

આજ સુધી જે કન્યા પોતાને કુમારી કહેવડાવતી ફરતી હતી તે જ મંત્રાક્ષત માથા પર પડતાંવેંત ગૃહિણી બને છે. એના જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. રાતોરાત એ પરિપક્વ બને છે. પોતાની નવી જવાબદારી એ કોડભર્યા હૈયે સ્વીકારે છે. લગ્નની જે શુભમંગલ ભાવના છે એ તેઓ સહજતાથી સાકાર કરે છે. પોતાની તમામ ઇચ્છાઓનું સમર્પણ કરતાં એ અચકાતી નથી. પતિ અને પતિના ઘર-કુટુંબમાં એ ઓગળી જાય છે, એકરૂપ થઈ જાય છે. એમાં કોઈ લાચારી નથી લાગતી.

લગ્નની સફળતા બાહ્ય રૂપ કે બાહ્ય ચમકદમક કરતાં આંતરિક સૂઝસમજ અને પરિપક્વતા પર વધારે આધાર રાખે છે. આપણાં દૃષ્ટાંતની તત્ત્વા કિસા, નૃપા, તૃપ્તા વગેરે એ જાતની યુવતીઓ છે. ગૃહસંસારના ઉંબરે પોતાના સ્વને ન્યોછાવર કરીને એ ગૃહરાજ્ઞી બનીને ઝળહળી ઊઠે છે. પોતાનું બધું આપી દેતાં એમનાં હૈયાં છલકાઈ ઊઠે છે. પ્રેમ, ત્યાગ અને પરસ્પર સમજણના કારણે દામ્પત્યજીવન મહોરી ઊઠે છે.

લગ્નથી જોડાનાર દરેક પાત્ર ખેવના રાખે છે કે સામું પાત્ર એને સમજે. અન્યોન્યને સમજવાનો આધાર બંને પાત્રોના બૌદ્ધિક સ્તર, માનસિક પરિપક્વતા અને નિષ્ઠા પર અવલંબે છે, નહીં કે ખોટા લાગણીવેડા પર.

અન્યોન્ય માટેનો પ્રેમ અને અન્યોન્ય પરનો વિશ્વાસ એ લગ્નજીવનના અણમોલ સ્તંભ છે. તમને તમારા સાથી માટે પ્રેમ છે એ

દર્શાવવા કાયમ પ્રેમભરી મૃદુ વાણી બોલો. કદી રુક્ષ કે તોછડા ન બનો. ‘તને શું ખબર પડે?’, ‘બહું બોલબોલ ના કર’, ‘ચુપ રહે, બહુ બોલે બહુ ડાહી નથી દેખાતી’, ‘મેં તને નહોતું પૂછ્યું.’ જેવાં અપમાનજનક વાક્બાણ ના છોડો. ભૂલો કાઢવી અને મહેણાં મારવાં સહેલું છે, પણ કાયમ યાદ રાખો કે

“માનવીના હૈયાને નંદવાતી વાર શી?

અધબોલ્યા બોલડે, થોડે અબોલડે

પોચા શા હૈયાને પીંજવામાં વાર શી?”

મન તૂટે પછી સંધાતાં વાર લાગે છે. તમે તમારા જીવનસાથીના જ છો એની પ્રતીતિ કરાવવાની એકે તક જતી ન કરો. તમારા હૈયામાં પ્રિયજન માટે નાજુક લાગણીઓ રમતી જ હોવી જોઈએ.

હોઠ હસે તો ફાગુન ગોરી

આંખ ઝરે તો શ્રાવણ

મોસમ મારી તું જ.

જીવનસાથી એટલે સાચા અર્થમાં સાથી બનતી વ્યક્તિ – અનાયાસ સહજ રીતે એની સાથે દિલની વાતો કરવાનું મન થઈ આવે. પ્રથમ ક્ષણથી એની સમક્ષ દિલનાં દ્વાર આપોઆપ ખૂલી જાય; એની સાથે પળેપળ જીવવું ગમે; માત્ર રહેવું જ નહીં, જીવવું ગમે; એક પળ માટેય એકબીજાથી દૂર જવું ન ગમે.

વરકન્યાએ મંગલફેરા ફરતાં ગોરમહારાજ બોલાવે એ રીતે પ્રતિજ્ઞા લીધી હોય, પણ સહજીવનના પાયામાં પતિ-પત્ની શું ઉમેરે છે એના પર દામ્પત્યસુખનો આધાર છે.

અન્યોન્યની નાનામાં નાની સારી વાતની કદર કરવી ન ભૂલશો. ‘તારી આંખો ખૂબ ભાવવાળી છે’, ‘તને બધા રંગ શોભે છે’, ‘ખાવાની મજા આવી ગઈ’, ‘તારું કપાળ ઑફિસર જેવું છે, ગમે તે એનાથી ઈમ્પ્રેસ થઈ જાય’, ‘તારા ‘હાથે હીરા વસે છે, લીધેલી ચીજ તું મૂળ ઠેકાણે પાછી મૂકે છે તેથી મારી અડધી મહેનત બચી જાય છે.’ આવી એક વાક્યની નાનીઅમથી પ્રશંસા માણસને પ્રસન્ન કરી મૂકે છે, એને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે, એની સુષુપ્ત શક્તિ જાગ્રત થાય છે ને એનો વિકાસ થાય છે.

તદ્દન સામાન્ય દેખાતાં યુવક-યુવતીઓ પણ પ્રિયજનના બે શબ્દોથી એટલાં ઉત્સાહિત થઈ જાય છે કે નહીં ધારેલાં કામ કરી શકે છે; તેઓ કંઈ બની શકે છે.

પતિ-પત્ની એકબીજા સાથે વિવેક, સદ્ભાવ અને આદરપ્રેમથી વર્તે તો ખોટાં ઘર્ષણો ટળી જાય, કોઈ અભાવ એમને પીડે નહીં અને ગમે એટલી તકલીફોમાં ય તેઓ ઐક્યની અનુભૂતિ કરે જેથી એમની જિંદગી પ્રફુલ્લિત રહે, દામ્પત્યજીવન સાર્થક બને.

સારી પત્ની કે સારો પતિ મળે પછી જીવનનાં બધાં ગણિત અને સમીકરણો બદલાઈ જાય છે. માણસને સારું મળ્યું કે ખરાબ મળ્યું એ એની પોતાની દૃષ્ટિ પર બહુ આધાર રાખે છે. ‘લયલાકો મજનુકી આંખસે દેખો’ અને એ જોવું એટલે કઈ આંખથી જોવું? અંતરાત્માની આંખથી. ત્યાં જો પ્રેમ ભર્યો હશે તો બધું સુંદર લાગશે.

રવીન્દ્રનાથ ઠાકુર કહે છે, ‘દુનિયામાં અનેક વરવહુઓ એકબીજાના ગળામાં માળા પહેરાવે છે. તેમના પ્રેમથી જગત પવિત્ર અને પરિપૂર્ણ બની ગયું છે.’

ભૌતિક સુખ પાછળ દોટ મૂકતા આ યુગમાં હજીય પોતે સુખી થવા નહીં પણ બીજાને સુખી કરવા પરણનાર આદર્શ સ્ત્રી-પુરુષો આપણે ત્યાં છે.

સુનંદાના વિવાહ થયા પછી ખબર પડી કે એના વરને રાત્રે દેખાતું નથી અને દિવસે પણ ખૂબ ઓછું દેખાય છે અને [illegible] ત્યારે એ અંધ થઈ જશે. ઘડીભર તો સુનંદા આંચકો ખાઈ ગઈ પણ પછી એણે નક્કી કર્યું કે હું અત્યારથી જ નોકરી કે કોઈ ગૃહઉદ્યોગ શરૂ કરીને કમાવા માંડું જેથી આ[illegible]ને માથે કોઈ ભાર ન રહે, કોઈ ચિંતા ન રહે અને અમારો ઘરસંસાર નિરાંતે ચાલે. જાહેરખબરથી થયેલા લગ્ન પછી કેનાને ખબર પડી કે એના બે દિયરો ગાંડા છે, જે હકીકત એનાં સાસરિયાંએ છુપાવી હતી. દિયરોને દૂરની કોઈ સંસ્થામાં રાખ્યા હતા. કેનાનાં પિયરિયાં ઉશ્કેરાઈ ગયાં કે આવી છેતરપિંડી? કેનાને ઘેર પાછી લઈ આવો, છૂટાછેડા લઈ લો. ગાંડા દિયરોની જવાબદારી દીકરી શું કામ નિભાવે? ત્યારે કેના બોલી, ‘મારા નસીબમાં જે હોય એ મને મળ્યું, તમે હરખશોક કરશો નહીં. હું મારી ફરજ બજાવવામાં પાછી પાની નહીં કરું.’

‘પણ તારી જિંદગીનું શું?’ એનાં મમ્મી-પપ્પાએ ગળગળા અવાજે પૂછ્યું.

‘મારામાં સત્ત્વ છે. તમે ચિંતા ન કરશો. હું જિંદગીમાં કંઈ કરી શકીશ. તમારી કેળવણી એળે નહીં જવા દઉં.’ આત્મવિશ્વાસથી કેના બોલી.

જીવનના પ્રારંભકાળેથી ગમે એટલી જવાબદારી આવે પણ સહૃદયી નિષ્ઠાવાન જીવનસાથી કર્તવ્યપંથેથી ચલિત નથી થતાં.



૯

હૃદયમનનાં દ્વાર ખુલ્લાં હોય તો

પૈસેટકે સપનનું ઘર સામાન્ય સ્થિતિનું છે પરંતુ સપન એન્જિનિયર થઈને એમ.બી.એ. થયો છે. સારા હોદ્દા પર છે. એનું ભવિષ્ય ઉજ્જ્વળ છે એવી ગણતરીથી ધનવૈભવને પોતાની શાન સમજતા ઉદ્યોગપતિ ધનસુખભાઈએ પોતાની દીકરી ઋચાનાં લગ્ન સપન સાથે કર્યાં.

જોકે ઋચાની મમ્મી લતાબહેનનું મન તો કચવાતું હતું કે અરેરે, સગવડ વગરના આવા નાના ઘરમાં મારી દીકરી કઈ રીતે રહી શકશે! ઋચાના હૃદયમાંય થોડોક ગભરાટ, થોડીક મૂંઝવણ, થોડોક હિચકિચાટ હતાં જ.

પરંતુ સાસરે આવીને એ નવાઈ પામી ગઈ. અહીં તો શાંતિ છે. પોતાનો ડર સાવ ખોટો હતો. દરેક જણ પોતપોતાની ધૂન પ્રમાણે જીવે છે. કોઈ કોઈને ટોકતું નથી, વઢતું નથી. કોઈ એક જણ પોતાના વિચાર બીજાની પર ઠોકતું નથી. દરેક જણ સ્વતંત્ર છે.

સાસુને કોઈ પુસ્તક વાંચવાનો રસ પડી ગયો હોય તો ઝટપટ રસોઈ પતાવીને પુસ્તક લઈને બેસી જાય, ના એ નાહ્યાં હોય કે ના માથું હોળ્યું હોય. સસરાજી એમના ઑફિસના સમય સિવાય એમના ફૂલછોડમાં મસ્ત રહે. નણંદ અલ્પના સવારના પહોરમાં સાઇકલ લઈને દૂર સ્કેચિંગ કરવા ઊપડી જાય. કોઈ એને રોકે નહીં કે સલાહ આપે નહીં. દરેક પોતાની મરજી મુજબ જીવે છે. દરેકને મનપસંદ રીતે જીવવાની છૂટ છે, છતાં કોઈને અગવડ નથી પડતી કે ઘરમાં અવ્યવસ્થા નથી સર્જાતી. સાસુ સમયસર રસોઈ બનાવીને મૂકી દેતાં. ઋચા આ ઘરમાં વહુ તરીકે આવી છે પણ સાસુ એની પર હુકમ નથી છોડતાં કે એની પાસેથી મદદની અપેક્ષા નથી રાખતાં. હા, ઋચા એની મેળે મદદ કરાવવા જાય તો એને વારતાં નથી.

ઘરમાં નોકર નથી, બધું કામ ઘરનાં સભ્યો જ એમની અનુકૂળતા પ્રમાણે પતાવે છે. પણ કોઈ ધમાલ નથી, ઉતાવળ નથી, મહેણાંટોણાં, હુંસાતુંસી કે દેખાડો નથી, વિસંવાદિતા નથી.

એક દિવસ ઋચાએ પતિને કહ્યું, ‘ઘરનું કામ તો જોરનું કહેવાય. એ જાતે શું કામ કરવાનું?’

સપન ઋજુતાથી કહે, ‘મમ્મીએ કાયમ જાતે જ કામ કર્યું છે. એ કામનો ક્રમ જ એવી રીતે ગોઠવે છે કે સમયસર બધું થઈ જાય અને ભાર

ન લાગે.' ઋચા કહે, 'પણ તમે આટલા ઊંચા હોદ્દા પર છો, તમારા મોભા પ્રમાણે નોકર ના રાખવો જોઈએ?'

સપન બોલ્યો, 'નોકર રાખવાથી મોભાદાર ગણાઈએ એવું આપણા ઘરમાં કોઈ નથી માનતું. આપણી જીવનશૈલી, જીવન વિશેની સમજ જુદી છે. ઘરમાં દરેક સભ્ય કેવા આનંદમાં રહે છે! આપણે ત્યાં હૃદયમનના વિકાસ પર ભાર અપાય છે, બાહ્ય દેખાડા કે મોભા પર નહીં.'

સપનનું કહેવું તદ્દન સાચું હતું એ ઋચા પણ જોતી હતી.પ્રેમ અને સૌજન્યથી છલકાતા આ ઘરમાં ઋચાનાં હૃદયમન કોઈ નવી તાજગી અને પ્રસન્નતા અનુભવવા લાગ્યાં. એની ક્ષિતિજો જાણે વિસ્તરવા લાગી. કંઈ કેટલીય ગ્રંથિઓ આપોઆપ ઊકલી ગઈ. જિંદગીમાં કદી નહોતું કર્યું એટલું કામ એ હોંશથી કરવા માંડી અને છતાંય થાક નથી અનુભવતી.

આ બધું કેમ શક્ય બન્યું? ઋચા સરળ હતી, એનાં હૃદયમનનાં દ્વાર ખુલ્લાં હતાં. જે સત્ય લાગે એ સ્વીકારવાની એનામાં સમજ અને હિંમત હતાં. પરિપક્વ બુદ્ધિ હતી, તેથી મોટાઈના ખોટા ખ્યાલો એ છોડી શકી. પતિના ઘરની કલાત્મક જીવનશૈલી એને રુચી, તેથી તરત અપનાવી લીધી. બાપના ઘરનાં ધનવૈભંવનું એને અભિમાન નથી કે મોહ નથી. એનામાં સ્વતંત્ર વિચારશક્તિ છે.

પરિણામે ટૂંકો સમયમાં ખૂબ સ્વાભાવિકતાથી એ સાસરિયાં સાથે સંવાદ સાધી શકી અને પતિ તથા ઘરનાંનો પ્રેમ પામી શકી.

સામાન્ય રીતે એવું મનાય છે કે શ્રીમંત ઘરની છોકરી સાદાઈ અને સ્વાવલંબન સ્વીકારી શકતી નથી. એક વાર સગવડો ભોગવવાની અને શેઠાઈ કરવાની ટેવ પડી જાય પછી જતી નથી. પણ જેનામાં ઊંડાણ, ગંભીરતા હોય એને બાળપણથી પડેલી ટેવ છોડીને અનુકૂલન સાધવામાં મુશ્કેલી નથી આવતી.

બીજા કુટુંબની દીકરી લગ્ન કરીને પોતાના ઘરમાં આવે ત્યારે ઘરનાં વડીલો અને બીજા સભ્યોએ પણ એને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. યુવતીએ માત્ર એના પતિ સાથે નહીં પણ સમગ્ર કુટુંબ સાથે અનુકૂલન સાધવાનું હોય છે. આ પડકાર નાનોસૂનો નથી. અહીં લાગણી અને બુદ્ધિ, બેઉની જરૂર પડે છે.

આ બૌદ્ધિક યુગમાં દરેકને પોતાની ભાવના અને મંતવ્યો હોય, આગવા વિચારો અને આગ્રહો હોય – એ છોડીને સામા કુટુંબના રીતરિવાજો ગ્રહણ કરીને જીવવું આકરું છે. એ માટે સ્વભાવની સરળતા જોઈએ, સૌમ્યતા જોઈએ, સમભાવ અને સ્નેહ જોઈએ. ઋચા જેવી યુવતીઓ આ સમયમાં હવે ખાસ જોવા નથી મળતી. કેટલી સાહજિકતાથી અનાયાસપણે ઋચાએ સાસરિયાંની જીવનશૈલી અપનાવી

લીધી! અલબત્ત આ પ્રકારની જીવનશૈલીનું એક માધુર્ય છે, સૌંદર્ય છે, આકર્ષણ છે.

આવી જ વાત છે રાજ્ઞીની. એનું પિયર પૈસાદાર હતું. પૈસાના પ્રદર્શનમાં માનનારું હતું. જ્યારે એના સાસરે સીમિત આવક છે, નાનકડું ઘર છે, છતાં પણ ત્યાં સદાય આનંદ-કિલ્લોલ છે. ઉદાસ થવું કે કકળાટ કરવાનું કોઈને આવડતું જ નથી. ક્યારેક આર્થિક નુકસાન થાય તોય એ લક્ષ્યમાં લેવાતું નથી.

એક વાર રાજ્ઞીએ કપડાં બાફવામાં ગફલત કરી નાખી. સફેદ કપડાં ભેગું રંગીન કપડું બફાઈ ગયું. સસરાના નવા સફેદ લેંઘાને પાસ બેસી ગયો. રાજ્ઞી અફસોસ કરવા માંડી તો સાસુ કહે, ‘આવું થાય કોઈ વાર, એનો જીવ નહીં બાળવાનો.’ એકે શબ્દ ઠપકાનો નહીં, કે કાળજી રાખજે એવું સૂચનેય નહીં અથવા તો વહુએ ભૂલ કરી છે તોય હું સાસુ થઈને એક અક્ષરે બોલી નથી, એવી મોટાઈ પણ નહીં. સસરાએ પણ એક વારેય પૂછ્યું નહીં કે આ કોનાથી થયું! કોઈએ રાજ્ઞીની ભૂલ પર ધ્યાન જ ના આપ્યું.

આટલું સ્નેહભર્યું વાતાવરણ હોય તો વહુ જિતાઈ જ જાય ને! સ્નેહ એવું રસાયણ છે. બે દિલને એ એટલી મજબૂતાઈથી જોડે છે કે સાંધો દેખાય નહીં; બે દિલ એક થઈ જાય.

સામાન્ય રીતે એવું મનાય છે કે આજની પેઢી હેતપ્રેમને પારખી શકતી નથી; એ સ્વાર્થી ને સ્વકેન્દ્રી હોય છે. પણ સાસરિયાં જો વહુને પૂરા હૃદયથી સ્વીકારે, એના દોષ, ખામીઓની ચર્ચા કરીને એને ઉતારી ના પાડે તો એનેય નિરાંત લાગે, હૂંફ લાગે, પોતાપણું, લાગે. અન્યોન્યનાં સાથ અને સમજ ઘરને સ્વર્ગ બનાવે છે. બીજા ઘરની એ દીકરી સરળતાથી એના આ નવા ઘરમાં ભળી શકે છે.

હૃદયમાં જો સરળતા હોય અને સ્વભાવમાં નિરાડંબરપણું હોય તો ઐક્ય સાધવામાં તકલીફ નથી પડતી. ખોટા પ્રશ્નો ઊભા નથી થતા. કુટુંબને અખંડિત રાખવા માટે હૃદયમનનાં દ્વાર ખુલ્લાં જોઈએ.

હૃદયમનનાં દ્વાર ખુલ્લાં એટલે શું? એકબીજાને સમજવાં, ગુણો જોવા અને સામી વ્યક્તિની ખામીઓને ખંખેરી નાખવી. એકબીજાને સમજવા માટે સંવાદ જોઈએ. સંવાદમાં સૌમ્યતા, સ્નેહ અને એકબીજા માટે માન, આદર અને વિશ્વાસ જોઈએ.



૧૦

તેઓ માત્ર આપવાનું જ જાણે છે

બત્રીસ વર્ષની ઉંમરે કિસાનાં લગ્ન ચાળીસ વર્ષના પ્રોફેસર હરિત સાથે થયાં. આજથી વીસ વર્ષ પહેલાં હરિતનાં માબાપ એક કાર-અકસ્માતમાં મૃત્યુ પામ્યાં હતાં, ત્યારથી હરિતની મોટી બહેને ઘરની જવાબદારી માથે લીધી હતી. એ અપરિણીત હતી.

કિસા પરણીને આવી ત્યારે એને પૂરો ખ્યાલ હતો કે આજ સુધી મોટી બહેને ઘરને સાચવ્યું છે. કિસાને હરિતે કોઈ સલાહસૂચન નહોતાં આપ્યાં કે ખાતરી નહોતી માગી, છતાં એ જાણતી હતી કે મોટાં નણંદનાં મન અને માન સાચવવાની જવાબદારી હવે એની છે.

મોટી બહેન સુજ્ઞાના દિલને જરાય આંચકો ન લાગે એમ કિસાએ એક પછી એક ઘરનાં કામ પોતાના હાથમાં લઈ લીધાં. દરેક કામ એ પોતે કરતી પણ સુજ્ઞાને પૂછીને જ કરતી. સુજ્ઞાની જરાય અવગણના ન કરતી. એ મહિને મળેલો પગાર હરિતે કિસાના હાથમાં મૂક્યો તો કિસા બોલી, 'આજ સુધી મોટી બહેને પૈસાનો કારભાર સંભાળ્યો છે તો આજે પગાર એમના હાથમાં જ રાખો. નાણાંનો વ્યવહાર એ જ સંભાળશે.'

'આ પૈસા તું એમને આપી દેજે ને!' હરિતે કહ્યું.

'ના, તમે તમારા હાથે જ એમને આપો.' કિસાએ વિનયથી કહ્યું.

હરિત બોલ્યો, 'હું શું ને તું શું? નાની વાતમાં તું આટલી ચિકાશ કેમ કરે છે? લે, આપી દેજે બહેનને.'

'એ તમે ન સમજો. હું નાની એમને આપું એ એમને અપમાન લાગે. આજ સુધી તમે જે રીતે વિવેકપૂર્વક કરતા આવ્યા છો એમ જ કરો. એમને જરાય ઓછું ન આવવું જોઈએ.'

'તુંય ગજબની છે. મારી બહેન સમજુ છે, નાની નાની વાત લક્ષ્યમાં લે એવી નથી.' હરિત બોલ્યો, પરંતુ કિસાના આગ્રહથી એ સુજ્ઞાને પૈસા આપવા ગયો.

હરિત જે ના સમજે એ કિસા સમજે છે કારણ કે કિસા એક સ્ત્રી છે. એ જાણે છે કે સ્ત્રીનું મન કેટલું આળું હોય છે, નાની બાબતો એના મન પર કેવી અસર કરે છે ને એ દુ:ખી થઈ જાય છે. આજ સુધી આ ઘરમાં બહેન કર્તાહર્તા હતી. એનું એ આસન જરાય ડગમગવું ના જોઈએ. કિસા સુજ્ઞાનો પળેપળ આદરમાનથી ખ્યાલ રાખે છે છતાં પોતે નણંદ માટે વધારે

પડતું કરે છે કે એના માટે ખાસ ભોગ આપે છે એવો કોઈ ભારબોજ એનાં વાણી કે વર્તનમાં દેખાતો નહીં. બધું ખૂબ સ્વાભાવિકતાથી એ કરે છે. એ આ ઘરમાં આવી ત્યારથી માત્ર પતિને જ નહીં નણંદને પણ એણે સંપૂર્ણપણે પોતાનાં માની લીધાં હતાં. આ ઘરમાં એણે. પગ મૂક્યો ત્યારથી એને એની જવાબદારીનો પૂરો ખ્યાલ હતો, કે આ ઘરનો ખૂણેખૂણો હેતપ્રેમ અને કાળજીથી એણે ભરી દેવાનો છે. ઘરની વહુ તરીકે એ એનું કર્તવ્ય છે.

વળી હરિત અને સુજ્ઞા સ્વમાની અને શિક્ષિત હતાં. એટલે એક મનોચિકિત્સકની જેમ એમના મૂડ પારખીને એમની લાગણીઓની માવજત કરવાની હતી. ક્યાંય દયા બતાવે છે એવું ના દેખાવું જોઈએ ક્યાંક બહાર જવાનું હોય ત્યારે કિસા કાયમ સુજ્ઞાને આમંત્રણ આપતી. સુજ્ઞા વિચારતી: ભાભી સારી છે તો મને સાથે જવાનું કહે છે; પણ એમ કંઈ જવાય નહીં. નવાં પરણેલાં ભાઈ-ભાભી સાથે જવાનો મને હક નથી પહોંચતો. ભાઈ પરણ્યો છે. હવે હું એક બાજુ ખસી જાઉ એમાં જ મારું શાણપણ છે, શોભા છે.તેથી સુજ્ઞા ના પાડતી; હસીને સ્નેહપૂર્વક સાથે જવાનો ઇન્કાર કરતી.

પોતાની વહાલસોયી નણંદની ના સાંભળીને કિસા બોલી ઊઠતી, ‘તમે નહીં આવો તો આપણે ત્રણે ઘેર બેસીને વાતો કરીશું.’

હવે? હવે જો સુજ્ઞા ના પાડે તો કિસાનું અપમાન છે. એની નિષ્ઠા અને એના હેતનું અપમાન છે. એને નકારવાની શક્તિ સુજ્ઞામાં નથી. સુજ્ઞાનું હૈયું હેતપ્રેમ અને આનંદ-ઉલ્લાસથી છલકાઈ ઊઠ્યું. ઘરનો ખૂણેખૂણો સુખથી ઝળહળી ઊઠ્યો. આવી સમજદાર, ઉદાર અને પ્રેમાળ જીવનસાથી માટે હરિત ઈશ્વરનો આભાર માને છે.

દુનિયાના દરેક દેશના શાણા માણસો પોકારી પોકારીને કહે છે કે ઘરનાં સુખનો આધાર બહુધા સ્ત્રી પર જ હોય છે. સ્ત્રીએ એક મનોચિકિત્સકની જેમ ઘરના દરેક સભ્યને અને એની લાગણીઓને સમજીને એ સંતોષાય એ રીતે વ્યવહાર કરવો જોઈએ.

કિસા જેવી યુવતી બીજાને સુખી કરવાનું પોતાનું પરમ કર્તવ્ય માને છે. એ સામી વ્યક્તિમાં ઓગળી જવા તત્પર હોય છે. એને અહમ્ નથી હોતો. એવું કહેવાય છે કે પ્રેમ એટલે આત્મવિલોપનની સતત પ્રક્રિયા. તમામ ઇચ્છાઓની શરણાગતિ અને નર્યું સમર્પણ. પ્રેમના કારણે જ પ્રેમના ઐશ્વર્યનો અનુભવ થાય છે. પ્રેમ આપવાનું જ જાણે છે. પોતે આપે છે એવું સામી વ્યક્તિને’ ભાન પણ નથી કરાવતી. આવી યુવતીઓ કર્તવ્યપરાયણ હોય છે.

આવી જ વાત છે નૃપાની. એ પરણી ત્યારે નિશાળમાં નોકરી કરતી હતી. પણ સાસરે આવીને એણે જોયું કે સાસુની તબિયત જરાય સારી નથી; લગભગ પથારીવશ છે. નાનીમોટી ફરિયાદોથી એમનું શરીર કંતાઈ

ગયેલું. નૃપાએ જોયું કે સાસુને કાળજીભરી માવજત અને આરામની જરૂર છે અને એમની ચાકરી કરવાની મારી ફરજ છે. નૃપાએ તરત પોતાની નોકરી છોડવાનો નિર્ણય કર્યો. એનાં સાસુ-સસરાએ કહ્યું કે આવી સારી નોકરી શું કામ છોડે છે? નૃપાનાં મમ્મી-પપ્પાને પણ થયું કે દીકરી આદર્શમાં તણાઈને કૅરિયર બગાડે છે. અરે, નૃપાના વર સૌમિલે કહ્યું, ‘મમ્મીને સવાર-સાંજ મદદ કરજે ને, ચાલશે. તું ભાવનાના આવેશમાં નિર્ણય ના લે. પછી કદાચ આવી સારી નોકરી ના મળે.’ પરંતુ નૃપાએ કોઈનું સાંભળ્યું નહીં. એણે નોકરી છોડી દીધી. એણે સાસુની આયુર્વેદિક દવા શરૂ કરી. પાચનશક્તિ નબળી પડી ગઈ હતી તો દર બે-ત્રણ કલાકે કંઈ ગરમ બનાવીને આપતી. એમનું મન પ્રસન્ન રહે માટે સાહિત્યનું કંઈક કંઈક વાંચતી. યોગ્ય માવજતથી એનાં સાસુ એકાદ વરસમાં સાજાં થઈ ગયાં.

નૃપાની બહેનપણીઓ એને અવારનવાર કહેતો, ‘તારું એક વર્ષ ફોગટ ગયું.’ ત્યારે નૃપા કહેતો, ‘શરૂઆતમાં મેં ફરજ સમજીને મમ્મીની સેવા શરૂ કરી હતી, પણ મંને મમ્મીનાં એટલાં લાડપ્યાર મળ્યાં કે મને થાય છે મેં કશું ગુમાવ્યું નથી, મને જે મળ્યું એ અણમોલ છે, નોકરી કરતાં ક્યાંય વધારે. મને જીવનનું એક પાસું જોવા ને અનુભવવા મળ્યું, કે પ્રેમ આપો તો પ્રેમ મળે જ. સમાજમાં બહુ વગોવાઈ ગયેલાં સાસુ- વહુના સંબંધમાંથી મને તો ફાયદો જ થયો છે. મેં આપ્યું એનાથી અનેકગણું હું પામી છું અને હું તો માનું છું કે મારી ટીચર તરીકેની કૅરિયર મારા જીવનનો એક ભાગ હતી, સમગ્ર જીવન નહીં. જીવન તો બહુ મોટું છે, એમાં પ્રેમ જીવનનું મુખ્ય કેન્દ્રબિંદુ છે, સુખનું ઉદ્‌ભવસ્થાન છે.’

પોતાની જાતને અર્પી દેવામાં ગૌરવ હોય છે એના કરતાંય વધારે તૃપ્તિનો આનંદ હોય છે એ નૃપા નાની ઉંમરમાં સમજી છે.

આધુનિક વિચારસરણીવાળી નોકરી કરતી યુવતી સ્વને ભૂલીને પતિ કે કુટુંબ માટે ઘસાવાનું બિનજરૂરી માને છે. પરંતુ પોતાની જાતને ઘરના હિત ખાતર અને કુટુંબીજનોનાં સુખ ખાતર ઓગાળી નાખવામાં કર્તવ્ય સમજનાર ગુણિયલ ગૃહલક્ષ્મી કુટુંબના શ્રેષ્ઠ સત્ત્વનું પ્રતીક છે. આપણી ભારતીય સંસ્કૃતિનો આ આદર્શ છે. ઘરમાં આવી સ્ત્રી હોય તો’ કોઈ સમસ્યા સર્જાય નહીં.



૧૧

ગીત-સંગીત મારા લોહીમાં છે

નિસર્ગને દુબાઈ નોકરી હોવાથી લગ્ન પછી એ પત્ની તત્ત્વાને લઈને થોડા દિવસોમાં જ દુબાઈ ગયો હતો. ત્રણેક મહિના પછી એનાં મમ્મી-પપ્પા ગિરાબહેન તથા કિરીટભાઈ પણ દુબાઈ ગયાં ત્યારે એમણે જોયું કે તત્ત્વા પાકી ગૃહિણી બની ગઈ છે.

તત્ત્વા સંગીતવિશારદ છે. અમદાવાદમાં હતી ત્યારે તો સંગીતના પ્રોગ્રામો આપતી. એ હવે સંગીતને બદલે ઘરગૃહસ્થીની જ વાતો કરે છે.

કિરીટભાઈ ખૂબ ભાવનાશીલ અને પ્રેમાળ સસરા હતા. એમણે ચિંતાભર્યા અવાજે કહ્યું, ‘બેટા, અહીં તો ઘરનાં એકધારાં કંટાળાજનક કામમાં તારું સંગીત ગાયબ થઈ ગયું હશે.’

તત્ત્વા બોલી, ‘પપ્પાજી, સંગીત તો મારા અસ્તિત્વમાં છે. એ સંગીત હવે અમારા બેઉનાં જીવનમાં રેલાયું છે. લગ્ન પહેલાં ઘરનાં કામો મને નીરસ લાગતાં હતાં, પણ જીવનનો એ તબક્કો પૂરો થયો. હવે મારો સંસાર રચાયો છે, એની માંગ અલગ પ્રકારની છે. એ પૂરી કરવામાં હું ધન્યતા અનુભવું છું.

મને આ ચીપિયા-સાણસીનો ખણખણાટ ગમે છે. ગરમ ગરમ તેલમાં બોલતી રાઈમાં સંગીત સંભળાય છે. હળદરનો પીળો ને મરચાનો લાલ રંગ જોયાં જ કરું છું અને ખુશ થાઉં છું.

આ ઊકળતી દાળની સોડમ મને તાજગી અર્પે છે. નિસર્ગના ભાણામાં વિવિધ રંગની વાનગીઓ પીરસું છું એ થાળી એક પેઇન્ટિંગ જેવી લાગે ‘છે. જમતાં જમતાં એના ચહેરા પર પરમતૃપ્તિનો જે ભાવ છવાઈ જાય છે એ ક્ષણ મારા માટે ધન્ય બની જાય છે.

ધોયેલાં કપડાં તાર પર સૂકવતી વખતે હું એને ખંખેરું ત્યારે પાણીનાં બુંદનો જે છંટકાવ મારા ચહેરા અને હાથ પર થાય છે, એ હું વરસાદમાં ભીંજાતી હોઉં એટલો મને આનંદ આપે છે.

પપ્પાજી, મારી રગેરગમાં રવીન્દ્રસંગીત વહે છે, તેથી બધે મને સુગંધિત રસરંગભર્યું સંગીત સંભળાય છે. મારું સમગ્ર જીવન સંગીતમય બની ગયું છે. પ્રથમ નજરે ઘરનાં આ શુષ્ક દેખાતાં કામો મને જરાય થકવતાં નથી; આમાં તો મને જીવનની સાર્થકતા લાગે છે.’

કિરીટભાઈ આશ્ચર્યથી તત્ત્વાની વાત સાંભળી રહ્યા ને બોલ્યા, 'ઓહ દીકરી, તારામાં જીવનની સાચી સમજ છે. તું માત્ર સંગીતકલા જ નથી જાણતી પણ જીવન જીવવાની કલા જાણે છે. અમે નસીબદાર છીએ કે તું અમારા ઘરમાં આવી.'

જૂના સમયથી દરેક દેશમાં — પૂર્વના, પશ્ચિમના, ઉત્તરના કે દક્ષિણના દેશમાં — બધે જ પરિણીત સ્ત્રી એનાં વર, ઘર અને પરિવારને સંભાળતી આવી છે. એના સંવેદનશીલ હૃદયની કોમળ નાજુક લાગણીઓ નિર્જીવ ઘરમાં પ્રાણ ફૂંકે છે, ઘરને જીવંત રાખે છે.

આ કારણે જ ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી ગૃહલક્ષ્મી તરીકે પ્રતિષ્ઠા પામી છે. માબાપ દીકરીને એવું શિક્ષણ આપે છે કે એ જ્યાં પગ મૂકે ત્યાં હરિયાળી છવાઈ જાય. એના હૈયે એક જ ગીત ગુંજતું હોય છે, "રાજી રાજી રાજી રે, આપણે એકબીજાના સંગમાં રાજી રે."

માણસ જીવનની મુગ્ધાવસ્થા વટાવીને સંસારની જંજાળમાં પ્રવેશે ત્યારે જં માણસની કસોટી થાય છે. ગમે એટલાં ઉત્સાહ અને ભાવનાથી સંસારમાં પ્રવેશો તોય સહજીવનમાં રોજિંદા આવશ્યક એના એ જ નિત્યક્રમના લીધે નીરસતા, વેઠ અને એકવિધતા આવે છે. આમ જીવનમાં રસનાં ઝરણાં સુકાતાં લાગે અને મનમાં રિક્તતા અનુભવાય ત્યારે થોડી સજાગતા દાખવવી પડે છે, પુરુષાર્થ કરવો પડે છે, કલ્પનાના રંગે રંગાવું પડે છે.

દરેકના જીવનમાં ક્યારેક તો એવું લાગે છે કે પ્રેમની લહેરીઓ શમી ગઈ છે, લાગણીની ભરતી ઓસરી ગઈ છે, જીવન રસકસ વગરનું થઈ ગયું છે ત્યારે તત્ત્વા જેવી જીવનદૃષ્ટિવાળ વ્યક્તિને વાંધો નથી આવતો. તેઓ રોજેરોજની ક્રિયાઓને કલાની દૃષ્ટિએ આધ્યાત્મિકતાનો રંગ ચડાવી જુએ છે, તેથી એમને ઘરેળુ જિંદગીમાં ય સૌંદર્ય દેખાય છે. એમની નિષ્ઠા કે કર્તત્યભાવના નષ્ટ નથી થતાં. એમને નાના નગણ્ય કામમાં ય નવીનતા દેખાય છે. જેમની સાથે રહેવાનું છે એમને પૂરા હૃદયથી ચાહે છે.

આવી જ વાત છે તૃપ્તાની. પરણીને એ સાસરે આવી. એ રોજેરોજનાં કામ ચીવટથી કરતી જાય ને મોજથી ગાતી જાય. એની સાસુને તૃપ્તાનું ગાવું ના ગમે. એ રુક્ષતાથી તુચ્છકારભરી રીતે બોલે, 'ઓ ભગવાન, આ રાગડાથી મારું તો માથું પાકી ગયું. ઘરમાં શાંતિ જ નહીં.' તૃપ્તાએ આ સાંભળ્યું. એણે કોઈ પણ દલીલ ના કરી, મોંય ના ચડાવ્યું ને ગાવાનું બંધ કર્યું.

એના પતિ નાજુકને આ ન ગમ્યું. એ બોલ્યો, 'તૃપ્તા, મમ્મીના કારણે તું શું કામ મૂંગી બની ગઈ? તું ગા.'

‘હું ક્યાં મૂંગી રહું છું? હું તો ગાઉં છું. મોટેથી નહીં, મનમાં ગાઉં છું.’ તૃપ્તા રોજના ખુશીભર્યા અવાજે બોલી. તૃપ્તા એના મનમાં એનાં પ્રિય ગીતો ગણગણ્યા કરતી ને એની ભાવસૃષ્ટિમાં એ રાચતી. સાસુની રોકટોકથી એ ખાસ ઉદ્વેગ પામતી નહીં. નાજુકે વિસ્મય પામીને પૂછ્યું, ‘તું કદી મમ્મી પર ચિડાતી નથી, એમની સાથે ઝઘડો નથી કરતી કે મને ફરિયાદ નથી કરતી. ઘરના ખૂણે રડતી નથી કે બહાર જઈને મારું શોષણ થાય છે એમ બળાપો નથી કરતી. કેવી રીતે તું આમ સ્વસ્થ રહી શકે છે?’

તૃપ્તા બોલી, ‘ગમે એવા સંજોગોમાં મને મારી રીતે જીવતાં આવડે છે, પછી હું શું કામ રડું? શું કામ ઘરનાંને વગોવું? હું કોઈને મારા વિરોધી નથી માનતી.’ તૃપ્તા વાને ગોરી અને કોમળ કોમળ અંગઉપાંગવાળી હતી. એવી આંખો ભાવવાળી અને અવાજ મધુર હતો. તૃપ્તાની સાસુ શ્યામાબહેન તૃપ્તાનું આટલું બધુ રૂપ જોઈને ભડકી ગયેલાં. વળી તૃપ્તા વિનયી હતી. એનાં સૌ વખાણ કરતાં પણ શ્યામાબહેન કદી એની કદર કરતાં નહીં. એમને એ નખરાંવાળી લાગતી.

નાજુક સેલ્સ-ઑફિસર હતો. દિવસો સુધી એને બીજાં શહેરોમાં ફરવાનું રહેતું. એકલી પડેલી તૃપ્તા રાત્રે મોડે સુધી વાંચતી. એક દિવસ સાસુ બોલ્યાં, ‘આ શું? અડધી રાત સુધી બત્તી બાળવાની?’ તરત તૃપ્તાએ વાંચવાનું બંધ કર્યું. સાસુ નારાજ થાય એવું એકે કામ એ કરતી નહીં. એ સમજતી હતી કે ઘરમાં ઘર્ષણ ન કરવું હોય તો અમુક મોહ છોડવો પડે.

નાજુક તૃપ્તાનો અભિગમ જોઈને નવાઈ પામતો ત્યારે તૃપ્તા કહેતી, ‘અમારા ઘરમાં દાદા-દાદી, મખી-પપ્પા ને અમે ચાર બહેનો એમ કુલ આઠ જણ. આઠેના સ્વભાવ જુદા, પણ અમે અન્યોન્યનો ખ્યાલ રાખીએ ને આનંદથી જીવીએ.’

‘કદી મતભેદ ના થાય? બોલાચાલી ના થાય?’ નાજુક પૂછતો.

‘અમારી વચ્ચે મતભેદ થાય, પણ બોલાચાલી નહીં. મમ્મી-પપ્પા સુધારાવાદી આધુનિક વિચારસરણીવાળાં. દાદી જૂના રીતરિવાજ, રૂઢિ, માન્યતાઓ છોડી શકે નહીં. દાદી અમને ટોકે એ અમને ગમે નહીં ત્યારે મમ્મી અમને દાદીનું દૃષ્ટિબિંદુ સમજાવે. દાદી ખોટાં હોય ત્યાંય મમ્મી એમનું માન રાખતાં, બને ત્યાં સુધી વાત ટૂંકી કરતાં અને મધ્યમમાર્ગ કાઢીને બેઉને સંતોષ આપતાં. નાનપણમાં જોયેલું આવું બધું અત્યારે ખપ લાગે છે. ઘરનાં વડીલનું મન અને માન સાચવવાની આપણી ફરજ છે અને અત્યારે હું અહીં નવીનવી છું. મારે આ ઘરમાં રહેવાનું છે, સમાવાનું છે. એ ક્યારે બને? મારી અને મમ્મી વચ્ચે સ્નેહનો નાતો બંધાય તો બને. તેઓ સાસુ છે, હું એમની વહુ છું. અમારી વચ્ચે હુંસાતુંસી ટાળવા મારે જ નમ્રતાથી એ કહે એમ કરવું જોઈએ.’



૧૨

ત્યાગ, શ્રદ્ધા અને સમજદારીની કથા

લગ્નની પ્રથમ રાત્રિએ ભારે હૈયે, ગળગળા અવાજે, સંકોચ સાથે વિનીતે પોતાના જીવનની વાત સુજ્ઞાને કરી કે એણે મૅરી નામની એક ખ્રિસ્તી નર્સ સાથે લગ્ન કર્યાં છે અને એક બાળક પણ છે, પરંતુ મા-બાપના ડરના લીધે એ વાત બહાર પાડી નથી અને સુજ્ઞા સાથે લગ્ન કરવાં પડ્યાં છે. પતિનાં મોંએ પારકી સ્ત્રીનું નામ સાંભળીને સુજ્ઞા સ્તબ્ધ થઈ ગઈ. એના મોંમાંથી એક શબ્દેય ન નીકળ્યો; ના ઠપકો, ના ફરિયાદ, ના તિરસ્કાર, ના કોઈ પ્રશ્ન.

'મારી સાથે શું કામ છેતરપિંડી કરી?' એવો કોઈ પ્રશ્ન ન કર્યો પરંતુ એના હૃદયમાં તો ઉલ્કાપાત મચ્યો કે હવે હું શું કરું? પાછી હટું? પિયર જતી રહું? પરંતુ એના હૃદયમાં વિનીતનો એ ક્ષોભભર્યો, આંસુભીનો અવાજ પડઘાતો હતો. વિનીતની એ દીન મુખમુદ્રા અને એની સૂની આંખો પરથી એણે નજર હટાવી લીધી. એને થયું, વિનીતે મને છેતરી છે એવું કહેવા કરતાં વિધાતાએ જ મારી કસોટી કરવા મને અહીં લાવીને મૂકી છે. વિનીત લાચાર છે. એનાં માબાપ ખાતર એણે મારી સાથે લગ્ન કર્યાં છે, પરંતુ એણે પેલી ખ્રિસ્તી બાઈને દગો નથી કર્યો, છોડવા નથી ધાર્યું એટલા એ ખાનદાન છે; તો મારે એને સાથ આપવો જ રહ્યો. મૅરી મારા કરતાં વિનીતના જીવનમાં પ્રથમ આવી છે પણ એ કોઈ અધિકાર નથી દાખવતી. એ નેપથ્યમાં જ રહી છે. એના પર ગુસ્સો કેવો? નફરત કેવી? ઈર્ષા કેવી? એણે સંજોગોને આધીન થઈને આવી પરિસ્થિતિ સ્વીકારી હશે પરંતુ એના સંબંધને સમાજે સ્વીકૃતિની મહોર મારી નથી. વડીલોએ એને આશીર્વાદ નથી આપ્યા. કદાચ એણે કાયદાનું રક્ષણ નહીં મેળવ્યું હોય. પ્રેમના નામ પર ગુમનામ જિંદગી જીવનાર એ સ્ત્રી પાસેથી શું ઝંટાઝૂંટ કરવાની? જે પૂરું પામી નથી એની પાસેથી શું છીનવવાનું? મૅરી માટેના સમભાવથી સુજ્ઞાનું હૈયું ભરાઈ આવ્યું.

સુજ્ઞા શિક્ષિત છે, સંસ્કારી છે, સાહિત્યસમ્રાટ શરદબાબુના સાહિત્યથી એનો સંસ્કારપિંડ ઘડાયો છે. શરદબાબુના સ્ત્રીપાત્રની જેમ એ અત્યંત સંવેદનશીલ છે, ત્યાગ અને સમર્પણના આદર્શ સેવનારી છે.

એણે વિચાર્યું: આ વાત અમને ત્રણને જ સ્પર્શે છે અને અત્યારે બધો દોર મારા હાથમાં છે. હું ધારું તો કકળાટ કરી શકું પણ ના, હું એવું નહીં કરું.

સુજ્ઞાએ વિનીતને કહ્યું, ‘પેલું ઘર તમારું અને મૅરીનું, આ ઘર મારું ને તમારું.’ આમ સુજ્ઞાએ પોતાના પતિ પર મૅરીનો હક સ્વીકારી લીધો ને બધું સરળ થઈ ગયું. કોઈ તનાવ ન રહ્યો, મૂંઝવણ ન રહી.

પતિ-પત્ની તરીકે વિનીત અને સુજ્ઞા ભલે સંપૂર્ણ તાદાત્મ્ય નથી સાધી શક્યાં પણ પતિ-પત્ની તો છે જ. અન્યોન્ય માટે આદર અને સ્નેહ તો છે જ. એમના ગૃહસંસારમાં શાંતિ છે, એમના સ્નેહમાં નિષ્ઠા છે, હૈયે વિશ્વાસ છે, તેઓ સારા મિત્રો છે.

સુજ્ઞાએ અસામાન્ય ઉદારતા દાખવી, એણે ત્યાગીને મેળવ્યું. અસીમ સ્નેહથી વિકટ સમસ્યા ઉકેલી અથવા તો સમસ્યા ઉદ્‌ભવવા જ ન દીધી. વિનીત કે એનાં માબાપને કફોડી સ્થિતિમાં ના મૂક્યાં. આ વાત અંતિમ બિંદુની છે. જીવનમાં આવું ભાગ્યે જ બને છે. પણ જ્યારે બને છે ત્યારે આટલી નાજુકાઈથી, સમજદારીથી પોતાના અધિકારમાં ભાગ પડાવનારને સ્વીકારનાર સુજ્ઞા જેવી યુવતી ભાગ્યે જ મળશે. જીવન ક્યારેક તમારી પાસે શું ભોગ માગશે એ કોઈ નથી જાણતું, પણ એવી ઘડી આવે ત્યારે ઉદારતા અને ન્યાયથી વર્તવું ખૂબ અઘરું છે પોતાનું હોય એને છોડી દેવું સહેલું નથી. કંઈક રીતે આવી જ છતાં આનાથી જુદી વાત છે વિપુલા અને ચંદ્રેશની. લગ્ન પછી વિપુલાએ જોયું કે જ્યારે જુઓ ત્યારે ચંદ્રેશ યુવતીઓથી વીંટળાયેલો હોય છે. એને પત્નીમાં નહીં પણ પારકી સ્ત્રીમાં વધારે રસ પડે છે. વિપુલા એની બાજુમાં જ હોય છતાંય ચંદ્રેશ એના પર ધ્યાન ન આપે.

વિપુલાને આ ગમે નહીં, ઈર્ષા આવે, ગુસ્સો ચડે પણ શું કરે? ચંદ્રેશ વિપુલા સાથે એકલાં ક્યાંય જવાનો પ્રોગ્રામ જ ના બનાવે. ઘર પણ નાનું અને સાસુ-સસરા ઉપરાંત ત્રણ નાની નણંદોથી ભરેલું, તેથી પતિ સાથે ઝટ એકાંત ન મળે. વિપુલાને હતું થોડા દિવસમાં માયા બંધાશે પછી ચંદ્રેશ મારો જ થઈને રહેશે. એની બહેનપણીઓને ભૂલી જશે. પણ ના, ચંદ્રેશમાં કોઈ ફરક ના આવ્યો. હવે શું કરવું?

ક્યારેક વિપુલાને થતું કે ચંદ્રેશની બહેનપણીઓને જઈને મળું, એમને કહું કે મારા વરથી દૂર થાઓ. પણ પાછી એ વિચારતી કે એ યુવતીઓને કહેવાનો શું અર્થ? મારો વર જ એમનો સંગ શોધે છે અને મારાથી દૂર ભાગે છે. મારો નથી થતો એમાં બીજા કોઈને દોષ ન દેવાય.

વિપુલા બહુ સૌજન્યશીલ અને શાણી હતી. એને થયું, કે મારે મારા વરને મારો કરવો હોય તો પ્રેમથી વશ કરાય. એને જે જે વસ્તુમાં, પ્રવૃત્તિમાં રસ છે એ બધામાં હું રસ લઉં. વિપુલા પતિને આકર્ષવા, એની નજીક જવા સમસ્ત અસ્તિત્વથી પ્રયત્ન કરે છે, પણ ચંદ્રેશને વિપુલામાં રસ પડ્યો જ નહીં; એણે વિપુલાને પોતાની નજીક આવવા જ ન દીધી.

આમાં વિપુલાનો કોઈ વાંક નથી, કોઈ ખામી નથી, કોઈ ત્રુટી નથી છતાં વિપુલાનું લગ્નજીવન પાટે ચડ્યું જ નહીં, બે વચ્ચે સુમેળ સધાયો નહીં. થોડો સમય વિપુલાએ રડવામાં અને નિસાસા નાખવામાં વિતાવ્યો. પછી એને થયું દામ્પત્યજીવન મારા સમગ્ર જીવનનો એક હિસ્સો છે. સમગ્ર જીવન નહીં, તો પછી આખી જિંદગી હું હારી ગઈ હોઉં એમ હતાશ શું કામ થાઉં છું?

હું ચંદ્રેશથી જુદી નહીં થાઉં. એક ગૃહિણી તરીકેની ફરજ બજાવીશ અને પછી મને મનગમતી પ્રવૃત્તિ કરીશ. આવો સંકલ્પ કર્યો એટલે એનામાં આત્મશ્રદ્ધા જાગી. હવે એની દુનિયા જ બદલાઈ ગઈ. એની દુનિયામાં આંસુ નથી, ચંદ્રેશ માટેની તડપન નથી, કોઈ મૂંઝવણ નથી. એ સ્વસ્થ રહેવા માંડી. એની બહેનપણી સુકેશીએ એક વાર પૂછ્યું તો વિપુલા બોલી, 'હું ને ચંદ્રેશ ભલે એક ઘરમાં રહીએ છીએ, પતિ-પત્ની તરીકે ઓળખાઈએ છીએ પણ અમારો પળેપળનો સાથ નથી. અમારી પ્રવૃત્તિઓ અને રસનાં ક્ષેત્રો અલગ છે. અમે અમારી રીતે ખુશ રહેવા પ્રયત્ન કરીએ છીએ. અમે એકબીજા પર હક કરતાં નથી. અમે જાતે જ મર્યાદા આંકી દીધી છે. અમે સ્વીકારી લીધું છે કે અમારાં પાર્ટટાઇમ લગ્ન છે, ફુલટાઇમ નહીં. અમે માત્ર એક ઘરમાં સાથે રહેવા પરણ્યાં છીએ.

વિપુલાએ કેટલી સમજદારી અને ઉદારતા દાખવીને પતિના સ્વભાવ અને વૃત્તિને સ્વીકારી લીધાં! દામ્પત્યજીવનમાં જેટલું મળ્યું એટલું હૈયે ધારણ કરીને પોતાનો વિકાસ સાધવા પોતાને ગમતી સંગીતની પ્રવૃત્તિમાં લાગી ગઈ. આમ કકળાટ અને ક્લેશથી દૂર રહીને જિંદગી જીવવા માંડી.



૧૩

દોમદોમ સમૃદ્ધિની વચ્ચેય સુખના સગડ ન સાંપડે

કંગના એન્જિનિયર થઈ ને તરત એનાં લગ્ન શ્રીરાજ સાથે થયાં. બે મહિના પછી એને એક ફર્મમાં નોકરી મળી. એના આનંદનો પાર ન રહ્યો. ઘરમાં બધાં બેઠાં હતાં ત્યારે એણે નોકરી મળ્યાની વાત કરી. વાત સાંભળીને તરત એના સસરા સુરેનભાઈ બોલ્યા, ‘દીકરી, તારે નોકરી કરવાની શી જરૂર? ભગવાનનું આપેલું ઘણું છે. શ્રીરાજ સર્જન ડૉક્ટર છે. એ મબલખ કમાય છે પછી તારે મહેનત કરવાની શી જરૂર? તું તારે જલસા કર ને!’

‘પણ પપ્પા, મેં મહેનત કરી, હું ભણી, મેં ડિગ્રી મેળવી, એ બધું નકામું જશે?’ નમ્રતાથી કંગના બોલી.

‘ઓ બેટી, મહેનત કરેલી ક્યારેય નકામી નથી જતી. તુ મહેનત કરીને આટલું ભણી તો તારી બુદ્ધિ તીક્ષ્ણ થઈ, તારામાં વિચારવાની શક્તિ ખીલી, તારું મગજ ચોક્કસ પ્રકારે ટ્રેઇન થયું, તારામાં આત્મશ્રદ્ધા આવી, આ બધા ફાયદા ઓછા છે? વળી તારી પાસે ડિગ્રી છે, સમાજમાં તેથી તું માથું ઊંચું લઈને ફરી શકે છે, પાંચ જણ તને માનથી જુએ.’ સસરા સુરેનભાઈ બોલ્યા.

‘પપ્પાજી, તમે ગણાવ્યા એ બધા ફાયદા સાચા, પણ હું કમાઉં ને મને જે સંતોષ થાય એની તો વાત જ જુદી હોય ને! મારા હાથમાં મારી કમાણી આવે એનો સંતોષ છેક ભીતર સુધી પહોંચે.’ અચકાતાં અચકાતાં કંગના બોલી.

‘દીકરી, ત્યાં તને કેટલો પગાર મળશે? તું મહિને જે કમાઈશ એ તારો વર એક જ દિવસમાં એક ઑપરેશન કરે ને પાડે છે. એની ત્રીસેત્રીસ દિવસની કમાણી એ તારા હાથમાં મૂકશે. બોલ, આનાથી વધારે તારે શું જોઈએ?’

‘પપ્પાજી, એ પૈસા મારા કમાયેલા તો નહીં ને! એનો મને આનંદ થાય પણ મારી કમાણી જેટલો આનંદ તો ના જ થાય ને!’

‘પતિની કમાણીને તારી ગણતાં શીખ. એની સફળતા એ તારી સફળતા છે. આપણા દેશમાં સ્ત્રી પુરુષમાં સમાઈ જાય છે.’ સુરેનભાઈએ શિખામણ આપી.

કંગનાના મનમાં આવ્યું કે તમે જે વિચારો કહ્યા એ જુનવાણી થઈ ગયા. આજની કોઈ યુવતી પતિમાં સમાઈ જવામાં ગૌરવ નથી સમજતી. બધાંને પોતાની અલગ સિદ્ધિ જોઈએ છે, અલગ ઓળખ જોઈએ છે.

કંગનાનું મન તો સસરાની વાત સામે બંડ પોકારી ઊઠ્યું, પણ એના સસરાનો પ્રભાવ જ એવો હેતો કે એ એક અક્ષરે બોલી ના શકી. એ સાવ નિરાશ થઈ ગઈ. એણે પતિ સામે જોયું, પણ પતિમાં એના પપ્પાની સામે એનાથી જુદો અભિપ્રાય ઉચ્ચારવાની હિંમત ન હતી. દલીલ કરવાની ત્રેવડ ન હતી. કંગનાને થયું, આટલું શિક્ષિત પ્રતિષ્ઠિત આ કુટુંબ પોતાની પુત્રવધૂનું મન રાખવાનો કે મન જાણવાનો પ્રયત્ન જ ના કરે! એનું મોં સાવ પડી ગયું. એની એક મહત્ત્વાકાંક્ષા હતી, પોતાના ક્ષેત્રમાં આગળ આવવાની. એ પ્રમાણે હવે કંઈ નહીં થઈ શકે. એણે નિર્જીવ પૂતળાની જેમ આ ઘરની શોભા વધારવાની, તેઓ કહે એમ જીવવાનું! પોતે ભણી એ નકામું જવાનું? એનાં સાસુ, સસરા, વર બધાંએ એનું મ્લાન મુખ જોયું પણ એમનો વિચાર બદલાયો નહીં. કોઈના મોંએથી શબ્દો ના સર્યા કે તું નોકરી કરજે. વહુની ખુશીની કોઈને દરકાર જ ન હતી.

એનો વર બીજાનાં રુગ્ણ, સડી ગયેલા શરીરના અવયવો કાપીને ફેંકી દેતો હતો પણ એ એના ઘરમાંથી જુનવાણી વિચારો કાઢી શક્યો નહીં, માતા-પિતાને નવા જમાના પ્રમાણે વિચાર કરવા પ્રેરી શક્યો નહીં. કંગનાને આવું પ્રતિષ્ઠિત સ્થિતિસંપન્ન ઘર અને વર મળ્યાં ત્યારે એ પોતાની જાતને નસીબદાર માનતી હતી. અત્યારે એને થયું ભલે મને કોઈક સામાન્ય વર અને સામાન્ય ઘર મળ્યાં હોત, પણ ત્યાં મને મારી મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવાનો મોકળો માર્ગ તો મળ્યો હોત. ત્યાં હું ખીલી શકત, ત્યાં હું વધારે સુખી હોત, મારા વિકાસના પંથે દોડી શકત. મને તો હતું કે આવા વરનો હાથ પકડીશ એટલે મારો સર્વાંગી વિકાસ થશે પણ અહીં તો હું ગૂંગળાઉં છું. કંગનાને આ વર અને ઘર પરથી મન ઊઠી ગયું. જીવનમાંથી રસ ઊડી ગયો.

ઘણી વાર બહારથી આધુનિક અને શિક્ષિત દેખાતાં ઘરોમાં એક જ વ્યક્તિનું સરમુખત્યાર જેવું ચલણ હોય છે. ત્યાં સમાનતાનો વાયરો હજીય નથી વાયો. બીજાં બધાંએ ઘરના મોભીની ઇચ્છા પ્રમાણે જીવવું પડે છે.

સુહાની જ્યારે વિશાલને પરણી ત્યારે ખૂબ ખુશ હતી. વિશાલ એક ફર્મમાં એક્ઝીક્યુટીવની પોસ્ટ પર હતો. એણે સુહાનીને એની કૅરિયરમાં એ ક્યાંય આડે નહીં આવે એવું વચન આપ્યું હતું. એણે તો કહ્યું હતું કે ઘરની તારા માથે કોઈ જવાબદારી નહીં આવે. ઘરમાં નોકર છે, રસોઈ કરનાર બાઈ છે ને એ બેઉની પર ધ્યાન રાખનાર મમ્મી છે. તું તારે ખુશીથી કૅરિયરમાં આગળ વધજે. તારે જેટલો સમય આપવો હોય એટલો તારા કામ પાછળ આપજે ને શાઇનઆઉટ થજે.

સુહાનીના મનમાં થયું, ઓહ! હું કેટલી નસીબદાર! આવી મોકળાશ, આવી છૂટ બહુ ઓછી સ્ત્રીઓને મળે. હું પરણીશ, મારું ઘર થશે પણ મારી કોઈ જવાબદારી જ નહીં! પણ એ પરણીને આવી ત્યારે એણે જાણ્યું કે આ ઘરમાં બધે સાસુનું રાજ ચાલે છે. સાસુને પૂછીને જ બધું કરવાનું.

એક દિવસ સુહાનીને થયું, મારા બેડરૂમની ગોઠવણી બીજી રીતે કરું. એણે નોકરને એ પ્રમાણે સૂચના આપી. નોકરે એ પ્રમાણે ગોઠવ્યું ત્યાં સાસુ આવી ચડ્યાં. એ કહે, 'આ કેમ બધું બદલી નાખ્યું?'

નોકર કહે, 'ભાભીએ કહ્યું.'

'ભાભીને શું સમજ પડે? મને પૂછ્યા વગર તારે કંઈ ખસેડવાનું નહીં.' સાસુએ હુકમ કર્યો.

સુહાનીને થયું, ઓહ! આ તો કહેવા પૂરતું જ મારું ઘર છે, બાકી રાજ સાસુમાનું ચાલે છે. અહીં મારી મરજીની કોઈ કિંમત જ નથી. મને શું ગમે છે એની કોઈને પરવા નથી.

સુહાનીએ એના વરને કહ્યું તો એનો વર કહે, 'આ બધામાં મમ્મીને જ બહુ સૂઝ પડે છે.' એણે સુહાનીના મોં સામે જોવાની કે એનો [illegible] કવરઅપ કરવા બે શબ્દો બોલવાનીય દરકાર ન કરી. વિશાલ એની મમ્મીને શું ગમશે એનો ખ્યાલ રાખે છે. એ નારાજ ના થાય એની તકેદારી રાખે છે, પણ સુહાનીને ગમે છે એ પ્રમાણે કરવાની જરૂર નથી જોતો.

આ વાત તદ્દન નાની લાગે પણ એ સુહાનીના મન પર ઘસરકો તો પાડતી જ જાય. સુહાનીને ઘરના કામની કોઈ પળોજણ નથી, પણ એક ચીજ એક ઠેકાણેથી ખસેડીને બીજા ઠેકાણે મૂકવાની સત્તા નથી. ઘરને એ ધાર્યાં રૂપરંગ ન આપી શકે એ કેવડું મોટું નિયંત્રણ! પોતાના બેડરૂમમાં ય મરજી મુજબ ના ગોઠવાય!

આપણા સમાજમાં આવાં કેટલાંય ઘરો છે, જ્યાં પુત્રવધૂને પોતાનુ મન મારી મારીને જીવવું પડે છે, ચૂપ રહીને જીવવું પડે છે; જાણે એ બીજાના ઘરમાં જીવે છે!



૧૪

સ્ત્રી કમાય એટલે શું ગૃહિણી મટી જાય છે?

શાલ્વી અને કથન સાથે ભણ્યાં હતાં અને એક જ ઑફિસમાં સાથે નોકરી કરતાં હતાં. બેઉ અન્યોન્ય તરફ અદમ્ય આકર્ષણ અનુભવતાં અને તેથી જ ખૂબ ઉમંગ અને ઉલ્લાસથી લગ્ન કર્યાં.

પણ પરણ્યાં ને આ શું થયું? વાતે વાતે બેઉ વચ્ચે મતભેદ પડવા માંડ્યા. ઘાંટાઘાંટ થવા માંડી.

શાલ્વીને ઘરનું કોઈ કામ ગમતું નહીં. સવારના ઊઠીને રસોડામાં જવાના બદલે છાપાં કે મૅગેઝિન વાંચતી, ટી.વી. જોતી અને સમય થાય ત્યારે તૈયાર થઈને ઑફિસે જતી.

કથનને આવી આળસ ગમતી નહીં. તે જાતે ચા બનાવતો ને શાલ્વીને ધરતો. શાલ્વી હસીને થૅંકયૂ કહીને ચાનો કપ લેતી. ચા સરસ થઈ છે એવું કહેતી પણ બીજા દિવસે પોતે ચા બનાવીને કથનને ધરતી નહીં.

કથન પલંગની ચાદર ઝાટકીને સરખી કરતો હોય ત્યારે શાલ્વી સામે બેસીને એની સાથે ગપ્પાં મારતી. કથન ટેબલખુરશી પરની ધૂળ લૂછતો હોય ત્યારે શાલ્વી શાંતિથી બારી બહાર મૂકેલાં ફૂલોનાં કૂંડાં જોતી હોય અને સંગીત સાંભળતી હોય.

વાતો કરવી, વાંચવું, સંગીત સાંભળવું, કુદરતને નીરખવી વગેરે કથનને પણ ગમતું. આજ સુધી એણે અને શાલ્વીએ આવું જ કર્યું છે. આવા સમાન શોખના લીધે તો તેઓ એકબીજાની નજીક આવ્યાં હતાં. બેઉનો સ્વભાવ સરખો મોજીલો હતો. જિંદગીની ક્ષણેક્ષણ તેઓ માણવા માગતાં હતાં.

પણ ત્યારે એમને ઘરની કોઈ જવાબદારી ન હતો. બેઉનાં ઘેર માબાપ ઘર સંભાળનાર હતાં, પણ લગ્ન પછી તરત તેઓએ અલગ ઘર વસાવ્યું હતું. શાલ્વીએ કહ્યું હતું કે, 'આપણે આપણી રીતે જીવી શકીએ માટે આપણે જુદાં રહીશું.'

પણ તેઓ જુદાં રહ્યાં ને તકલીફો જ તકલીફો દેખાવા માંડી. કથનને બધું વ્યવસ્થિત સુઘડ અને સફાઈદાર જોઈએ, જ્યારે શાલ્વી આળસુ હતી. એ કથનને કહેતી, 'નોકર કામ કરવા માટે રાખ્યો છે પછી તું શું કામ ઊંચોનીચો થાય છે?'

કથન કહેતો, ‘નોકર ભલે હોય, પણ આપણે રસ લઈએ તો એ વધારે સારું કામ કરે અને આપણા ઘરનું કામ કરવાની આપણને હોંશ ના થાય?’

પણ ના, શાલ્વીને એવી કોઈ હોંશ ન હતી. પતિની પ્રસન્નતા ખાતરે ય એને કામ કરવું ગમતું નહીં. એ તો પોતાની રીતે જ જીવતી હતી.

થોડા દિવસો ગયા ને કથનની ધીરજ ખૂટવા માંડી. એના આદર્શ અદૃશ્ય થઈ ગયા. પરંપરાગત પતિની જેમ એ બરાડી ઊઠવા માંડ્યો, ‘તારા હાથ થોડા હલાવતી હોય તો? આવું ગંદું ઘર તને કેમ ગમે છે?’

શાલ્વી સામે એટલા જ જોરથી કહેતી, ‘તને ના ગમતું હોય તો તું તારી રીતે સફાઈ કરી લે ને!’

‘અને તું?’ કથન જોરથી દાંત કચકચાવીને પૂછતો.

‘હું મારી રીતે જીવીશ.’

કથનને શાલ્વીના સ્વભાવના આ પાસાનો પરિચય ન હતો. આજ સુધી તો બેઉ બહાર હરતાંફરતાં હતાં ત્યારે રાજકારણ અને બીજી જ્ઞાનવિજ્ઞાનની ચર્ચા કરતાં, કવિતાઓ ગાતાં ને કલ્પનાઓ કરતાં. એ બધો સમાગમ બૌદ્ધિક સ્તરે હતો; એમાં બે વ્યક્તિ વચ્ચેની મિત્રતા હતી.

પરંતુ હવે બેઉ પતિ-પત્ની બન્યા હતાં. પરસ્પરની અપેક્ષાઓ બદલાઈ ગઈ હતી. આજ સુધી કથન કહેતો હતો, ‘પતિ-પત્નીને પોતપોતાની રીતે રહેવાનો હક છે, કોઈએ એકબીજાને ટોકવાં ના જોઈએ.’

પણ કથન શાલ્વીને ટોક્યા વગર રહી શકતો નથી. એ અણગમાભર્યા સૂરે કહેતો, ‘તું મનનું ધાર્યું કરનાર છે.’

‘તું પણ તારા મનનું ધાર્યું જ મારી પાસે કરાવવા ઇચ્છે છે ને?’ શાલ્વી બોલતી.

‘તું સ્ત્રી છે. સ્ત્રીનાં કામ તો તારે કરવાં જ જોઈએ ને?’

‘પણ મને ઘરનાં કામ ગમતાં નથી.’ નીરસતાથી શાલ્વી કહેતી.

કથન પૂછતો, ‘તને તો રસોઈ કરવી ય ગમતી નથી. સ્ત્રી થઈને તું રસોડામાં ન પેસે? હેતથી રસોઈ ના કરે? પ્રેમથી મને ના જમાડે?’

‘કથન, આ ભાડાનું ઘર છે તેથી રસોડું છે. આપણે ઘર બંધાવીશું એમાં તો રસોડું જ નહીં હોય.’ શાલ્વી બેપરવાઈથી કહેતી.

‘ઘરનાં કોઈ કામ તને ગમતાં નથી તો તું શું કામ પરણી?’

‘તેં કહ્યું એટલે પરણી.’ સામાન્ય વાત કહેતી હોય એમ શાલ્વી બોલી.

કથન આઘાત પામી ગયો. શું આ એ જ શાલ્વી છે જેને હું વરસોથી ઓળખતો હતો! એણે સમજાવટના હેતુથી નરમ સૂરે પૂછ્યું, ‘પરણ્યા પછી આમ અલગ-અલગ પસંદગી ટકી શકે? હવે તો આપણે એક વત્તા એક બરાબર એક થયાં.’

આવું સાંભળ્યું ને શાલ્વી ખડખડાટ હસી પડી. એ બોલી, ‘તું તો ચૌદમી સદીનો લાગે છે.’

શું કહેવું આ આધુનિક સ્ત્રીને! આમ વિચારીને કથન હવે એને કંઈ રોકટોક કરતો નથી, પણ એના હૈયામાં તો ખળભળાટ અને ક્લેશ છે. એ અફસોસ કરે છે, આટલો લાંબો પરિચય હતો છતાં પોતે શાલ્વીને ના ઓળખી શક્યો એ ભૂલ જ ને!

હું એને વિનંતી કરું કે સલાહ આપું કે સખ્તાઈ કરું, એનામાં કંઈ જ પરિવર્તન આવવાનું નથી. હું બહુ કહું તો એ મને છોડીને જતી રહે. એમાં ય દુ:ખ અને વેદના જ છે. શું કરું એ સમજાતું નથી.

કથન શિક્ષિત, આધુનિક વિચારસરણી ધરાવતો યુવક છે. એ શાલ્વીને ચાહે છે. મિત્રો તરીકે બેઉ વચ્ચે સુમેળ હતો પણ પતિ તરીકે શાલ્વી સાથે એ સુમેળથી રહી શકતો નથી.

સેંકડો વરસથી પુરુષ સ્ત્રી પાસેથી જે અપેક્ષા રાખે છે એ જ અપેક્ષા એ રાખે છે. એ પોતે ઘરકામ કરે ને શાલ્વી એની સાથે કામ કરે એવું એ ઇચ્છે છે. એ ખોટું નથી, અઘટિત નથી. ઘરસંસાર આમ જ ચાલે.

મનોચિકિત્સકો કહે છે, યુગલે એક ટીમની જેમ ઘરનાં કામ સાથે કરવાં જોઈએ ને આનંદ માણવો જોઈએ. વાતો કરતાં કરતાં કામ કરો એટલે એનો બોજ પણ નહીં લાગે ને પોતાનું ઘર છે એને સુઘડ કર્યું, વ્યવસ્થિત કર્યું એ વાતે મન પ્રસન્નતા અનુભવશે અને બે માણસ વચ્ચે આત્મીયતા વધશે.

ક્યારેક થાય છે, આજની યુવાન પેઢીને પૂરું કર્તવ્યભાન નથી. ગૃહિણી બનો એટલું ઘરનું કામ રસપૂર્વક કરવું જ જોઈએ. સ્ત્રી બહાર જઈને કમાતી થઈ એટલે એ સ્ત્રી મટી જતી નથી. એણે ઘર ચલાવવાની જવાબદારી નિભાવવી જ જોઈએ.



૧૫

સુખના સીમાડે માણસ કેવી રીતે પહોંચી શકે?

‘ચાલ, એક લટાર મારી આવીએ.’ ઉમંગે વૈશાલીને કહ્યું. બેઉનાં હમણાં જ લગ્ન થયાં છે. આખા દિવસના અંતે બહાર ખુલ્લામાં ફરવા જવાનું મન થાય જ.

વૈશાલી મોંથી કંઈ બોલી નહીં પણ એણે એવી દયાજનક રીતે ઉમંગની સામે જોયું. ઉમંગ સમજી ગયો કે વૈશાલી ફરવા જવા ઇચ્છતી નથી. એ નજીક આવ્યો ને વહાલથી એણે પૂછ્યું, ‘બહુ થાકી ગઈ છું?’

વૈશાલી કંઈ બોલી નહીં પણ એની આંખો, ચહેરો, સમસ્ત શરીર થાકી ગયેલું લાગતું હતું. વૈશાલી અને ઉમંગ એક જ ઑફિસમાં કામ કરે છે. બેઉનાં પરિચય પછી થયેલાં લગ્ન છે. લગ્ન પહેલાં તેઓ ઑફિસમાં સાથે લંચ લેતાં ને ખૂબ વાતો કરતાં; જાણે વાતો ખૂટતી જ ન હતી. રજાઓ પણ સાથે ગાળતાં.

ઉમંગને હતું અમારું દામ્પત્યજીવન રંગરસથી છલકાતું હશે, પરંતુ હવે તો વૈશાલી ખાસ વાતો જ નથી કરતી. હજી તો એક મહિનો થયો છે, એટલામાં વૈશાલી કેમ આવી થઈ ગઈ? એણે કહ્યું, ‘લગ્ન પછી આપણો પ્રેમ જાણે હવા થઈને ઊડી ગયો.’

વૈશાલી ચૂપચાપ સાંભળી રહી; એ કંઈ બોલી નહીં કે તું અહીં મારી દશા તો જુએ છે ને? રસોડાની જવાબદારી મારા માથે છે; હું પરણીને આવી પછી ચાર દિવસમાં તો મમ્મી કે શુચાબહેન કોઈ રસોડા સામે જોતાં જ નથી. આપણે ઑફિસે જવા નીકળીએ એ પહેલાં બધું પતાવી દેવા મારે વહેલું ઊઠવું પડે છે. ધડાધડ એક પછી એક કામ પતાવવાં પડે છે. લગ્ન પહેલાં મેં આટલું બધું કામ કર્યું નથી, કામનો મને મહાવરો નથી, કામથી હું ટેવાઈ નથી એટલે સવારના એ ત્રણ-ચાર કલાકમાં જ હું થાકી જાઉં છું. પછી ઑફિસનું કામ તો ખેંચે રાખું છું ને સાંજે ઘેર આવું ત્યારે રસોડું મારી રાહ જોતું બેઠું હોય છે. આ બધું મારા ગજા બહારનું છે.

વૈશાલી વિચારે છે કે એના વગર કહે ઉમંગ કેમ એની તકલીફો નથી જોઈ શકતો? એ ઘરમાં જ હોય છે. એ કેમ રસોડામાં આવીને શાક સમારી આપવા જેવું હળવું કામ કરીને મદદ કરવાનું નથી વિચારતો? એ તો બસ, પેપર લઈને બેસી જાય છે. મમ્મી-પપ્પા સાથે ગપ્પાં મારે છે.

મમ્મી વિચારે છે, એમણે બહુ વરસો કામ કર્યું, હવે એમણે આરામ કરવાનો સમય આવ્યો છે. પણ એ એવું નથી વિચારતાં કે મારે ઑફિસે જવાનું હોય છે. સવારના ઊઠી પછી મારે તો આરામ કરવાનો હોતો જ નથી. નણંદ પણ એની રૂમમાં જ ભરાઈ રહે છે.

હવે જો ઉમંગને આવી બધી વાત કરું તો એ વિચારે કે એને હું એની મમ્મી અને બહેન વિરુદ્ધ ઉશ્કેરું છું. અથવા તો મારા કહેવામાં તથ્ય જોઈને એ મમ્મી અને બહેનને કંઈ કહે તો તેઓને એમ થાય કે હું એમના દીકરાને એમની વિરુદ્ધ ચડાવું છું.

મારી આ કફોડી સ્થિતિની વાત મારા મોંથી તો મારાથી કહેવાય જ નહીં; એ તો ઉમંગે જાતે જ સમજવી જોઈએ. માણસ પરણે પછી એની જવાબદારી વધે છે. એનો હાથ પકડીને આવેલી પત્નીનાં સુખચેન જોવાની એનામાં સમજ હોવી જોઈએ. એ એની મુખ્ય ફરજ છે.

હું કમાઉં એ ઘરમાં બધાંને ગમે છે, પણ મદદ કરવાનું કોઈને સૂઝતું નથી. વૈશાલીનું મન અણગમાથી ભરાઈ ગયું. એ વિચારે છે, હું પ્રેમ ખાતર પરણી છું પણ મને પ્રેમ તો મળતો જ નથી. અહીં મારી હેસિયત એક કામવાળીની છે. ઉમંગ સમજે છે, વૈશાલી મારી સાથે પહેલાં જેવી વાત નથી કરતી; એને હવે મારામાં રસ નથી રહ્યો.

ઉમંગ જેવા યુવાનો પત્નીને મશીન સમજી બેસે છે. જાણે કે એ થાકે જ નહીં. એની પાસે બેસીને એના નિરુત્સાહનું કારણ જાણવા જેટલો ય એમને સમય નથી, સૂઝ નથી કે સમભાવ નથી. આંખ ખુલ્લી છે તોય તેઓ જોઈ શકતા નથી.

પતિનું આવું લાગણીહીન વર્તન જોઈને પત્નીને ઓછું આવી જાય એ સ્વાભાવિક છે. એ રોષ, રીસ ગુસ્સા રૂપે બહાર નીકળે. આવું થાય છતાંય પતિની જો આંખ ઊઘડે જ નહીં તો દામ્પત્યજીવન મીઠાશ ગુમાવી બેસે છે. તેઓ પતિ-પત્ની તરીકે ચાલુ રહે પણ એ લગ્ન સાર્થક નથી થતાં. એમાં સંવાદ નથી, સ્નેહ નથી, સહકાર નથી; છે માત્ર તિરાડો જ તિરાડો.

શિલ્પાનું લગ્નજીવન પણ રસરંગવિહીન થઈ ગયું છે. શિલ્પા પોતે પીએચ.ડી. છે. કૉલેજમાં ફિઝિક્સ ડિપાર્ટમેન્ટની હેડ છે. કૉલેજના નિયત સમય સિવાય એને બીજા સંચાલનનાં કામોમાં અને મિટિંગમાં સમય આપવો પડતો હોય છે. એનો પતિ અર્પિત બૅંકમાં જોબ કરે છે. ઘેર રસોયણ બાઈ આવીને રસોઈ કરી જાય છે, નોકર કામ કરી જાય છે. આમ શિલ્પાના માથે ઘરની કોઈ જવાબદારી નથી.

પરંતુ કૉલેજના કામના લીધે એ અર્પિતને બહું કંપની આપી શકતી નથી. કૉલેજના કામને શિલ્પા પહેલું સ્થાન આપે છે. કૉલેજની જવાબદારી પહેલાં, પછી બીજું બધું ગણે છે, જે અર્પિતને મંજૂર નથી. અર્પિત માને છે

કે હું કહું એ જ શિલ્પાએ કરવું જોઈએ. આના લીધે બેઉ વચ્ચે ચડભડ ચાલ્યા જ કરે છે.

અર્પિત કહે છે, ‘મારે તારી રાહ જોઈને બેસી રહેવાનું હોય તો આ લગ્નનો અર્થ શું? શું કામ તેં લગ્ન કર્યાં?’

‘પણ તું મારી પોઝિશન અને પરિસ્થિતિ તો જો.’

‘હા, હા. મને ખબર છે તું બહુ મોટી મૅડમ છે. તને ત્યાં બધાં મૅડમ-મૅડમ કહીને તારી ચારે બાજુ ફરતાં હોય તો તને ઘેર આવવાનું શું કામ ગમે?’

‘અર્પિત, મારે ચર્ચા કરવાની હોય છે, નિર્ણયો લેવાના હોય છે. તું કેમ સમજતો નથી?’

‘હા, હા, હું ક્યાં તારા જેટલો હોશિયાર છું તે સમજું!’ અર્પિત વ્યંગમાં બોલ્યો.

શિલ્પા છંછેડાઈ અને પછી તો બેઉ એમનાં શિક્ષણ અને સંસ્કાર ભૂલી જાય છે. સંયમ ગુમાવી દે છે અને અર્પિત મોટા અવાજે કહે છે, ‘છૂટી થઈ જા મારાથી.’ શિલ્પા કહે છે, ‘હા, હા, આપી દે છૂટાછેડા. નથી રહેવું મારે તારી સાથે.’

નવદંપતી ગાઢ પ્રેમથી એકબીજામાં ખોવાઈ જવાના બદલે છૂટાં થવાની ધમકી આપે છે. ગુસ્સો ઊતર્યે પાછાં એક થાય છે, પણ થોડા દિવસ થાય એટલે એ દૃશ્ય ફરીથી ભજવાય જ છે અને દામ્પત્યજીવન ખળભળી ઊઠે છે. એમનાં મન ડહોળાઈ જાય છે.



૧૬

એકબીજાને સમજો અને સાથ આપો

પ્રાચીન સમયની આપણી એક સુંદર કલ્પના છે કે ભગવાન શિવ અને પાર્વતી બે એક થયાં ને અર્ધનારીનટેશ્વર બન્યાં. એક અર્ધી સ્ત્રી અને એક અર્ધો પુરુષ ભેગાં થઈને એક પૂર્ણસ્વરૂપ રચાય.

દરેક દંપતીએ એમના લગ્નજીવનમાં અદ્વૈતનો આ આદર્શ ચરિતાર્થ કરવાનો છે. બેઉએ એટલી બધી હદ સુધી અન્યોન્યમાં ઓગળી જવાનું છે કે ક્યાંય વિસંવાદિતા ન રહે, ભિન્નતા ન રહે.

સ્ત્રીપુરુષનાં તન અને મનને જોડતા જીવનભરના આ સાથને સુંદર, સુમધુર, સરળ અને સંવાદિતાભર્યો બનાવવા આપણા ઋષિમુનિઓએ આ એક આદર્શ આપણી સામે મૂક્યો છે.

નવપરિણીત દંપતી આ આદર્શને ચરિતાર્થ કરવાનાં સ્વપ્નાં સેવે છે, પણ બહુધા આ આદર્શ સંપૂર્ણપણે ચરિતાર્થ થતો નથી. આવું કેમ થાય છે?

દામ્પત્યજીવન વિશે આટઆટલું જાણવા છતાં હજી પણ જીવનસાથીની પસંદગી વખતે બે વ્યક્તિનાં સ્વભાવ, શૈક્ષણિક યોગ્યતા, ચારિત્ર્ય, ટેવો, આદર્શો અને માનસિક સ્તરનો ખ્યાલ રાખવાના બદલે લગ્નથી થતા ભૌતિક ફાયદાની ગણતરી થાય છે. વડીલો કુળ, બાહ્ય પ્રતિષ્ઠા, જન્માક્ષર અને લગ્નની ઉજવણી તથા લેવડદેવડ પર ધ્યાન આપે છે. પરિણામે પતિ-પત્નીને એકબીજા સાથે ગોઠવાતાં તકલીફો થાય છે.

લગ્ન સમાજની દૃષ્ટિએ બાહ્ય ઘટના છે, પણ પરણનાર બે વ્યક્તિઓ પૂરતી એ આંતરિક ઘટના છે. જુદાં જુદાં કુટુંબમાંથી આવતી, અલગ વાતાવરણમાં ઊછરેલી બે વ્યક્તિઓ સહજીવનમાં અનાયાસ સુમેળ ન સાધી શકે ત્યારે એ બેઉ વ્યક્તિઓએ સાથે બેસીને વિચારવું જોઈએ કે ક્યાં મુશ્કેલી છે અને એ નિવારવા શું કરવું જોઈએ?

જો સંયુક્ત કુટુંબ હોય તો વડીલોએ પણ પ્રેમથી નવદંપતીને એક થવામાં સહાય કરવી જોઈએ. સંતાનોનું સુખ એ આપણું સુખ છે એ કદી ના ભૂલવું જોઈએ.

આપણા સંસ્કાર પ્રમાણે પત્નીના હૃદયમાં પતિનું સ્થાન સૌપ્રથમ છે અને પતિએ પત્નીનાં માન-સ્વમાન અને વિકાસની પૂરી નિષ્ઠાથી પ્રેમભરી કાળજી લેવી જોઈએ. આ સર્વવ્યાપી, સર્વસામાન્ય નિયમ છે.

બેમાંથી કોઈને અન્યાય ન થાય, કોઈનું શોષણ ન થાય એનો ખ્યાલ રખાવો જ જોઈએ. એકબીજાની વાત ધ્યાનથી સાંભળવી જોઈએ. એકની મુશ્કેલીને બીજાએ પોતાની મુશ્કેલી સમજવી જોઈએ. એકબીજાના બદલાયેલા કે બગડેલા મૂડની પણ સામા પાત્રને ખબર પડવી જોઈએ.

ડૉ. શૈલી કહે છે, 'હું ઉદાસ હોઉં તો હું ઉદાસ છું એટલું જ નહીં પણ હું કેમ ઉદાસ છું એની મારા વગર કહ્યો મારા પતિને પહેલી ખબર પડે અને મારી ઉદાસીનતા દૂર કરવાના પ્રયત્નમાં ય લાગી જાય. એનો આવો પ્રેમ જોઈને જ મારી ઉદાસીનતા ક્યાંય ભાગી જાય.'

આવું જ હેમા કહે છે, 'મને શું સારું લાગશે, મને શું ગમશે એની મારા કરતાંય પરેશને વધારે ખબર પડે છે. મને ના ગમતી વાતથી એ મને દૂર રાખે છે. જેને મળવાનું મને ન ગમતું હોય એવાના ઘરે એ મને લઈ નથી જતો કે એમનો ઉલ્લેખેય એ મારી આગળ નથી કરતો.'

અંજલિ કહે છે, 'મારો સ્વભાવ બહુ ગભરુ. સહેજ-સહેજ વાતમાં હું ડરું અને ચિંતા કરવા માંડું તો વિપુલ કહે તારી બધી ચિંતા મારી પર છોડી દે. મારામાં રસોઈની આવડત ઓછી છે. મારાં જેઠાણી, નણંદ મારા પર રુઆબ જમાવવા જાય પણ એ તરત મારા પક્ષે આવીને ઊભા રહે. કહે, મને તો આપણી મમ્મી રાંધતી હતી એવી સીધીસાદી રસોઈ જ ફાવે છે. મેં જ અંજલિને પંજાબી ને ચાઇનીઝ કે મેક્સિકન બનાવવાની ના કહી છે. વેરાયટીને શું કરવાની? ફૂડ પૌષ્ટિક હોય એટલે બસ. વિપુલ કદી મારું નીચુ ન પડવા દે.'

આવું વલણ પતિ-પત્નીના જીવનને સુમધુર બનાવે છે. જીવનમાં પ્રેમ તો જરૂરી છે જ, પણ સાથે સાથે એની અભિવ્યક્તિ જરૂરી છે. જીવનસાથી સંવેદનશીલ અને સમભાવી હોય તો જીવનમાં હળવાશ અને નિરાંત લાગે.

મયૂરી કહે, 'મારી નાનામાં નાની વાતેય હેમાંગ ધ્યાન અને રસપૂર્વક સાંભળે. મારી નાનકડી સિદ્ધિ માટે ય મને શાબાશી આપે ને બીજા આગળ મારી પ્રશંસા કરે.'

અનુજ કહે, 'મારા ધંધામાં મને ક્યારેક સેટબૅક જેવું લાગે તો હું લજ્જાને કહું ત્યારે જ મને શાંતિ લાગે. લજ્જામાં કોને ખબર શું છે પણ એને કહેવાથી મારી ચિંતા અને તનાવ ઓછાં થઈ જાય છે.'

વિજય કહે, 'મારો એક્સિડન્ટ થયો ત્યારે પૂર્વીએ કંઈ હિંમત રાખી છે! હું તો તાજ્જુબ થઈ ગયો હતો. ગજબનાં સૂઝ, સમજ અને ધીરજથી એણે ત્રણ મહિના કાઢ્યા. મને એક દિવસ માટેય મૂંઝાવા નથી દીધો. પતિ-પત્નીએ એકબીજાની પ્રશંસા કરતાં અચકાવું જોઈએ નહીં.'

પતિ-પત્નીએ એકબીજાનાં પૂરક બનીને કટોકટીના સમયમાં અન્યોન્યને જાળવી લેવાનાં છે. સમજપૂર્વકની પ્રેમભરી કાળજી લેવાની હોય ત્યાં બાહ્ય સંકટ, આપત્તિ કે દુ:ખ બહુ અસર નથી કરતાં અથવા તો એની અસર થાય તોય એ નુકસાન સહ્ય બને છે અને એની અસરમાંથી ઝટ મુક્ત થવાય છે.

પ્રિયજનના સ્નેહભર્યા ઉદ્‌ગારો, ઉષ્માભર્યો સ્પર્શ, હૂંફદાયી સાન્નિધ્ય વિપત્તિમાં ટકી રહેવાનું બળ આપે છે. તમારા દુ:ખમાં તમે એકલા નથી એ અનુભૂતિ જ તમને ટટ્ટાર રાખે છે.

જીવનસાથી હોય છતાં હૂંફ ન આપી શકે, એના પ્રેમનો અહેસાસ ન કરાવી શકે તો માણસ એકલો પડી જાય છે ને બહાર દોડી જાય છે. બહારથી પ્રેમની અપેક્ષા રાખતો થઈ જાય છે અથવા કોઈ વ્યસનના રવાડે ચડી જાય અને જીવનની પાયમાલી નોતરે છે. લગ્ન પછી બેઉનાં સુખદુ:ખ સહિયારાં હોય છે. એ એક પળ માટે પણ ભૂલવું ન જોઈએ.

ક્યારેક લગ્ન કર્યાં હોવાથી લગ્ન રહેતાં હોય છે પણ સ્નેહ સુકાઈ જતો હોય છે. ચાર દીવાલની વચ્ચે રહેતાં દંપતીને ઘણી વાર ખબર પણ નથી પડતી ને મૂળનો મનમેળ અદૃશ્ય થઈ જાય છે. જીવનમાં શૂન્યાવકાશ પેદા થતો હોય એવું લાગે છે. જ્યારે આવા ખાલીપણાની જે પીડા મનમાં ઊભરાય છે તેવી પીડા તો દુનિયાની કોઈ દરિદ્રતામાં પણ નથી. માટે પ્રેમ જળવાય એ માટે જાગ્રત રહેવું જોઈએ.



૧૭

તારા કુટુંબને તું કેટલું ચાહે છે એ હરપળે દર્શાવ

ઓગણીસ વરસની ઉંમરે વૈદેહીનાં લગ્ન થઈ ગયાં. હજી તો એ કૉલેજમાં ભણતી હતી. ખૂબ ભણીને કંઈક બનવાનાં એ સ્વપ્નાં સેવતી હતી.

પણ અચાનક એક દિવસ દાદાજી એક મુરતિયો શોધી લાવ્યા. નામ હતું એનું મુકુલ. પરદેશથી વિશેષ અભ્યાસ કરીને આવેલો. ધનવાન માબાપનો એકનો એક દીકરો હતો. કુટુંબ સંસ્કારી અને સુશિક્ષિત હતું.

ઘરમાં બધાં ખુશ થયાં પણ વૈદેહી કહે, ‘મારે તો હજી આગળ ભણવું છે.’

‘ભણજે ને. એ લોકોએ તો કહ્યું છે, અમારા ઘેર રસોઇયો નોકર છે; એને કંઈ કામ કરવાનું નથી.’ દાદાએ કહ્યું.

વૈદેહીને ઘર, વર કે ધનનો મોહ ન હતો. એને લગ્નનો વિચારેય નહોતો આવતો પણ મા-બાપના આગ્રહ આગળ કશું ન ચાલ્યું. એ પરણી ગઈ.

સાસરીમાં ખૂબ સગવડો ને સાહ્યબી હતાં. ઘરનાં બધાં પ્રેમાળ અને સુધારક વિચારનાં હતાં. ક્યાંય એને રોકટોક ન હતી.

એના માટે અલગ ગાડી હતી. એ રોજ મોટરમાં કૉલેજ જતી. કૉલેજથી છૂટીને સાસરે જવાના બદલે એ પિયર જતી; સાંજના મોડેથી એ સાસરે જતી.

દીકરી રોજરોજ પિયર આવે એ એનાં મમ્મી રેખાબહેનને ના ગમ્યું. એમણે એક દિવસ કહ્યું, ‘તું રોજ અહીં આવે છે તો તારાં સાસુ નારાજ નથી થતાં?’

‘ના, એમણે મને બધી છૂટ આપી છે. હું વહેલી જાઉં’ કે મોડી જાઉં એ મને કશું પૂછતાં નથી.’

‘મોંય નથી બગાડતાં?’

‘ના.’ વૈદેહીએ ઊંચા અવાજે કહ્યું.

રેખાબહેન સમજદાર હતાં, સંસારનાં રીતરિવાજ એ જાણતાં હતાં. એમણે વિચાર્યું, સાસુ ભલે મોંથી કંઈ ના બોલે પણ વૈદેહીની ફરજ ત્યાં રહેવાની છે. પરણ્યા પછી દીકરીએ સાસરે જ રહેવું જોઈએ. વૈદેહીએ સાસુની સાથે ઘનિષ્ઠતા કેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

રેખાબહેને વૈદેહીને કહ્યું, ‘તારી સાસુને પણ હોંશ હોય કે દીકરાની વહુ આવે ને ઘરને આનંદકિલ્લોલ અને હેતપ્રેમથી છલકાવી દે.’

‘મમ્મી, એમના મનમાં એવી કોઈ હોંશ, અપેક્ષા કે માગણી નથી ને તું ફરજ અને આદર્શના નામે મને ઉપદેશ જ આપ્યા કરે છે. એમને શું સારું લાગશે એનો જ મારે વિચાર કરવાનો? મારે મારો વિચાર નહીં કરવાનો? તમે કહ્યું ને હું પરણી, તમે કહો એટલે હું ત્યાં પુરાઈ રહું?’ વૈદેહી ઊંચા અવાજે બોલી.

રેખાબહેન મૂંઝાઈ ગયાં. દીકરીને શી રીતે સમજાવવી? લગ્ન પછી છોકરીએ એનાં સાસરિયાંનો ખ્યાલ રાખવો જ જોઈએ. પ્રેમથી એમની સાથે ભળવું જોઈએ; તો જ એ સાસરિયાંનો પ્રેમ જીતી શકશે ને એના વરને પણ વધારે વહાલ આવશે. જિંદગી સાચા અર્થમાં સુખી થશે. તેઓ આવું વિચારતાં હતાં ત્યાં વૈદેહી બોલી, ‘મમ્મી, મારે તો મારી રીતે પુરુષાર્થ કરીને મારો સર્વાંગી વિકાસ સાધવો હતો. મારા મનની ઇચ્છા પૂરી ના થઈ.’

‘વૈદેહી, તારા મનમાં એક વાત ઘૂસી ગઈ છે કે લગ્ન થયાં એટલે પ્રગતિ ના થાય, પણ એ વાત ખોટી છે. તું તારી જાતને ભાગ્યશાળી માન કે આવાં સમજદાર સાસરિયાં મળ્યાં છે જે તને બધી છૂટ આપે છે. લગ્ન પછી કેટલી છોકરીઓને આવી સ્વતંત્રતા મળે છે?’

વૈદેહી કંઈ બોલતી નથી. રેખાબહેન હેતથી એને કહ્યો જાય છે, ‘દીકરી, તને વિદ્યાની સાચી લગન હશે તો ઘરસંસારની વચ્ચેય તારી સાધના ચાલુ રહેશે. ભણતાં ભણતાં તારે તારા ગૃહસ્થાશ્રમની ફરજો બજાવવી જોઈએ. તું તારી જાતનો વિચાર કરે અને સાથે સાથે તારા વર અને ઘરનો વિચાર કરે તો જ તું સાચું ભણી કહેવાય; માત્ર પુસ્તકિયા જ્ઞાનનો કોઈ અર્થ નથી.’

વૈદેહી બિનઅનુભવી છે પણ એની મમ્મીમાં એને પૂરી શ્રદ્ધા છે. મમ્મીનું કહેવું સાંભળીને એ સાસરીમાં સાસુ-સસરાનો ખ્યાલ રાખવા માંડી. ઘરનો પણ ખ્યાલ રાખવા માંડી.

દીકરી વૈદેહી પરણ્યા પછી પોતાનાં સાસરિયાં તરફની ફરજ બજાવવામાં ઊણી ઊતરે એ એની મમ્મીને યોગ્ય નથી લાગતું. દીકરી બેજવાબદાર બને, સાસરિયાંને પોતાનાં ના ગણે તો એને એમનો પ્રેમ કેવી રીતે મળશે? એની બેદરકારી ભવિષ્યમાં એમના જીવનમાં કોઈ સમસ્યા

ખડી કરી શકે. વૈદેહી નાદાન છે. એનું ધાર્યું ન થયું તેથી રોષમાં છે, પણ રેખાબેન એને સાચી સલાહ આપે છે. દીકરી પરણાવી એટલે માબાપનું કામ પતી નથી જતું. દીકરી એના ઘરસંસારમાં બરાબર ગોઠવાઈ શકે માટે એને સલાહસૂચન આપવાં જોઈએ.

દીકરી નાની હોય છે ત્યારથી માબાપ એનો સર્વાંગી વિકાસ થાય તે માટે આતુર હોય છે. દીકરીને રસ હોય એ પ્રમાણે શિક્ષણ આપે છે. એણે પસંદ કરેલી શાખામાં એ અગ્રીમ સ્થાને રહે એવી મહેચ્છા સાથે એને અભ્યાસની બધી સવલતો પૂરી પાડે છે. એ જ રીતે એ પરણીને સાસરે જાય ત્યારે પતિ અને સાસરિયાં સાથે સુમેળ સાધી શકે માટે એનામાં કર્તવ્યભાવના જાગ્રત કરવી જોઈએ. એના જીવનમાં જે જે કર્તવ્યો એને બજાવવાનાં આવે એમાં ક્યાંય એ ઊણી ન ઊતરવી જોઈએ. Virtue has its own reward — એ વાત દરેકે યાદ રાખવી ઘટે.

એક અમેરિકન લેખકે કહ્યું છે, ‘તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દો વડે, તારા કાર્ય વડે અને તારી વિચારશીલતાથી બતાવતો રહેજે.’ આ શીખ એણે પતિ-પત્નીને આપી છે પણ આપણા દેશમાં હજીય સંયુક્ત કુટુંબો છે. એને અખંડિત રાખવાં હોય તો વડીલો જે રીતે નવવધૂને રાજી રાખવા પ્રયત્ન કરે છે એ રીતે નવવધૂએ પણ સાસરિયાંનાં દિલ જીતવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

સફળ લગ્નજીવન માટે સારું પાત્ર અને લાગણીશીલ કુટુંબ આવશ્યક મનાય છે. એ પ્રમાણે વ્યક્તિએ પોતે પણ યોગ્ય પાત્ર બનવું જોઈએ. પોતાની ક્ષતિ, ભૂલ સુધારી લેવી જોઈએ.

લગ્નમાં સુવાસિત ફૂલોનો હાર કન્યા વરને પહેરાવે છે અને વર કન્યાને પહેરાવે છે. પુષ્પો તો એમનાં હૃદયનું પ્રતીક છે. જે સુગંધિત છે, સંવેદનશીલ છે, કોમળ અને મધુર છે એવાં હૃદય અન્યોન્યને અર્પણ કરે છે. એ બે હૃદયો હવે એક થશે અને એ હૃદયમાંથી વહેતી લાગણીઓ બેઉનાં કુટુંબને ઉજાળશે. પ્રેમ, ત્યાગ અને સહિષ્ણુતાથી બધે સુખ પ્રસરાવશે એવી ભાવના સેવાય છે.



૧૮

દામ્પત્યજીવનનું સૌંદર્ય હણાય નહીં એની કાળજી લો

'માનસ, બે ગ્લાસ પાણી લેતો આવજે ને.' બહાર ઓટલા પર બેઠેલી જાહ્નવીએ હાક મારીને એના પતિને કહ્યું.

નવવધૂની આવી નિ:સંકોચ રીત જોઈને એની સાસુ ચંદ્રાબહેન તો ચમકી જ ગયાં. શિક્ષિત પુત્રવધૂની આ કેવી સભ્યતા! કેવા સંસ્કાર! બહારથી આટલા મોટા અવાજે પાણી મંગાવે એટલે ચારે બાજુના લોકો સાંભળે. લોકો માને કે વહુ તો માનસ જાણે કે નોકર હોય એમ રુઆબ જમાવે છે. આમાં માનસનું શું માન રહે?

ચંદ્રાબહેન જાણતાં નથી કે છેલ્લાં વીસ-ત્રીસ વર્ષમાં સમાજમાં બહુ પરિવર્તન આવી ગયું છે. પત્નીએ પતિ પાસે પાણી માગ્યું એ સારું કે ખોટું એ બીજા કોઈએ વિચારવાની જરૂર નથી. જાહ્નવી નોકરી કરે છે. એ ઑફિસથી થાકેલી આવી છે, માનસ રસોડામાં ગયો છે તો પાણી લેતો આવે એવી જાહ્નવી અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. આની ઉપર બીજાએ શું કામ વિચારવું પડે?

આ યુગમાં સ્ત્રી-પુરુષ દરેકે દરેક ક્ષેત્રમાં ખભેખભા મિલાવીને સમાનપણે કામ કરે છે. હવે કોઈ એક કામ સ્ત્રીનું જ ગણાય, પુરુષ એ કામ ન કરે એવો ખ્યાલ રહ્યો નથી અને ઘરનું કામ તો સહિયારું કામ છે. પુરુષની જેમ સ્ત્રીને સમયસર ઑફિસે પહોંચવાનું હોય છે, એ પહેલાં એણે રસોઈ કરવાની હોય છે. તો એ આશા રાખે જ કે પતિ પણ એની જેમ વહેલો ઊઠીને રસોડામાં મદદ કરાવે. દાળચોખા ધોઈ આપે, શાક સમારી આપે. પુરુષ મદદ કરે એ નાલેશી નથી પણ સમજદારી છે. પત્ની રોટલી વણે તો પતિ રોટલી ચડવે ને ચોપડે એ એક સુભગ દૃશ્ય છે. બહારના ક્ષેત્રે કે ઘરમાં કોઈ ઉદ્યોગ કરતી હોય એ સ્ત્રી એના પતિ પાસેથી મદદની અપેક્ષા રાખે એ વાજબી છે. પતિ સહાય કરે તો પત્નીને રઘવાયાં થવું ન પડે અને સાથે કામ કરવામાં હૂંફ વરતાય, તાદાત્મ્યનો અનુભવ થાય.

પરંતુ ચંદ્રાબહેન આવું બધું વિચારવાના બદલે કટાણું મોં કરીને માનસ સામે જોવા માડ્યાં. એ આંખો દ્વારા કહેવા માગતાં હતાં કે વહુમાં શાલીનતા નથી. પણ માનસ વિચારશીલ હતો, એ તટસ્થ રીતે વિચારનારો હતો. એણે માના મનોભાવને લક્ષ્યમાં લીધા નહીં, તેથી ચંદ્રાબહેનના ચહેરા પર નારાજગી દેખાઈ.

માનસને થયું, આ વાત અહીં ડામવી જ પડશે. મમ્મી મોંથી કંઈ બોલે ને સાસુવહુમાં ચડભડ થાય એ ઠીક નહીં.

તેથી એ હસીને બોલ્યો, 'મમ્મી, તને યાદ આવે છે, મારા પપ્પા રોજ સવારે ચા-દૂધ કરતા, તું પાણી ગાળતી, એટલી વારમાં એ ચા તૈયાર કરીને ડાઇનિંગ ટેબલ પર મૂકતા, તું કૂકર મૂકતી ને પપ્પા શાક સમારી આપતા! તું જોબ કરતી નહીં, તારે ક્યાંય બહાર જવાનું ન હોય તેથી તું ના પાડે તોય પપ્પા તને મદદ કરતાં. એ મેલાં કપડાં બાફતા, ઘર ઝાપટી આપતા, દીવાનખાનું વ્યવસ્થિત ગોઠવી દેતા. પપ્પા કેવી સરસ રીતે બધું કરતા! એ કદી ઘાંટાઘાંટ ન કરતા કે હું કામ કરું છું એવો દેખાડો ન કરતા કે તારે તો આખો દિવસ આરામ કરવાની મઝા પડશે એવું ય ન કહેતા.' દીકરાએ ચંદ્રાબહેનને એમના સંસારની વાતો એટલી સાહજિકતાથી યાદ કરાવી દીધી કે દીકરો એની વહુને કામ કરાવે છે કે પાણી લાવીને આપે છે એની તેઓ ટીકા જ ન કરે.

ચંદ્રાબહેન પોતાના એ જૂના દિવસોની પ્રસન્નતામાં ખોવાઈ ગયાં. એમને દીકરાની વાતમાં એક મુદ્દો ઉમેરવાનું મન થયું કે દીકરા, આપણા ઘરમાં તો પુરુષો કાયમ ઘરકામમાં મદદ કરતા જ આવ્યા છે. તારા દાદાયે ઘરકામમાં મદદ કરતા હતા.

હરખાતા હૈયે ચંદ્રાબહેને કહ્યું, 'હું પરણીને આવી ત્યારે મારે સાસુ ન હતાં. મારા સસરા હતા. એ નિવૃત્ત શિક્ષક સ્વાવલંબનમાં માને. ઘરનું કામ કરતા એ શરમાતા નહીં. બાથરૂમમાં બેસીને એ બધાં કપડાં ધોઈ નાખતા. હું શરમાઈને એમને ના-ના કહું તો એ કહે, બેટા, આપણે નોકર રાખતાં નથી તો ઘરનાં કામ વહેંચવાં જ પડે.'

મમ્મીની વાત સાંભળીને માનસને નિરાંત થઈ કે મમ્મી હવે કામ અંગે જ્હાનવીને કોઈ સલાહ નહીં આપે. માનસે સમયસર પાણી પહેલાં પાળ બાંધી દીધી તેથી ઘરમાં કોઈ પ્રશ્ન ઊભો ન થયો.

ઘણી વાર દામ્પત્યજીવનમાં અચાનક અણધાર્યા પ્રશ્નો ઊભા થાય છે. કારણ વિના કલહ થઈ જાય છે. બિનજરૂરી બોલવામાં મન દુભાય છે અને જ્યારે દામ્પત્યજીવનનો આરંભ જ થતો હોય, પતિ-પત્નીએ અન્યોન્યને ઓળખવાનાં બાકી હોય ત્યારે તો દરેકે ખૂબ ખ્યાલ રાખવો પડે અને ખાસ તો પતિએ જે યુવતી એનાં માબાપ, ઘરબાર અને પરિચિત વાતાવરણ છોડીને આવી હોય એ આ નવા અપરિચિત ઘરમાં, અજાણ્યાં માણસો વચ્ચે મૂંઝાતી હોય ત્યારે એને કાળજીભરી પ્રેમાળ હૂંફ ઘરના દરેક સભ્યએ આપવી જોઈએ. એની લાગણી ના ઘવાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આ નવું ઘર એને પોતાનું લાગે એવા સભાન પ્રયત્ન કરવા જોઈએ.

એવું કહેવાય છે કે, 'A good marriage must be created daily.'

આજની ગતિશીલ દુનિયામાં તાલ મિલાવવા સ્ત્રીએ કારકિર્દીને મહત્ત્વ તો આપવું જ રહ્યું. આ વાત એના પતિએ સ્વીકારી લેવી ઘટે.

નવપરિણીતા નવા પરિવારના સભ્યો પ્રત્યે ફરજ બજાવે સાથે સાથે એ કુટુંબના રીતરિવાજો નિભાવે — સુપર પુત્રવધૂ, સુપર પત્નીની ભૂમિકા ભજવતાં એ એટલી થાકી જાય છે કે એની નોકરીમાં તે એક સામાન્ય કર્મચારી બનીને રહી જાય છે.

એ સ્ત્રી કુંવારી હતી ત્યાં સુધી પોતાની કૅરિયર પ્રત્યે ખૂબ ગંભીર હતી. એ પૂરો સમય અને શક્તિ પોતાની કૅરિયર બનાવવા પાછળ ગાળતી હતી, પણ હવે જો એને ઘરકામ અને રસોઈને જ પ્રાધાન્ય આપવાનું હોય અને પતિ એને સહાય ન કરે તો એનું મન વિષાદથી ભરાઈ જાય.

સ્ત્રીઓનાં જીવનમાં ઘણુંબધું પુરુષો પર આધારિત હોય છે. એ પોતાની ફરજ એકનિષ્ઠાથી બજાવી શકે એ માટેનાં ઉત્સાહ અને નેમ જળવાઈ રહે એ માટે પતિએ આપણાં સેંકડો વર્ષ જૂના સંસ્કાર કે ઘરકામ તો પુરુષ કરે જ નહીં, એ સંસ્કાર છોડવા પડશે.

જે રીતે સ્ત્રી બહારની દુનિયામાં પુરુષ સાથે ખભેખભો મિલાવીને કામ કરે છે એ રીતે જ પુરુષે ઘરના કામમાં શરમાયા વગર સ્ત્રીને મદદ કરવી જોઈએ. માત્ર પત્નીનું આ કર્તવ્ય છે, એ રૂઢ માન્યતામાંથી બહાર આવો અને તમારું જીવન નવી પ્રણાલિકા પ્રમાણે ગોઠવો. તમારી એ જીવનશૈલી એવી હોવી જોઈએ કે જેમાં તમારા બેઉનો વિકાસ હોય અને ઘરમાં પ્રસન્નતા હોય.

ઘરનાં વડીલોએ આ નવી ગૃહવ્યવસ્થામાં પ્રેમથી સહકાર આપવો જોઈએ. ઘરની આબાદી માટે દરેક સભ્યએ યોગદાન આપવું જોઈએ.



૧૯

માતા-પિતાનું કર્તવ્ય

રોહિત અને સુજાતા એકાદ-બે વાર મળ્યાં, અન્યોન્યને પસંદ પડ્યાં અને ધામધૂમથી લગ્ન થયાં. આશા, અપેક્ષા અને ઉમંગથી ઊભરાતી સુજાતાએ પતિગૃહે પ્રવેશ કર્યો.

પણ આ શું? રોહિત પ્રેમની કોઈ વાત નથી કરતો, મજા-મસ્તી કે લાડ નથી કરતો, બસ ગંભીરતાથી વાંચ્યા જ કરે છે.

સુજાતા મૂંઝાય છે, આ તે કેવો પતિ? એ અવગણના નથી કરતો, અપમાન નથી કરતો, મારી નજર સમક્ષ જ છે છતાં એની સાથે નિકટતા કેમ નથી અનુભવાતી? એને મારામાં રસ નથી?

રજાના દિવસે ઘરમાં હરતીફરતી જીવતીજાગતી જીવંત પત્નીને મૂકીને એ સૈકાઓ પુરાણી પ્રાચીન શિલ્પસ્થાપત્યની દુનિયા જોવા નીકળી પડે છે. કોઈ ખંડેર મહેલ, ભગ્નાવશેષ મંદિર કે ભાંગીતૂટી વાવ જોવા એકલો વહેલી સવારથી જાય છે.

મોડી સાંજે ઘેર આવીને એ સ્થળ વિશે માહિતીપૂર્ણ લેખ તૈયાર કરીને કોઈ મૅગેઝિનમાં મોકલી આપે છે. રાતભર એ લખ્યા કરે છે.

ક્યારેક એ પત્નીને પૂછી લેતો, ‘તારે કંઈ જોઈએ છે?’ શું જવાબ આપે સુજાતા આવા પ્રશ્નનો? રોહિત નહીં જાણતો હોય કે નવવધૂ સુજાતાને પતિનો સાથસંગાથ જોઈએ છે, તાદાત્મ્યની રંગીન ક્ષણો જોઈએ છે.

સુજાતા જાણતી હતી કે પતિની સાથે ચાર ફેરા ફરવાથી પતિના ઘરમાં રહેવા મળે, એના નામ સાથે પોતાનું નામ જોડી શકાય પણ એના હૈયામાં સ્થાન મેળવવા તો તપશ્ચર્યા કરવી પડે. પણ કેવી રીતે કરવાની એ તપશ્ચર્યા? વિદાયવેળાએ એના દાદાજીએ કહેલું, ‘બેટા, પતિ અને ઘરનાં બધાંને સુખી કરજે.’ પણ કેવી રીતે કરવાં બધાંને સુખી? સુજાતાને કંઈ સૂઝતું નથી, સમજાતું નથી. એ બેચેન બની ગઈ. એનો અજંપો એના સસરા મનુભાઈએ જોયો. એમને થયું, દીકરો તો એની ધૂનમાં રચ્યોપચ્યો રહે છે. લગ્ન થયાં છે પણ એના જીવનમાં કોઈ બદલાવ નથી આવ્યો. પત્નીની કોઈ દરકાર નથી કરતો. પોતાની દુનિયામાં પત્નીનો હાથ પકડીને પ્રવેશ નથી કરાવતો. આવું કેમ ચાલે? બેઉ એકબીજાને ઓળખશે શી રીતે?

દ્વૈતમાંથી અદ્વૈત સાધવાની મંગલ ઘડી શું આમ જ સરી પડશે? સુજાતાનું પિયરનું નામ સુધા હતું. રોહિત નામ જોડે સુધા જેવું અતિ પ્રચલિત નામ બંધબેસતું નથી આવતું એવું વિચારીને મનુભાઈએ સુધાની સંમતિ લઈને સુધાનું નામ સુજાતા રાખ્યું હતું. વિવાહ થયો ત્યારથી સુધાનું નામ સુજાતા થઈ ગયું હતું. હવે દીકરાનાં જેવાં રસ, રુચિ અને કલાની સૂઝ આપવાની ફરજ પણ એમણે પોતાની માની લીધી.

તેમણે સુજાતાને રોહિતનાં રસ અને પ્રવૃત્તિ વિશે વાતો કરવા માંડી. ધીરે ધીરે સુજાતાને ખ્યાલ આવ્યો કે રોહિતને આપણા દેશના સાંસ્કૃતિક ઇતિહાસના આલેખનમાં ખૂબ રસ છે. આપણો સાચો ઇતિહાસ પુરાતન શિલ્પસ્થાપત્યમાં છુપાયેલો છે એ જાણવાનો એણે પુરુષાર્થ આદર્યો છે.

સામાન્ય માણસ કરતાં પતિનું ધ્યેય સાવ નિરાળું છે એ જોઈને સુજાતાને આ અલગારી પતિ પર મોહ નીપજ્યો. પતિની દરેક પ્રવૃત્તિનું એ નિરીક્ષણ કરે છે.

એણે વિચાર્યું, પતિ શિલ્પની અનુપમ લાવણ્યવતી મૂર્તિ જોઈને મારામાં પણ એવું સૌંદર્ય શોધતા હશે. પણ મારામાં એવું બાહ્ય સૌંદર્ય નથી. એ રડી ઊઠી. ઈશ્વર, તેં મને આવો રસિક વર આપ્યો ને દૈહિક સૌંદર્ય કેમ ન આપ્યું? એ બ્યુટીપાર્લરમાં જવા માંડી. ટાપટીપ કરવા માંડી.

આ જોઈને મનુભાઈએ કહ્યું, 'દીકરા, બાહ્ય રૂપરંગ તો ક્ષણિક છે; સામાન્ય માણસને રૂપ આકર્ષે. એની પાછળ તું ના પડ. તારી પાસે લાગણીઓનું અને આત્માનું ભરપૂર સૌંદર્ય છે, રોહિતને એવા સૌંદર્યની ઝંખના છે. તું તારું એ સૌંદર્ય ખીલવવા પ્રયત્નશીલ રહે તો તમારું દામ્પત્ય ખીલી ઊઠશે.'

મનુભાઈ જૂની પેઢીના માણસ હતા પણ એમની વિચારસરણી અને અભિગમ આધુનિક હતાં. દીકરાની સાથે સુજાતાની બરાબર જોડી જામે એ રીતે એમણે સુજાતાને માર્ગદર્શન આપવા માંડ્યું અને સુજાતા પણ વત્સલ સસરાની સૂચનાનો અમલ કરવા માંડી.

રોહિતના દરેક કામમાં સહાયભૂત થવા સુજાતા તત્પર રહેતી. રોહિત વાંચતો હોય કે લખતો હોય તો એ કદી એને દખલ ન કરતી. સમય મળ્યે એ રોહિતનાં પુસ્તકો વાંચતી.

રોહિતને આ શાંત, સમજદાર અને પ્રેમથી ધબકતી પત્ની પર મમત્વ જાગ્યું. એણે પૂછ્યું, 'તને આવું બધું સાહિત્ય વાંચવું ગમે છે?'

'ખૂબ જ.' ગાઢ સ્નેહથી સુજાતા બોલી.

'તો મારા આ લેખની કોપી કરી આપીશ?'

હા, હા, જરૂરથી.’ ઉત્સાહથી સુજાતા બોલી. એણે મરોડદાર સ્વચ્છ અક્ષરોમાં પતિના લેખની કોપી કરી આપી. પછી તો એ સિલસિલો ચાલુ રહ્યો.

પ્રોફેસર પતિના કાર્યક્ષેત્રમાં પ્રવેશવાની બૌદ્ધિક ક્ષમતા કે જ્ઞાન સુજાતામાં ન હતાં, પણ અત્યંત પ્રેમ અને અસીમ શ્રદ્ધાથી એ પતિના કાર્યમાં સાથ આપવા માંડી અને પતિના અગાધ પ્રેમની સ્વામિની બની.

પોતાનો દીકરો વિદ્વાન હતો, અંતર્મુખ હતો, એને સમજવો અઘરો હતો. દીકરાવહુના દામ્પત્યનું પરોઢ અણસમજ કે ઉદાસીનતામાં ના વીતે એવી ચિંતા કરીને સસરાએ પુત્રવધૂને દીકરાના કામમાં રસ લેતી કરી. આ રીતે વહુને દીકરાની નિકટ મૂકી આપી.

જે કામ પતિ તરીકે રોહિતે કરવાનું હતું એ ધૂની રોહિતે ન કર્યું. એને એવો ખ્યાલ જ ન આવ્યો કે પત્નીની શી અપેક્ષા હોય. એ તો એની દુનિયામાં મસ્ત હતો, સાથે રહેવા છતાં એ પત્નીથી જોજનો દૂર હતો, પણ પ્રેમાળ, વ્યાવહારિક અને માનવમનના જાણકાર મનુભાઈએ વહુને એના પતિની પાસે મૂકી આપી.

દરેક માબાપે પોતાનાં સંતાનને ઓળખવાં જોઈએ, જાણવાં જોઈએ અને એ જાણકારીનો લાભ સંતાનના જીવનસાથીને આપવો જોઈએ.

સુપ્રિયા અને તુષાર છેલ્લાં સાત વરસથી અન્યોન્યના પરિચયમાં. તુષારે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે સુપ્રિયાએ સ્વીકાર્યો નહીં. પણ પછી સુપ્રિયા પસ્તાવા માંડી, પણ એ એટલી અભિમાની હતી કે જાતે તુષારને મળે નહીં. સુપ્રિયાની મમ્મીએ આ વાત જાણી તો એણે તુષારને મળીને કહ્યું, ‘સુપ્રિયા તારી રાહ જોઈને બેઠી છે.’ તુષાર દોડી ગયો ને ફરી પ્રસ્તાવ મૂક્યો. બેઉ પરણ્યાં ને સુખી છે.



૨૦

પ્રેમભર્યો સંગ

આજે અચાનક એક સંમેલનમાં ભાર્ગવીએ ઉત્તરાને જોઈ ને જોતી રહી ગઈ. નિરુત્સાહી, નિરાશાવાદી ઉત્તરા આવી જીવંત અને ચેતનથી ધબકતી કેવી રીતે થઈ ગઈ?

એણે ઉત્તરાને પૂછ્યું, ‘તું શું કરે છે?’

‘ખાસ કંઈ નહીં, સંગીત શીખું છું ને નાનાં બાળકોને સંગીત શિખવાડું છું. સંગીત મને પહેલેથી ગમતું. મારો રસ જોઈને મારા પતિ જતીન કહે, તું પદ્ધતિસર સંગીત શીખ. એમણે પ્રેમથી પ્રોત્સાહન આપ્યું ને હું આગળ વધતી ગઈ. સંગીતક્લાસ કેવી રીતે શરૂ થઈ ગયા એની મને ખબર ન પડી.’ ઉત્તરાએ સરળતાથી જવાબ આપ્યો.

‘તું બીજાને શિખવાડી શકે એટલો આત્મવિશ્વાસ તારામાં ક્યાંથી આવ્યો?’ ભાર્ગવીએ નવાઈ પામતાં પૂછ્યું.

‘એનો યશ જતીનને જાય. મારામાં ટેલેન્ટ છે એનું ભાન એણે કરાવ્યું. એ મારું એટલું બધું એપ્રિસિએશન કરે કે હું ગાતી થઈ ગઈ, બીજાને શીખવતી થઈ ગઈ.’ ઉત્તરાએ કહ્યું.

‘તારા વર શું કરે છે? ગાયક છે?’ ભાર્ગવીએ પૂછ્યું.

‘ના રે, એમને તો હાર્ડવેરનો ધંધો છે.’ ઉત્તરા બોલી.

ભાર્ગવી વિચારે છે, લગ્ન પછી પતિ પોતાની સ્ત્રીને વસ્ત્ર-અલંકારથી સજાવે, હોંશથી પ્રવાસ-પર્યટન પર લઈ જાય, મોટરગાડીમાં ફેરવે ને એ માને કે મેં પત્નીને ઘણુંબધું આપી દીધું. સ્ત્રી પણ પતિનાં આવાં લાડથી પોતાની જાતને ધન્ય માને. એને થાય કે હું બહુ પામી.

પરંતુ એ બધું તો બાહ્ય છે, સપાટી પરનું છે. જ્યારે ઉત્તરાને તો એના વરે ખરેખરા અર્થમાં સમૃદ્ધ કરી.

એટલામાં જતીન આવ્યો. વાતમાં જોડાતાં એ કહે, ‘પહેલાં મારા રોજિંદા જીવનમાં કોઈ નવીનતા નહીં, પણ ઉત્તરા આવી ને મારા જીવનમાં મધુરતા પ્રસરી ગઈ, જીવન તાજગીપૂર્ણ થઈ ગયું. હું ખરેખર નસીબદાર છું.’ ભાર્ગવી હેરત પામી ગઈ. એક વખતની તુચ્છ લાગતી ઉત્તરાએ એના વરને આટલું બધું આપી દીધું!

પ્રેમભર્યા સૂરે ઉત્તરા કહે, 'અમે એકબીજાને ન મળ્યાં હોત તો અમારી જિંદગી સામાન્ય જ રહી જાત. અત્યારે અમને રોજેરોજની આ દુન્યવી ફિકરચિંતા જકડી નથી રાખતી. ભૌતિક ચીજો બે-ચાર વધારે મળી કે ઓછી મળી એનો હિસાબ અમે નથી રાખતાં. અમે આકાશમાં ઊડીએ છીએ.'

ભાર્ગવી વિચારે છે, પતિ-પત્નીનો પ્રેમભર્યો સંગ કેવો ફળદાયી નીવડે છે! સાધારણ કક્ષાના જતીને પોતાના પ્રેમ, વિશિષ્ટ કાળજી અને પ્રોત્સાહનથી ઉત્તરાનું જીવન પલટી નાખ્યું અને ઉત્તરાના સંગે જતીનના જીવનને નવાં રૂપરંગ મળ્યાં. બેઉનું દામ્પત્ય કમળપુષ્પની જેમ ખીલી ઊઠ્યું.

પતિએ પત્નીના જીવનને સમૃદ્ધ બનાવવું હોય અને પત્નીએ પતિના જીવનને સમૃદ્ધ બનાવવું હોય તો શું કરવું જોઈએ?

માનસશાસ્ત્રીઓ કહે છે, તમારા જીવનસાથીને પ્રેમ આપો, અઢળક પ્રેમ આપો. પ્રેમથી એનું જીવન છલકાવી દો. દરેક વ્યક્તિની ભીતરમાં અખૂટ શક્તિ — talent — ભંડારાયેલી પડી હોય છે. બસ, એને પ્રેરણા અને પ્રોત્સાહનની જરૂર છે. તમારા પ્રેમભર્યા પ્રોત્સાહનથી એનો વિકાસ થશે.

દિવસમાં એકાદ-બે પ્રેમભર્યા શબ્દો, એકાદ પ્રેમભરી નજર અને પ્રેમથી છલકાતો સ્પર્શ જાદુઈ અસર કરશે. જીવનસાથીની નાનામાં નાની, નગણ્ય લાગતી શક્તિ અને કૌશલ્યને બિરદાવવાનો એક પણ મોકો ચૂકશો નહીં, જીવનસાથીની નાનામાં નાની સિદ્ધિનીય પ્રેરણા આપતાં રહો. એને કદી ઉતારી ન પાડો.

સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે પુરુષ કરતાં સ્ત્રીને પ્રેરણા અને પ્રોત્સાહનની વધારે જરૂર પડે છે. સ્ત્રીનું ક્ષેત્ર ઘર મનાય છે. સ્ત્રી બહારના ક્ષેત્રમાં કામ કરતી હોય તોય ઘરની જવાબદારીમાંથી એને મુક્તિ નથી મળતી. આવા સંજોગોમાં સ્ત્રીની talent બહાર આવે તે માટે પતિએ પત્નીને પૂરો અવકાશ આપવો જોઈએ. એના કામમાં સહાય કરવી જોઈએ. give her an atmosphere. લગ્ન એટલે માત્ર સાથે જીવવું એટલું જ નહીં પણ બંનેનો વિકાસ થવો જોઈએ. બેઉના વ્યક્તિત્વમાં નિખાર આવવો જોઈએ.

જ્યારે રમાબહેન ચાળીસમું વરસ પૂરું કરવાના આરે હતાં ને સુધીરભાઈ સડસઠ વરસના હતા ત્યારે બેઉ પરણ્યાં. આજ સુધી બેઉ અપરિણીત હતાં, એકાકી હતાં. રમાબહેન પ્રોફેસર હતાં ને સુધીરભાઈ વકીલ હતા. બેઉની જિંદગી નીરસ થવા માંડી હતી ત્યારે બેઉ મળ્યાં ને પરણ્યાં અને એમની એકધારી જિંદગીમાં પલટો આવી ગયો. બેઉનાં

હૈયાંમાં ગીત ગુંજવા માંડ્યું કે બધું જ સુંદર છે, બધું જ મધુર છે, બધું જ આનંદથી ભરપૂર છે.

રમાબહેન સ્ત્રી છે. એક વાર એમને શંકા જાગી કે મારા દેહનું યૌવન ઓસરવા માંડ્યું છે, અંગો શિથિલ થવા માંડ્યાં છે, જાણે વૃદ્ધત્વ બારણે ટકોરા દઈ રહ્યું છે, કોને ખબર પતિને ક્યાં સુધી મારું આકર્ષણ રહેશે!

સુધીરભાઈ રમાબહેનની શંકા સાંભળીને ખડખડાટ હસી પડ્યા. બોલ્યા, ‘રમા, આ રૂપ-યૌવન તો બાહ્ય છે. એને આપણા લગ્ન સાથે શું સંબંધ? આપણું તો બે આત્માનું મિલન છે, એ ચિરકાળનું છે.

તારા માટે આજ સુધી હું કુંવારો રહ્યો હતો ને મારા માટે તું. આપણા સુખનો સૂર્ય તો હજી મધ્યાહ્‌ને આવી રહ્યો છે. જો, આજ સુધી વકીલાત કરીને મેં ઘણું કમાઈ લીધું છે. હવે હું વકીલાત છોડી દેવાનો છું અને ચિત્રો કરવાનો છું. આપણે દેશપરદેશ ફરીશું ને સુરમ્ય પ્રકૃતિનો જે હિસ્સો મને સ્પર્શી જાય એને હું કૅનવાસ પર ઉતારીશ.’

‘હુંય તમારાં ચિત્રોમાં રંગ ભરાવા લાગીશ. મનેય ચિત્રો કરવાં ગમે છે.’ પ્રફુલ્લિત સૂરે રમાબહેને કહ્યું.

‘ખરેખર? તો તો આપણા જીવનમાં અદ્ભુત સૌંદર્ય સધાશે. આપણાં એ પેઇન્ટિંગ બેનમૂન બનશે.’

તેઓ આફ્રિકાના જંગલોમાં ફરી આવ્યાં ને હિમાલયનાં ગિરિશૃંગો જોઈ આવ્યાં. ઇજિપ્તના પિરામિડ જોયા ને આપણા દેશનાં મંદિરોય જોયાં. બધું લૌકિક જોયું ને અલૌકિક માણ્યું. અન્યોન્યના સંગે બેઉમાં નવું જોમ આવ્યું.

ક્યારેક રમાબહેન કાવ્ય લખે તો સુધીરભાઈ એને અનુરૂપ ચિત્ર દોરે. બેઉનું એક નવું વિશ્વ સર્જાયું. એમને જોનાર સૌ હેરત પામે છે, બોલે છે: આ લોકોએ કયું અમૃતફળ ખાધું છે કે થાકતાં જ નથી! બસ, આકાશમાં ઊડ્યા કરે છે!

હા, આવો છે પ્રેમનો જાદુ. Love can make you healthier. અને What is happiness? If not the development of our faculties?



૨૧

સ્ત્રી ધારે તો ઘરને સ્વર્ગ બનાવી શકે

કૃતિ પરણીને આવી ત્યારે એના સસરાના કાકા ગામડેથી આવેલા. તેઓ જુનવાણી માનસના. કૃતિ એક વહુ થઈને આધુનિક પાશ્ચાત્ય ઢબના ટૂંકા પોશાકો પહેરે એ જોઈને એની સાસુ મીતાબેને કહ્યું, ‘બેટા કૃતિ, દાદાજી આખી જિંદગી ગામમાં રહ્યા છે, એમનું માનસ જુનવાણી છે, તું આવાં અડધું અંગ ખુલ્લું રહે એવાં કપડાં પહેરીશ તો એમની લાગણી દુભાશે ને ગામ જઈને તારા વિશે કદાચ ઘસાતું બોલશે. એમને એવું લાગશે કે તું એમની આમન્યા નથી પાળતી, તેથી તેઓ નારાજ થશે, માટે તેઓ અહીં છે ત્યાં સુધી તું સહેજ સાચવી લે તો...’

કૃતિ સાસુની વાત સમજવાના બદલે ઊકળી ઊઠી, મોટેથી બોલવા માંડી, ‘કાકાજીનું નામ દઈને તમે તમારા વિચારો મારા પર ઠોકી બેસાડવા માગો છો? પણ કાન ખોલીને સાંભળી લો, હું મને મનગમતા ડ્રેસીસ પહેરીશ. તમારે મને સલાહ આપવાની જરૂર નથી.’

મીતાબેન તો કૃતિની વાત અને એ કહેવાની રીત જોઈને સ્તબ્ધ થઈ ગયાં. ત્યાર પછી તેઓ કૃતિને કંઈ કહેતાં નહીં, પણ ઊંડાણમાં તો એમને ચચર્યા જ કરતું કે કૃતિ ભણેલી છે પણ આ તે એનું કેવું ભણતર જે સામા માણસની વાત સાંભળે નહીં, એના પર વિચારે નહીં! મેં એને કાયમ માટે તો એવા ડ્રેસ પહેરવાની ના નહોતી કહી. હું જાણું છું હવે પહેલાં જેવા મર્યાદાના ખ્યાલ નથી રહ્યા, પણ મારું દૃષ્ટિબિંદુ કે માનસ સમજવાની એનામાં ક્ષમતા જ નથી કે એટલી ધીરજ નથી. એટલું ઊંડાણ નથી કે પરવા નથી!

મીતાબહેનનું મન ઉદાસ થઈ ગયું. તેઓ અંતર્મુખ થઈ ગયાં. હવે પહેલાંની જેમ એ બોલતાં નથી પણ કૃતિ એવી લાગણીવાળી નથી કે સાસુની ઉદાસીનતા એને સ્પર્શે. એ કાયમ પોતાનો જ વિચાર કરતી.

સવારે એ કાયમ મોડી ઊઠતી. રસોડામાં આવે ત્યારે અડધી રસોઈ તૈયાર થઈ ગઈ હોય તોય એ ભોંઠપ ન અનુભવતી. એ વિચારતી કે મારા વર તેજસનો ઘણો મોટો પગાર છે. અમે ભેગાં રહીએ છીએ તેથી સાસુ-સસરાને મજા છે, નિર્વાહની કોઈ ચિંતા નથી. તેથી તેઓ અમને સાચવે જ ને! જાણે કે વરની કમાણી પર એનો એકલીનો જ હક્ક છે, વરનાં માબાપને કોઈ હક્ક નથી. એક વાર કૃતિએ એના વર પ્રદ્યોતને કહ્યું, ‘તું તારી મમ્મીને ઘર ચલાવવા પૈસા આપે છે પણ હિસાબ કેમ નથી માગતો?’

'મમ્મી પાસે પૈસાનો હિસાબ મંગાય? તારામાં કોઈ સેન્સ છે કે નહીં?'

'સેન્સ છે તેથી જ કહું છું. પૈસા કમાતાં તને જોર આવે છે, એ ફેંકી દેવા નથી કમાતો. એ ક્યાં ક્યાં વપરાય એ તો જોવું જ જોઈએ.'

'કૃતિ, મારાં માબાપે મને ઉછેર્યો, ભણાવ્યો, સદાચારી-સંસ્કારી બનાવ્યો તો એમને જોર નહીં આવ્યું હોય?' પ્રદ્યોતે પૂછ્યું.

કૃતિ બોલી, 'તને એમણે જન્મ આપ્યો છે તો તને ઉછેરે, ભણાવે એમાં કંઈ નવાઈ નથી કરતાં. એ તો એમની ફરજ હતી.'

'એમણે એમની ફરજ બજાવી તો મારી કોઈ ફરજ નહીં? આવાં સ્નેહાળ, ઉદાર માબાપ તો નસીબદારને જ મળે. તું આ ઘરમાં કેવી રીતે રહે છે એ શું હું નથી જાણતો? પણ મારાં માબાપે તારા વિરુદ્ધ કદી ફરિયાદ નથી કરી. એમના હૈયે તારો વાંક કદી વસ્યો જ નથી.'

પતિની વાત સાંભળીને કૃતિ એક આંચકો ખાઈ ગઈ. પ્રદ્યોતે ભલે એને એક વારેય ટોકી નથી, એ એની સૌજન્યતા છે, પણ એ કૃતિની રીતભાત, ખામીઓ ગેરવર્તણૂક જાણે તો છે જ અને એના હૈયામાં એનાં માબાપનું સ્થાન જ ઊંચું છે. કૃતિ એક વળ ખાઈ ગઈ. ચોક્કસ, પતિના હ્રદયમાં પોતાનું સ્થાન પ્રથમ નથી. પતિ માટે ગુણિયલ નથી માનતો. આવા વિચારથી કૃતિનો ચહેરો ઝંખવાઈ ગયો.

કૃતિ મિજાજી અને સ્વાર્થી હતી પણ મૂરખ નહોતી જ. ધીરે ધીરે એને ખ્યાલ આવ્યો કે પ્રદ્યોત સાથે એને ઝઘડા નથી થતા પણ પ્રદ્યોતનો પ્રેમ એ પામી શકી નથી. લગ્ન થયાં છે માટે સાથે રહેવું જોઈએ, એટલે પ્રદ્યોત સાથે રહે છે પણ એમાં હૂંફ કે ઉષ્મા નથી. એને પ્રદ્યોતના ઘરમાં સ્થાન મળ્યું છે. એક પત્ની તરીકેના હક્ક-અધિકાર મળ્યા છે. કાયદેસર જે મળવું જોઈએ એ મળ્યું છે, એનાથી વિશેષ કંઈ નહીં. પ્રદ્યોતની સાથે અદ્વૈત તો શું પણ નિકટતાય નથી સધાઈ.

કૃતિએ ધાર્યું હોત તો પતિનો પૂર્ણ પ્રેમ અને સાસુનું વાત્સલ્ય પામી શકી હોત, પરંતુ કંઈ પામવા માટે કંઈ આપવું પડે. દરેક પ્રાપ્તિનું મૂલ્ય ચૂકવવું જ પડે છે. આપ્યા વગર કંઈ મળતું નથી. દાદાગીરી કરીને કે ભીખ માગીને ભૌતિક ચીજ મેળવી શકાય પણ હૃદયને માધુર્ય અને પરમ તૃપ્તિથી છલકાવી દેતો પ્રેમ સ્વાર્થી વ્યક્તિને નથી મળી શકતો.

કૃતિ ક્યારેક કોઈ દંપતીને હસામસ્તી કરતાં કે અન્યોન્યને લાડ કરતાં જુએ ત્યારે એને ખ્યાલ આવતો કે એણે આવો ઉત્કટ ઉમળકો કદી અનુભવ્યો નથી. એણે લગ્ન કર્યાં છે, પણ લગ્ન સાર્થક નથી થયાં. વર મળ્યો છે પણ એનો પ્રેમ નહીં. વિફલતાની લાગણી એને ફોલી ખાવા માંડી, પણ

એનો અહમ્ એટલો મોટો છે કે એ ખુલ્લા દિલથી પતિ પાસે દોડી જઈ શકતી નથી. પ્રેમાળ સાસુને મોકળા મને ભેટી શકતી નથી.

કૃતિ જેવી કેટલીય છોકરીઓ છે. જેમના હોઠ સુધી અમૃતપ્યાલો હોય પણ બે બુંદેય એ પામી શકતી નથી. અહમ્ માણસનો મોટો શત્રુ છે અને લાગણીના ક્ષેત્રમાં તો ખાસ. છોકરીઓને એવું શિક્ષણ નાનપણથી કેમ નથી અપાતું?

માણસનો સ્વભાવ ઘરને સ્વર્ગ બનાવે છે અને માણસનો સ્વભાવ એ જ ઘરને નરક બનાવે છે.

પતિ-પત્નીને ઐક્ય સાધવામાં ઘણી વાર બહારના અંતરાય નડે છે. એ ચાતુર્યપૂર્વક દૂર કરી શકાય છે, પણ ઘણીવાર પતિ કાં તો પત્ની બેમાંથી એકનો સ્વભાવ તોછડો, મિજાજી, અભિમાની, સ્વાર્થી કે લાગણી વગરનો હોય છે ત્યારે ઘર-પરિવારનું સુખ નંદવાઈ જાય છે.

અહીં બીજું કોઈ મદદ ના કરી શકે. એ વ્યક્તિએ પોતે પોતાની જાતને પૂછવું જોઈએ કે હું ક્યાં ઊણી ઊતરી? મેં શું ભૂલ કરી તો મારું જીવન પ્રેમવિહોણું થઈ ગયું? હવે મારે શું કરવું જોઈએ? શી રીતે ભૂલ સુધરે? એણે નિખાલસતાથી પ્રિયજન સમક્ષ પોતાની ભૂલનો એકરાર કરવો જોઈએ.



૨૨

કરે તો ક્યા કરે

સુપ્રસિદ્ધ કવયિત્રી કમલા દાસે એના એક કાવ્ય 'The old playhouse ' — 'જૂનું પુરાણું ખેલાઘર'માં કહ્યું છે: આપણી લગ્નસંસ્થા એક રંગમંચ છે. આ રંગમંચ પર સ્ત્રીએ એના માટે પુરુષો દ્વારા નક્કી થયેલી ભૂમિકા ભજવવાની છે. પતિ કહે એમ બોલવાનું, એ કહે એટલું બોલવાનું, એ કહે એટલું ચાલવાનું અને મોટા ભાગે મૂંગાં રહેવાનું.

સ્ત્રીએ પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ ભૂંસી નાખીને પાળેલી ચકલીની જેમ જીવવાનું છે, પતિના બાંધેલા માળામાં રહેવાનું છે, ઊડવાની ઝંખનાને દાટી દેવાની છે, આકાશના અનંત માર્ગ ભૂલી જવાના. આદર્શ પત્ની થવા સ્ત્રીએ પોતાના હૃદયના ભાવ અને આત્માની માતૃભાષા ભૂલી જવાની છે. પતિના અહમ્ અને તરંગને આંખો મીંચીને પોષ્યા કરવાના છે.

પત્ની થાય પછી પુરુષ સ્ત્રી પાસે અધિકારથી બધું માગે છે. એને પત્નીમાં માતા જોઈએ છે જે એનું ઝીણું ઝીણું જતન કરે, એક સ્ત્રી જોઈએ છે જે અન્નપૂર્ણા થઈને રાંધે, પોતાને મનગમતા સ્વાદ મુજબ રાંધે અને એની બધી વૃત્તિઓને પોષે.

મમતા કાલિયા પણ આવા જ ભાવ એના કાવ્યમાં પ્રગટ કરે છે. એ કહે છે, 'સંસારે અને પતિએ સ્ત્રીનું નામ ભૂંસીને એને અનામી બનાવી દીધી છે. મને હવે નથી લાગતું કે હું મમતા કાલિયા છું. હું કમળા, વિમળા, શાંતા કે કાંતા હોઈ શકું છું. રાંધું છું, ધોઉં છું, બાળકને જન્મ આપું છું, ઉછેરું છું, શોષાઉં છું, ઓછા ભાવમાં નકામાં ચલચિત્રો જોઉં છું, સુખી દેખાઉં છું, ઘરના સામાન સાથે મફત મળતી પ્લાસ્ટિકની બાલદી લઈ આવું છું અને સુખી છું એવો દેખાડો કરું છું. કાંતા, શાંતાની જેમ દર મહિને મારું વજન વધે છે, અને હું સુખી છું, હવે હું મમતા કાલિયા રહી નથી.'

આવાં કાવ્યો વાંચીને હૃદયમનમાં ઊથલપાથલ થાય છે. એક પ્રશ્ન ઉદ્ભવે છે કે આ વર્ણન, આ વાત હૃદયવિદારક છે, પણ એ એક અંતિમ બિંદુની વાત છે. થોડા દાયકાઓ પહેલાં અંતરિયાળ ગામોમાં, પછાત ગણાતી જ્ઞાતિઓમાં સ્ત્રીઓ શોષાતી હતી. પણ હવે ચિત્ર સુધર્યું હોય એવું નથી લાગતું?

શિક્ષિત, જાગ્રત સ્ત્રી પોતાનું શોષણ થવા નથી દેતી. હા, પ્રેમને ખાતર પૂરી સમજપૂર્વક એ પુરુષની જોહુકમી ચલાવી લે છે. પણ તેઓને હૈયે શ્રદ્ધા હોય છે કે ધીરે ધીરે પુરુષ એનાં હેતશૂન્ય વર્તાવ અને વાણી

ભૂલી જશે અને એક પ્રેમાળ જવાબદાર પતિ બનશે. પીડા સહન કરવી એ એના માટે એક સાધના છે.

આ જ છે આપણો ભારતીય આદર્શ કે પ્રેમ જોઈતો હોય તો સંપૂર્ણ પ્રેમમય થઈ જવું. આ આદર્શ કદી જૂનો નથી થતો.

સ્ત્રીને આદર્શભર્યા ગૃહસ્થજીવનનો મોહ વારસામાં મળ્યો હોય છે. એ ગૃહસ્થજીવનનું સુખ પામવા પોતાના બધા અધિકાર છોડી શકે છે. એ ગાઈ શકે છે કે, 'તમે પ્રેમની વાતો કરજો અમે કરીશું પ્રેમ, નહીં તો રાતદિવસનો રસ્તો વ્હાલમ ખૂટશે કેમ?' સ્ત્રીનું મન કોમળ હોય છે. સ્વભાવ ઋજુ હોય છે. આના લીધે એની ઉંમર ભલે વધે પણ એના હૈયાની મુગ્ધતા તો સોળ વરસની છોકરીના હૈયા જેવી હોય છે. એની લાગણીની ઉત્કટતા, તીવ્રતા, વ્યાકુળતા કદી ક્ષીણ નથી થતી. એ પ્રેમ ખાતર જોગણ બની શકે છે.

જોકે આજની સ્ત્રી વ્યવહારુ છે, સ્વનું બલિદાન આપવા તૈયાર નથી થઈ જતી. એણે ઉંબર બહાર પગ મૂક્યો છે, એણે બહારની દુનિયા જોઈ છે, દેશપરદેશની વિચારસરણીથી માહિતગાર થઈ છે. એને શું મળવું જોઈએ, એ શું બની શકે એની બધી જાણકારી એ મેળવી ચૂકી છે. એ એના હક માટે લડે તો કાયદો એના પક્ષે છે તેવું એ જાણે છે.

છતાં ક્યારેક એ જાણી જોઈને મૂંગી રહે છે. કુટુંબની અખંડિતતા અને સર્વ સભ્યોની સુખશાંતિનો વિચાર કરીને એ મૂંગી રહે છે. ક્યારેક એ પોતાનો મત ઉચ્ચારે છે પણ એ એનો Original — એના હૃદયમાંથી પ્રગટ થતો મત નથી હોતો. એણે વરને અનુકૂળ થવું પડે છે. એમ કરવામાં ઘણી બાંધછોડ કરવી પડે છે. એમ કરતાં એને દુ:ખ થાય છે પણ બધું છોડીને ચાલી નીકળવાનીય એનામાં હિંમત નથી.

આપણાં કુટુંબોમાં સ્ત્રીની સાસુ હજી ઘણો મોટો ભાગ ભજવે છે. સંયુક્ત કુટુંબમાં દીકરો એની માનો કહ્યાગરો હોય છે. પોતાના દામ્પત્યજીવનમાં માની દખલ એ ચલાવી લે છે.

કમલેશ સર્જન ડૉક્ટર છે. એની ધૂમ પ્રેક્ટિસ ચાલે છે, એનો ઘણોબધો સમય તો પેશન્ટના નામે લખાયેલો હોય છે. પણ કોઈ વાર સમય હોય ને એ એની નવપરિણીતા પત્ની દેવાંગી સાથે ફરવા જવાનો પ્રોગ્રામ ગોઠવે તો એની મમ્મી પ્રમિલાબહેન કહે, 'દસ મિનિટ રોકાઈ જા ને, હું તૈયાર થઈ જાઉં. મને સુલુમાસીના ઘેર ઉતારતો જજે.' કમલેશને ઉત્તરમાં જવું હોય ને સુલુમાસીનું ઘર દક્ષિણમાં હોય, વળી પ્રમિલાબેન તૈયાર થતાં દસ મિનિટના બદલે અડધો કલાક કરે ને કમલેશ. તથા દેવાંગીનો ફરવા જવાનો મૂડ મરી જાય, તોય કમલેશ કશું બોલી શકે નહીં.

એની મમ્મીને એ એમ ના કહી શકે કે 'તું પપ્પા બહાર નીકળે ત્યારે એમને કહેજે, એ ઉતારતા જશે' કે 'તું બે દિવસ પહેલાં ગઈ હતી તો એટલામાં ફરીવાર કેમ જવું છે?'

ક્યારેક તેઓ મિત્રના ઘેર જતાં હોય તો કહે, 'મોટી મારકીટમાંથી આટલું શાક લેતાં આવજો ને!' કહીને લિસ્ટ પકડાવી દે. દીકરો-વહુ શાંતિથી મિત્ર સાથે ભલે મજા કરે, એવું એમના મનમાં ઊગે જ નહીં.

રાત્રે જમીને કમલેશ તથા દેવાંગી અગાશીમાં બેસીને વાતો કરતાં હોય ત્યારે પ્રમિલાબહેન બૂમ મારે, 'દીકરા, જરા નીચે આવજે ને!' કમલેશ દોડતો નીચે જાય તો ખાસ કામ હોય નહીં, માત્ર રાખધૂળ જેવી વાતો કહેવા દીકરાને પોતાની પાસે બેસાડી રાખે અને દેવાંગી ઉપર બેઠી અકળાય.

દીકરો પરણ્યો છે, એની વહુ સાથે એને બેસવું હોય એવું મનથી સમજે તો ખરાં, પણ પોતાની હક્ક પ્રસ્થાપિત કરવા આવું કરે. એ સમજે નહીં કે આવું કરવામાં એ કેટલાં નીચે ઊતરે છે. વહુને આવી સાસુ તરફ અણગમો જ આવે.

શેફાલી કહે છે, 'મારી સાસુ તો હિતેશ-હિતેશ કહેતાં અમારી રૂમમાં આવી જાય ને પછી જવાનું નામ જ ના દે. હિતેશ પણ એમના એકલાંનો જ રહે.' માએ આવી મનોવૃત્તિ છોડવી જોઈએ.



૨૩

જ્યાં પ્રેમ ન હોય ત્યાં રહેવાય નહીં

હિમાંશુ બહાર જવા તૈયાર થયો એટલે એની પત્ની છાયા પણ તૈયાર થઈ.

હિમાંશુએ પૂછ્યું, ‘તું ક્યાં જાય છે?’

‘તમારી સાથે.’ ઊલટથી છાયાએ જવાબ આપ્યો. એકાદ મહિના પહેલાં જ બેઉનાં લગ્ન થયાં છે. છાયા હોંશથી તૈયાર થઈ હતી. પતિ સાથે બહાર જવાનું મન કોને ન હોય?

પરંતુ સહેજ કઠોરતાથી હિમાંશુએ કહ્યું, ‘મારી સાથે આવવાની તારે જરૂર નથી.’

‘કેમ? કેમ ન આવું? તમારી સાથે આવવાનું મને ગમે છે.’ લાડથી છાયા બોલી.

‘પણ મને નથી ગમતું. ને જો, એક વાત તું સાંભળી લે, હું જ્યાં જાઉં ત્યાં બધે તારે આવવાની જરૂર નથી અને હું ક્યાં જાઉં છું એવી કોઈ પૂછપરછ તારે નહીં કરવાની. તારા બધા પ્રશ્નોના જવાબ આપવા હું બંધાયેલો નથી.’ કડક અવાજે હિમાંશુ બોલ્યો.

પતિના મોંએ આવું સાંભળીને ઘડીભર છાયા ડઘાઈ ગઈ પણ એ શિક્ષિત હતી, પતિની રુક્ષતા કે કઠોરતા જોઈને દબાઈ જાય એવી ન હતી. પોતાના અધિકાર પરત્વે એ પૂરી સભાન હતી. હિમાંશુની જેમ જ એ સંકોચ વગર ભારપૂર્વક સ્પષ્ટતાથી બોલી, ‘તમે મારી સાથે જીવનભરના સંબંધથી બધાયેલા છો, માટે મારા દરેક પ્રશ્નના સંતોષજનક ઉત્તર આપવાની તમારી ફરજ છે. તમારી ગતિવિધિ જાણવાનો મને પૂરો હક્ક છે.’

હિમાંશુએ કોઈ જવાબ ન આપ્યો પણ એનો ચહેરો, એની આંખો, એનું આખું શરીર એના મનનો ઉકળાટ દર્શાવતાં હતાં. ધમધમ કરતો એ ચાલ્યો ગયો. છાયા એની પાછળ ના ગઈ પણ હિમાશું ક્યાં ગયો એની તપાસ તો એણે કરાવી જ.

તો એને જાણવા મળ્યું કે એ રોજ સીમાને ત્યાં જાય છે. સીમા પરણેલી છે. એનો પતિ રાજેશ એક ફર્મમાં જોબ કરે છે. બેઉનો સંસાર સારો ચાલે છે.

પણ સીમાને ગાવાનો શોખ છે. હિમાંશુનેય સંગીતમાં રસ છે. સમાન રસના લીધે બેઉ વચ્ચે દોસ્તી જામી છે. છાયાને પ્રશ્ન થયો કે બેઉ વચ્ચે માત્ર જો દોસ્તી જ હોય તો મને સાથે લઈ જવામાં શું વાંધો? સંગીત તો મનેય ગમે છે. એણે હિમાંશુને કંઈ કહ્યું નહીં પણ સીમાને ફોન કર્યો.

સીમા ખડખડાટ હસીને બોલી, ‘તમે તો ભાઈ સાવ જુનવાણી લાગો છો. તમારા પતિ રસિક છે. એ ઘડી બે ઘડી મારા ઘેર આવે એમાં આટલાં અકળાઓ છો કેમ?’ સીમાના અવાજમાં અવહેલના અને મશ્કરી હતાં.

છાયાને ઘણો ગુસ્સો ચડ્યો, પણ આ બાઈને શું જવાબ અપાય? જ્યાં પતિ જ પોતાનો નથી ત્યાં પારકી સ્ત્રીને શું કહેવું? છાયાએ વિચાર કર્યો કે જો મારા પતિને મારા માટે કોઈ સુકોમળ ભાવ નથી તો હું એના ઘેર શું કામ પડી રહું?

છાયાનું મન હિમાંશુથી દૂર ને દૂર જતું ગયું. એણે હિમાંશુ સાથે બોલવાનું બંધ કર્યું પણ હિમાંશુનાં માનસ કે વર્તનમાં કોઈ ફરક ન પડ્યો. છાયા એની પરણેતર છે, એની સાથે બેવફાઈ ન ચાલે એટલુંય એ ધ્યાનમાં રાખતો નથી. પત્નીને દુ:ખ પહોંચે એવું વર્તન કરતાં એ જરાય અચકાતો નથી. એ પહેલાં જેટલો જ બેપરવા રહ્યો. જીવનસાથી તરીકેની એની ફરજ પ્રત્યે એ જાગ્રત ન રહ્યો. લગ્ન પછી પતિએ પત્નીના થઈને રહેવું જોઈએ એ વાત એણે અવગણી.

પરિણામે છાયાએ એનાં માબાપને કહ્યું, ‘હું હવે એ ઘેર નહીં જાઉં.’

એની મમ્મી કહે, ‘એ બાઈ પરણેલી છે તેથી આ વાત બહુ લાંબી નહીં ચાલે, માટે તું આ પ્રકરણ ભૂલી જા. આવું તો ઘણાંના જીવનમાં બનતું હોય છે.’

‘આ વાત લાંબી ચાલે કે ના ચાલે પણ એ માણસ મારી નજરમાં એટલો બધો નીચો ઊતરી ગયો છે કે એના સાથની મને ઇચ્છા નથી રહી. આ માણસ મારી પાસે આવે, મને પ્રેમ કરે એવા કોઈ કોડ મને નથી. આઇ હેઇટ ધૅટ મૅન.’

દીકરીના મોંએ આ શબ્દો સાંભળ્યા ને પરંપરામાં માનનાર માબાપ ગભરાઈ ગયાં. કહેવા માંડ્યાં, ‘તું ધીરજ રાખ, થોડું સહન કરી લે, બધું સુધરી જશે. સ્ત્રીનો ધર્મ છે કે સહન કરીનેય લગ્ન નિભાવવાં.’

‘જીવનમાં જો કોઈ આર્થિક સંકટ આવે, હિમાંશુને કોઈ માંદગી આવે ત્યારે મારે સહન કરવું જોઈએ, ધીરજ રાખીને મુસીબતો સામે લડવું જોઈએ. ત્યારે પત્ની તરીકે એના પડખે ઊભા રહેવાની મારી ફરજ છે.

પણ આ તો લાગણીની બાબતમાં જ દગો! મારી તરફ વફાદારી નહીં ને બહાર ભટકે એ સહન ન થાય. ત્યાં માફ ન કરાય. જેને મારી

લાગણીની પડી નથી, જે મને અપમાનિત કરે, પીડા આપે એની સાથે હું શું કરવા રહું? હું લાચાર નથી કે એની આશ્રિત થઈને પડી રહું. હું ભણેલી છું, મારામાં કમાવાની ક્ષમતા છે. મારી જિંદગી હું મારી રીતે ગોઠવીશ.'

છાયાની સ્પષ્ટ વાત સાંભળીને એના પપ્પાને થયું, દીકરીની વાત ખોટી નથી. દામ્પત્યજીવનમાં બેવફાઈ ચલાવી ન લેવાય. હવે એ જમાનો ગયો જ્યારે સ્ત્રી પુરુષની ચંચળતા અને લફરાં સામે આંખમિચામણાં કરતી હતી. આધુનિક નારીમાં પોતાના પગ પર ઊભા રહેવાની તાકાત છે. એ લાચાર થઈને, પરવશ બનીને, સ્વમાનના ભોગે સાસરે ન પડી રહે. એકમેકના હૃદયમાં સાચા પ્રેમનો સંબંધ જ ન રહ્યો હોય તો પછી એ લગ્ન લગ્ન જ નથી રહેતું. લગ્ન પાછળની ભાવના નષ્ટ થાય પછી એ ખોખલા સંબંધને છોડી દેવી એ જ સલાહભર્યું છે.

હિમાંશુને છાયાની લાગણીની કંઈ પડી નથી, તો છાયાએ શું કામ હિમાંશુનું નામ જપ્યા કરીને એના ઘેર પડી રહેવું? હિમાંશુ લગ્નસંબંધની પવિત્રતા અને મર્યાદા સમજતો જ નથી. એનામાં નિષ્ઠા નથી. એ જાણી જોઈને બેવફા થાય છે, છાયાના પ્રેમને તિરસ્કારે છે, તો અપમાન સહન કરીને આધુનિક શિક્ષિત છાયા ત્યાં ના પડી રહે. દરેક સંસ્કૃતિ લગ્નને પવિત્ર ગણે છે, પણ લગ્નથી જોડાનાર વ્યક્તિ લગ્નને શું માને છે એ ઉપર જ લગ્નની સફળતા કે નિષ્ફળતાનો આધાર છે.

અદ્વૈત સાધવાની લગ્નની જે પવિત્ર ભાવના છે એટલી ઊંચી કોટિએ પતિ-પત્ની ના પહોંચી શકે, તોય બેઉનું મોં તો એ દિશામાં હોવું જ જોઈએ. એકબીજા પ્રત્યે વફાદાર રહેવું જ જોઈએ. સ્ત્રી રોટી, કપડાં અને મકાન મેળવવા જ લગ્ન નથી કરતી, એ પ્રેમ ખાતર લગ્ન કરે છે.

અન્યોન્ય તરફ પ્રેમ અને સંપૂર્ણ વફાદારી એ લગ્નની પહેલી શરત છે. લગ્નવિધિ વખતે માયરામાં કાચા સૂતરનો લાંબો ફાળકો કન્યા અને વરના કંઠમાં આંટી દઈને એક સાથે પહેરાવવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ વરમાળા સોનાની, ચાંદીની કે રેશમની ના ચાલે. રેશમ હિંસાથી પ્રાપ્ત થાય છે, સુવર્ણ અને ચાંદી એ ધાતુ છે; તેની સખતાઈ બેડી થઈ જાય તેથી તે ત્યાજ્ય છે, જ્યારે કાચું સૂતર પવિત્ર, પોચું, નિર્મળ છે. તે પ્રેમ રૂપી મજબૂત અને પવિત્ર બંધનનું પ્રતીક છે. પણ જ્યાં પ્રેમ નથી ત્યાં સહજીવનનો કોઈ અર્થ નથી.



૨૪

ખોટી માગણીને તાબે ના થાઓ

મનાલીએ સાસરે પગ મૂક્યો તે દિવસથી એનાં સાસુ ગૌરીબેનની કચકચ શરૂ થઈ ગઈ હતી. હજી ઘરમાં લગ્ન નિમિત્તે આવેલાં સગાં વિદાયે નહોતાં થયાં ને એમણે બોલવાનું શરૂ કરી દીધું હતું, ‘લગ્નમાં એક જ મિષ્ટાન્ન રાખ્યું હતું. આજકાલ તો હાલીમવાલીયે બે-ત્રણ મિષ્ટાન્ન રાખે છે. મારા ભત્રીજાને તો આઇસક્રીમે ધરાઈને ખાવા નહોતો મળ્યો. મેં તારા ભાઈને મંગાવી આપવા કહ્યું તો ના મંગાવી આપ્યો. સાવ નકટો છે તારો ભાઈ. મને તો લગ્નની હોંશ જ પૂરી ના થઈ.’

આવી વાતોથી મનાલી મનમાં અકળાય છે પણ વિવેક ખાતર બોલતી ન હતી. એ નાહકનો ઝઘડો વહોરવા નહોતી માગતી. પણ ગૌરીબહેન છાલ છોડે એવાં ન હતાં. એમની ઉંમર પચાસ વર્ષની હતી પણ બુદ્ધિ પરિપક્વ ન હતી. સ્વભાવમાં પ્રેમ નહીં પણ નિષ્ઠુરતા હતી. ખાનદાની નહીં નિર્લજ્જતા હતી. ઘરમાં બધાં બેઠાં હતાં ત્યારે કહે, ‘આપણા અપૂર્વનું શીતલ જોડે લગ્ન કર્યું હોત તો સારું થાત. ૫૦ તોલા સોનું ઉપરાંત હીરામોતીના સેટ લાવત ને આમ આપણે કહેત એ પ્રમાણે જાનને જમાડત. આ મનાલીના બાપે તો કંઈ કર્યું નહીં.’

થોડી વાર અટકીને પાછાં કહે, ‘મારી બહેનના પ્રશાંતની વહુ એની નણંદ માટે સોનાનાં બૂટિયાં લાવી હતી અને પેલા કુમારની વહુએ એની નણંદને પોતાનો બે તોલાનો અછોડો આપ્યો હતો. ખાનદાન ઘરની છોકરી એને કહેવાય. સારી મોંઘી ચીજ નણંદને આપે. નણંદને આપીને રાજી થાય. મારા ભત્રીજાની વહુએ તો એની નણંદને કહી દીધું હતું: મારા ડ્રેસમાંથી જે ગમે એ પસંદ કરી લો. હોંશીલાં સગાંનો ફેર પડી જાય.’

મનાલીને સંભળાવવા, એને નીચી પાડવા ગૌરીબહેન જાતજાતની વાતો કર્યા કરે. મનાલી ગૌરીબહેન પાસે તો ચૂપ રહી પણ એના વર અપૂર્વને એણે કહ્યું, ‘મમ્મી મનફાવે એમ બોલે છે ને તું ચૂપ કેમ રહે છે?’

‘શું બોલું? મને ઝઘડા પસંદ નથી.’

મનાલીએ પતિને કંઈ કહ્યું નહીં પણ સાસુને શાંતિથી કહ્યું, ‘મમ્મી, અમારી શક્તિ મુજબ હું લાવી છું, છતાં તમને સંતોષ ના હોય તો મેં જેટલું તમને આપ્યું છે એ મને પાછું આપો; હું એ લઈને મારા પપ્પાના ઘેર જવા માગું છું.’

'તારા પપ્પાના ઘેર કેમ જવું છે? મારી હોંશ મુજબ એ વધારે કરિયાવર કરશે?' સાસુએ પૂછ્યું.

'ના, મારા પપ્પાની આનાથી વધારે શક્તિ નથી.' સ્પષ્ટતાથી મનાલીએ કહ્યું.

'કેમ, એ કમાતા નથી? દીકરી અવતરે ત્યારથી માએ તો લગ્નનું વિચારીને વેત કરતાં રહેવું જોઈએ.'

મનાલી બોલી, 'પણ મારા પપ્પાને હું એક નથી. મારે બીજી એક બહેન છે ને ભાઈ છે. અમે બે બહેનો અને મારી ભાભી — અમને ત્રણેને સરખું આપે ને એમના ઘડપણનો પ્રોવિઝન એમણે નહીં કરવાનો? અને જો તમને કરિયાવરનો આટલો મોહ છે તો લગ્ન પહેલાં ચોખવટથી વાત કરવી હતી. મારાં મમ્મી-પપ્પાએ ખાસ તમને પૂછ્યું હતું ત્યારે તમે જ કહ્યું હતું કે અમારી કંઈ માગણી નથી.'

'એ તો બોલવા ખાતર બોલીએ પણ મારો છોકરો બી.ફાર્મ. છે. એને મફતમાં જમાઈ તરીકે લઈ લેવાનો? તારા બાપે જેટલું આપ્યું હોત એટલી એમની શોભા વધત.'

'મમ્મી, કરિયાવર માગવો કે એ લાવવા માટે વહુને કનડવી એ ગુનો છે, એ તમે જાણતાં નથી? સાસુ-સસરા વહુને કરિયાવર માટે સતાવતાં હોય ને વર ચૂપ રહે તો એ મોટો ગુનેગાર છે. હું આવા ઘરમાં રહેવા નથી માગતી.' કહીને પોતાની બધી ચીજવસ્તુઓ લઈને મનાલી પિયર આવતી રહી.

આજની શિક્ષિત છોકરીનાં માબાપ સાસરિયાની માગણીને તાબે ના થાય છતાં પણ મનાલીનાં માબાપ દીકરીને પાછી આવેલી જોઈને ગભરાઈ ગયાં. એ વધારે કરિયાવર આપવા તૈયાર થયાં. આ જોઈને મનાલી કહે, 'તમે ચિંતા ન કરો. આવાં લાલચુ માબાપ અને દૈવત વગરના એમના દીકરાના સંગે હું સુખી ના થાત. હું અહીં પિયરમાં રહીશ તો શાંતિથી રહી શકીશ અને જૉબ કરીને સ્વમાનથી જીવી શકીશ.'

સાસરું છોડીને મનાલી ગઈ પછી અપૂર્વની આંખ ઊઘડી. પોતાની મમ્મીએ કેવો હલકો વર્તાવ કર્યો છે એ સમજાયું. એ સમયે પોતે ચૂપ રહ્યો માટે પોતાની જાત પર ચીડ ચડી. એને થયું, મમ્મી તો લાલચુ છે જ, મારા પપ્પાએ એની વૃત્તિને પોષ્યા કરી અને હું જોતો રહ્યો. આડકતરી રીતે મેં મમ્મીને ઉત્તેજન આપ્યું કહેવાય. હું મનાલીનો ગુનેગાર છું. મારે એની માફી માગીને પાછી લાવવી જોઈએ.

આવું વિચારીને એ મનાલીને તેડવા ગયો. મનાલી કહે, 'મને તો જે દહેજ માગે એના માટે નફરત જ થાય. અને મારો વર જો એવી અઘટિત

માગણી સાંભળ્યા કરતો હોય તો એવા વર સાથે રહેવા કરતાં એકલાં રહેવું વધારે સારું છે.’

‘મનાલી, દહેજ માટે હવે તને કોઈ એક શબ્દેય નહીં કહે. અને કદાચ જો મમ્મી માગશે તો આપણે જુદાં જઈશું.’ અપૂર્વે કહ્યું.

આજના સમાજે સમજી લેવું જોઈએ કે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાનતાના વાતાવરણમાં ઊછરેલી આજની યુવતી સાસરિયાંની ખોટી માગણીઓને નહીં સંતોષે. વહુ થઈને આવેલી યુવતીને મહેણાંટોણાં મારીને વ્યથા પહોંચાડવી, એની પાસે ચીજવસ્તુઓની માગણી કરવી એ કાયદેસર રીતે ગંભીર ગુનો છે, અને માનવતાની દૃષ્ટિએ પણ મોટો ગુનો છે. આવું લાગણીહીન વર્તન સહન કરવું એ હવે સ્ત્રી માટે સદ્ગુણ નથી ગણાતો. સ્ત્રીએ નીડરતાથી અન્યાયનો પ્રતિકાર કરવો જોઈએ.

દીકરીનાં માબાપે પણ આવી માગણીઓને તાબે થવું જોઈએ નહીં. દીકરીનાં સાસરિયાંની ખોટી માગણીને સંતોષ્યા કરવાના બદલે એમને પાઠ ભણાવવો જોઈએ.

આપણા સમાજમાં દીકરીનાં માબાપનાં મનમાં સૈકાઓથી એવી માન્યતા ઘર કરી ગઈ છે કે દીકરીનાં માબાપે દીકરીનાં સાસરિયાંથી દબાતાં રહેવાનું, તૂટી જઈને પણ એમની માગણીઓ પૂરી કરવાની, નહીં તો તેઓ દીકરીને દુ:ખી કરશે. હવે સમાનતાનો યુગ આવ્યો છે. દીકરી પરણાવી એ ગુનો નથી કર્યો કે લાચારીથી એમની ઇચ્છા પાર પાડ્યા કરવી. જરાય દબાયા વગર આંખમાં આંખ મિલાવીને જમાઈ તથા એનાં માબાપ સાથે વાત કરવી જોઈએ અને દીકરીએ પણ સાસરે ખોટી સતામણી સહન નહીં કરવાની.



૨૫

અને નેહાએ ઘર છોડી દીધું

વાજતેગાજતે બહુ ધામધૂમથી નેહાનું મયૂર સાથે લગ્ન થયું. લગ્નના બીજા અઠવાડિયે એની સાસુ કુસુમબહેન કહે, ‘નેહા, તું તો એમ.એ. ફર્સ્ટક્લાસ છે; ક્યાંક જોબ શરૂ કર.’

આવું સાંભળ્યું ને નેહાના હરખનો પાર ના રહ્યો. એને થયું, સાસુ કેટલાં આધુનિક છે! વગર પૂછ્યે સર્વિસની રજા આપી. હવે હું કંઈક કરીશ, કંઈક બનીશ, મારા પૈસા કમાઈશ. પૈસા તો તાકાત છે. મારી સ્વતંત્ર ઓળખ ઊભી થશે.

નેહાએ પ્રયત્નો કર્યા ને એક ઑફિસમાં સર્વિસ મળી ગઈ. મહિનો પૂરો થયો ને એના હાથમાં પગારનો ચેક આવ્યો. ખુશ થતાં એણે ચેક મયૂરના હાથમાં મૂક્યો ને કહ્યું, ‘મારે તો ખાતું ખોલાવવું પડશે. મારા નામનું ખાતું જ નથી.’

‘હા, આપણે જોઇન્ટ ખાતું ખોલાવી દઈશું.’ મયૂરે કહ્યું.

‘કેમ જોઇન્ટ?’ નેહાએ પૂછ્યું.

‘વ્યાવહારિક રીતે એ સલાહભર્યું છે. તું આઘીપાછી હોય તો મારી સહી ચાલી શકે.’ બને એટલા શાંત સૂરમાં મયૂરે જવાબ આપ્યો.

એક જ મહિનો બહાર ઑફિસમાં કામ કરવાથી નેહામાં કુનેહ તથા હિંમત આવી ગયાં હતાં. એણે પૂછ્યું, ‘તમારું ખાતું છે ને?’

મયૂર ચમક્યો. બોલ્યો, ‘કેમ તેં એવું પૂછ્યું? મારું ખાતું તો હોય જ ને!’

‘ના રે, અમસ્તું.’ નેહાએ સમજદારીપૂર્વક વાતનો ફોડ ના પાડ્યો. પણ એના મનમાં ચમકારો તો થયો જ કે મારા ખાતામાં જો તમારું નામ હોય તો તમારા ખાતામાં મારું નામ દાખલ કરાવવાની વાત કેમ ના ઉચ્ચારી?

એને ખ્યાલ આવી ગયો કે પતિ મારી કમાણી પર હક રાખવા માગે છે. એની નજરમાં પતિ ઊતરી ગયો. પણ પછી પાછી એ વિચારવા લાગી કે દુનિયામાં બધા સંબંધોમાં સૌથી નિકટનો સંબંધ પતિ-પત્નીનો કહેવાય; ત્યાં અન્યોન્યથી કંઈ છુપાવવાનું હોય નહીં. મારે શંકા રાખવાની જરૂર નથી.

ચારેક મહિના ગયા ને એક દિવસ મયૂર કહે, ‘નેહા, મારે થોડા પૈસા જોઈએ છે.’

‘કેમ?’ નેહાએ પૂછ્યું. એવું પૂછવાનો પત્ની તરીકે એનો અધિકાર હતો.

પરંતુ મયૂર ઘાંટો પાડીને બોલ્યો, ‘બધું મારે તને જણાવવું પડશે?’ મયૂરની રીતથી નેહા ગભરાઈ ગઈ. એ બોલી, ‘મેં તો અમસ્તું જ પૂછ્યું હતું.’

મયૂરે કોઈ જવાબ ના આપ્યો, પણ નેહાના ખાતામાંથી પૈસા ઉપાડી લીધા. થોડા મહિના થાય એટલે મયૂર પૈસા ઉપાડી લેતો. મયૂર પૈસાનું શું કરે છે એ નેહા જાણી ન શકી.

મયૂરને કોઈ વ્યસન ન હતું, લફરું ન હતું, પણ પોતાના કમાયેલા પૈસા પોતાના હાથમાં ના રહે અને મયૂર ઉપાડી લે એ નેહાને ના ગમ્યું.

નેહાના સસરા હતા નહીં. ઘરમાં સાસુનું રાજ ચાલતું. નેહાને કોઈ સ્વતંત્રતા ન હતી. નાનામાં નાની વાતમાં સાસુને પૂછવું પડતું. મયૂર પર પણ એની માની સત્તા ચાલતી.

નેહા કોઈ વાર ઝુંઝલાહટથી બોલતી, ‘આપણે આપણી રીતે જીવવાનું જ નહીં?’

‘તારે તારી રીતે જીવવું હોય તો બહાર નીકળ.’ તુચ્છકારથી મયૂર બોલ્યો.

‘ચાલ, આપણે બેઉ નીકળીએ.’ નેહાએ ખચકાયા વગર કહી દીધું.

‘હું તારી સાથે આવું? નેહા, મારા માટે મારી મમ્મી પહેલાં ને પછી તું.’

‘હું તારી મમ્મી વિરુદ્ધ તને ચડાવતી નથી, પણ મમ્મીથી શું કામ આટલાં દબાતાં રહેવાનું? મમ્મીને હું આટલાં સાચવું છું, ઑફિસ જતાં પહેલાં રસોઈ કરી લઉં છું, સાંજે ય રસોઈ હું જ કરું છતાં એમને મારા માટે કોઈ ભાવ નથી. આખો દિવસ કામ કામ ને કામ. હુંય થાકું છું. હું સર્વિસ છોડી દેવા વિચારું છું.’

‘સર્વિસ છોડવાની નથી. ઘરમાં બેસીને તારે તો એય મજા કરવી હશે. પણ મારા ઘરમાં એવી મનમાની નહીં ચાલે.’

‘સર્વિસ કરવાની મને તમે ફરજ ન પાડી શકો. મારે સર્વિસ કરવી જ પડશે એવું લગ્ન વખતે તમે કહ્યું ન હતું.’ નેહા બોલી.

દલીલો કરવામાં વાત વધી પડી ને મયૂરે નેહાને તમાચો ઠોકી દીધો.

એક વાર હાથ ઊપડ્યો એટલે મર્યાદા છૂટી ગઈ. મયૂરે અવારનવાર હાથ ઉપાડવા માંડ્યો. નેહા જોતી કે મયૂર ઝઘડો કરે ત્યારે એની સાસુ ખુશ થતાં ને માને ખુશ કરવા મયૂર નેહાને ખાસ દબાવતો, હાથ ઉપાડતો.

નેહા દેખાવમાં સુંદર હતી. સ્વભાવે પ્રેમાળ, આનંદી ને કામગરી હતી. એ પતિ કે સાસુને દૂભવવા કે અપમાનિત કરવા નહોતી ઇચ્છતી. એની શક્તિ કરતાંય વધારે એ કામ કરતી પણ વર અને સાસુનાં હૈયે એનો ગુણ વસ્યો જ નહીં. બેમાંથી એકે જણે વાણી કે વર્તન સુધાર્યાં નહીં, લાગણી દર્શાવી નહીં.

નેહાએ વિચાર્યું: ઘરસંસાર સ્નેહથી ચલાવવાની ઘરમાં રહેનાર બધાંની ફરજ છે. પણ વર ને સાસુ તો સહકાર આપતાં નથી. તો હું ક્યાં સુધી સહન કરું? શું કામ સહન કરું? એમની દાનત જ દુષ્ટ છે. હવે જે કરવાનું છે એ મારે કરવાનું છે. આમ વિચારી, સમાજ શું કહેશે, સગાંવહાલાં શું કહેશે, માબાપની આબરૂ જશે એવા બધા ડર મનમાંથી કાઢી નાખ્યા, ખોટી ઇજ્જતનો મોહ છોડી દીધો ને નેહાએ વર અને ઘર છોડી દીધાં. હિંમતથી સમજીવિચારીને છૂટાછેડા લઈ લીધા.

આજથી બે-ત્રણ દસકા પહેલાં આપણા સમાજમાં પત્ની પર સંપૂર્ણપણે પતિની હકૂમત ચાલતી. સ્ત્રી ભણેલી હોય, સંસ્કારી હોય, કમાતી હોય છતાં ઘરમાં તો એને દબાતાં જ રહેવું પડતું. એ એનો સ્વતંત્ર અભિપ્રાય ઉચ્ચારી શકતી નહીં. પતિને પૂછ્યા વગર કોઈ નિર્ણય લઈ શકતી નહીં. એનું સ્થાન ગૌણ જ રહેતું.

પરંતુ હવે સ્ત્રી-પુરુષ સમાન છે, એ વિચારસરણીએ સ્ત્રીને હિંમત આવી છે. પોતાના હક માટે લડવાનું એનામાં જોમ આવ્યું છે. એ સ્વમાન અને ન્યાય ખાતર ઘર, પતિ, બાળકો છોડી શકે છે. સ્વાવલંબી બનીને જીવી શકે છે.

હવે સ્ત્રીએ માથું ઊંચક્યું છે, એ ડરતી નથી તેથી સામે કેટલાંક દલીલ કરે છે: સ્ત્રીએ એની સહનશીલતા અને ધીરજનો ત્યાગ ના કરવો જોઈએ. ઘરનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો આધાર સ્ત્રી પર છે. સ્ત્રીએ પોતાની જાતને મિટાવી દઈને ભારતીય સંસ્કાર પ્રમાણે પતિ ખાતર જીવવું જોઈએ. પરંતુ શું સ્ત્રીએ મયૂર જેવા નિર્બળ અને સ્વાર્થી પતિને વશ રહીને અન્યાય સહન કરવો જોઈએ? મયૂરે નેહાની કદર કરવી જોઈએ. ઘરકામમાં એને મદદ કરવી જોઈએ. નેહાના પૈસાનો વહીવટ નેહાના હાથમાં જ રાખવો જોઈએ અથવા તો એને પૂછીને, એની ઇચ્છા જાણીને કરવો જોઈએ. પણ એણે તો નેહાને સાધન ગણી, એ નેહા શી રીતે સાંખી શકે?



૨૬

તારાં સુખ-દુઃખ અને માન-અપમાનની જવાબદારી મારી છે

અર્ણવ શિક્ષિત, સંસ્કારી, સોહામણો અને સારું કમાતો નવયુવાન છે. ઈશાની અને એનાં મમ્મી-પપ્પાને એ પસંદ પડ્યો હતો.

પરંતુ એનું સંયુક્ત કુટુંબ હતું. ઈશાની જો અર્ણવને પરણે તો એને સંયુક્ત કુટુંબમાં રહેવું પડે, તેથી એનાં મમ્મી-પપ્પા અચકાતાં હતાં. તેઓ કહે, 'સંયુક્ત કુટુંબમાં વહુ પાસેથી ઘણીબધી અપેક્ષાઓ રાખવામાં આવે છે. નાનાં-નાનાં બિનજરૂરી કામો જે ગમે તે કરી શકે તે આદર અને લાગણીના નામ પર વહુએ દરરોજ કરવાં પડે છે. આપણી ઈશાની તો રાજકુંવરીની જેમ ઊછરી છે, એ એવા પરંપરાગત રૂઢિવાળા ઘરમાં સુખેથી રહી શકશે?'

પરંતુ ઈશાનીએ કહ્યું, મને અર્ણવ પસંદ છે એટલે હું બધું વેઠી લઈશ. તમે મારી ચિંતા ના કરો.'

માબાપને થયું, ઈશાની પોતાના મનથી વસ્તારી કુટુંબ પસંદ કરે છે એટલે એ ત્યાંની શિસ્ત અને પ્રથાને અનુકૂળ થઈને રહી શકશે. આમ ઈશાનીનાં અર્ણવ સાથે લગ્ન થયાં.

સંયુક્ત કુટુંબમાં બધી વસ્તુઓ સહિયારી જ મનાય છે, એટલે એક સભ્યની ચીજવસ્તુ બીજો સભ્ય બેધડક વાપરે. સંયુક્ત કુટુંબમાં રહેનારમાં ઉદારતા અને સહિષ્ણુતા હોય તો જ બધાંને પ્રિય થઈ પડે. એવું ઈશાનીએ સાંભળ્યું હતું. આજ સુધી ઈશાનીએ જે માગ્યું એ માબાપે આપ્યું છે, ઈશાનીને કદી મન મારવું નથી પડ્યું કે વસ્તુ વહેંચીને વાપરવી નથી પડી. પિયરના ઘરમાં જે હતું એ બધા પર એનો અબાધિત હક હતો.

પરંતુ અહીં તો ઈશાનીનાં જેઠ-જેઠાણી, એમનાં સંતાનો, દિયર, નણંદ, સાસુ-સસરા અને વડસસરા છે. નણંદ કૉલેજમાં જાય છે. ઈશાનીના મોંઘા કલાત્મક ડ્રેસ જોઈને એનું મન લલચાય છે. એક વાર એણે ઈશાની પાસે ડ્રેસ પહેરવા માગ્યો ને વગર ખચકાટે ઈશાનીએ આપ્યો. પછી તો નણંદને માગવાની ટેવ જ પડી ગઈ. આવી જ રીતે દિયર અવારનવાર પૈસા માગે છે ને ઈશાની આપે છે. એ એક વારે પૂછતી નથી કે તમને ખિસ્સાખર્ચ નથી મળતો? શું કામ વધારે પૈસા જોઈએ છે? ફટ દઈને પૈસા આપે છે ને દિયર રાજી રાજી થાય છે.

જેઠનાં સંતાનો 'કાકી, તમારું સ્પ્રે આપોને, કાકી તમારી વૉચ આપોને, કાકી તમારું આ આપોને, તે આપોને' એમ સસ્તી-મોંઘી વસ્તુઓ માગ્યા જ કરે ને ઈશાની હસતા મોંએ આપે છે.

ક્યારેક અર્ણવ હસીને કહે છે, 'તું બહુ ખોટી ટેવો ન પાડીશ, નહીં તો આ તો ગમેતેવી મોંઘી ચીજ માગશે ને તે બગડી જશે તો પછી તારો જીવ બળશે.'

ઈશાનીએ કહ્યું, 'એમાં જીવ શું બાળવાનો? ચીજ તો મારાથીય બગડે. ચીજ વાપરવા માટે છે; હું વાપરું કે એ વાપરે.' અર્ણવ તો ઈશાનીની સ્નેહાળ ઉદારતા જોઈને વિસ્મય પામી ગયો. એને તો હતું કે ઈશાની એનાં માબાપની એકની એક દીકરી છે, એ તો કેવીય સ્વકેન્દ્રી, અભિમાની, અતડી અને મિજાજી હશે. જ્યારે આની ઉદારતા તો ઘરનાં બધાં કરતાં ચડી જાય એવી છે. અર્ણવને ઈશાની માટે પ્રેમની સાથે સાથે આદર પણ થયો.

ઘરનાં બધાં ઈશાનીથી ખુશ છે, પણ એની સાસુને કોને ખબર કેમ ઈશાનીની નમ્રતા, સૌમ્યતા કે વિનયવિવેક સ્પર્શતાં નથી.

ક્યારેક એ પોતાની સત્તાનો પરચો બતાવવા ઈશાનીને કઠોર શબ્દોમાં વગર વાંકે ઠપકો આપે છે, ત્યારે ઈશાનીને મનોમન બહુ લાગી આવે છે. પણ વાત વધી ન જાય, ખોટી રીતે ઘરમાં કંકાસ ના થાય માટે એ ચૂપ રહે છે, ગમ ખાય છે. પતિનેય વાત નથી કરતી.

પણ અર્ણવનાં આંખો અને કાન ખુલ્લાં છે. ઈશાની એને કોઈ ફરિયાદ નથી કરતી પરંતુ એ પોતાની માનું અયોગ્ય વર્તન જાણી શક્યો હતો. એને માનું વર્તન જરાય પસંદ નહોતું આવ્યું.

એક વાર સાસુ ઈશાનીને કર્કશ શબ્દોમાં કંઈક કહેતાં હતાં ત્યારે અર્ણવ અચાનક ત્યાં પહોંચી ગયો અને ધીમા પણ ભારપૂર્વક અવાજે કહ્યું, 'મમ્મી, ઈશાની તમારો વડીલ તરીકે આદર કરે છે તો તમે એને દીકરી કેમ નથી માનતાં?'

ઈશાનીનાં સાસુ ચોંકી ઊઠ્યાં. એમને તો ખ્યાલ જ નહીં કે એમનો પોતાનો દીકરો વહુનું ઉપરાણું લઈને એમને આવી રીતે બોલશે. અર્ણવે આજે તો માને સાફ સાફ કહેવાનું નક્કી કર્યું જ હતું. એ બોલ્યો, 'મમ્મી, અવિનય માફ કરજો પણ કડવો શબ્દ માણસને વાગે જ છે. તમે વડીલ તરીકે સ્નેહ અને મીઠાશથી જે કહેવું હોય એ કહો, આપણું આખું કુટુંબ વિભાજિત થયા વગર એકસાથે રહે તેવું તમે ઇચ્છતાં હો તો આવો અન્યાય ન કરો. આનાથી અમારું દિલ દુભાય છે.'

અર્ણવે જ્યારે એની મમ્મીને કહેવાનું શરૂ કર્યું ત્યારે ઈશાની ત્યાંથી ખસી ગઈ હતી. એને માણસના સ્વભાવ અને મનનું જ્ઞાન છે. એણે વિચાર્યું

કે અર્ણવ પત્ની પરના પ્રેમના લીધે ઉશ્કેરાઈને મમ્મીને કહે એ પળે પોતે ત્યાં હાજર હોય તો સાસુ પણ એને અપમાન સમજીને સામો ઉશ્કેરાટ કરે જ. દીકરાની સાચી વાત પણ એ સાંભળી ના શકે અને ઝઘડો થાય. એમાં તો આખું ઘર ખળભળી ઊઠે, એ બરાબર નહીં. સાસુ છોભીલાં પડે એમાં મારો વિજય નથી. સાસુના હૈયામાં કુદરતી રીતે મારા માટે મમત્વ જાગે અને આંખમાં અમી આવે તો જ સાસુવહુનો સંબંધ હેતભર્યો બને, એ સંબંધની ગરિમા સચવાય.

એકાંતમાં ઈશાનીએ અર્ણવને કહ્યું, ‘તમારે અમારા સાસુવહુના મામલામાં વચ્ચે નહોતું બોલવું જોઈતું.’

‘હું ના બોલું એ કેમ ચાલે? તારો હાથ પકડીને હું તને આ ઘરમાં લાવ્યો છું, અથવા તો મારો હાથ પકડીને તું કેટલી મહેચ્છાઓ સાથે આ ઘરમાં આવી છે! તું આ ઘરનાંને હેતથી સુખી કરવા મથી રહી છે. તારી કદર કરવાના બદલે મમ્મી ઊંચા અવાજે સખતાઈથી વારંવાર કંઈ કહે તો વચ્ચે બોલવાની મારી જવાબદારી બને છે. તારાં સુખ-દુ:ખ અને માન-અપમાનની જવાબદારી મારી છે.

તું ભાવનાશીલ છે, આદર્શવાદી છે તેથી વિવેકથી સાંભળી લે છે. પણ ક્યાં સુધી આમ દબાતી રહીશ? એક દિવસ તારી સહનશીલતા ખૂટે, ધીરજ ના રહે ને વિસ્ફોટ થાય એ પહેલાં મમ્મીને ચેતવી દેવાની જરૂરત હતી. અને એ મારે જ કરવું જોઈએ.’

સંયુક્ત કુટુંબની એકતા જાળવી રાખવી હોય તો દરેક સભ્યની દૃષ્ટિથી વિચાર કરવો જોઈએ. દરેકનું મન સચવાય, માન સચવાય તો જ મીઠાશ રહે, ઘરમાં કોઈનું શોષણ ના થવું જોઈએ.

આજથી થોડાં વરસો પહેલાં શાંત રહીને અન્યાય, દુ:ખ સહન કરવાની સ્ત્રીની ફરજ મનાતી હતી. ખોટી રીતે ઠપકો મળે, શોષણ થાય તોય ચૂપ રહેવામાં સ્ત્રીની શોભા ગણાતી.

આપણા દેશમાં જ નહીં પણ અન્ય દેશો જેવા કે રશિયા, ઝેકોસ્લોવેકિયા, જાપાન, ઈરાન બધે જ મનાતું હતું કે ઘરની શાંતિનો આધાર સ્ત્રી પર છે, માટે સ્ત્રીએ શાંત, સહિષ્ણુ રહેવું અને દુ:ખ વેઠીને ઘરનાંને સુખી કરવાં જોઈએ.

પરંતુ આધુનિક યુગ સમાનતાનો છે. ઘરમાં શાંતિ રાખવાની સ્ત્રી અને પુરુષ બેઉની સરખી જવાબદારી મનાય છે. ઘરમાં મતભેદ ઊભા થાય તો તરત નિરાકરણ લાવવું જોઈએ. સ્ત્રીએ ખોટી રીતે સહન કરવાની જરૂર નથી.

દરેક ઘરમાં વાદવિવાદ કે ચડભડ થાય છે. મતભેદ પણ સર્જાય છે. ક્યારેક નાની વાતમાં એકાદ સભ્ય જીદ પર ચડી જાય અને ગરમાગરમી

થઈ જાય, કોઈ વાર એની મેળે બધું શાંત પડી જાય અને ભુલાઈ જાય. પરંતુ ક્યારેક બહારથી બધું શાંત પડી જતું દેખાય પણ અંદર કડવાશ રહી ગઈ હોય અને એ અંદર ને અંદર ઘૂંટાઈને ક્યારેક ભભૂકી ઊઠે છે.

આવું ન બને એ માટે ઘરના મોભીએ ઝઘડાના મૂળ સુધી પહોંચીને ગેરસમજ દૂર કરી વાતનો નિવેડો લાવવો જોઈએ, જેથી કરીને ફરીથી એ મુદ્દા પર ઝઘડો ન થાય.

ઘરની વહુ નમ્રતા, ધીરજ, વિનય અને ઉદારતા દાખવે એ નબળાઈ ન ગણાવી જોઈએ. એનો ખોટી રીતે ગેરલાભ ન ઉઠાવાય એ જોવાની ફરજ એના વરની છે.

દરેક સંબંધમાં સમાનતા, સૌજન્ય, સદ્ભાવ અને સ્નેહ જોઈએ; તો જ કુટુંબ અખંડિત રહે.

આપણા સમાજની પુરાણી પ્રથા અનુસાર પરાયા ઘરની દીકરી પોતાની ચિરપરિચિત સૃષ્ટિને એક ક્ષણમાં છોડીને પોતાને લગભગ અજ્ઞાત, અપરિચિત, અનનુભૂત એવી નવી સૃષ્ટિમાં પ્રવેશે છે ત્યારે એની કલ્પના ફળે છે?

સુગંધિત પીઠી અને અભ્યંગ સ્નાન, મિષ્ટાન્ન અને સુંદર કપડાં, માનપાન અને વિનોદ, મંત્ર અને હોમહવન — આ બધાંના વાતાવરણના લીધે નૂતન જીવન વિશે જે પવિત્ર, પ્રસન્ન અને સર્વમંગલ કલ્પના મનમાં રચાય છે એ કલ્પના સાકાર થાય એ માટે પતિ-પત્ની બેઉએ સાથે પુરુષાર્થ કરવાનો છે.

લગ્નના પહેલા દિવસના શરણાઈના સૂરો સાથે પછીના દિવસોના સૂરોનો મેળ બેસાડવાનો છે. જીવનને સંગીતમય બનાવવાનું છે.



૨૭

ભૂલને વારંવાર ઘૂંટો નહીં

ડાઇનિંગ ટેબલ પર બધાં જમવા બેઠાં છે. ફાલ્ગુને મોંમાં કોળિયો મૂક્યો ને બોલી ઊઠ્યો, 'ભાભી, આવા વિચિત્ર સ્વાદવાળું આ શું બનાવ્યું છે?'

સાસુ હેમાબહેને ચાખ્યું ને બોલી ઊઠ્યાં, 'સુકેતા, તેં રવાનો શીરો નથી બનાવ્યો.

સુકેતાનાં પંદર દિવસ પહેલાં જ લગ્ન થયાં છે. એ ડરતાં ડરતાં બોલી, 'જુઓ, આ ડબ્બા પર રવો લખ્યું છે; એમાંથી જ મેં લોટ લીધો છે.'

'ડબ્બા પર રવો લખ્યો છે પણ એમાં ઈડલીનો લોટ ભર્યો છે. હાથમાં લેતાંય તને ફરક ન લાગ્યો? ખબર ના પડે તો પૂછીએ, આવો બગાડ ના પોષાય. તને ખબર છે ને ચોખ્ખા ઘીનો ભાવ શું છે?' હેમાબહેન તો બોલવા જ માંડ્યાં. ઊંચા અવાજે કઠોરતાથી સુકેતાને પૂછે છે, 'તને એવી તો શું ઉતાવળ આવી ગઈ હતી કે જોયા વગર લોટ શેકી નાખ્યો? ચોકસાઈ જ નથી.'

સુકેતા એક ગુનેગારની જેમ લાચારીથી બેસી રહી છે, ત્યાં એના સસરા અમૃતભાઈ બોલ્યા, 'સુકેતા, બેટા, તું જીવ ના બાળીશ; એ તો ખવાઈ જશે.'

'પપ્પા, મારી કેવડી મોટી ભૂલ થઈ ગઈ!' કહેતાં કહેતાં સુકેતા રડી પડી.

સુકેતાનો વર અચ્યુત બોલ્યો, 'પપ્પા, સ્વાદફેરવાળી વાનગી કોઈ નહીં ખાય. આવી બેદરકારીને પોષવાની ના હોય.'

હવે અમૃતભાઈ બોલ્યા, 'સુકેતા જરાય બેદરકાર નથી રહી. રવો લખ્યું હોય એ ડબ્બામાં ઈડલીનો લોટ ભર્યો છે એની એને ખબર ના હોય, એમાં આવો ગોટાળો થઈ ગયો. આવી નાની વાતનું વતેસર કરવાનું ન હોય, ચોળીને ચીકણું કરશો તો આખું ભાણું કડવું થઈ જશે. માટે આવી વાતને હળવાશથી લેતાં શીખો. હાસ્યનાં નાટકોમાં આવી ગરબડો જ હોય છે ને!'

અમૃતભાઈના અવાજમાં ઠપકો હતો. સુકેતાને જે રીતે બધાં ઉતારી પાડતાં હતાં એ એમને નહોતું ગમ્યું.

એમણે હેમાબહેન સામે જોઈને કહ્યું, ‘જમવાના ટેબલ પર બેસીને મન પ્રફુલ્લિત રાખવાનું કે આમ કચકચ કરવાની? આ તમારી સભ્યતા છે? સંસ્કાર છે? તમારાથી કદી ભૂલ નથી થઈ?

સુકેતા નાની છે, બિનઅનુભવી છે, ભણવાનું પૂરું થયું ને પરણીને આપણા ઘેર આવી, રસોઈના કામમાં એ ઘડાઈ નથી તેથી લોટ પારખવામાં ભૂલ થઈ ગઈ. આવી ભૂલોથી જ નવી વાનગીઓ શોધાય. અરે, કેટલાક લોકો તો જાણી જોઈને આવા પ્રયોગ કરે ને નવી વાનગી શોધે.

અમૃતભાઈની વાતની અસર થઈ. બધાંએ જમવાનું શરૂ કર્યું. લગ્નજીવનનાં સુખ-દુ:ખ કે સફળતા-નિષ્ફળતાનો આધાર ક્યારેક સાસરીપક્ષના લોકો પર રહે છે.

આખો બનાવ જોઈએ તો સુકેતાએ જાણી જોઈને ઇડલીના લોટનો શીરો નહોતો બનાવ્યો, એ વાત એનાં સાસુએ સમજવી જોઈએ. એમણે વઢવાને બદલે સ્નેહથી કહેવું જોઈએ કે બેટા, રાંધતાં પહેલાં લોટનાં રૂપરંગ ખાસ ધ્યાનથી જોવાં અને ન સમજાય તો.મને પૂછવાનું. સાસુએ વહુને કેળવવાની હોય. જો વાણી અને વર્તનમાં સ્નેહ હશે તો જ ઘરમાં મધુર અને પ્રફુલ્લિત વાતાવરણ જળવાઈ રહેશે. ઘરનાં વડીલની એ જવાબદારી છે કે નવવધૂ મૂંઝાય નહીં, દુભાય નહીં અને જો એવું થશે તો જ એ આ નવા ઘરમાં ભળી શકશે. એ નવા ઘરમાં આવી છે, સાવ અપરિચિત વાતાવરણ છે, અજાણ્યાં માણસો છે ત્યારે એની કુમળી-નાજુક લાગણીઓ સમજીને એને ઘરમાં પોતાપણું લાગે એ ખાસ જોવું જોઈએ. એની ભૂલ એને બતાવો ખરાં, પણ એને ઘૂંટીઘૂંટીને ઘેરી ન બનાવો. એથી તો વહુના મનમાં નકારાત્મક ભાવ ઉત્પન્ન થશે.

હમણાંહમણાં આવેલી વહુને ઘરમાં પોતાપણું લાગે એ જોવાની ઘરમાં બધાંની ફરજ છે. એ તમારી જ છે. તમારો દીકરો તમને જેટલો વહાલો છે એટલી જ એ વહાલી છે એની એને ખાતરી કરાવો. માત્ર બોલવામાં જ નહીં, વર્તનથી પણ તમારા સ્નેહનો અહેસાસ કરાવો, તો જ એને સાસરિયાં પોતાનાં લાગશે, એમના માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગશે અને કુટુંબ સુખથી ભર્યુંભર્યું બનશે.



૨૮

ગૌણ વસ્તુને ગૌણ ગણતાં શીખો

નવવધૂ ઈશાની જુએ છે કે એની સાસુ વીણાબહેન કાયમ તનાવ, આવેશ અને ખેંચમાં જ રહે છે. નાનીઅમથી વાતમાંય ઘાંટાઘાંટ કરી મૂકે છે.

ઘરમાં એમનું ધાર્યું જ થાય છે. કાલની જ વાત છે. સસરાજીને ગૅસની તકલીફ છે તેથી તેમણે વાલ ખાવાની ના પાડી, પણ સાસુએ તો 'કંઈ નહીં થાય, ખાઓ' કહીને પીરસ્યા અને સસરાએ ચૂપચાપ ખાઈ લીધા અને પછી પાચક ચૂર્ણ લઈ લીધું. 'મને વાયડું માફક નથી આવતું ને તારા લીધે ખાવું પડ્યું' એવો કોઈ આરોપ સાસુ પર ના મૂક્યો.

સાસુ કાયમ સસરાથી ઊંધો મત જ ઉચ્ચારે છે, પણ સસરા સામે દલીલ નથી કરતા, એમને સમજાવવા પ્રયત્ન નથી કરતા. એ સાસુનું કહ્યું બધું સાંભળી લે છે, ચલાવી લે છે. કદી રોષ નથી પ્રગટ કરતા. આ બાબતે ઈશાનીએ નવાઈ પામીને એના પતિ માલવને પૂછ્યું તો માલવ કહે, 'આનું નામ જ દામ્પત્યજીવનનું ઍડ્જસ્ટમેન્ટ. પપ્પા સ્વભાવે શાંત છે, ઝઘડો ટાળવા એ મૌન જ રહે છે. હું નાનો હતો ત્યારથી એમણે મને કહ્યું છે કે તારી મમ્મી દિલની સારી છે, એ આપણું બૂરું નથી ઇચ્છતી. એ આપણી વાત ના સાંભળે તોય આપણે એની વાત સાંભળવાની. આપણે એના કહ્યા પ્રમાણે કરીએ તો કંઈ નુકસાન નથી થઈ જતું. દરેક વાતનાં અનેક પાસાં હોય છે. એકની એક વાત અનેક રીતે જોવાય. આપણે મમ્મીની દૃષ્ટિથી એ વાત વિચારવાની એટલે વાંધો ન આવે. મને પપ્પાની વાત સાચી લાગે છે. આપણે જતું કરવાની ટેવ રાખવાની, કોઈ વાતનો આગ્રહ રાખીને કે એ વાતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને પકડી નહીં રાખવાની. ઘરમાં અંદરોઅંદરના સંબંધમાં અભિમાન આડે નહીં લાવવાનું. આપણા પ્રિયજનનું મન રાખવામાં, માન રાખવામાં ય આનંદ આવે છે.'

ઈશાનીને થયું સસરાની વાત સાચી છે. કોઈ એક વાત પકડી રાખવાથી સંબંધમાં કડવાશ આવી જાય છે ને મન ઊંચાં થઈ જાય છે. પણ સસરાની જેમ સરળતા રાખીએ તો શાંતિ જળવાઈ રહે. પરંતુ કાયમ સરળતાથી અણગમતી વાત સ્વીકારાતી નથી, અને દરેક વખતે આપણે જ શું કામ છોડવાનું? સસરાજીએ સાસુને સમજાવવા પ્રયત્ન તો કરવો જોઈએ. એણે માલવને કહ્યું, 'અમારા ઘરમાં તો મારા પપ્પાનું ચાલે. પપ્પા કહે એ જ સાચું.'

માલવ કહે, 'સામાન્ય રીતે દરેક ઘરમાં એવું હોય છે પણ મારા પપ્પા કહે છે, જિંદગીને હળવાશથી લેવાનીયે કૉમેડી છે. કોઈ વાત મન પર બહુ નહીં લેવાની, હસી કાઢવાની. પપ્પા તો પેલા આનંદી કાગડા જેવા છે. દરેક પરિસ્થિતિમાંથી કંઈક સારું શોધી કાઢે છે, તેથી ગમે તેવો મતભેદ હોય તોય એ ચલાવી શકે છે. એ બુદ્ધિથી જીવનારા માણસ છે. ઘણાંનાં ઘરોમાં આવું જ વિચાર-વૈમનસ્ય હોય છે. કોઈ બે માણસના સ્વભાવ પૂરેપૂરા બંધબેસતા ન આવે, પણ આપણે પ્રયત્નપૂર્વક સ્નેહથી મેળ પાડવાનો, થોડા ઉદાર બનવાનું, તો વાંધો ન આવે.'

આપણા એક સંસ્કૃત શ્લોકમાં શીખ દેવાઈ છે કે બીજાના બીલા જેવડા દોષને રાઈના દાણા જેવડો ગણો અને આપણા રાઈના દાણા જેવડા દોષને બીલા જેવડો ગણો. આ શીખ પ્રમાણે જીવીએ તો સંબંધ બગડવાનો અવકાશ જ ન રહે. ઘરમાં કોઈના સ્વભાવમાં કોઈ ખામી હોય તો એ ખામીને ઘૂંટીઘૂંટીને મોટી ન બનાવો. માફ કરી દેવાની અને ભૂલી જવાની વૃત્તિ કેળવો તો સંબંધમાં ગાંઠ નહીં પડે.

જીવનમાં થોડું સહન કરો, થોડું જતું કરો તો ઘરમાં હળવાશ જળવાઈ રહેશે. કદી તનાવપૂર્ણ વાતાવરણ નહીં સર્જાય. ઘરમાં માતા-પિતાને જે રીતે જીવતાં જુએ એ રીતે એમનાં સંતાનો જીવતાં હોય છે. ઘરમાં પિતા સરમુખત્યારની જેમ હકૂમત ચલાવતા હોય તો દીકરો પણ એવો ડોમિનેટિંગ સ્વભાવનો થાય. ઘરમાં માલવના પિતા જેવા સમાધાનકારી વલણવાળા પિતા હોય તો દીકરો પણ એવો જ થશે.

માણસ માત્રને શાંતિ ગમે છે. ઘરમાં શાંતિ હોય, ચેન હોય તો માણસ પ્રગતિ સાધી શકે છે. હૃદય અને મગજના રોગો નથી થતા. આપણા સમાજમાં ઘરમાં શાંતિ રાખવાની જવાબદારી સ્ત્રીની મનાય છે, પણ ક્યારેક સ્ત્રી એમાં ઊણી ઊતરે તો પુરુષે કકળાટ કર્યા વગર એ જવાબદારી નિભાવવાની હોય. તાત્ત્વિક રીતે તો સંસાર ચલાવવાની જવાબદારી સ્ત્રી અને પુરુષ બેઉની છે. એમાં કોણ કેટલું વેઠે છે કે છોડે છે એના હિસાબ ના મંડાય. જીવન વેપાર નથી કે જેટલું પામો એટલું જ આપો. અથવા તો એક જણ છોડે એટલું જ બીજાએ છોડવાનું હોય.

માબાપે પોતાનાં દીકરા-દીકરીઓને આ વાત નાનપણથી સમજાવવી જોઈએ. માણસ સાવચેત ન રહે તો અનેક ગ્રંથિઓથી બંધાતો જ જાય, પોતાની વિચારસરણીમાં ગૂંચવાતો જાય. માટે એણે જીવનને ખલેલ પહોંચાડનારી કે ડહોળી નાખનારી વાતોને જાગૃતપણે ગૌણ માનતાં શીખવું જોઈએ. નાની નાની વાતોને બહુ મહત્ત્વ આપીને મનને અસ્વસ્થ ના બનાવી મૂકવું. માબાપમાં જો આવી માનસિક પરિપક્વતા હોય તો સંતાનોમાં એ આવે જ અને જીવન રળિયાત રહે.

આપણા સમાજમાં લગ્ન સમયે વર અને કન્યાના ગ્રહો મળે છે કે નહીં તેની કાળજી લેવાય છે પણ એકબીજાના પૂર્વગ્રહો કઈ બાબતનાં છે તે સમજવાનો પ્રયત્ન થતો નથી.

લગ્ન એટલે પોતાના પૂર્વગ્રહોનો ત્યાગ અથવા તો જે પૂર્વગ્રહો સુખી દામ્પત્યજીવનમાં બાધારૂપ બને તેને સમજીને દૂર કરવા ઘટે.

આજનાં યુવક-યુવતીઓ સ્વકેન્દ્રી હોય છે, જરા પણ અગવડ સહન કરી શકતાં નથી. પોતાને ન ગમે તેવી કોઈ વાત સ્વીકારી લેવાની વૃત્તિ ધરાવતાં નથી, વાતવાતમાં ગુસ્સો કરીને સંબંધ ક્લેશયુક્ત બનાવી દે છે.

પોતાની વાત જ ખરી માને અને સામી વ્યક્તિનું દૃષ્ટિબિંદુ સમજવાની તૈયારી જ ન હોય, એનું દૃષ્ટિબિંદુ સમજવાની ધીરજ જ ન હોય, એને અનુકૂળ થવાની ઉદારતા ન હોય તો એ લગ્ન ટકે તોય રગશિયા ગાડા જેવાં, એમાં કોઈ મધુરતા ન હોય.

જીવનમાં પોતાનું ધાર્યું ન પણ થાય એ દરેક યુવક અને યુવતીએ સમજવું જોઈએ. દામ્પત્યજીવનમાં જ્યારે તમારી આશા-અપેક્ષાઓ સંતોષાય નહીં અને નિરાશા ઊપજે ત્યારે જીવનની ગરિમા સાચવે, તમને સમાધાનકારી વલણ લેવા પ્રેરે એવું સાહિત્ય વાંચો, શાણપણભર્યાં સૂત્રોનું વારંવાર રટણ કરો.



૨૯

સળંગ સુવાંગ સુખ કેવી રીતે સાંપડે?

‘તારો આ ડ્રેસ સરસ છે.’ પૌલોમીબહેને સ્નેહથી તિલ્લાનાને કહ્યું

‘ડ્રેસ સરસ છે? હું નહીં?’ તિલ્લાના ઘુરકિયું કરતી હોય એમ બોલી. પૌલોમીબહેન તો સ્તબ્ધ થઈ ગયાં. અરે, મેં આટલા ઉમળકાથી એના ડ્રેસની પ્રશંસા કરી, એમાં એની કલાત્મક પસંદગીની પ્રશંસા આવી જાય. વળી એ તો સરસ છે જ, મારા દીકરા વિરાજ અને અમને બધાંને કેટલી ગમે છે એ શું એને ખબર નથી? મારા કહેવાનો એ આવો અવળો અર્થ કેમ કાઢે છે?

તિલ્લાના સર્વિસ કરે છે. એ થોડી અભિમાની અને મિજાજી છે એવું એમણે સાંભળેલું, પણ ત્યારે એમના મનમાં હતું કે હું એને ક્યાંય આડે નહીં આવું પછી મને એનો મિજાજ ક્યાં નડશે?

તિલ્લાનાને આ ઘરમાં આવ્યે હજી આજે પચીસમો દિવસ થાય છે, એમાં પંદર દિવસ તો તેઓ ફરવા ગયાં હતાં. આવીને જોબ પર જવા માંડી. સવારે ઑફિસે જવાના સમયે જ એની રૂમમાંથી બહાર નીકળે છે ને સાંજે બહાર નીકળે છે જમવા કે ફરવા જાય ત્યારે. ઘરમાં હળવામળવાનો એ પ્રયત્ન જ નથી કરતી. પૌલોમીબહેન કંઈ વાત કરવા જાય પણ એ રસ બતાવે જ નહીં, તેથી પૌલોમીબહેન ચૂપ થઈ જાય છે. પૌલોમીબહેનને ખ્યાલ આવી ગયો હતો કે વહુ પોતાની જાતને બહુ ચડિયાતી માને છે. સાસુ માત્ર ગૃહિણી છે તેથી એમને ગણતી જ નથી.

પૌલોમીબહેન સ્વભાવે સ્નેહાળ અને સરળ છે. વહુ એમનું અપમાન કરે તોય એ ઉપર પડતાં ઉમળકો બતાવીને એની સાથે વાત કરવા જાય છે. પણ તિલ્લાનાને સાસુના સ્નેહની કદર નથી.

એ તો વિરાજના મોંએ સાસુની ટીકા જ કરતી હોય, ‘તારી મમ્મીમાં મેચિંગની સૂઝ નથી’, ‘તારી મમ્મી બહુ બોલબોલ કરે છે’, ‘તારી મમ્મીએ આજે લંચમાં મને ખાટું દહીં આપ્યું હતું’, ‘આજે પાપડ કાચોપાકો હતો.’

વિરાજને આવું બધું સાંભળવું ગમતું નથી. એ વિચારે છે, તિલ્લાનાને માણસ જ ગમતાં નથી. બધાંમાં એને કોઈ ને કોઈ ખોડ દેખાય છે. આવું શી રીતે ચાલે?

ઘેર કોઈ સગું આવે તો એમની સાથે વિવેકથી વાત નથી કરતી, ઉમળકો નથી બતાવતી, તો સગાને કેવું અપમાન લાગે? મારી મમ્મી તો

સમજદાર છે, કંઈ બોલતી નથી, મનેય ફરિયાદ કરતી નથી અને ચૂપચાપ બધું સહન કરે છે. પણ આ યોગ્ય તો નથી જ.

સામાન્ય રીતે વહુને સાસુના હાથે સહન કરવાનું આવે છે, પણ તિલ્લાનાને તો કોઈ વિવેકભાન નથી, મર્યાદા નથી, એનામાં નરી તોછડાઈ છે. વિરાજ સમસમીને બધું ચલાવી લે છે, લોકલાજે એ કંઈ બોલતો નથી. પૌલોમીબહેન કહે છે, 'બેટા, ધીરજ રાખ, ધીરે ધીરે તિલ્લાના બધું સમજશે. હજી એ નાની છે, નાદાન છે.' મમ્મીની વાત સાંભળી વિનયશીલ વિરાજ ચૂપ રહ્યો છે.

આનાથી જુદી કહાની છે વારુણી અને ઈશાનની.

વારુણી રસોઈ કરીને હોંશથી થાળી પીરસે પણ ઈશાન તો એક કોળિયો મોંમાં મૂકે ને બરાડી ઊઠે, 'તારે રસોઈ ના કરવી હોય તો ના કરીશ પણ ઢોર ખાય એવું ખાણબાફણું મારી સામે ના મૂકીશ.'

'તને આ ઢોરનું ખાવાનું લાગે છે? ઓ ઈશાન, મેં બધું ચાખ્યું છે; બધું બરાબર છે.' વારુણી સ્નેહથી કહેતી.

'શું ધૂળ બરાબર છે? આ દાળ તો જો, મીઠા-મરચાનું પાણી છે.'

ઈશાન વાતેવાતે વારુણીની ખોડ કાઢે છે. વારુણી પાસેથી એ બધાં કામ પરફેક્ટ માગે છે પણ એ લક્ષ્યમાં નથી લેતો કે વારુણી એની જેમ જોબ કરે છે, ઑફિસમાં એની જવાબદારીભરી પોસ્ટ છે. એય થાકે ને?

ઘર અને ઑફિસ વચ્ચે એ એટલી ખેંચતાણ અનુભવે છે કે એક વાર વારુણીએ કહ્યું, 'આપણે રસોઇયો રાખીએ તો?'

ઈશાન તાડૂક્યો, 'બે જણની રસોઈ તને ભારે પડે છે?'

'ભારે નથી પડતી, પણ મારા હાથે ટેસ્ટી રંધાતું નથી એટલે...'

'ટેસ્ટી રંધાતું ન હોય તો શીખો, ઘેર બેસીને પ્રેક્ટિસ કરો.'

'અને ઑફિસ? મારી કૅરિયર?' વારુણીએ અધ્ધર જીવે પૂછ્યું.

'કુંવારાં હતાં ત્યાં સુધી કૅરિયર બહુ કરી, હવે લગ્ન કર્યાં છે, ગૃહસ્થાશ્રમની ફરજ બજાવો.' ઈશાનની બોલવાની રીત, એના લહેકા અને શબ્દો સાંભળીને વારુણી તો ડઘાઈ જ ગઈ અને એને થયું, એ કોઈ ચૌદમી સદીના વૃદ્ધને તો નથી પરણી ને? આજનો શિક્ષિત યુવક આવી ભાષા બોલે? લગ્ન પહેલાં એ જાણતો હતો કે હું જોબ કરું છું, મારી કૅરિયરમાં મને રસ છે તોય હું હોંશથી રસોઈ કરું છું, એના ટેસ્ટ મુજબની રસોઈ કરું છું. એનું એપ્રિસિએશન કરવાના બદલે મારી મજાક ઉડાવે છે. એની નજરમાં મારી કોઈ કિંમત જ નથી. મારાં શિક્ષણ, સંસ્કાર, કૅરિયરનું

એને કોઈ ગૌરવ નથી. મારી નિષ્ઠા અને પ્રેમનું એણે આ મૂલ્ય આંક્યું? મને સાચવવાની એની ફરજ જ નહીં?

વારુણીને પણ ચીડ ચડી. એ કડક અવાજે બોલી, ‘લગ્ન પહેલાં તું જાણતો જ હતો કે હું જોબ કરું છું ને હું જોબ ચાલુ રાખવા માગું છું.’

‘એમ? તેં જોબ ચાલુ રાખવાની શરત કરી હતી? લખાણ છે? બતાવ તો!’ ઈશાને એવી રીતે કહ્યું કે વારુણીને થયું, મેં ઈશાનને જેવો માન્યો હતો એનાથી સાવ ઊંધો છે. આવી રીતે તુચ્છકાર કરે, મજાક ઉડાવે એવા માણસ સાથે શી રીતે જિવાય? આનામાં પ્રેમનો અંશે ય નથી. આનામાં કોઈને પ્રેમ કરવાની ક્ષમતા હશે કે કેમ?

એ મારો પતિ છે. એને મારી ભાવના, લાગણીને આવી રીતે કચડતાં કંઈ થતું નથી? આવો ધીટ, નિર્લજ્જ માણસ મારો પતિ? લગ્ન પહેલાં મને આના આ પાસાનો અણસારેય કેમ ન આવ્યો? પણ હવે શું? મેં મારી કૅરિયર વિકસાવવા વીસના બદલે ત્રીસ વર્ષની ઉંમરે લગ્ન કર્યાં. મને એક અભિલાષા હતી કે મારે વર હોય, ઘર હોય, સંતાનો હોય અને મારી એક સ્વતંત્ર ઓળખ હોય. મને મારું ઇચ્છિત બધું જ મળી ગયું એવું લાગતું હતું ત્યાં મૂળ પાયો જ હચમચે છે. જ્યાંથી મને છલોછલ પ્રેમની ખેવના હોય ત્યાં તો બધું જ ખાલી છે. આટલી ભયંકર રીતે જે અવગણના કરે એને સાથી શી રીતે મનાય? આની સાથે ના જિવાય. વારુણી ઈશાનથી અલગ થઈ ગઈ.



૩૦

પ્રેમનો જવાબ આપ

કુમુદે પ્રવીણ સાથે લગ્ન કર્યાં હતાં પણ કોને ખબર કેમ પ્રવીણ એને ગમતો નહોતો. કદાચ એ પોતાની જાતને પ્રવીણ કરતાં ખૂબ ચડિયાતી માનતી હતી.

પ્રવીણને જોઈને એ હરખાતી નહીં. એની સામે જોઈને હસતી નહીં. એની સાથે હોંશથી વાત કરતી નહીં.

જાણે એને વરની જરૂર જ નથી. વર એના જીવનમાં વણનોતર્યો આવી ચડ્યો છે. એ પોતાનામાં મસ્ત રહેતી.

પત્નીનું અતડાપણું પ્રવીણને બેચેન બનાવી મૂકતું. પત્નીનું દિલ જીતવા એ જાતજાતની ભેટ લઈ આવતો પણ કુમુદ ભેટ પર એક નજરે નાખ્યા વગર બાજુ પર મૂકી દેતી.

ધડકતા હૈયે અચકાતાં અચકાતાં પ્રવીણ કહેતો, 'ખોલીને જો તો ખરી, અંદર શું છે?'

'મારે જોઈતી ચીજ હું મારી મેળે ખરીદી શકું છું.' ભાવહીન સૂરે કુમુદ બોલતી.

'આ ચીજ માત્ર તારે ખપમાં આવે એટલે નથી આપી, આ તો પ્રેમના પ્રતીક તરીકે હું આપું છું.' પ્રવીણ કહેતો.

'તો એ હું તમને સાભાર પરત કરું છું.' લાગણીહીન, નિર્જીવ સૂરે કુમુદ કહેતી.

'માત્ર આભાર જ? સાથે પ્રેમ નહીં?' સંવાદ લંબાવતાં આતુર પ્રવીણ સ્નિગ્ધ કંઠે પૂછતો. એ કોઈ પણ રીતે નવોઢા પત્નીનું દિલ જીતવા માગતો હતો. કુમુદે કરેલી અવગણના લક્ષમાં ન લેતો.

'આભાર તો વિવેક ખાતર કહેવું પડે એટલે કહ્યું, પરંતુ એનાથી વધારે મારી પાસેથી કોઈ અપેક્ષા ન રાખશો.' ધડ કરતું કુમુદે કહ્યું. જાણે પ્રવીણ સાથે એને કોઈ સંબંધ જ નથી.

લગ્ન પહેલાં પ્રવીણ કુમુદના રૂપ પર મુગ્ધ થયેલો હતો, પણ ઓ રે! આવા સુંદર મુખમાં આવી કડવી વાણી? આઘાત પામીને પ્રવીણ જતો રહ્યો.

થોડા દિવસ પછી પ્રવીણને શુંય ઉમળકો આવ્યો કે કુમુદને પૂછ્યું, 'આપણે પિકનિક પર જઈશું? મારો મિત્ર ભાવેશ ને રૂમાભાભી પણ આવશે.'

'નિશાળનાં છોકરાં પિકનિક પર જાય, આવડા મોટા ઢગા નહીં.'

'તું કહેતી હોય તો આબુ જવાનું ગોઠવીએ.' પ્રવીણ કુમુદને ખુશ કરવા તત્પર હતો.

'મિત્રોનો સંઘ લઈને આબુ જવાનું?' કુમુદે પૂછ્યું.

'ના રે, આપણે બે એકલાં જઈશું. બોલ, આવતા અઠવાડિયે જઈશું?' ઉત્સાહથી પ્રવીણે પૂછ્યું.

'ના, આવતા વીકમાં તો મારી ફ્રેન્ડની બર્થ ડે છે.'

'તો તું કહે, ક્યારે જઈશું?' આટલી વાતચીતથી પ્રવીણમાં આશાનો સંચાર થયો હતો.

'આબુ ગયેલાં જ છીએ ને!' બગાસાં ખાતાં કુમુદ બોલી, 'હું તો આબુ છપ્પન વાર જઈ આવી છું.' કુમુદનાં એ વેણમાં જાણે ચાબખાનો માર હતો. પ્રવીણ સ્વમાની હતો. એક જ ઝાટકે એણે એનું મન કુમુદ તરફથી વાળી લીધું. પહેલાં એ કુંવારો હતો ને જે રીતે એ જીવતો હતો એ રીતે એણે જીવવા માંડ્યું. પુસ્તકોની દુનિયામાં પોતાને ખૂંપાડી દીધો. હવે એ કુમુદ સામે જોતો જ નથી. જોકે કુમુદને ય એની પરવા નથી. એના તાનમાં એ મસ્ત છે.

પ્રવીણ એકલો પડી રહે એમાં જાણે એને ખુશી થાય છે. પરંતુ પ્રવીણના કપાળે એકલતાનો અભિશાપ નહીં લખાયો હોય તે એને એક દિવસ લાઇબ્રેરીમાં વિનિતાનો પરિચય થયો.

વિનિતા પરિણીત છે. એનો પતિ વકીલ છે. એ આખો દિવસ એની વકીલાત, કોર્ટ અને અસીલમાં જ ડૂબેલો રહે છે. વિનિતા મનમાં અફસોસ કરતી કે શું આવી રીતે જીવવા મેં લગ્ન કર્યાં છે! કુંવારી હતી ત્યારે કેવી મસ્ત જિંદગી હતી! અત્યારે તો સાવ સૂની સૂની જિંદગી. ત્યાં એને પ્રવીણનો પરિચય થયો.

બેઉને જિંદગીનો પ્રથમ પ્રેમ મળ્યો હોય એમ બેઉ મહોરી ઊઠ્યાં. પોતાના જીવનસાથી સાથે બેવફાઈ કરે છે એવો અપરાધભાવેય ન અનુભવ્યો કારણ કે બેઉનાં જીવનસાથી એમની તરફ બેદરકાર હતાં.

બેઉમાંથી એકેને કોઈ ભૌતિક ચીજવસ્તુની અપેક્ષા ન હતી, માત્ર પ્રેમ આપવો હતો ને પ્રેમ પામવો હતો. હૃદય ભરીને પ્રેમ કરવો હતો.

પ્રવીણ બોલે ત્યારે વિનિતા એકાગ્રચિત્તે, સમગ્ર અસ્તિત્વથી એની વાત સાંભળતી અને વિનિતા બોલે ત્યારે પ્રવીણ પણ એકચિત્તે એનો શબ્દે શબ્દ આત્મસાત્ કરતો. વાતો કરવામાં એમને ત્રણે ભુવનનું સુખ લાગતું. એમના પ્રેમમાં કોઈ કામના નથી, મલિનતા નથી; નિષ્પાપ પ્રેમ છે. આ પ્રેમે બેઉનાં હૈયાં સભર બનાવ્યાં, જીવનમાં રંગ-રસ આવ્યાં. હવે બેઉ પ્રસન્ન રહે છે.

કુમુદે પતિમાં આ ફેરફાર જોયો ને ચમકી. આને એવો તો કયો અમૃતકુંભ લાધ્યો છે કે હવે મારી સામે જોતોય નથી! મારા વગર હિજરાતો નથી ને પ્રસન્ન રહે છે!

આજ સુધી જે પતિને કુમુદ ધૂત્કારતી હતી એને બીજી સ્ત્રીએ અપનાવી લીધો છે. પતિ બીજી સ્ત્રીનો થઈ ગયો આ જાણીને કુમુદ ઈર્ષાથી સળગી ઊઠી. પોતે પ્રવીણને સાચવે નહીં, ગણકારે નહીં, ધ્યાન ન આપે તોપણ એની પર સંપૂર્ણ હક એનો જ રહેવો જોઈએ. એ બીજા કોઈનો ન થવો જોઈએ, એવું એ દૃઢપણે ઇચ્છતી હતી.

પતિને બીજા પાસે જતો રોકવા એ જાતજાતના નુસખા અજમાવવા માંડી, પણ હવે પ્રવીણને કુમુદ માટે કોઈ આકર્ષણ ન હતું. હવે એ રોક્યો રોકાય એમ ન હતો.

એક સામાન્ય સર્વવિદિત સત્ય અને અનુભવ એ છે કે સાત ફેરા ફરવાથી સ્ત્રી-પુરુષ પતિ-પત્નીનો દરજ્જો મેળવે છે, પરંતુ પ્રેમ પામવા તો પોતાની જાતને અન્યમાં ઓગાળી દેવી પડે.

કુમુદે પહેલાં અક્કડ રહી પતિના પ્રેમનો પ્રતિભાવ ન આપ્યો. એના મધુર આમંત્રણનો કોઈ સ્વીકાર ન કર્યો. પ્રતિઘોષ ના આપ્યો. પતિ એના સંગ માટે ઝૂરતો હતો ત્યારે એ દૂર રહી અને હવે એ ઝનૂનમાં આવી ગઈ છે. ગઈ કાલે જે એનું હતું એ આજે પણ કાયદેસર તો એનું જ છે, પણ એની સાચી સ્વામિની બીજી બાઈ વિનિતા છે અને કુમુદ વંચિતા નારીની જેમ પસ્તાવાની આગમાં જલ્યા કરે છે. ઈર્ષામાં બળ્યા કરે છે. પોતે ભૂલ કરી હવે પસ્તાય છે. પરિણીત સ્ત્રી કે પુરુષે સમજવું જોઈએ કે સાથીદાર પ્રેમનો પોકાર પાડે ત્યારે એને જવાબ આપવો જ જોઈએ. જો એક સાથી બેદરકાર રહે તો દામ્પત્યજીવન ખંડિત થઈ જાય છે. એક વાર મન તૂટે પછી સંધાતું નથી.

પ્રેમ સાતત્ય અનુભવે, સદા ચેતનવંતો કે જીવંત રહેશે એમ ઇચ્છતાં હો તો ભાવનાઓનું જતન કરો. પ્રથમ ક્ષણથી પ્રિયજનની ભાવનાને માન આપો.

સુખનો આધાર માલમિલકત, સત્તા પ્રતિષ્ઠા પર નહીં પણ આપણે જેમને ચાહતાં ને સન્માનતાં હોઈએ એમની સાથેના સંબંધ પર રહે છે. એ

સંબંધમાં મજાક ન ચાલે, અવહેલના કે અવગણના ન ચાલે. પ્રેમ માગે છે નિષ્ઠા.



૩૧

જિંદગીનું બીજું નામ સંઘર્ષ છે

ઈના ઓગણીસ વર્ષની ઉંમરે એના સહાધ્યાયી શ્રેણિક સાથે પરણી. પણ આ શું? અભ્યાસ દરમ્યાન જે શ્રેણિકનો એને પરિચય થયો હતો એના કરતાં આ પતિ થયેલો શ્રેણિક સાવ જુદો નીકળ્યો.

અભ્યાસ દરમ્યાન શ્રેણિક ખૂબ ઉત્સાહી, સ્ફૂર્તિવાળો અને મહેનતુ લાગતો હતો, પરંતુ લગ્ન પછી એનો એ તરવરાટ, થનગનાટ ક્યાં ગયો એની ઈનાને ખબર પડી નહીં.

શ્રેણિકના પપ્પાને કાપડનો ધંધો હતો. પપ્પાની દુકાને જઈને કામ કરવાને બદલે એ ઘેર બેસી રહેતો. નિવૃત્ત વૃદ્ધ માણસની જેમ આખો દિવસ એની રૂમમાં પડી રહેતો અને સાંજે ફરવા જવાનો પ્રોગ્રામ બનાવતો. શ્રેણિક કોઈ ઉદ્યમ કરવાને બદલે આવી રીતે પડી રહે તેથી શ્રેણિકના પિતા અવારનવાર એને ટોકતા, વઢતા, ત્યારે શ્રેણિક પિતાની સલાહ સાંભળવાને બદલે ઝઘડો કરતો.

અભ્યાસ પૂરો થયા પછી પપ્પાને ધંધામાં સહયોગ આપવો જોઈએ, પપ્પાના હાથ નીચે તૈયાર થવું જોઈએ એને બદલે શ્રેણિક કેમ ઘરમાં જ પડી રહે છે એ કોઈને સમજાતું નહીં. શ્રેણિકના આવા બેજવાબદાર વર્તન માટે એનાં માબાપ ઈનાને દોષી ઠરાવીને ઠપકો આપતાં, એનો તિરસ્કાર કરતાં.

શ્રેણિકની આવી નફફટ નિષ્ક્રિયતા અને સાસરિયાંના વર્તનથી અકળાઈને ઈના શ્રેણિક સાથે ઝઘડો કરતી. સખત ઝઘડો કરતી. શ્રેણિક પણ ઘાંટાઘાટ કરી મૂકતો. ક્યારેક બે વચ્ચે મારામારી પણ થઈ જતી અને ઈના રિસાઈને પિયર જતી રહેતી.

શ્રેણિક એને મનાવવા જતો નહીં. શ્રેણિકને પોતાના જીવનની જો કંઈ પડી ન હતી તો પત્ની કે દામ્પત્યજીવન વિશે શું વિચારે? ઈના પિયર રહીને કંટાળતી ને પાછી સાસરે આવતી. એને આશા રહેતી કે શ્રેણિક સુધરશે, કોઈ કામધંધે વળગશે, પણ શ્રેણિકને બાપની કમાઈ પર ખાઈને તાગડધિન્ના કરવામાં કોઈ શરમ આવતી નહીં.

અંતે ઈના થાકી. એને થયું, સ્વમાન વગરની આવી કકળાટભરી જિંદગી જીવવાનો શું અર્થ? શ્રેણિકથી છૂટા થવાનો નિર્ણય કર્યો.

પિયર જઈને ઈનાએ એનો નિર્ણય જણાવ્યો ત્યારે એનાં માબાપે કહ્યું, ‘તું લગ્ન કરવા ઉતાવળી બની હતી ત્યારે જ અમે કહ્યું હતું કે થોભી જા, શ્રેણિક બરાબર કમાતો થાય પછી લગ્ન કર. પણ તેં અમારું સાંભળ્યું જ ન હતું. તારા મનમાં એક જીદ ભરાઈ હતી ને તેં ધાર્યું કર્યું. તારી એ ભૂલ જ હતી. અધીરી બનીને કરેલી ભૂલ, પ્રેમના નામ પર કરેલી ભૂલ. આજે અમે તને પૂછીએ છીએ કે હવે તારો પ્રેમ ક્યાં ગયો? શ્રેણિકને તેં પાગલની જેમ પ્રેમ કર્યો હતો ને પરણી હતી તો હવે એને લાઇન પર લાવવાની તારી ફરજ છે. એમ કરતાં જે તકલીફ પડે એ તારે સહન કરવી જોઈએ. બેટા, જિંદગી એવી સામાન્ય નથી કે ઇચ્છો ત્યારે કોઈની સાથે જોડી દો ને મનમાં આવે તો એ જોડાણ કાપીને ફેંકી દો. લગ્ન રમકડું નથી, ખેલ નથી. બેટા, તું સમતા રાખ ને શ્રેણિકને પ્રેમથી સમજાવ. જિંદગી આપણી ધારણા મુજબ આકાર ન લેતી હોય, બધું વિપરીત જતું લાગતું હોય ત્યારે હાર નહીં સ્વીકારી લેવાની.’

Life is a struggle . દરેકના જીવનમાં સંઘર્ષ હોય છે જ, ને એ તો જિંદગીની મઝા છે. સંજોગો સામે લડવાની ખુમારી જોઈએ.

તું એક સ્ત્રી છે. ઈશ્વરે સ્ત્રીને એવું નાજુક સંવેદનશીલ હૃદય આપ્યું હોય છે કે એ એના પ્રેમથી ગમે તેવા હૃદયને ફેરવી શકે. સ્ત્રીમાં આ કલા જન્મદત્ત હોય છે. તું શ્રેણિકનું મન બદલાય એ માટે એને પ્રોત્સાહન આપ, પ્રેરણા આપ. તું તારી જાતમાં શ્રદ્ધા રાખ, તારા પ્રેમમાં શ્રદ્ધા રાખ ને પ્રયત્ન કર; શ્રેણિક જરૂર બદલાશે. તું આશા રાખ, શુભ શુભ વિચાર. જીવનમાં બધું શુભમંગલ થશે.

ઈના બોલી, ‘પપ્પા-મમ્મી, તમે આવું બધું કહો છો ત્યારે હૈયામાં જોમ પ્રગટે છે, પણ શ્રેણિકની પાસે જાઉં છું ને હું હતાશ થઈ જાઉં છું. મને થાય છે એ તો પાયમાલીના પંથે પ્રવૃત્ત થયો છે પણ એની સાથે રહીશ તો હુંય પાયમાલ થઈ જઈશ. મારે એનાથી છૂટવું જ જોઈએ.’

ઈનાની મા બોલી, ‘બેટા, તું જો શ્રેણિકથી છૂટી થઈશ તો એ તારી જિંદગીની બીજી ભૂલ હશે. તું સંકલ્પ કર કે શ્રેણિકને કોઈ કામે વળગાડીશ જ. તને ઠીક લાગે તો શ્રેણિકને કોઈ મનોચિકિત્સકને બતાવ. જોકે અમારી નજરે તો ઘરમાં પ્રેમાળ પત્ની હોય તો પછી કોઈ મનોચિકિત્સકની જરૂર નથી. આ સમસ્યા તું જાતે હલ કરી શકીશ જ. પોતાના પતિની વાત સાંભળવાનું સ્ત્રીમાં અપાર ધૈર્ય હોય છે. તું એના હૈયાને ફંફોસ કે ક્યાં એને ઘા વાગ્યો છે. ક્યાં ઘસરકો પડ્યો છે એ જો અને એનો ઇલાજ કર.

અને એક વાત તું યાદ રાખ, જીવનમાં કોઈને ય માત્ર સુખ સુખ ને સુખ જ નથી મળતું. જીવનમાં દુ:ખ, તકલીફો, સંકટ આવે જ છે. એ આપણા જીવનનો હિસ્સો છે એ સ્વીકારીને આગળ વધવાનું. આપણે

મહેનત કરીએ ને તરત ધારી સફળતા ન પણ મળે. તોય નિરાશ નહીં થવાનું, મચ્યાં રહેવાનું.

અને બીજી એક વાત: એક જીવનસાથી નિર્બળ પડી જાય તો બીજાએ એનો ભાર ઉપાડી લેવો જોઈએ; એ જીવનસાથી તરીકે ફરજ છે.’

ઈનાએ લગ્ન પછીની જવાબદારીનો વિચાર કર્યા વિના ઉતાવળિયાં લગ્ન કરી નાખ્યાં, પરંતુ પતિ બેજવાબદાર નીકળ્યો ત્યારે એ પડી ભાંગી. આવી આપત્તિનો તો એને વિચાર જ નહોતો આવ્યો. યુવાવર્ગમાં ક્યારેક માનસિક પરિપક્વતાનો અભાવ હોય છે ત્યારે તકલીફભરી પરિસ્થિતિનો સ્વીકાર કરવામાં તેઓ પીછેહઠ કરે છે.

કોઈ પણ ધર્મની લગ્નવિધિમાં વરકન્યા દ્વારા આજીવન સાથ નિભાવવા માટે લેવાતી પ્રતિજ્ઞાનો મહિમા હોય જ છે. સુખમાં અને દુ:ખમાં કદી સાથ નહીં છોડે અને એકબીજાનો પૂરો સ્વીકાર કરશે એની જાહેરમાં ખાતરી અપાય છે. પરંતુ તે પળાતી નથી. આજનાં યુવક-યુવતીઓ પહેલાં જેટલાં સહનશીલ નથી. તેઓ મોહ અને અધીરાઈમાં લાંબું વિચાર્યા વગર, જવાબદારીની સમજ વગર ઊર્મિવશ થઈ લગ્ન કરી નાખે છે. એમની ઉંમર કાચી હોય છે. બાહ્ય આકર્ષણને વશ થઈ, પરસ્પરનો થોડોક જ પરિચય હોવા છતાં જીવનભર સાથે રહેવાની પ્રતિજ્ઞા લઈ લે છે. તેમનામાં કષ્ટમય જીવન વેઠવાની માનસિક દૃઢતા નથી હોતી. એકબીજાનાં સ્વભાવ, રુચિ વગેરેનો સાચો પરિચય હોતો નથી તેથી વિસંવાદ ઉપસ્થિત થાય છે.

એવા સમયે માબાપ ધીરજથી તેમને માર્ગદર્શન આપે તો લગ્ન ટકી જાય છે. માબાપે સંતાનોને યોગ્ય સહાય અને સલાહ આપવાં જોઈએ.



૩૨

જિંદગી બનાવવી પડે

આડત્રીસ વર્ષની ઉંમરે રિદ્ધિએ પિસ્તાળીસ વર્ષના સુમન સાથે લગ્ન કર્યાં. બેઉનાં એ પ્રથમ લગ્ન હતાં, પણ એમાં નવજીવનનો ઉલ્લાસ કે રોમાંચ નહોતો. કુંવારાપણાથી કંટાળ્યાં હતાં તેથી જે પહેલું મળ્યું એની સાથે પરણી લીધું એવો ઘાટ હતો.

એકેને દામ્પત્યજીવનનાં સોનેરી સ્વપ્નાં કે મધુર અરમાન ન હતાં. બેઉના વિચારો અને જીવનશૈલી સાવ જુદાં હતાં, તેથી સહજીવનમાં ક્યાંય મેળ નહોતો મળતો. ક્યારેક તો બેઉ એકબીજા પર અકળાતાં હતાં ને રોષે ભરાઈને મહેણાંટોણાં મારતાં હતાં.

ઘરમાં કોઈ ત્રીજી વ્યક્તિ ન હતી કે એમને શાંત પાડે, તેથી દિવસો સુધી ઘરમાં ધૂંધવાયેલું વાતાવરણ રહેતું. પતિ-પત્નીના જીવનની આત્મીયતા કે મધુરતા એમના સંબંધમાં પ્રગટી જ નહીં.

ત્રણેક મહિનામાં તો રિદ્ધિને સુમનથી છૂટા પડવાનો વિચાર આવ્યો અને એણે એની બહેનપણી શૈલીને વાત કરી. એણે કહ્યું, ‘મને આ ઘર મારું પોતાનું નથી લાગતું. અહીં મારો જીવ લાગ્યો જ નથી. સુમન પણ જાણે મારાથી દૂર જ રહે છે. એને મારામાં કોઈ રસ નથી.

કોઈ વાર ખિજાઈને હું એકલી એકલી બજારમાં જાઉં છું ને ઢગલો ચીજો ખરીદી લાવું છું ને ટેબલ પર ઢગલો કરું છું. સુમન એ જુએ એટલે મારા વગર પૂછે એના વિશે અભિપ્રાય આપવા માંડે. એ જે કપડાં વખાણે એ કપડાં પહેરવાનું મને મન જ ન થાય. લગ્ન વખતે એણે આપેલા દાગીના બૅંકના લૉકરમાં જ રાખી મૂક્યા છે. મને એનું આપેલું કશું ગમતું નથી.’

શૈલી વિસ્મય પ્રગટ કરતાં બોલી, ‘એક જ છત નીચે રહો ને આવો અણગમો, આવા ઉગ્ર અસ્વીકાર સાથે રહો તો મન પ્રસન્ન શી રીતે રહે? છૂટા પડવાનું જ મન થાય.’

‘તો હું શું કરું? આ કંઈ અમારાં પ્રેમલગ્ન છે? વળી અમે નવજુવાનિયાં નથી કે જિંદગીમાં બધું સુંદર અને મધુર દેખાય. લગ્ન પહેલાં ક્યાં અમે એકબીજાને જાણ્યાં હતાં કે જાણવાની ઇચ્છા સેવી હતી?’ શુષ્ક સૂરે રિદ્ધિ બોલી.

‘તમે ભલે અન્યોન્યને ન જાણ્યાં પણ હવે જાણવાનો પ્રયત્ન કરો. ઉતાવળાં લગ્ન કર્યાં એ એક ભૂલ કરી. એ ભૂલનું રટણ કર્યા કરવાનું? તને

મળેલું પાત્ર તારી પસંદગીનું નથી એ વાત મનમાંથી કાઢી નાખ. તને જે મળ્યું છે એનો સંપૂર્ણ હૃદયથી સ્વીકાર કર. સુખી થવાની સૌથી પહેલી શરત છે કે જે મળ્યું એનો સ્વીકાર કરો, એની ઊણપો અને ત્રુટીઓ માટે ય સમભાવ દાખવો. તું નકારાત્મક વિચારવાનું છોડી દે અને સુમનની હકારાત્મક બાજુ જો. એની સારી વાતોની યાદી બનાવ.

તું વિચાર કર કે સુમન રોગિષ્ટ નથી, સંપૂર્ણ તંદુરસ્ત છે એ સૌથી મોટી હકારાત્મક વાત છે. વળી એને કોઈ વ્યસન કે કુટેવ નથી, કોઈ ખરાબ સોબત નથી. એનો વ્યવસાય પ્રતિષ્ઠિત છે. હવે તમારા બેના સ્વભાવમાં મેળ નથી એ બહુ મોટી સમસ્યા નથી. તું થોડી બાંધછોડ કર. તમે યોગ્ય માણસને પરણો એ પૂરતું નથી, તમારે એને યોગ્ય થવા પ્રયત્ન કરવો જોઈએ.'

'આવા શુષ્ક માણસ સાથે શું બાંધછોડ કરવાની? એની સાથેનું જીવન એટલે કેદ. આવો અરસિક કંટાળાજનક માણસ મેં ક્યાંય જોયો નથી.' રિદ્ધિ બોલી.

'એ અરસિક છે પણ તું તો રસિક છે ને! તું એની રસવૃત્તિ જાગ્રત કર, કેળવ. તને યાદ તો હશે જ આપણે ભણતાં હતાં કે ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા. સ્ત્રીએ અનેક રોલ ભજવવાના છે.'

રિદ્ધિ, તારા જીવનમાં આ એક પડકાર છે, તું તારો પ્રાણ રેડી દે અને એમાં સફળ થા. વળી તને એક વાત કહું: કવિઓ ગાય છે એવું પ્રેમભર્યું ઘર તો નસીબદારને જ મળે. બાકી બીજાં બધાંએ તો જે મળ્યું હોય એને મનોવાંછિત રૂપરંગ આપવા સાધના કરવાની હોય છે.

તું સુમન સાથે સદ્ભાવ અને સૌમ્યતાથી વર્તન કર. અત્યારે તારા મનમાં જે કડવાશ હોય, જે નિરાશા હોય એને બહાર પ્રગટ કરીને ઘરનું વાતાવરણ ન બગાડ. સુમનનું માનસ ન બગાડ. તારી રુક્ષતા અને બેપરવાઈ છોડ અને એ બધાનું મધુરતામાં પરાવર્તન કરવાના પ્રયત્નમાં લાગી જા.'

'શૈલી, મને આવી ઠાવકી ને ડાહી વાતો નથી ગમતી. હું તો મારા હૈયામાં જે હોય એ પ્રગટ કરવાની જ. જો હું ગુસ્સો મારા હૃદયમાં ભરી રાખું તો મને હાર્ટઍટૅક આવી જાય.'

'ગુસ્સો હૃદયમાં ભરી રાખવાનું હું ક્યાં કહું છું? હું તો એને પ્રેમમાં રૂપાંતર કરવાનું કહું છું. તું થોડા સંયમથી વર્ત. સ્ત્રીસહજ નાજુકાઈ-કોમળતા ન છોડ. થોડું સહન કરી લે. એ બધી વાતો સુમનને સ્પર્શશે અને એનામાં પ્રેમ પ્રગટશે. સ્ત્રીપુરુષ વચ્ચે આકર્ષણ ઝટ નીપજે. આ કુદરતી છે.'

'એને પ્રેમ એટલે શું એ જ ખબર નથી. એને પ્રેમની જરૂર નથી.' રિદ્ધિ ઉકળાટથી બોલી.

'રિદ્ધિ, જીવનના આરંભમાં મુશ્કેલી પડે જ. એક માણસ બીજા માણસ સાથે જીવન જોડે એ બહુ મોટી ઘટના છે. એક બુદ્ધિજીવી માણસ માટે પોતાની રીતભાત, માન્યતા છોડવાં આસાન નથી. એ એક સાહસનું કામ છે અને તમે તો પાકાં — પરિપક્વ છો એટલે પોતાની ટેવો છોડી ન શકો, પણ જો સંકલ્પ કરો તો છૂટી શકે. છોડવું એ અશક્ય નથી. આરંભમાં અપેક્ષાઓ વધારે હોય અને સ્વભાવમાં જીદ તથા અધીરાઈ હોય, હુંપદ હોય તેથી મેળ બેસતાં વાર લાગે. પણ તું ઉદાર બન, ધીરજ રાખ, સહિષ્ણુતા દાખવ અને સામા માણસને એની પશ્ચાદ્ભૂમિકા સાથે પ્રેમથી સમજવા પ્રયત્ન કર. એને તારાં હેતપ્રેમની ખાતરી કરાવ. દરેક માણસને પ્રેમ સ્પર્શે છે. તું તારી જાતમાં શ્રદ્ધા રાખ. તારું જીવન જરૂરથી પ્રેમભર્યું બનશે. તું સતત એક જ ભાવના રાખ કે તારા જીવનમાં બધું સારું જ થશે. મારી બહેન, જીવન બનાવવું પડે છે. સભાનપણે પરિશ્રમપૂર્વક બનાવવું પડે છે.

લગ્ન પછી દરેક વ્યક્તિ પોતાનાં અરમાન, અભિલાષા સંતોષાય એની ખેવના રાખે છે. પરંતુ પોતાના જીવનસાથીનાં અરમાન-અભિલાષા શું છે એ જાણવાની કોશિશ કરે છે?

પ્રેમ મેળવવા પ્રેમ આપવો જોઈએ. સંતોષ મેળવવા સામી વ્યક્તિને સંતોષ આપવો જોઈએ.

રિદ્ધિની જેમ જીવનસાથી વિશે ફરિયાદ કરવાથી કે અણગમો બતાવવાથી પ્રેમને બદલે નફરત જ મળે. જીવનસાથીની પસંદ-નાપસંદ, ગમા-અણગમા જાણવા પ્રયત્ન કરો. એના ખાતર તમારાં જીદ અને આગ્રહ છોડી દો. નાજુકાઈથી એની લાગણીઓને સંવારો તો એય તમારી કાળજી લેશે. પ્રેમજગતનો કાયદો છે કે આપો અને લો. ધીરજપૂર્વક રાહ જુઓ, અધીરાઈ ન રાખો.

અને યાદ રાખો, એકબીજાને અનુકૂળ થવામાં નાનમ નથી; એ તો સૌજન્ય છે, ખેલદિલી છે, સરળતા છે. કોઈની લાગણીની દરકાર કરવા પોતાની લાગણી બાજુ પર કરવી એમાં હાર નથી. એમાં તમે તમારી જાતનું શોષણ નથી કરતાં; એ તો ફરજનો એક ભાગ છે.

દામ્પત્યજીવન સરળતાથી વહે માટે સમસ્ત હૃદયથી પ્રયત્ન કરો. લગ્ન એટલે સાથે રહેવું એટલું જ નહીં પણ સાથે જીવવું. 'હું' અને 'તું' ઓગળીને 'આપણે' બને છે. આમાં કોણે કેટલું ઓગળવું કે કેટલું આપવું તેનું ગણિત નથી. હૃદયની લાગણીઓને બોલવા દો.

ભલે નાની દેખાતી વાત હોય પણ એ સારી હોય તો એની પ્રસંશા કરો. રૂપની, ગુણની, આવડતની નાનામાં નાની વાતની નોંધ કરો. જેવી કે, 'રસોઈ સરસ હતી, ખાવાની મઝા આવી ગઈ', 'તારી ચોઇસ ખરેખર આર્ટિસ્ટિક હોય છે, બધાથી અલગ', 'આ એ જ રૂમ છે પણ કેવી સરસ તેં ગોઠવી! રૂમની એર જ બદલાઈ ગઈ છે.'

જીવનસાથીથી તમારી કહેલી કોઈ વાતનો અમલ ના થયો હોય તો રોષ ના કરશો, ગુસ્સો સરવાળે આપણને જ નુકસાન કરે છે.

આપણાં દાદીમાની સલાહ યાદ રાખવી કે સંસાર ખીચડી જેવો છે. સંસાર એટલે મગચોખાનું મિશ્રણ. પાણીમાં મીઠું નાખી ચૂલા પર ચડાવો. તેમાં સ્વાદ આવે, મીઠાશ આવે માટે એ મિશ્રણે ગરમ પાણીમાં ઊકળવું પડે, ગળવું પડે. એ જ રીતે પતિ-પત્નીએ સંસારમાં તપવું પડે છે. એ વખતે તેઓ સાથ ન છોડે ને એક થઈને બધું સહન કરે તો એમના દામ્પત્યજીવનમાં મધુરતા પ્રસરે છે. સંસાર સુવર્ણમય બને છે.



33

ફૂલ ખીલી ઊઠ્યું

લગ્ન પહેલાં પ્રત્યૂષે મરુયાને જોઈ ત્યારે પહેલી નજરે જ એને એની નિખાલસતા, દિલ ખોલીને હસવું અને સ્વાભાવિક મધુરતા ગમ્યાં હતાં. મરુયા એવી સાહજિકતાથી, આત્મીયતાથી વાત કરતી કે એ વખતે એનું સમગ્ર અસ્તિત્વ મલકાતું લાગે. પ્રત્યૂષ મંત્રમુગ્ધ થઈને મરુયાની વાતો સાંભળી રહેતો. મરુયા નાના શહેરમાં કુદરતના ખોળે, પશુપંખી વચ્ચે રહીને ઊછરેલી કન્યા હતી.

લગ્ન કરીને મરુયા સાસરે આવી. અહીં આલીશાન બંગલો હતો, વૈભવી જીવનશૈલી હતી, પરંતુ એમનામાં સ્વાભાવિકતા કે ઉમળકો ન હતાં. બધે દેખાડો અને કૃત્રિમતા હતાં. મરુયાને થતું, આમ બંધાયેલાં બંધાયેલાં શું જીવવાનું! મોકળાશથી બોલાય નહીં, હરાયફરાય નહીં; આવું કેવી રીતે ગમે? જોકે મરુયા સમજદાર હતી. એ જાણતી હતી કે ઘરનાં બધાં જીવે છે એનાથી વિરુદ્ધ હું બોલું કે કંઈ કરું તો એમની લાગણીને ઠેસ પહોંચે અને મારાથી એવો અવિનય કે ઉદ્ધતાઈ ના કરાય, એમનું દિલ ના દુભાવાય.

તોય કોઈ દિવસ એ એના અસલ રંગમાં આવી જતી. એક વાર કોયલનો ટહુકાર સાંભળીને એણે સામું કુ...ઉ... કર્યું ને ત્યાં ઊભેલો નોકર હસી પડ્યો. મરુયાને એમાં કંઈ મશ્કરી કે અપમાન ન લાગ્યું પણ પ્રત્યૂષ મરુયા પર ચિડાઈ ગયો. બે આકરા શબ્દો કહ્યા. આવું થાય ત્યારે મરુયા ચૂપ થઈ જતી, સામે જવાબ ન આપતી, દલીલ ન કરતી. માત્ર થોડી વાર જ એનુ મોં વિલાઈ જતું. વળી પાછી સ્વસ્થ, પ્રસન્ન થઈ જતી.

એક વાર ફ્રેન્ડસર્કલ સાથે પ્રત્યૂષ અને મરુયા આઇસક્રીમ ખાવા ગયાં. દરેક જણ પોતાના ટેસ્ટનો આઇસક્રીમ ખાતું હતું. ત્યારે મરુયાએ કેસરનો આઇસક્રીમ લીધો ને પ્રત્યૂષ મનોમન ચિડાઈ ગયો કે હું લેઇટેસ્ટ બનાવટ પસંદ કરું છું તે આ બુદ્ધુ ગામડિયણે સાવ ચાલુ બનાવટ પસંદ કરી.

પાછાં ફરતાં એણે મરુયાને કહ્યું, 'આપણે લેઇટેસ્ટ વાનગી ખાઈએ છીએ, આપણને મોંઘામાં મોંઘી ચીજ પોષાય છે એવું બતાવવાનું હોય તો જ આપણે રીચ દેખાઈએ, આપણો વટ પડે.'

મરુયા બોલી, 'તો મને પૂછ્યા વગર તારે જ ઑર્ડર આપી દેવો હતો ને! તો મિત્રો સમજત કે આટલા થોડા સમયમાં તને મારા ટેસ્ટ અને મૂડની

કેટલી ખબર પડી જાય છે! આપણા લગ્નને હજી મહિનો ય નથી થયો ને આપણે એકબીજાને કેટલાં ઓળખી લીધાં છે!'

મરુયાનો જવાબ સાંભળીને પ્રત્યૂષ ચકિત થઈ ગયો. પ્રત્યૂષને સમજાયું નહીં કે મરુયાને ગામડિયણ કહેવી કે બુદ્ધિશાળી! તીવ્ર બુદ્ધિશાળી મરુયા કાયમ આવી રીતે જ વાત કરતી હોય છે. કેટલા વિશ્વાસ અને ચાતુર્યથી બોલતી હોય છે! એને નથી સુપિરિયોરિટી કોમ્પલેક્ષ કે નથી ઇનફિરિયોરિટી કોમ્પલેક્ષ.

થોડા દિવસ પછી મરુયાના કાકા નડિયાદથી એને મળવા આવ્યા. એમણે જોયું કે મરુયાનો વાન પહેલાં જેવો ઉજ્જ્વળ નથી, એ સહેજ સુકાઈ છે. એમણે પૂછ્યું, 'કેમ બેટા આવી થઈ ગઈ? માંદી પડી હતી?' મરુયાએ જોયું કે કાકાની આંખો ભીંજાયેલી હતી. એમને ભત્રીજીની ચિંતા છે. કાકાની લાગણી એને સ્પર્શી ગઈ.

પણ મરુયા એમ લાગણીમાં ખોટી રીતે તણાય એમ ન હતી. એ હસીને બોલી, 'કાકા, ઊછર્યાપાછર્યા છોડને એના મૂળ સ્થાનેથી ખેંચીને બીજે રોપીએ તો થોડા દિવસ એ છોડ કરમાતો હોય એવું લાગે, પણ ધીરે ધીરે એનાં મૂળ માટીની સાથે એક થઈ જાય છે ને છોડ ખીલી ઊઠે છે. ચિંતા કરવાનું કોઈ કારણ નથી. હું સાજીસમી ને મઝામાં છું.'

બુદ્ધિમતી મરુયાએ કાકાને કેટલી કુશળતાથી ચિંતામુક્ત કરી દીધા! કોઈના ય પર આક્ષેપ મૂક્યા વગર, ટીકા કર્યા વગર આખી પરિસ્થિતિનો ખ્યાલ આપી દીધો. કેટલી ઊંડી સમજ છે એનામાં! શરીર અને મનથી કેટલી તંદુરસ્ત! એને જે મળ્યું એ સંપૂર્ણ મનથી જરાય કચવાટ કે ફરિયાદ વગર સ્વીકાર લીધું છે. એની પ્રસન્નતામાં કોઈ ફેર નથી પડ્યો.

દેસાઈકાકા સાંભળી જ રહ્યા. મરુયા ઉદાસ નથી, નિરાશ નથી, હતાશ નથી. એ પહેલાંની જેમ શ્રદ્ધા, પ્રેમ અને ઉત્સાહથી છલકાતી છે.

પ્રત્યૂષ ત્યાં જ હતો. એણે મરુયા અને કાકાનો સંવાદ સાંભળ્યો હતો. એ પ્રસન્નતાથી ખીલી ઊઠ્યો. ખૂબ પ્રેમથી ભાવવિભોર થઈ આશ્ચર્ય સાથે એ મરુયાને જોઈ રહ્યો. મરુયાએ કાકાને કોઈ ફરિયાદ ન કરી. કોઈને વગોવ્યાં નહીં. કાકાને થયું પ્રત્યૂષ મારી દીકરીને જાણી શક્યો છે, ઓળખી શક્યો છે, હવે ચિંતાનું કોઈ કારણ નથી. મારી દીકરી ગમે એવા પ્રતિકૂળ સંજોગમાં ય ખીલી ઊઠશે કારણ કે એનામાં દૈવત છે, સત્ત્વ છે.

મરુયા પિયરમાં મુક્ત વાતાવરણમાં ઊછરી હતી. એને દંભ-આડંબર ગમતાં ન હતાં. જ્યારે સાસરે તો પૈસાનું પ્રદર્શન ને દેખાડો હતાં. મરુયાને આ ગમતું નથી, પણ ખુલ્લંખુલ્લા વિરોધનો એક શબ્દ નથી બોલતી, પતિ આગળ પણ ચર્ચા નથી કરતી. પોતે ચડિયાતી છે એવું જરાય દર્શાવતી નથી.

સાસરે જે છે, જેવું છે, સંપૂર્ણપણે સ્વીકારી લે છે. જરાય કચવાટ વગર સાહજિકતાથી, પ્રેમથી સ્વીકારી લે છે. પરિણામે પતિનો એ પૂર્ણ પ્રેમ પામે છે. ભૂલો બતાવવી, ખોડખામીની ચર્ચા કરવી સહેલી છે પરંતુ એનાથી ઘર્ષણ થાય છે. જેને પોતાનાં કરવાં છે એ પારકાં થાય છે. એક વાર પતિ સાથે ઐક્ય સધાય પછી ચર્ચા કરી શકાય. આપણે ત્યાં સ્ત્રી પાસેથી બહુ અપેક્ષા રખાય છે. એણે પતિની રહેણીકરણી અને વિચારો પ્રમાણે પોતાનું જીવન ગોઠવવું પડે છે. એ લાચારી નથી પણ ચાતુર્યભરી કલા છે. શાણા માણસો કહે છે કે બીજું બધું બરાબર હોય તો સ્ત્રીએ આટલી બાંધછોડ કરવી જોઈએ અને ખોટો સંઘર્ષ ટાળવો જોઈએ. સંઘર્ષ કર્યા વિના એણે પરિસ્થિતિને અનુકૂળ કરવી જોઈએ.

બે હૃદય ગમે એટલાં પાસે હોય છતાં એકબીજાને સહેલાઈથી ઓળખી શકતાં નથી. માણસ સમુદ્ર પાર કરી જશે, પાતાળ સુધી પહોંચી જશે પણ પોતાના જ હૃદયને વળગેલા હૃદયનો એ પાર પામી શકશે નહીં. આ છે રોજની સ્થિતિ, પરંતુ હૃદય જ્યારે હૃદયને ઓળખે ત્યારે જ તૃપ્તિ થાય છે. કહેવાયું છે કે, "પતિ-પત્નીનું દામ્પત્યજીવન એ 'હું'થી 'તું' ભણી અને 'તું'માંથી 'આપણે' ભણી જતી વિસ્તારયાત્રા છે. આ સાંસ્કૃતિક સાધના છે."

ખલિલ જિબ્રાન કહે છે, 'પ્રેમને વશ થજો, તેમાં શ્રદ્ધા રાખજો. પ્રેમ પોતા સિવાય બીજું કશું આપતો નથી અને પોતા સિવાય બીજા કશામાંથી કશું લેતો નથી. તમે પ્રેમને બેડી ન બનાવશો. હૃદય એકબીજાને અર્પજો પણ એકબીજાના તાબામાં સોંપશો નહીં. તમે સાથે ઊભા રહેજો પણ અડોઅડ નહીં, કારણ કે વિશાળ ઘુમ્મટને આધાર આપનાર થાંભલા અલગ જ ઊભા હોય છે. દેવદાર અને સાગ એકબીજાની છાયામાં ઊગતાં નથી.'

માણસમાત્ર અપૂર્ણ તો હોય જ, પણ એ અપૂર્ણતામાંથી ય પૂર્ણતાની અનુભૂતિ કરાવવી એ જ દામ્પત્યજીવનની સાધના. મરુયાના અંતરતમમાં બધાં માટે સ્નેહ છે, સમભાવ છે, આવકાર છે, તેથી મરુયાથી સાવ ભિન્ન વાતાવરણમાં ઊછરેલો એનો પતિ કેટલા ટૂંકા સમયમાં મરુયાના રંગે રંગાવા માંડ્યો! એમનું દાંપત્યજીવન મહેકી ઊઠ્યું.



૩૪

હું તને ચાહી ચાહીને પૂર્ણ બનાવીશ

જ્યારે નવવધૂ પોતાના જીવનસાથીના ઘરનો ઉંબરો ઓળંગે છે ત્યારે વડીલો આશીર્વાદ આપે છે: 'સદા સુખી રહો.'

લગ્ન પહેલાં વર અને કન્યાના ઘેર વિઘ્નહર દેવ ગણેશજીનું શુભ મુહૂર્ત જોઈને મંત્રોચ્ચાર સાથે સ્થાપન થાય છે. લગ્નની વિધિ કરવા પાછળ એક જ ભાવના હોય છે કે વરકન્યાના જીવનમાં કોઈ તકલીફો ન આવે. આખા પ્રસંગને રૂડો અવસર કહે છે. એ દિવસને શુભ દિન કહે છે. દરેક પ્રસંગને મંગલ પ્રસંગ કહે છે. વરકન્યા છેડાછેડી બાંધીને ફેરા ફરે એને મંગલફેરા કહે છે. એ અવસરે જે ગીતો ગવાય એને મંગલગીતો કહે છે. સ્ત્રીઓ હર્ષ અને ઉલ્લાસથી ગાતી હોય છે,

ઉરસાગર કેરાં મોતોડાં ઝીલી રચીશું
મનોહર માળ

મનડે મધુરાં રે સોહે [illegible] રે
લોલ

અમર વેલીની છાંય બધે છાઈ રે
લોલ.

લગ્નને શુભમંગલ મનાયું છે. ઉત્સાહથી વરકન્યા જોડાય છે અને માવતરના ઘેરથી કન્યાની શુભ વિદાય થાય છે.

અપૂર્વ ઉલ્લાસથી આટઆટલી મંગલવિધિ થાય, હરક્ષણે શુભ ભાવનાથી પ્રાર્થના થાય, પ્રતિજ્ઞા લેવાય, શુભેચ્છા વ્યક્ત થાય, શુભાશિષ અપાય છતાંય વરકન્યા સુખી જ થશે એની કોઈ ખાતરી નથી. સુખ મેળવવા વરકન્યાએ જાતે જ સભાન પ્રયત્ન કરવો પડે છે.

દામ્પત્યજીવનમાં સુખશાંતિ રહે, ઘરકુટુંબ અક્ષુણ્ણ રહે, તૂટે નહીં માટે શું કરવું જોઈએ? પહેલાંના સમયમાં સ્ત્રી દરેક વાતમાં પતિને અનુસરતી. એ કહેતી: I shall think thy thought and speak thy speech . પણ હવે એવો જમાનો રહ્યો નથી. હવે સ્ત્રીપુરુષ સમાન મનાય છે. સમાન અધિકાર, સમાન સ્વાતંત્ર્ય.

દાયકાઓ પહેલાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે કહ્યું હતું, 'દુનિયામાં અનેક વસ્વહુઓ એકબીજાના ગળામાં ફૂલમાળા પહેરાવે છે અને એકબીજાને પ્રેમથી સમર્પિત થાય છે. તેમના એ પ્રેમથી જગત પવિત્ર અને

પરિપૂર્ણ બની ગયું.' પરંતુ અત્યારે આવો અહેસાસ ભાગ્યે જ થાયે છે. અત્યારે વરવધૂ એવી લાગણીમાં સંપૂર્ણપણે તણાતાં નથી.

ક્યારેક લગ્નના થોડાક દિવસો અથવા તો મહિનો બે મહિના પછી આનંદના ઠેકાણે કચવાટ અને આક્રોશ શરૂ થઈ જાય છે. પસંદગી વખતે બાહ્ય રૂપ, રંગ, સ્માર્ટનેસ જોઈને પ્રભાવિત થઈ ગયાં હતાં. મનમાં ધાર્યું હતું કે મારે જોઈએ છે એ બધું આનામાં છે અને હરખાતા હૈયે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. પણ પછી ભ્રમણા ભાંગી, પ્રથમ નજરે જે દેખાયું એ વાસ્તવમાં નથી એવો ખ્યાલ આવ્યો ને મન ધૂંધવાઈ ઊઠ્યું.

કહેવાય છે કે લગ્ન જુગાર છે. ખુલ્લી આંખે, જોઈ-વિચારીને નિર્ણય લો તોય ક્યાંક તો ગોથું ખવાઈ જાય છે.

માણસમાં કોઈક ને કોઈક મર્યાદા હોય છે. કંઈક વિશેષ હોય અને કંઈક ખૂટે. એનામાં જે હોય એની એના જીવનસાથીને મન કોઈ કિંમત ન હોય, અને ન હોય એના માટે એને દોષી ઠરાવે.

પસંદગીમાં તમે ભૂલ કરી છે એવું લાગે ત્યારે એક વાત યાદ રાખો કે જો તમને પૂર્વી નામની યુવતી મળી છે તો એ પૂર્વી જ રહેશે, તમે દેવાંજલિની ઇચ્છા રાખો તેથી તમને મળેલી પૂર્વી દેવાંજલિ નહીં થઈ જાય અને જો દેવાંજલિ હશે તો એ પૂર્વી નહીં થાય. જે નથી મળ્યું એનો વસવસો કરવા કરતાં જે મળ્યું છે એનો હસતા હૈયે સંપૂર્ણ હૃદયથી સ્વીકાર કરો. આ રીતે સ્વીકાર કરવો અઘરી વાત છે. માણસનું મન એટલું ઝટ માની ન જાય, પણ મનને મનાવવું અતિ આવશ્યક છે, અને એ અશક્ય નથી. આમ નહીં થાય તો પ્રેમ મરી જશે. આ પ્રક્રિયા જીવનને નષ્ટ કરનાર છે. જિંદગીનો પ્રવાહ અટકી પડે છે. તમને જે પાત્ર મળ્યું છે એને અનન્ય માનો. એનામાં જે સારું છે એની કદર કરો અને તમારા પાત્રને એની બધી અપૂર્ણતા સાથે પ્રેમ કરો.

લગ્ન એ માણસે સર્જેલી અને સ્વીકારેલી વ્યવસ્થા છે. એને સફળ બનાવવી આપણા હાથમાં છે.

દરેક માનવી અલગ છે, એનું મન અકળ છે. એવાં બે મન વચ્ચે ઊંડો ને ચિરસ્થાયી સંબંધ ટકાવી રાખવો અઘરો છે. ગમે ત્યારે મુશ્કેલી આવે, ક્યારેક બાહ્ય ઘટના અથવા તો બહારનું કોઈ પાત્ર મુશ્કેલી ઊભી કરે. ક્યારેક આંતરિક કોઈ કારણસર તકલીફ ઊભી થાય. તેથી બેઉ જીવનસાથીએ જો સંબંધ નિભાવવો હોય તો સમજ જોઈએ, ધીરજ જોઈએ, સામા પાત્રને સમજવાની તત્પરતા જોઈએ, પોતાની ભૂલ કબૂલ કરવા જેટલી નમ્રતા અને સરળતા જોઈએ.

સોનલ બહુ મોટા ઉદ્યોગપતિની દીકરી હતી. એના પિતાએ શૂન્યમાંથી લાખોની સંપત્તિ બનાવી હતી. સાહસ અને પુરુષાર્થ એમના

લોહીમાં વણાઈ ગયાં હતાં. એ બહુ ઠાઠમાઠથી રહેતા હતા. આવા બાપની દીકરી સોનલને પોતાની પિતાની સંપત્તિનું બહુ અભિમાન હતું.

આ સોનલનાં પરદેશથી ભણીને આવેલા સુધીર સાથે લગ્ન થયાં. સુધીરે પોતાની ફેક્ટરી નાખી હતી પણ એના ધાર્યા પ્રમાણે નફો થતો ન હતો. તેથી એણે ફેક્ટરી સમેટી લેવા માંડી. એનો વિચાર ક્યાંક જોબ કરવાનો હતો.

સુધીરનો વિચાર જાણીને સોનલ ગુસ્સે થઈ ગઈ. એ તુચ્છકારભર્યા સ્વરમાં બોલવા માંડી, ‘તમે નમાલા છો, મારા માથે પડેલા છો, મારી આખી જિંદગી પાયમાલ થઈ ગઈ. ભણ્યા પણ કંઈ કરી શક્યા નહીં, યુવાન છો પણ લડાયક જુસ્સો નથી, હિંમત નથી. મારા પપ્પા તો લીધી વાત મૂકે જ નહીં. તમે ભડવીર નથી.’

સુધીર સોનલનું માનસ સમજી શકતો હતો. પોતે સોનલની અપેક્ષા પ્રમાણે કમાઈ શકતો નથી તેથી ગુનેગાર હોય એમ ચૂપ બેસી રહેતો.

સોનલની નિરાશા અને અસંતોષ અવારનવાર ગુસ્સારૂપે બહાર નીકળ્યા કરતાં. સામાન્ય સૌજન્ય અને વિવેક ભૂલીને સવાર, બપોર, સાંજ એ સુધીરને મહેણાંટોણાં માર્યા કરતી.

બોલતી વખતે એ એક પળ માટેય સુધીરની સામે જોતી નહીં કે પોતાની આ નિષ્ઠુર વાણીની જાત પર શું અસર થાય છે. તિરસ્કાર પામવાથી માણસ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. કદાચ કોઈ બીમારી ય લાગુ પડી જાય.

સુધીરને જે સમયે પ્રેમ, સાંત્વના, પ્રેરણા અને પ્રોત્સાહનની જરૂર છે ત્યારે સોનલ એને તિરસ્કારે છે, પણ સુધીર એની સાથે એકે દલીલ નથી કરતો કે ચિડાતો નથી.

એક વાર સોનલે પૂછ્યું, ‘હું તમને ગમેતેમ બોલું છું તેથી તમને મારા પર ચીડ નથી ચડતી?’

ત્યારે સુધીર બોલ્યો, ‘ના, ચીડ નથી ચડતી, કારણ કે ગુસ્સામાં બોલેલું લક્ષ્યમાં ન લેવાય.’

‘તમને એવું નથી થતું કે મને તમારા માટે પ્રેમ નથી એટલે આવું બોલું છું’

‘સોનલ, મારી નિષ્ફળતાથી તું દુ:ખી છે, તારું એ દુ:ખ ગુસ્સારૂપે પ્રગટ થાય છે. તારાં દુ:ખ-અસંતોષ તું મારી આગળ ન ઠાલવે તો કોની આગળ ઠાલવે? આ ગુસ્સો તો ક્ષણિક છે, પ્રેમ શાશ્વત છે. હું તો તારો પ્રેમ જોઉં છું, ગુસ્સો નહીં. બે માણસના સંબંધમાં આવી નાની નાની વાત લક્ષ્યમાં જ ન લેવાય.’ ગાઢ આત્મીયતાથી સુધીર બોલ્યો.

પતિની ઉદારતા, પ્રેમ અને સમજદારી જોઈને સોનલ રડી પડી. પછી કદી એણે પતિને એકે આકરું વેણ કહ્યું નહીં.

આપણા જીવનમાં જે પાત્ર આવ્યું એને એની બધી મર્યાદાઓ સાથે સુધીરની જેમ પૂરેપૂરી સમજદારી દાખવીને સ્વીકારવું જોઈએ. એ સમજદારી બુદ્ધિની નહીં પણ હૃદયની એટલે કે પ્રેમની હોવી જોઈએ. પ્રેમનો સ્વભાવ વ્યક્તિના હૃદયને સ્પર્શી એને સુંવાળું બનાવવાનો છે. પ્રેમ અશક્યનું શક્યમાં રૂપાંતર કરી શકે છે.

પ્રેમની સાથે બુદ્ધિની પરિપક્વતા જોઈએ. સામા માણસનાં હૃદયમનને સાચી રીતે ઓળખવાની દૃષ્ટિ જોઈએ, તો દામ્પત્યને ઊની આંચેય નથી આવતી.

સુધીર ભલે ઉદ્યોગપતિ તરીકે સફળ ન થયો પણ માનવમનને સમજવાની એનામાં શક્તિ હતી, સાથે સાથે ધીરજ અને સંયમ હતાં તેથી કશું ખંડિત ન થયું. એમનું દામ્પત્ય મહોરી ઊઠ્યું.



૩૫

પ્રેમથી પ્રેમ પ્રગટાવવાની કલા

એક મહિના પહેલાં જ શતાનીનાં લગ્ન થયાં છે. ઘરમાં એનો પતિ અમિત, સાસુ-સસરા, નાની નણંદ સુનિધિ અને એ પોતે — એમ પાંચ જણ છે. પણ ઘરમાં શાંતિ નથી, સંપ નથી, સ્નેહ નથી.

સવારના પહોરથી ઘરમાં કંકાસ શરૂ થઈ જાય છે. આક્ષેપ ને પ્રતિઆક્ષેપ, ચડભડ ને હુંસાતુંસી. વાતે વાતે ખોડ-ખામીઓ શોધાય. એક જણ બોલે એનું બીજું ખંડન જ કરે. આવા વાતાવરણથી શતાની ફફડી ઊઠી.

શતાનીની દુનિયા નર્યા પ્રેમની દુનિયા હતી. એના સમાગમમાં આવનાર સૌ કોઈ એનો પ્રેમ પામતું, પણ અહીં તો કોઈને પ્રેમની કદર નથી. શતાનીનો પતિ અમિત પણ બોલવાચાલવામાં ખૂબ રુક્ષ અને તોછડો હતો.

અમિત કોઈ વાર ઘેર વહેલો આવે ત્યારે ખૂબ પ્રેમથી હરખાતી શતાની એને આવકારતાં બોલે, 'વાહ! આજે તો વહેલો ઘેર આવી ગયો!'

ત્યારે પત્નીના ઉદ્ગારમાં રહેલો પ્રેમ પારખવાને બદલે અમિત તાડૂકે, 'વહેલો ઘેર આવ્યો એ ન ગમ્યું? પાછો જતો રહું?'

શતાની વળ ખાઈ જતી, આ શું? મારા કહેવાનો ઊંધો અર્થ કેમ લેતો હશે? મારા અવાજનું હેત એને કેમ સ્પર્શતું નહીં હોય? આવા માણસની સાથે શી રીતે વાત કરવી?

એક વાર એનાં સાસુ માંદાં પડ્યાં ત્યારે ઘરનું કામ કરતાં કરતાં ય ઊભા પગે શતાની એમની ચાકરી કરતી હતી. એણે એની સાસુને પૂછ્યું, 'મમ્મી, શું લેશો? મગનું પાણી કે લીંબુનું શરબત? ડૉક્ટરે થોડી થોડી વારે કંઈનું કંઈ લેવાનું કહ્યું છે.'

ત્યારે સાસુ બોલ્યાં, 'હા, હા, ડૉક્ટરે કહ્યું છે એટલે જ તું પૂછે છે, નહીં તો કંઈ પૂછે એવી નથી. તને શું પડી હોય?'

શતાની તો થીજી જ ગઈ. આ શું? આ ઘરનું કોઈ પ્રેમને ઓળખતું જ નથી. એ મનમાં નિસાસો નાખે છે, ભગવાન પાસે મેં કદીય લખલૂટ સંપત્તિ કે રાજપાટ માગ્યાં ન હતાં; માગ્યો હતો પ્રેમ પણ એમ ન મળ્યો.

એ પિયર ગઈ. મા પાસે રડી પડી. મા ખૂબ સમજદાર અને અનુભવી હતી. એણે દીકરીને સાંત્વનાભર્યા સૂરમાં કહ્યું, 'બેટા, ગૃહસ્થીનું સુખ કોઈ ભાગ્યશાળીને સહેલાઈથી મળી જાય છે, પણ જો ના મળે તો

નિરાશ થવાની જરૂર નથી. આપણે પ્રયત્ન કરવાનો, સાધના કરવાની. પરિસ્થિતિમાં ચોક્કસ ફરક પડશે.'

માની વાત સાંભળીને શતાની વિચારમાં પડી ગઈ. એને થયું, મારી જિંદગીમાં આ એક પડકાર છે. હું પ્રયત્ન કરીને એમનાં હૈયાંમાં પ્રેમની સરવાણી પ્રગટાવીશ. એમનાં વર્તનથી હવે હું પાછી નહીં પડું. એમનાં અસહકાર, આક્ષેપો, અવગણના કે અપમાનથી હું ખોટું નહીં લગાડું. ઘરમાં આનંદ, ઉત્સાહ અને સમજનું વાતાવરણ રચીશ.

શતાનીએ પોતાના ઘરસંસારને પ્રેમથી ઉજાળવાનો દૃઢ નિર્ધાર કર્યો. હવે એના મોં પરનું હાસ્ય વિલાતું નથી. ઘરનાં માણસોનાં વાણી કે વર્તનથી દુ:ખ લગાડ્યા વગર નિ:સ્વાર્થપણે બધાંને સાચવે છે. પ્રેમભરી કાળજી લે છે.

ધીરે ધીરે ઘરમાં કકળાટ, ચડભડ ઓછાં થવા માંડ્યાં. બધાં નરમ પડ્યાં. શતાનીના પ્રેમે પ્રેમનો દીપક પ્રગટાવ્યો.

સ્ત્રીને પ્રેમાળ વર અને સ્નેહ અને સહકારની ભાવનાવાળાં સાસરિયાં મળે છે ત્યારે તો કોઈ સમસ્યા ઊભી થતી નથી. સ્ત્રીએ પ્રેમથી એમાં ઓગળી જવાનું જ રહે છે.

ક્યારેક ઘરમાં એકાદ જણ રુક્ષ કે સંવેદનારહિત હોય ત્યારેય જો પતિનો ઉષ્માભર્યો સહકાર હોય, દૃઢ ઓથ હોય તો વાંધો નથી આવતો. પતિ તરીકે દરેક યુવકની ફરજ છે કે જેનો હાથ પકડીને તમે તમારા સંસારમાં લાવો છો એને પૂરા પ્રેમથી સાચવવાની. એ મૂંઝાય નહીં, અકળાય નહીં, નિરાશ ના થાય એ જોવાની પતિની ફરજ છે. એની લાગણીઓનો કદી અનાદર ન થવો જોઈએ.

સ્ત્રી પ્રકૃતિએ સંવેદનશીલ હોય છે. પોતાનાં માબાપ, ચિરપરિચિત દુનિયા અને ઘર છોડીને આવી હોય તેથી એનું મન આળું થયું હોય; એને વિશેષ પ્રેમભરી માવજત જોઈએ. એના માટે વર, ઘર, ઘરનાં સભ્યો બધું જ અજાણ્યું હોય છે. એ ઘરની પ્રથા-રીતરિવાજો જાણતી ન હોય ત્યારે એનાથી ભૂલ થઈ જાય તો એની પર તૂટી પડવાનું ન હોય.

પહેલાંના વખતમાં સ્ત્રીને દબાવવામાં આવતી. એમને ય શરીર છે, મન છે, હૃદય છે. એમને ય પોતાના વિચારો હોય, ઇચ્છાઓ હોય, સપનાં હોય એ ભૂલી જવાતું અને એની પર જબરજસ્તી થતી, પણ છેલ્લાં વીસ-ત્રીસ વર્ષથી પરિસ્થિતિ ખૂબ સુધરી ગઈ છે.

સ્ત્રીસ્વાતંત્ર્ય અને સમાનતાના ખ્યાલે સ્ત્રીને જાગૃત કરી છે. હવે સ્ત્રી મૂંગા મોંએ કંઈ જ સહન નહીં કરે. હવે કાયદો એને રક્ષણ આપે છે અને સ્ત્રીસંસ્થાઓ એના પડખે છે. આજની સ્ત્રી લાચાર કે ઓશિયાળી નથી.

જોકે આ પરિવર્તનના પવને એવી હલચલ મચાવી દીધી છે કે સ્ત્રીની સહિષ્ણુતા અને ઉદારતા નષ્ટ થતાં ચાલ્યાં છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે ઘરમાં દરેક જણ પોતાનું છે, કોઈ પારકું નથી. ત્યાં હક અને અધિકારના નામે નાની નાની વાતમાં મોરચો માંડવાનો ન હોય, પણ શતાનીની જેમ શાંત ચિત્તે વિચારવાનું હોય. પતિ અને ઘરનાં અન્ય સભ્યોનાં માનસને સમજીને કોઈ વચલો માર્ગ કાઢવાનો હોય. ધીરજ રાખીને પરિસ્થિતિ સુધારવાની હોય. નમ્રતા એ નબળાઈ નથી. ક્યારેક નમ્ર વ્યવહાર જાદુઈ અસર કરે છે.

ઘરમાં માણસને જે હુંફ અને સલામતી મળે છે એ બીજે ક્યાંયથી નથી મળતી. હાલના જમાનામાં ભલે વિભક્ત કુટુંબોની સંખ્યા વધતી જાય છે, પણ આપણે ત્યાં હજી મહિમા તો સંયુક્ત કુટુંબનો જ છે.- Standing together facing the world forming a circle of love that gathers in th whole family

જ્યાં સંબંધ હોય ત્યાં સમસ્યા તો સર્જાય; ક્યારેક નાની સમસ્યા, ક્યારેક મોટી સમસ્યા, પણ માણસ ધારે તો એ ઉકેલી શકે.

સ્ત્રીમાં કુટુંબભાવના જેમ ઉત્કટ તેમ કુટુંબમાં સુખશાંતિની ગુંજાયશ પણ વધારે. અલબત્ત એકલી સ્ત્રી કે પુરુષના સદ્ગુણો ઘરને ઉજાળી ન શકે. બંને વચ્ચે પૂર્ણ સંવાદિતા જોઈએ. એ ન હોય તો અનુકૂલન સાધવાની તત્પરતા હોવી જોઈએ, તો જ કુટુંબ સુખી થાય.



૩૬.

પ્રેમથી થાય પરિવર્તન

અમીય નાનપણથી એની મમ્મી અરૂપાબહેનને કંઈ ને કંઈ ઉદ્યમ કરતાં જોતો. એનાં નિતલ સાથે લગ્ન થયાં ત્યારે એના મનમાં હતું કે નિતલ પણ ઉદ્યમી હશે, પરંતુ નિતલ તો ખૂબ આળસુ. એને કામ કરવું ગમે જ નહીં.

એક વાર અમીય બોલ્યો, ‘તું મમ્મીની જેમ કંઈ કરતી હોય તો?’

નિતલ તુચ્છકારથી બોલી, ‘મમ્મીને તો જીવતાં જ નથી આવડતું. આખો દિવસ કામ, કામ ને કામ. એમને જોઈને જ મને તો થાક ચડી જાય છે.’

અમીયને પત્નીનું કહેવું સાંભળીને આંચકો લાગ્યો. એ બોલ્યો, ‘મમ્મીને તો બેસી રહેવાનું કહો તો થાક ચડી જાય. એને તો નવું નવું શીખવાનું અને બનાવવું ગમે. કોઈ દિવસ ખાલી બેસી રહેતાં મેં એને નથી જોઈ.’

નિતલ જોરથી ભડૂકી, ‘એટલે હું ખાલી બેસી રહું છું, એમ? તારી મમ્મી ક્યારથી મારી વિરુદ્ધ તારા કાન ભંભેરવા માંડી? મને મોંએ તો દીકરી-બેટી એવું કહે છે ને પાછળથી ટીકા કરે છે?’ નિતલની આવી તીખી જીભ! અમીય એક આંચકો ખાઈ ગયો. વાત વધારે ન બગડે માટે એ બોલ્યો, ‘મમ્મીએ મને કશું નથી કહ્યું, આ તો હું તને પૂછું છું કે તને કદી એવું નથી થતું કે આખો દિવસ ગયો મેં શું કર્યું? કંઈક નવું શીખવા-કરવાથી જિંદગી રસભરી અને તાજગીભરી બને.’

‘ના, મને તો આરામની જિંદગી ગમે છે.’ નિતલ બેફિકરાઈથી બોલી.

આમ અમીય અને નિતલના સ્વભાવ અને માન્યતામાં ફરક હતો. ડગલે ને પગલે એમને આ ભેદ નડતો. નાની વાતો ય મોટા ઝઘડાનું કારણ બનતી. નવપરિણીત વચ્ચેનું મુગ્ધ, મધુરું, રોમાંચકારી આકર્ષણ ગાયબ થઈ ગયું. બેઉ એક ક્ષણ માટે ય એકત્વ સાધી શકતાં નહીં. બેઉને અન્યોન્યમાં દોષ ને દોષ જ દેખાય. એકબીજા પર આરોપ કર્યા કરતાં.

બેઉમાં સંયમ અને સમતાનો અભાવ હતો. ધીરજ કે સહિષ્ણુતા ન હતાં. નિતલ એટલી તોછડી ને ટૂંકા મનની હતી કે એ કંઈ સારું વિચારી શકતી જ નહીં. અમીય જે બોલે એમાંથી ઊંધો અર્થ જ લેતી.

અરૂપાબહેન ફફડી ઊઠ્યાં કે આમ ને આમ તો બેઉનો સંબંધ નંદવાઈ જશે. ભય, શંકા અને ઉદ્વેગમાં એમનો કાયમનો ઉત્સાહી, આનંદી સ્વભાવ અદૃશ્ય થઈ ગયો.

અમીયના પપ્પા કાર્તિકભાઈ પત્નીને સાંત્વન આપતાં કહે, 'આ આપણી કસોટી છે. આપણે ખૂબ સાવચેત રહેવાનું. મોં નહીં ચડાવવાનું કે નિતલ તરફ દુર્ભાવ નહીં સેવવાનો. આપણે વડીલ છીએ. આપણે ધીરજ કે સહનશક્તિ નહીં ગુમાવવાનાં.

જો અરૂપા, એક હાથની પાંચ આંગળીઓ ય સરખી નથી હોતી તો નિતલ તો બીજા ઘરની દીકરી, આપણા કરતાં સાવ અલગ વાતાવરણમાં ઉછરેલી. એ આપણા જેવું ના વિચારે, ના કરે એનું દુ:ખ નહીં માનવાનું. અમીયને પણ આપણે સમજાવવાનો કે નિતલને ટોક ટોક ના કરે. એ નિતલનો પતિ છે, પતિ તરીકે એને પ્રેમ કરવાનો હોય, એક શિક્ષકની જેમ સૂચનાઓ નહીં આપ્યા કરવાની.'

કાર્તિકભાઈએ અમીયને પણ કહ્યું, 'બેટા, તમારા દામ્પત્યજીવનની મધુરતા નષ્ટ થાય કે તમે બેઉ અન્યોન્યથી દૂર જાઓ એવું એક વેણ તારા મોંમાંથી ન નીકળવું જોઈએ.'

'પણ પપ્પા, મારી વાત સાચી હોય, સારી હોય તોય છોડી દઉં?'

'બેટા, તમારા જીવનને આખિલાઈપૂર્વક જો. નિતલ હમણાં ઉદ્યમી નથી તો કંઈ નહીં. ઘણી છોકરીઓને ઉદ્યમ કરવો નથી ગમતો. અને તું જે રીતે કહે છે એ રીત આળા સ્વભાવની નિતલને પસંદ નથી. નિતલ જિદ્દી છે અથવા તો આધુનિક વિચારસરણી પ્રમાણે અલગ વ્યક્તિત્વમાં માને છે. એને તું વારંવાર એકની એક વાત કહીશ તો તમારા સંબંધમાં ગાંઠ પડી જશે. અને તું ખાસ યાદ રાખ, તારી મમ્મી સાથે એની સરખામણી ના કરીશ. તું તારી મમ્મીનો દાખલો આપીશ તો એ વધારે અક્કડ બનતી જશે. અને નિતલ તારી મમ્મી જેવી બને એવો આગ્રહ શું કામ? તારા વિચાર, ગમા-અણગમાં એની પર ઠોકી ન બેસાડ.

બેટા, તું એને એની રીતે જીવવા દે. પતિને જે ગમે એ કરવા આધુનિક પત્ની બંધાયેલી નથી. એને તું મોકળાશ આપ. એને સમજવા પ્રયત્ન કર. એ જેવી છે એવી એને પ્રેમથી સ્વીકાર. તું કાયમ યાદ રાખ કે પ્રેમ એ જાદુ છે, એની અસરમાં ભલભલા પરિવર્તન પામે છે. પતિ-પત્નીના સંબંધની એ જ ખૂબી છે. એ નાજુક સંબંધ જાળવવો એય કલા છે.

લગ્નના મંગળફેરા ફર્યા એટલે તમે પતિ-પત્ની બનો છો. પણ લગ્નની પવિત્ર શુભ ભાવના સાકાર કરવા પુરુષાર્થ કરવો પડે. સમસ્ત હૃદયથી પુરુષાર્થ કરવો.પડે.

એકબીજાનું મન સાચવીને, માન આપીને એક થવાય; લડી-ઝઘડીને તો જુદાં પડી જવાય.'

અમીય એના પપ્પાની વાત સાંભળી વિચાર કરતો થઈ ગયો.

આવી જ કહાની છે રચના અને પ્રવીરની. રચનાને કપડાં-દાગીનાનો શોખ, હોટલમાં ખાવા જવાનો શોખ. ઘરનાં કામ એને ગમે નહીં. જ્ઞાનની વાત ગમે નહીં. સારુ સાહિત્ય વાંચવું ગમે નહીં. જ્યારે પ્રવીરના મનમાં સંસ્કારી ઘર અને વિકાસશીલ જીવનનો એક આદર્શ હતો. એ જીવનને ઊર્ધ્વગામી બનાવે એવી પ્રવૃત્તિનો આગ્રહી હતો. 'આના લીધે પતિ-પત્ની વચ્ચે ઝઘડા થવા માંડ્યા.

પ્રવીરની મમ્મી ક્ષમાબહેને શરૂઆતમાં વિચાર્યું કે બેઉ સમજશે અને એકબીજાને અનુકૂળ થઈ જશે. પણ ના, એવું ન થયું. ઉપરથી ઝઘડા વધવા માંડ્યા. હઠાગ્રહ અને હુંપદમાં બધું નષ્ટ થવા માંડ્યું.

ત્યારે ક્ષમાબહેને દીકરાને કહ્યું, 'તું ધીરજ રાખ, સમતા રાખ. ગુસ્સો કર્યા વિના શાંતિથી વર્તન કર. રચના સાથે પ્રેમથી વાત કર. તું હુકમના સૂરે બોલે છે તેથી એ વીફરે છે, માટે તું એને પૂરું માન આપીને કોમળતાથી ચર્ચા કર. તમે બેઉ એક છો, જુદાં નથી એ રીતે વર્તો.'

પ્રવીરના મનમાં માની વાત ઊતરી. એણે તોછડાઈ, રુક્ષતા, કઠોરતા છોડી દીધાં ને મીઠાશ તથા ઉમળકાથી વાત કહેવા લાગ્યો. ધીરે ધીરે રચના પર એની અસર પડવા માંડી. એ પ્રવીરની રીતે વિચારતી થઈ.

ઘણી વાર હડહડ કરતી વાણીથી બે માણસ વચ્ચે દીવાલ ચણાય છે. સંબંધને અકબંધ રાખવો હોય તો કટુવાણી ન બોલો. કોઈની સાથે સરખામણી ન કરો. ઘઉંમાંથી કાંકરા વીણતાં વીણતાં ઘઉંના દાણાનેય કાંકરો ગણવા સુધી ન પહોંચી જાઓ. આગલી પેઢીએ જે સહન કર્યું એ આ પેઢી નહીં સહન કરે. પ્રેમ સ્વમાન ઝંખે છે, અપમાન નહીં. સામી વ્યક્તિનું માન જાળવશો તો એ તમારું માન જાળવશે.

જે સંબંધમાં રોજબરોજની તાજગી નથી હોતી. એ સંબંધ ગંધાતા ખાબોચિયા જેવો થઈ જાય છે.



૩૭

સોનામાં સુગંધ

‘મમ્મી, લે આ તારા માટે.’ કહીને અર્પણે સોનાની ચાર બંગડીઓ સંતોષબહેનના હાથમાં પહેરાવવા માંડી. સંતોષબહેન નવીનકોર ઝગારા મારતી બંગડીઓ મૂંઝવણથી જોઈ રહ્યાં. એમણે પૂછ્યું, ‘આ નવી બંગડીઓ મને કેમ પહેરાવે છે? હવે તો તારે આકાંક્ષાને દાગીના ઘડાવી આપવાના હોય, મને નહીં. તારે એની હોંશ પૂરી કરવાની હોય.’

‘મમ્મી, આ હું એની જ હોંશ પૂરી કરું છું. જ્યારે એણે જાણ્યું કે અમારાં લગ્ન વખતે એની બંગડીઓ ઘડાવવા તેં તારી બંગડીઓ ઉતારી આપી હતી ત્યારે જ એણે કહ્યું હતું કે મમ્મીને આપણે વહેલામાં વહેલી તકે નવી બંગડીઓ કરાવી આપવી જોઈએ.

એથી તો લગ્ન પછી અમે માથેરાન ફરવા જવાનાં હતાં એ કૅન્સલ કર્યું. એ પૈસા બચ્યા અને લગ્ન પહેલાં આકાંક્ષા જોબ કરતી હતી એની એ બચત ઉપરાંત આકાંક્ષાએ લોન લીધી અને આ ચાર બંગડીઓ ઘડાવી.

સંતોષબહેન તો [illegible] જ બની ગયાં. દીકરાને પોતાની માને બંગડીઓ ઘડાવી આપવાનું મન થાય પરંતુ વહુ એમાં પોતાનો સાથસહકાર આપે! વહુએ તો હજી હમણાં જ આ ઘરમાં પગ મૂક્યો છે; એને મારો શું પરિચય? તોય એણે એની પોતાની બચતના પૈસા કાઢ્યા ને ઉપરાંત લોન લીધી અને હનીમૂન પર ના ગયાં. આખી જિંદગીમાં હવે ફરીવાર હનીમૂન પર જવાની તક આવવાની નથી. દામ્પત્યજીવનના આરંભના એ દિવસો કેવા વિસ્મય કુતૂહલ અને રોમાંચથી ભરપૂર હોય! બેમાંથી એક થવાની એ અનન્ય અદ્ભુત અનુભૂતિ કુદરતના સાંનિધ્યમાં માણવાની એ તક મને બંગડીઓ ઘડાવી આપવા ખાતર જતી કરી.

સંતોષબહેન દ્રવી ઊઠ્યાં. એ બોલ્યાં, ‘બેટા,’ મેં તો મારી બે જ બંગડીઓ આપી હતી ને તેં ચાર બંગડીઓ અને જડતરકામવાળી?’

અર્પણ બોલ્યો, ‘મમ્મી, મા-દીકરા વચ્ચે બે ને ચારનો હિસાબ ન હોય.’ સંતોષબહેન આગળ કંઈ ન બોલ્યાં, પણ મનોમન એમનાથી એમના મોટા દીકરા નચિકેત અને એની વહું રવીના સાથે અર્પણ અને આકાંક્ષાની સરખામણી થઈ ગઈ.

નચિકેતના લગ્ન સમયે એમણે જ્ઞાતિના રિવાજ મુજબ રવીનાને દાગીનો ઘડાવી આપવા પાંચ તોલાની સગવડ રાખી હતી. પરંતુ રવીનાએ સાત તોલાનો દાગીનો પસંદ કર્યો.

સંતોષબહેનની પહોંચ ન હતી કે બીજા બે તોલા ખરીદી શકે. તેથી એમણે ઘરમાં પહેરવાની પોતાની બે બંગડીઓ ઉતારીને આપી હતી. નચિકેતના લગ્નને ચાર વર્ષ થઈ ગયાં પણ એ પોતાના માટે બે બંગડીઓ ઘડાવી શક્યાં ન હતાં. એ વાત અર્પણના ખ્યાલમાં હતી. એ જોઈને સંતોષબહેનની આંખો ભીંજાઈ ગઈ. આ વાત અર્પણે આકાંક્ષાને કરી હશે તેથી તો તેઓ ચાર બંગડીઓ ઘડાવી લાવ્યાં અને કેવી કલાત્મક! આવી તો કદી સ્વપ્નમાં ય જોઈ ન હતી. એમને આકાંક્ષા પર હેત ઊભરાઈ આવ્યું. આકાંક્ષાએ લગ્ન સમયે દાગીના ઘડાવવાની જ ના પાડી હતી. એ બોલી હતી, 'મમ્મી, મને દાગીનાનો શોખ જ નથી.'

ત્યારે સંતોષબહેને કહ્યું હતું, 'કુંવારી છોકરીઓ ના પહેરે તો ચાલે, પણ પરણ્યા પછી દાગીના પહેરવા પડે. ઘરનું સારું દેખાય ને શૃંગારથી રૂપ અનેકગણું વધી જાય.'

આ સાંભળીને ખૂબ વિવેકથી આકાંક્ષા બોલી હતી, 'મમ્મી, આપણાં વિનય-વિવેક-સંસ્કારથી ઘરનું સારું જ દેખાય છે, ને દાગીનાથી મળેલા રૂપને શું કરવાનું? એવા રૂપની ક્ષણભંગુરતા આપણે ક્યાં નથી જાણતાં?'

આકાંક્ષાની આ વાત સાંભળી સંતોષબેન રાજી રાજી થઈ ગયાં હતાં. પણ ત્યારે એમને ખ્યાલ ન હતો કે આકાંક્ષા જે બોલી એ હૃદયપૂર્વક માને છે. એને દાગીનાનો શોખ નથી, એ આટલી ઉદાર છે!

આકાંક્ષા જોબ કરે છે તોય સવાર-સાંજ રસોડામાં મદદ કરાવે છે. રજાના દિવસે ઘરનાં વધારાનાં કામ કરે છે. આ જોઈને એનાં જેઠાણી રવિના કહે, 'તું કમાય છે તોય શું કામ આ બધાંની ગુલામી કરે છે? એમને ખુશ રાખવાની તારે શી જરૂર?'

આકાંક્ષા કહેતી, 'ભાભી, હું કમાઉં છું એ સાચું, પણ એથી કરીને મારાથી એમના તરફ બેપરવા તો ન જ થવાય. એ આપણાં વડીલ છે. આપણાં માનનાં અધિકારી છે. એ છે તો આપણને કેટલી નિરાંત છે!'

ભારતીય સ્ત્રી લગ્ન કરીને પતિને જ નહીં, પતિ સાથે એના આખા કુટુંબને અપનાવે છે. સુપ્રસિદ્ધ કવયિત્રી નલિની મડગાંવકરનું ગીત એના હૈયે હોય છે:

હું જીવીશ વૃક્ષ જેમ
ફૂલોની સૌરભ પાથરીને
પંખીનો ટહુકો સાચવીને
આકાશનો મંત્ર ઝીલીને
હું નારી નખશિખ નારી.

આકાંક્ષા જોબ કરે છે, કમાય છે પણ એનું એને અભિમાન નથી. પૈસા કરતાં પ્રેમનું મૂલ્ય એને મન મોટું છે, એટલે તો સાસુની બંગડીઓ કરાવવા એ પોતાની બચત વાપરી નાખે છે અને લોન લે છે. બંગડીઓ હાથમાં પહેરીને સાસુને તો આનંદ થયો જ, પણ એ બંગડીઓ કરાવી આપવામાં આકાંક્ષાએ જે ધન્યતા અનુભવી એ તો અવર્ણનીય છે.

વહુ જો આવી ઉદાર હોય તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે, વૃદ્ધાશ્રમની ક્યાંય જરૂર જ ન પડે.

આવી જ વાત છે ક્ષિપ્રાની. એનાં સાસુને અકસ્માત થયો. ઑપરેશન કરાવવું પડ્યું. ઘરમાં બીજી બે વહુઓ હતી પણ ક્ષિપ્રા રાત-દિવસ સાસુ પાસે રહેતી ને સેવા કરતી. એના સસરાએ કહ્યું, 'આપણે બાઈ રાખીએ.' ક્ષિપ્રા કહે, 'બાનું કામ હું કરીશ.' સસરા કહે, 'આ તો વૃદ્ધ શરીર છે. ઊભાં થતાં મહિનાઓ થશે. ઝાડો-પેશાબ કરાવવાનાં.'

'બધું જ હું કરીશ.' ક્ષિપ્રાએ મક્કમ સ્વરે કહ્યું. સાસુ જાણે નાનું બાળક હોય એમ એ સાસુનાં કપડાં બદલાવતી, માથું ઓળતી, કોળિયા ભરીને ખવડાવતી, સાસુને પથારીમાં કંટાળો ન આવે માટે કંઈ કેટલીય અલકમલકની વાતો કરતી, રમૂજી ટુચકા કહીને હસાવતી.

ચપચપ અંગ્રેજી બોલતી, બોયકટ વાળ ને જીન્સ પહેરતી વહુ આટલી પ્રેમાળ, સેવાભાવી! ક્ષિપ્રાનાં સાસુ તો નવાઈ પામતાં જાય છે ને હૃદયના ઊંડાણમાંથી આશિષ આપતાં જાય છે.

હજી આપણે ત્યાં આવી વહુઓ છે તેથી જ સુખનો અહેસાસ થાય છે.



૩૮

આધુનિક યુવતી શું ઇચ્છે છે?

ફાલ્ગુન જેવા પ્રતિભાશાળી વ્યક્તિત્વવાળા પતિને પામીને કૃતિકા પોતાની જાતને નસીબદાર સમજતી હતી. ફાલ્ગુનમાં જ્ઞાન, આવડત, પરિપક્વતા અને વહીવટની ઊંડી સૂઝ હતી તેથી નાની ઉંમરમાં એ એક મલ્ટીનૅશનલ કંપનીમાં ઊંચા હોદા પર પહોંચ્યો હતો.

કૃતિકા પોતેય જોબ કરતી હતી. તે હોશિયાર અને મહત્ત્વાકાંક્ષી હતી પરંતુ સ્વભાવે ચંચળ અને વધારે પડતી સંવેદનશીલ હતી. તેને નાની નાની વાતમાં ખરાબ લાગી જતું હતું. તેથી ઑફિસમાં ક્યારેક બૉસ જોડે, ક્યારેક સહકાર્યકર સાથે મતભેદો પડી જતા ને સમસ્યા ઊભી થતી. કૃતિકા ફાલ્ગુનને વાત કરતી ને ફાલ્ગુન એને ઉકેલ શોધી આપતો, બુદ્ધિપૂર્વક વર્તવાનું કહેતો.

કૃતિકાને ઘરમાં પણ સાસુ તથા જેઠાણી સાથે વાંધા પડી જતા. કૃતિકાને બધાંના વિશે ફરિયાદો જ હોય. એકાદ બે મહિનાના અનુભવે ફાલ્ગુને જોયું કે કૃતિકાનો સ્વભાવ જ એવો છે કે એને બીજા જોડે ઝટ વાંકું પડે છે, એને રીસ ચડે છે ને આવેશમાં આવીને ગમેતેમ બોલી કાઢે છે.

એણે કૃતિકાને કહ્યું, ‘તારા આ બૉસ, તારા સહકાર્યકરો, ઘરમાં આપણાં મમ્મી તથા ભાભી બધાં તારા જીવનનો હિસ્સો છે. તારે એમને નિભાવવાનાં જ છે. તેઓ તો બદલાવાનાં નથી માટે તારે તારો અભિગમ, વાણી-વર્તન બદલવાં જોઈએ. શાંતિ જાળવવા તારે જ બદલાવવું પડશે.’

ફાલ્ગુનની સલાહ કૃતિકાને ના ગમી. એને તો હતું કે પતિ ઑફિસવાળાનો વાંક કાઢશે ને મારી પ્રત્યે સહાનુભૂતિ દાખવશે. મને વહાલ કરીને પ્રેમથી કહેશે કે તેઓ બધાં નકામાં છે, તને સમજી નથી શકતાં ને તને પજવે છે. પરંતુ ફાલ્ગુને તો સાવ વ્યવહારુ સલાહ આપી, એમાં લાગણીને પંપાળવાની વાત જ ન હતી.

આથી કૃતિકાને લાગ્યું કે એના પતિને એના માટે પ્રેમ જ નથી. પતિ સાવ નીરસ, ઉષ્માવિહીન ને ઠંડો છે. કૃતિકાને તો તોફાની, તરવરાવટવાળો ને રોમેન્ટિક પતિ જોઈતો હતો.

એ તો એવું માનતી હતી કે સ્ત્રીના જીવનમાં એક વ્યક્તિનો પ્રવેશ થાય ને આખું જીવન બદલાઈ જાય છે. એને સમગ્ર વિશ્વ રંગીન લાગે, એનું હૈયું પ્રેમથી છલકાઈ ઊઠે; પણ ફાલ્ગુનના સંગે એવું કશું નથી થતું.

આધુનિક સ્ત્રી જગત અને દામ્પત્યજીવનને રંગ-રસથી ભરપૂર માને છે. એ માને છે કે લગ્નજીવનમાં રોમાન્સ સતત જળવાઈ રહેશે. એને પતિનો માત્ર સહવાસ કે પ્રેમ નથી જોઈતો, એને તો તોફાનમસ્તી, રોમાંચ જોઈએ છે. સોળ-અઢાર વર્ષની ઉંમરનાં પ્રેમીઓ જેવો મુગ્ધ પ્રેમ જોઈએ છે. સપાટી પર ના દેખાય એવા ઝંઝાવાતી પ્રેમને એ સુખ માને છે. અને એ માની લીધેલા સુખની બે-પાંચ ક્ષણો પ્રાપ્ત કરવાની એષણામાં એ અનંત અજંપા ભણી દોડતી જ રહે છે. સ્થિર-ગંભીર પ્રેમ એને નીરસ લાગે છે. આટલી શિક્ષિત અને બુદ્ધિશાળી છતાં એ એના પતિને સમજી શકતી નથી. પોતાના પ્રિયજનને જે નથી સમજી શકતી અથવા સમજવા પ્રયત્ન નથી કરતી, એને શું કહેવું? એને ગંભીર, પરિપક્વ, બુદ્ધિશાળી, ચિંતનશીલ પતિ સાથેની જિંદગીમાં મઝા નથી આવતી. એ કહે છે, 'આ જિંદગી કહેવાય? ના કોઈ આનંદપ્રમોદ, નહીં હરવાફરવાનું, નહીં બોલવાચાલવાનું!

કૃતિકાને માનમોભાવાળો પતિ જોઈએ છે, મોટો પગાર લાવતો પતિ જોઈએ છે. કારણ કે એને લખલૂટ પૈસા ખરચીને મઝા કરવી છે. પોતે ભોગવિલાસ કરે છે એ લોકોને બતાવવું છે. એ ઇન્દ્રિયોનું સુખ ઇચ્છે છે.

ફાલ્ગુન માનમોભાવાળા પ્રતિષ્ઠિત પદે છે. ઊંચો પગારદાર છે પણ એની જોબ જવાબદારીવાળી છે. ત્યાં સમય નક્કી નથી હોતો. કોઈ વાર ઘેર આવતાં ઘણું મોડું થઈ જાય. વળી ઘેર પણ ઑફિસનું કામ લાવ્યો હોય, તેથી પત્નીને સંતોષ થાય એટલો સમય આપી શકતો નથી. તેથી પણ કૃતિકા કકળાટ જ કરતી હોય કે તને મારા માટે લાગણી નથી.

કૃતિકા ભૌતિક સંપત્તિ ઇચ્છે છે તે હાજર છે, છતાં તે ધૂંધવાયેલી રહે છે. પતિ-પત્ની વચ્ચે વાતાવરણ ગમે ત્યારે ઉગ્ર બની જાય છે અને સંબંધની વિરૂપતા વિકરાળ થઈને દેખાય છે.

પત્નીને બધાં સુખસગવડ જોઈએ છે પણ પતિને કમાવા પાછળ સમય આપવો પડે છે તે એને મંજૂર નથી. એ બબડ્યા કરે છે, 'આખો દિવસ ઑફિસ, ઑફિસ ને ઑફિસ! પત્નીને પૈસા ય જોઈએ ને એનો ઉપભોગ કરવા પતિની સોબતેય જોઈએ.'

એને બધું જોઈએ છે, કંઈ આપવું નથી.

આ તે કઈ જાતનો પ્રેમ? તમે કોઈને પ્રેમ આપો તો જ પ્રેમ મળે એ સીધી વાત છે. જીવનનો ઉત્કૃષ્ટ સંબંધ એ દામ્પત્યસંબંધ છે, જ્યાં બે મટીને એક થવાની વાત છે. ત્યાંય સામી વ્યક્તિનો ઉપયોગ કરવાની વાત વિચારાય છે.

કૃતિકા જેવી યુવતીઓ થોકબંધ જોવા મળે છે, જે પોતે કોઈની થતી નથી ને કોઈને પોતાના કરી શકતી નથી. જે કંઈ છોડી નથી શકતી, પતિની સદ્‌ભાવભરી સલાહ પર વિશ્વાસ કરી શકતી નથી.

એને પોતાને જે જોઈએ છે એ માટે બેબાકળી, બ્હાવરી બની જાય છે. એ એવું માની બેઠી છે કે એની આસપાસના માણસોએ એના માટે જીવવું જોઈએ. કોઈ એની ઇચ્છા મુજબ ન કરે તો ગુસ્સો જ ગુસ્સો.

આપણા જીવનમાં મળતા પ્રત્યેક માણસનો ઉપયોગ આપણે આપણા માટે ન કરી શકીએ. માણસ એ માણસ છે. એનો ઉપયોગ આપણા સ્વાર્થ માટે, આપણે ઉપર ચડવાની નિસરણીના પગથિયા તરીકે ન કરી શકીએ.

કોઈ પણ પત્ની આવી સ્વાર્થી બને ત્યારે પતિનો પ્રેમ ગુમાવી બેસે છે. ખરી રીતે તો દામ્પત્યપ્રેમ એવો હોવો જોઈએ જ્યાં કોઈ ભૌતિક ચીજવસ્તુનો અભાવ સાલે નહીં. અન્યોન્યના સાન્નિધ્ય આગળ દુનિયાનું રાજ કોઈ વિસાતમાં નથી.

પતિ-પત્નીએ પ્રેમની શક્તિ પિછાણવી જોઈએ, તો જ તેઓ અસીમ સુખનો અનુભવ કરી શકે. થોડી ચિંતનશીલતા દાખવે, પ્રિયજનની ભીતર ડોકિયું કરે તો એને શાંત, ગહન પ્રેમની અનુભૂતિ થશે.

અને પછી ભૌતિક ચીજવસ્તુઓની ક્ષણભંગુરતા સમજાશે. પછી સમજાશે કે મોંઘીદાટ પાર્ટીઓ, કોલાહલભર્યા ઝાકઝમાળવાળા એ માહોલમાં પ્રેમ તો ક્યાંય કચડાઈ જાય છે. ત્યાં દેખાતો પ્રકાશ માત્ર વીજળીનો છે, પવિત્ર પ્રેમનો નહીં. ત્યાં ગોળ ગોળ ફરવાનું છે પણ આનંદ નથી. ત્યાં હૃદય સંવેદનશૂન્ય બની જાય છે. બધું કૃત્રિમ અને આડંબરયુક્ત બની જાય છે.



૩૯

સહજીવનમાં સંગીત રેલાવું જોઈએ

ઈશા આશિષ સાથે પરણી પણ આશિષ જોતો હતો કે ઈશા પૂરી ખીલતી નથી. ક્યારેક એ એકદમ સંકોચાઈ જાય છે. એવું લાગે છે કે એના મનમાં કોઈ વાત છે, જે એને કોતરે છે.

આમ તો એ સ્નેહાળ અને વિવેકી છે. બધાંની સાથે હળીમળીને બોલે છે પણ મારા કલાકાર મિત્રોને જુએ છે તો એ સાવ બદલાઈ જાય છે. આવું કેમ? હું સંગીતની વાત કરું છું તો એ રસ નથી લેતી.

આશિષ મિકેનિકલ એન્જિનિયર છે, ઇંગરસોલ કંપનીમાં એ ઊંચા હોદ્દા પર છે, પણ એને તબલાંનો શોખ છે. નિશાળમાં ભણતો હતો ત્યારથી એ તબલાં વગાડતો હતો. એને ઘણાં આર્ટિસ્ટ મિત્રો છે. ક્યારેક બધાં મિત્રો ભેગા થઈને સંગીતનો જલસો કરતાં.

ઈશાને સંગીત પ્રત્યે ચીડ ન હતી, પણ એના વરને સંગીતમય બનેલો જુએ એટલે એનો ચહેરો મ્લાન થઈ જતો.

એક દિવસ આશિષે ઈશાને પૂછ્યું, 'તને સંગીત નથી ગમતું?' ઈશાને થયું, શું જવાબ આપવો? જૂઠું બોલવાનું એને ન ગમ્યું. એણે મનમાં ઘોળાતી વાત કહી, 'તું ભલે એન્જિનિયર છે પણ દિલથી કલાકાર છે. કલાકાર માટે એવું કહેવાય છે કે એ સ્થિર ના હોય. એ ક્ષણને વફાદાર રહે પણ આખી જિંદગીને નહીં. એને જે ગમે એની પાછળ પાગલ થઈ ઊઠે અને મન ઊઠી જાય તો બધું છોડી દે. પરંપરાગત સામાજિક બંધનોમાં એ કદી ના બંધાય. સમાજથી એ ડરે નહીં. ફરજ અને વફાદારીના એના ખ્યાલ સમાજ કરતાં જુદા હોય છે. એ એની જાતને વફાદાર રહે, અંગત સુખનો જ એ વિચાર કરે એથી મને ડર લાગે છે.'

આશિષ બોલ્યો, 'ઈશા તેં કહ્યું એવું સામાન્ય રીતે મનાય છે, પણ હું જીવનને બહુ ગંભીરતાપૂર્વક લઉં છું. લાગણી પવિત્ર છે, એની સાથે રમત ન હોય. બીજાના સુખના ભોગે સુખ મેળવવામાં હું પાપ સમજું છું. પતિ-પત્નીના સંબંધનું મારા માટે બહુ મૂલ્ય છે. એ સંબંધમાં દગો દેવાનું હું વિચારી જ ના શકું. હું સ્વાર્થી કે નિષ્ઠુર નથી.'

થોડી વાર ઈશાના મોં સામે આશિષ જોઈ રહ્યો, કદાચ એના હૈયાના ભાવ વાંચવા પ્રયત્ન કરતો હશે. પછી એ બોલ્યો, 'ઈશા, સારું થયું તેં તારા મનને કોર્યા કરતી વાત નિખાલસતાથી કહી દીધી. બધા સંબંધોમાં નિખાલસતા જોઈએ જ અને સંબંધ જેમ ઘનિષ્ઠ હોય એમ એ વધારે

પારદર્શક હોવો જોઈએ. અને બીજી વાત, પતિ-પત્નીને અન્યોન્ય પર વિશ્વાસ હોવો જોઈએ. બોલ, તને હું વિશ્વાસપાત્ર લાગું છું?'

ઈશા મુગ્ધ નજરે આશિષ સામે જોઈ રહી પછી બોલી, 'હા, પહેલાં લાગતો હતો એના કરતાં ય વધારે વિશ્વાસપાત્ર. તારા વિચારો જાણ્યા પછી મારાં હૃદયમન પરથી મોટો બોજો હટી ગયો.'

'જો, હું તને બીજી વાત કહું. પતિ-પત્નીનો સંબંધ એટલે શું એ તો તું કલ્પી શકે છે ને! બે માનવી એકરૂપ થઈને જીવે. બે હૃદય, બે મન એમની અલગતા-વિશેષતા જાળવી રાખે ને છતાં ક્યાંય ઘર્ષણ ન હોય, વિરોધ ન હોય, એકમેકનો સંપૂર્ણ સ્વીકાર હોય. પરસ્પરનો ખ્યાલ રાખે છતાં એનો ભાર ના લાગવો જોઈએ. આમ થાય તો જ સહજીવન સાર્થક થાય.

ઈશા, આપણે સુખી થવા પરણીએ છીએ. તારું સુખ એ મારું સુખ અને મારું સુખ એ તારું સુખ એવી ભાવના હૃદયમાંથી અનાયાસ-સ્વાભાવિકપણે પ્રગટવી જોઈએ, તો જ આપણે સાચા અર્થમાં સુખી થઈશું.

મારા કે તારા મનમાં ક્યાંય શંકા, વહેમ કે ખચકાટ ન હોવા જોઈએ. બોલ, તને મારી કોઈ વાત, કોઈ ટેવ, કોઈ વિચાર ન ગમતાં હોય તો કહે, એ હું રાજીખુશીથી આ ઘડીએ જ છોડી દઈશ. મારા હૃદયમાંથી શું અવાજ આવે છે એ સાંભળજે.'

'મને તારા માટે કોઈ શંકા નથી. તારા તબલાં વગાડવાના શોખ માટે ય અણગમો નથી. હુંય તારી પાસે બેસીને તબલાં વગાડતાં શીખીશ. આપણું જીવન તાલબદ્ધ લયમાં હશે.' ભીંજાતા સૂરે ઈશા બોલી.

'ઈશા, તારી પાસેથી મને આ જ અપેક્ષા હતી. તું તબલાં વગાડતાં શીખશે તો મને ગમશે. નહીં વગાડે તોય વાંધો નહીં, પણ આપણા જીવનમાં ક્યારેય ખોટી થાપ ન પડવી જોઈએ, લય ના ખોરવાવો જોઈએ. જીવન સંગીતથી સભર હોવું જોઈએ.' ભાવવિભોર થતાં આશિષ બોલ્યો.

પતિ-પત્નીને પરસ્પર પ્રેમ અને વિશ્વાસ હોય, બધી જાતની મોકળાશ હોય, સંવાદી સહજીવન હોય તો એ જીવનમાં વ્યથા કે વ્યાકુળતાને અવકાશ નથી. એમના જીવનમાં શાંતિ અને સંતોષ હોય છે. નિત્યનું આ વાસ્તવિક જગત ખોટું અને સંગીતના સૂરોથી રંગાયેલું એમનું મનોરાજ્ય સાચું એવો એમને અહેસાસ થાય છે.



૪૦

પ્રેમ અને આસ્થાનું ઘર

જો આપણે સંવાદિતાભર્યા પ્રેમથી હર્યાભર્યા ઘરમાં પગ મૂકીશું તો તરત આપણાં હૃદયમનને કોઈ અજબ શાંતિનો અનુભવ થશે. આપણે તાજગી અનુભવીશું.

એ કુટુંબ અલ્પશિક્ષિત હોય કે સાવ અભણ હોય, આર્થિક રીતે બહુ સાધનસંપન્ન ન હોય છતાં ત્યાં બેસવામાં આપણને નિરાંતનો અનુભવ થશે. એ શાંતિ, એ તાજગી, એ નિરાંત આપણને મળે છે ત્યાં રહેનાર પાસેથી.

એ ઘરમાં ભલે સુશોભન કે મોંઘાદાટ ફર્નિચર ન હોય પણ ત્યાં રહેનારનાં હૈયાં સ્નેહથી છલોછલ હોય છે, તેથી આપણને ત્યાંની ભૌતિક અધૂરપ ખટકતી નથી.

એથી ઊલટું, કોઈ સાધનસંપન્ન વૈભવશાળી ઘર હોય, ઉચ્ચ શિક્ષણ મેળવેલું કુટુંબ હોય પણ ત્યાં જો વિખવાદ અને વિસંવાદ હશે તો ત્યાંની હવા દઝાડનારી લાગશે.

ધનદોલત કે મોંઘા ફર્નિચરથી ઘર નથી બનતું, ઘર બને છે ત્યાં રહેનારથી. પતિ-પત્નીનો હસ્તમેળાપ થાય છે એને અનુલક્ષીને કહેવાયું છે:

'બે હથેળીઓ મળીને ઘર થયું.

તે પછી જે થયું તે સુંદર થયું.'

ઘર હસતું-ગાતું, જીવંત હોવું જોઈએ. પતિ-પત્ની એમના ઘરને ધારે તો સ્નેહ અને સુખનું ધામ બનાવે છે. પણ એ પોતે જ જો અસંતોષ અને તૃષ્ણાની આગમાં જલતાં હોય તો શું થાય? છેલ્લાં થોડાં વરસોથી માણસ ભૌતિકવાદના ભરડામાં ભીંસાતો જ જાય છે.

એ યંત્રવત્ મહેનત કરીને એનું ઘર ચીજવસ્તુઓથી ભરતો જાય છે. ખરીદીનું એને એવું વ્યસન પડી ગયું છે કે એ તૂટતો જાય છે, તનાવ અને સ્ટ્રેસમાં પિસાતો જાય છે, એ તીવ્ર હતાશા તરફ ઘસડાઈ રહ્યો છે, બચવા એ તરફડિયાં મારી રહ્યો છે.

એણે જો બચવું હોય તો જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલવી પડશે, સ્વભાવમાં પરિવર્તન લાવવું પડશે. ચાલો, આપણે એનો સ્વભાવ તપાસવા થોડા પ્રશ્નો પૂછીએ:

(૧) ગુસ્સો આવ્યો હોય તો કાબૂ રાખી શકો છો? સંયમથી વર્તી શકો છો?

(૨) તમે તનાવ કે ચિંતામાં હો તો ગુમસુમ બેસી રહો છો કે જીવનસાથીને વિગતે વાત કરીને તમારા મનોવ્યાપારમાં સહભાગી બનાવો છો?

(૨) ક્યારેક તમારો મૂડ બરાબર ન હોય તો વાણી રુક્ષ અને તોછડી બને છે?

(૩) તમે તનાવમાં ખેંચાયે જ જાઓ છો? ટેન્શન તમારા પર છવાઈ જાય પછી તમે તમે નથી રહેતા?

(૪) નિખાલસતા અને આત્મીયતાથી તમારી સમસ્યા કહેવાના બદલે, બોલ બોલ ના કર, તને શું ખબર પડે? એવું કહીને એની વાત કાપી નાખો છો?

(૫) સાથીની વાત સાંભળવા તમારી પાસે પૂરતો સમય છે?

(૬) આપણી વાણી દ્વારા આપણું મન વ્યક્ત થાય છે. ઘણી વાર ખોટા ઉકળાટમાં ન બોલવાનું બોલી કાઢીએ છીએ. ખોટા ટેન્શનમાં મનમાં ન હોય એટલી કડવાશ ઓકી કાઢીએ છીએ. બિનજરૂરી નિસાસા નાખીએ છીએ ને ફરિયાદો કરીએ છીએ ને વાતનું વતેસર થઈ જાય છે. શબ્દ ખંજર કરતાંય કાતિલ હોય છે. કહેવાય છે જે માણસ જીભને વારી શકે છે એ જિંદગીને ઉગારી શકે છે.

પતિ-પત્નીએ પરસ્પરને પારકી અનામત માનીને પરસ્પરને સાચવતાં શીખવું જોઈએ.

બધાંને પોતાની કારકિર્દીમાં ટોચ પર પહોંચવું છે સંબંધો વિકસાવવા છે. આના કારણે અંગત જીવન અને બાહ્ય જીવન વચ્ચે ઘર્ષણ થયા કરે છે. સમતુલા સાચવવા સમાધાન કરવું પડે છે. ઘણાં લોકો સુખી નથી હોતાં છતાં સુખી હોવાનો દેખાડો કરે છે.

સુખી થવું એ બીજા કોઈના પર નહીં, તમારા પર આધાર રાખે છે. માણસને સહજીવન જીવતાં આવડવું જોઈએ. લગ્ન મૈત્રીનું શ્રેષ્ઠ સ્વરૂપ છે અને દામ્પત્યસુખ એ જીવનનું સૌથી મોટું સુખ છે.



૪૧

રસ નથી પડતો? ગમતું નથી?

સહજીવનમાં એકવિધતા આવી હોય એવું લાગે છે? પતિ-પત્ની બેઉ સાથે હો છતાં કંટાળો આવે છે? કોઈ ઉત્સાહ નથી આવતો, કંઈ ગમતું નથી તો તમારું બાળપણ યાદ કરો, બાળપણની રમતો યાદ કરો. યાદ છે તમે make believe ની રમત રમતાં હતાં? કોઈ રાજા બને, કોઈ ચોર બને, કોઈ સિપાઈ બને.

રાજા દમામથી સવાલો પૂછે, સિપાઈ પોતાની મર્દાનગીની વાત કરે કે એણે કેવી રીતે ચોરને પકડ્યો ને ચોર લાચારી બતાવતાં ગુનો કબૂલ કરે. આ સમયે રાજા બનેલો છોકરો ભૂલી જાય છે કે પોતે અશોક છે, સિપાઈ ભૂલી જાય છે કે પોતે સુરેશ છે ને ચોર ભૂલી જાય છે કે પોતે પ્રદીપ છે. આમ વાસ્તવની ભૂમિકા છોડીને કલ્પનામય બનીને તેઓ રમત માણે છે.

એ જ રીતે તમે પતિ-પત્ની છો એ ઘડીભર ભૂલી જાઓ, તમે સદ્દન અપરિચિત છો, આ પહેલાં કદીય મળ્યાં નથી. તમે પ્રથમવાર મળો છો ને પ્રથમ નજરે પ્રેમમાં પડી ગયાં હો એમ વિસ્મય પામતાં, કંઈક સંકોચાતાં, મુગ્ધ નજરે અન્યોન્યને જોતાં પ્રેમભરી વાતો કરો, એવું વર્તન કરો. નાના બાળકોની જેમ રમત માંડો તો બધો કંટાળો જતો રહેશે.

તમારી વચ્ચે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય, કોઈ શંકા, કોઈ મતભેદ હોય તો એને બીજા દિવસ માટે મુલતવી ન રાખો. હાલ, અત્યારે જ એની નિખાલસતાથી મોકળા મને ચર્ચા કરી લો. કોઈ ઉકેલ શોધી કાઢો.

સાહિત્યની કોઈ સારી કૃતિ સાથે બેસીને વાંચો. કોઈ પ્રેમની કવિતા વાંચો. શિષ્ટ સાહિત્યકૃતિ આપણને ફરી એક વાર સંવેદનશીલ બનાવે છે.

કુદરતના રમણીય સ્થળે એકલા ફરવા જાઓ. હાથમાં હાથ પરોવીને ફરો. દોડો. નદીકિનારે પાણીમાં પગ બોળીને સાથે બેસીને શીતળ જળના પ્રવાહ સાથે તાલ મેળવો. વિના કારણે હસો. હસવા જેવી વાતો કરો.

ઘરમાં કોઈ નાનું અમથું નુકસાન થાય તો હસી કાઢજો. એની ચર્ચા ના કરશો. એક જણ ગુસ્સો કરે તો બીજું શાંત રહેજો. બેઉ સાથે ગુસ્સો ન કરશો.

બંનેની અંગત વાતોને અંગત જ રહેવા દેજો. અન્યોન્યનાં આદર-માન રાખજો. એકેને ક્ષોભજનક સ્થિતિમાં ન મૂકશો.

સાથે બેસીને લગ્નનું આલ્બમ જુઓ. મનગમતી ટી.વી.ની સિરિયલો સાથે બેસીને જુઓ.

એકબીજાની કદી હરીફાઈ ના કરશો. હૃદયપૂર્વક એકબીજાનાં પૂરક થવા પ્રયત્ન કરો. એકબીજાની કદર કરો, એકબીજાની પ્રશંસા કરો, મિત્રો સમક્ષ જીવનસાથીનાં વખાણ કરો, ટીકા નહીં.

કોણે કોના ખાતર શું કર્યું ને શું છોડ્યું એની ગણતરી કદીય ન કરશો. કદી કહી ન બતાવશો.

પરંપરાગત જીવનનું માધુર્ય અને રોજેરોજની ઘરેળુ જિંદગીમાં સૌંદર્ય જોવાનું કદી ન ચૂકશો. નવો દિવસ નવું વિસ્મય લઈને ઊગે છે.

સહિષ્ણુતા, ઔદાર્ય, સંયમ, ધૈર્ય, સમભાવ જેવા ગુણો વિદેશી લોકોને માત્ર પોથીમાં આલેખાયેલા આદર્શ ગુણો લાગે છે, એ ગુણો આપણને ભારતીયોને લોહીમાં મળેલા સંસ્કાર છે. અનાયાસ આ ગુણો આપણા વર્તનને ઉજાગર કરે છે. આ ગુણો આપણો સ્વભાવ છે.

અર્લિંગ્ટન નામના એક તત્ત્વચિંતકે લખ્યું છે કે તમે ખોટું પાત્ર પરણ્યા હશો તો તરત ખબર પડશે અને સાચું પાત્ર હશે તો જિંદગી કેવી રીતે પસાર થઈ ગઈ એની ખબર જ નહીં પડે. પણ હા, એ સાચા પાત્રના જીવનસાથી બનવાની યોગ્યતાની સાધના તમારે પણ કરવી પડશે.

પતિ-પત્ની વચ્ચે વિવાદ તો હોય, પણ આપણી લાગણીશીલતા એવું મોટું અસરકારક તીવ્ર રસાયણ છે કે આપણા બધા મતભેદો, વિરોધાભાસો, સ્વભાવભિન્નતા એમાં ઓગળી જાય છે. કડવાશનું માધુર્યમાં, કુરૂપતાનું લાલિત્યમાં રૂપાંતર થઈ જાય છે.

આદર્શ સ્ત્રી માટે કહેવાયું છે કે જો આવી સ્ત્રી જીવનસાથી તરીકે મળી તો આખી દુનિયા મળી ગઈ. અને જો આવી સ્ત્રી જીવનમાંથી વિદાય લે તો અબજો રૂપિયા હોય તોય શું અને ન હોય તોય શું?

ઘરને સુખી કરવા સ્ત્રી પોતાનો પ્રાણ રેડી દે છે. છતાં એક વાત યાદ રાખવી ઘટે કે કોઈ પણ પાત્ર ખોડખાંપણ વગરનું તદ્દન પૂર્ણ નથી હોતું. એમ કોઈ પણ લગ્ન perfect marriage નથી હોતું. સફળ લગ્નમાંય ખામીઓ શોધવા જાઓ તો જડે.



૪૨

જીવંત રહેવું છે? તો સદાકાળ પ્રેમી બની રહો

પ્લીઝ, પતિ એના હૈયાને પૂછે:

૧ જીવનસાથીને શું ગમે છે એ યાદ રાખીને અવારનવાર એ વસ્તુ લાવીને એના હાથમાં મૂકીને એને અણધાર્યો આનંદ આપો છો?

એ વસ્તુની પૈસાની દૃષ્ટિએ કદાચ કોઈ કિંમત ન હોય, જેમ કે બોર, ચીકી, ખમણ, જે પત્નીને પસંદ છે. ફૂટપાથ પર મળતાં બૂટિયાં કે બંગડીઓ કે માળા, ક્યારેક ગાઉન કે સ્લીપર. આ બધી વસ્તુઓ ખરીદતાં પત્નીને કઈ સ્ટાઇલનાં લટકણિયાં શોભશે એવું તમારું નિરીક્ષણ છે. પત્નીને કયો રંગ ગમે છે એ તમે જાણો છો અર્થાત્ તમને પત્નીમાં રસ છે, ભરપૂર રસ છે એની પત્નીને ખબર પડે છે.

આ આપ્યા પછી તમારે I love you કહેવાની જરૂર નહીં પડે. તમારું સમગ્ર અસ્તિત્વ પોકારી પોકારીને કહી રહ્યું હશે કે I love you અને પત્નીનું હૈયું ઉલ્લાસથી સાંભળી રહ્યું હશે.

૨ કોઈ વાર નિયત સમય કરતાં વહેલા ઘેર પહોંચીને પત્નીને આનંદ સાથે આશ્ચર્યમાં મૂકી દો છો?

૩ ખૂબ ખુશ થઈને પત્નીને કહો છો, આજે હું ખૂબ ખુશ છું. આજથી આપણું આ શહેર તારા નામ પર લખી આપું છું. તારા પર હું વારી ગયો છું. આ વચનના બદલામાં તમને મળશે પત્ની તરફથી એક તોફાની સ્મિત. અથવા તો મોટી સોગાદ કે આ દેશનું વડાપ્રધાનપદ તને આપું છું; આજથી તું દિલ્હીમાં.

૪ હા, પણ તમારી પત્ની આ સોગાદ આપી શકે છે તેથી એને સુપરવુમન ના માની બેસશો. એની પાસેની તમારી અપેક્ષાઓ મર્યાદિત જ રાખજો.

૫ પત્ની થાકી હોય, ક્યારેક એ ઊંઘતી જ હોય, ઊઠવાનો સમય થઈ ગયો હોય ત્યારે એને ઉઠાડવાને બદલે ચા તૈયાર કરીને એને ધરો છો? (મમ્મીએ ચા બનાવતાં તો શીખવ્યું છે ને? નહીં તો ઝટ શીખી લો. આધુનિક સહજીવનમાં એ must છે.)

૬ પત્ની બહાર ગઈ હોય ને તમે ઘેર હો તો મઠિયાંના પેકેટમાંથી મઠિયાં કાઢીને તળો છો? તળતાં નથી આવડતું? તો મમરા વઘારી નાખો, કાંદા સમારો, પાકા ટામેટા સમારો, બધું મિક્સ કરી દો.

૭ પત્ની સવારના રસોડાના કામમાં વ્યસ્ત હોય ત્યારે દીવાનખાનામાં બધું વ્યવસ્થિત ગોઠવી દો છો? કાચનો ફ્લાવરપોટ હોય તો પૂરેપૂરો જાળવજો, તોડશો નહીં.

૮ મહેમાન આવવાના હોય ત્યારે પત્નીનો હુકમ ઉઠાવવા ખડેપગે રહો છો? ઘર ચોખ્ખું કરી નાખો છો?

૯ પત્નીને એનાં પિયરિયાં કે સખીઓ સાથે કાર્યક્રમ બનાવવાની પૂરી છૂટ છે કે તમારી પૂર્વપરવાનગી લેવી પડે છે? તમારી વચ્ચે લોકશાહી છે ને?

૧૦ પત્ની એનાં સગાંને જમવા નોતરે ત્યારે તમે અપેક્ષા રાખો છો કે તમને પૂછે? સમાન હકમાં માનો છો કે નહીં?

૧૧ પત્નીનો કોઈ વિજાતીય પૂર્વપરિચિત મળે ત્યારે તમે સરળતાથી એની સાથે હળોમળો છો?

૧૨ ઘરખર્ચ માટે આપેલા પૈસાનો હિસાબ માગો છો? રોકટોકો છો? કડકાઈથી સલાહસૂચન તો નથી આપતા ને?

૧૩ તમારી અપેક્ષા મુજબ પત્ની ન વર્તે તો તમે ચિડાઓ છો, રિસાઓ છો કે મોં બગાડો છો?

૧૪ પત્નીની નાનીમોટી આવડતનાં વખાણ કરો છો?

૧૫ પત્નીને બીજી કોઈ સ્ત્રી સાથે સરખાવીને ટોકો છો કે ઉતારી પાડો છો?

૧૬ આવી પત્ની મળી માટે તમારી જાતને નસીબદાર માનો છો એવો ભાવ વ્યક્ત કરો છો.?

૧૭ પત્ની ઉદાસ કે નિરાશ હોય ત્યારે વગર કહે તમે સમજી જાઓ છો અને એને મૂડમાં લાવવા પ્રયત્ન કરો છો?

૧૮ પત્નીથી કંઈ નુકસાન થાય ત્યારે એને વઢી કાઢો છો?

૧૯ પત્નીમાં કોઈ અણઆવડત હોય, વિકાસ માટેની ક્ષમતા ઓછી હોય તો એનો તુચ્છકાર કરો છો કે હસીને ચલાવી લો છો? એને સાંત્વન સાથે પ્રોત્સાહન આપો છો?

૨૦ પત્નીને એવો અહેસાસ કરાવો છો કે તમે એના છો, એ તમારી છે?

*

પ્લીઝ, પત્ની કાન માંડીને સાંભળે. એનું હૈયું શું કહે છે:

૧ સહજીવનમાં ‘એ તો ચાલશે’ જેવી વૃત્તિ દાખવીને taken for granted કરીને બેદરકાર બનવાનું શરૂ નથી કર્યું ને?

૨ તમારી જાતને નવો લૂક આપવા ઉત્સાહિત છો ને? વ્યવસ્થિત તૈયાર થવું, હેરસ્ટાઇલ બદલવી, સ્માર્ટ થવું અને સ્માર્ટ દેખાવામાં રસ છે ને?

૩ ઘરના ફર્નિચર વગેરેની ગોઠવણી બદલીને ઘરને અવનવી રીતે સજાવો છો ને?

૪ યાદ છે ને, જીવંત રહેવા થોડાં રંગીન બનવું પડે? હૃદયની મુગ્ધતા, ઉલ્લાસ, ઉમંગ ઓસરે નહીં એ માટે સભાન રહેજો.

૫ હસીમજાક કરીને, ગીત ગણગણીને તમારા રાજાને હળવા મૂડમાં રાખો છો ને? તો જ વરના હૃદયની રાણી બની શકશો. એના સામ્રાજ્યની સામ્રાજ્ઞી બનવા કલા જોઈએ, આવડત જોઈએ.

૬ પતિને ભાવતી રસોઈ હોંશથી બનાવો છો ને? ભોજ્યેષુ માતા બનીને ભાવતાં ભોજન પીરસો છો ને?

૭ પતિને એની ભૂલો-ખામીઓ હસીને બતાવો છો કે કચકચ કરો છો?

૮ તમારું ધાર્યું ન થાય ત્યારે ઘાંટાઘાંટ કરો છો? ફરિયાદ કરો છો? રિસાઈ જાઓ છો? અબોલા લઈ લો છો? વરથી રિસાવાની મોસમ હોય છે, એક મઝા હોય છે, પણ અમુક હદ સુધી જ. મસ્તીની મોસમ પાનખરમાં ન ફેરવાઈ જાય એનો ખ્યાલ રાખજો.

૯ બીજાની સાથે તમારી જિંદગી સરખાવીને મને કશું ના મળ્યું એમ વર સમક્ષ નિસાસા નાખો છો?

૧૦ ’તારામાં કંઈ આવડત નથી, તારી સાથે જિંદગીની મઝા નથી’ કહીને વરને ઉતારી પાડો છો? રોદણાં રડો છો?

૧૧ પતિને આર્થિક તકલીફ હોય અથવા તો એનાં માતા-પિતાને પણ સંતોષ આપવાનો હોય, એ તનાવમાં હોય ત્યારે તમે તમારા તરફથી એવું કોઈ વર્તન નથી કરતાં ને કે એ વધારે તણાવમાં આવી જાય?

૧૨ પતિને કોઈ વાત કહેવી હોય તો યોગ્ય સમયની રાહ જુઓ છો?

૧૩ કઈ વાત પકડી રાખવી, ક્યાં બાંધછોડ કરવી, કઈ વાત છોડી દેવી એનો વિવેકથી વિચાર કરો છો ને?

૧૪ સ્ત્રીએ સહનશીલતા અને ઉદારતા રાખવી જ પડે છે. એમાં શોભા છે ને સાર છે.

૧૫ પતિના સ્વભાવને બરાબર ઓળખજો, કારણ કે સ્ત્રી એ સ્ત્રી છે ને પુરુષ એ પુરુષ છે.

૧૬ પતિને ઉતારી ન પાડશો. એનો અહમ્ ઘવાય ત્યારે તકલીફ ઊભી થાય છે.

૧૭ નવા ઘરના વાતાવરણમાં મૂંઝાશો નહીં, અકળાશો નહીં. આત્મવિશ્વાસ અને સ્નેહથી અનુકૂળ થશો. સ્વાર્થી કે સંકુચિત ન બનશો.

૧૮ પતિનાં સગાંની ટીકા બહાર ન કરશો. પતિને પણ એમના વિશે કંઈ કહેવું હોય તો સૌમ્યતાથી સારા શબ્દોમાં કહેશો. તારી મમ્મી તો છે જ એવી, તારી બહેન લાલચુડી છે એવું કદી બોલશો નહીં. જીભને કદી કડવી કે તીખી ન બનાવશો.

૧૯ પોતાના પિયરની બડાઈ ન હાંકશો. પોતાનાં પિયરિયાંની વાત સમજી-વિચારીને કહેવી. પતિ ક્યાંય અપમાન ન સમજી બેસે એનો ખ્યાલ રાખવો.

૨૦ પતિની પરીક્ષા ન લેશો. પતિને સુપરમેન માનીને વધારે પડતી અપેક્ષા ન રાખશો.

૨૧ તમારા સ્વભાવ સાથે મેળ ખાય, તમારાં રસરુચિ સમજી શકે, જે સંસ્કારી હોય, પ્રેમાળ હોય અને ખાસ તો તમને પ્રેમ કરતો હોય, જેના સાંનિધ્યમાં તમારો વિકાસ થાય, જેની સાથે તમને જીવવું ગમે, જે તમારાં હૃદયમન ઉલ્લાસથી છલકાવી દે, જેની તમે ક્ષણેક્ષણ પ્રતીક્ષા કરો, જેને સત્કારવા તમે ઉત્સુક હો, જે તમારી અપેક્ષાઓ સંતોષે, જે પૂર્ણ હોય એવો આદર્શ પતિ મળવો દોહ્યલો છે. જિંદગીમાં જે ઇચ્છો એ બધું કદી મળતું નથી. જ્યારે ઇચ્છો ત્યારે મળતું નથી. યોગ્ય સમયે યોગ્ય માણસ મળે એ પ્રભુની મહેરબાની, પણ એવી પૂર્ણ મહેરબાની ન ઊતરે અને જો તમને પ્રેમ કરતો માણસ મળે તોય સંતોષ માનજો.



૪૩

છેલ્લે એક વાત

પ્રત્યેક સંબંધમાં, પ્રત્યેક ઉંમરે માણસ કંઈ ને કંઈ મેળવે છે ને કંઈ ને કંઈ ગુમાવે છે. દામ્પત્યજીવનમાં પણ એ ઘણુંબધું મેળવે છે, છતાં ક્યાંક તો એને સંબંધના બંધનની કિંમત ચૂકવવી પડે છે.

લગ્નજીવન એટલે સદા પ્રેમની વસંત એવા ખ્યાલથી એ લગ્નગ્રંથિથી જોડાય છે, પરંતુ ત્યાંય 'આપત્તિ, ઉપાધિ, ચિંતા અને કંટાળાને અવકાશ છે.

મધુર કંઠવાળું બુલબુલ વસંતઋતુમાં થોડો સમય સુધી જ ગીતો ગાય છે પછી ચૂપ થઈ જાય છે. તેનેય અમુક કામ કરવાનાં જ છે, તેને માળો બાંધવાનો છે, ઈંડાં સેવવાનાં છે, બચ્ચાં ઉછેરવાનાં છે, ચણ લાવવાનું છે.

જીવન એકધારું ચડતીના માર્ગે ન જાય, ત્યાંય ચાક ઊંચોનીચો જતો જ હોય. ક્યારેક જીવનરસની હેલી તો ક્યારેક ખાલીખમપણું આવે. માણસે સ્થિતિના પરિવર્તનને સ્વીકારવું જ રહ્યું. જિંદગીનાં જુદાં જુદાં સ્વરૂપને પિછાનવાં જ રહ્યાં. સમજદારી દાખવીને દરેક પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધે તો માણસ સુખી થાય.

સૌ કળામાં મોટામાં મોટી કળા છે જીવન જીવવાની. પતિ જ્યારે ઘેર આવે ત્યારે મહેણાંટોણા કે રિસાવામાં વખત ન બગાડશો.

થોડો સમય ધીરજથી રાહ જોવાના બદલે કે સહિષ્ણુતા દાખવવાના બદલે તરત છૂટા થવાનો નિર્ણય લઈ લે છે. લગ્ન સુધારવાના બદલે એનાથી છૂટવા તરફનું વલણ વધારે છે. મન વિમુખ થયું કે તરત વિના ખચકાયે જુદાં થઈ જાય છે.

અમેરિકામાં લગ્ન વગર અગિયાર મિલિયન કરતાં ય વધારે લોકો સહજીવન ગાળે છે. લગ્ન વગર લગ્નનાં બધાં સુખો મેળવે છે. અપરિણીત યુગલો પોતાના હક માટે મંડળ રચીને લડત ચલાવે છે.

જોકે ત્યાંની સરકાર લગ્નને પ્રોત્સાહન આપે છે. સરકાર માને છે કે અપરિણીત યુગલોનાં સંતાનો અસામાજિક પ્રવૃત્તિઓ કરે છે. સમાજને ખતરામાં નાખે છે. તેથી કુંવારાં દંપતીને લાભો પણ સીમિત મળે છે. સેંકડો વરસથી લગ્નસંસ્થા ચાલી આવે છે. એ કદીય નષ્ટ નહીં થાય.



મીઠા મધુરા એ સંબંધમાં અહમ્‌ને આડે ન લાવશો. કોઈ અભાવ-અછત હોય તો એને દૂર જ રાખજો, અને તમારા મનમાં પ્રવેશવા ન દેશો.

તમે આ પહેલાંના કોઈ પૈસાદારના પ્રસ્તાવ નકાર્યા હોય તો એને યાદ કરીને દુઃખી ન થશો. ભૂતકાળ તો ગયો, એને વાગોળવામાં તો નષ્ટ થઈ જવાશે. એમ જ વિચારજો કે જે થયું એ સારા માટે થયું છે.

કારણ કે પૈસાદાર ધનિક કુટુંબ મળ્યું હોત કે જ્યાં કોઈ સંઘર્ષ ન હોત તો ત્યાં તમારે એ વિશાળ સંપત્તિ શોભાવવા એક પૂતળી બનીને બેસવાનું હોત, તમને તમારી મરજી મુજબની સ્વતંત્ર જિંદગી જીવવાનો અવકાશ જ ન હોત.

જો તમારામાં પૂરું સ્વાભિમાન હોય, તમારું પૃથક્ અને સ્વતંત્ર વ્યક્તિત્વ હોય તો તમને બીજાએ દોરેલી લીટી પર જીવવું નહીં ગમે. જેનામાં શક્તિ છે એને તો આપબળે પોતાની કેડી બનાવવી ગમે, પછી ભલે ને એ કેડી આંસુ ને પસીનાની હોય. પણ ત્યાં તમે તમે છો. તમારું વ્યક્તિત્વ તમે જાળવી શકશો.

જો સાચો સંસ્કારી જીવનસાથી હશે તો એ એવું નહીં ઇચ્છે કે જીવનસાથી એનામાં ઓગળી જાય. એ સંબંધમાં પ્રેમની સાથે સાથે પૂરેપૂરી પ્રામાણિકતા અને વિશ્વાસ છે.

અમેરિકામાં વ્યક્તિને સ્વાવલંબન independence મળે છે. માણસ સ્વતંત્ર જન્મે છે. પછી એ માનસિક સ્વાવલંબન એટલે કે વિચાર કરવાની અને નિર્ણય લેવાની સ્વતંત્રતા મેળવે છે.

આજે પતિ-પત્નીને સમાનતા મળી છે, પિતૃસત્તાત્મક પરિવારના બદલે દ્વિસત્તાત્મક પરિવાર અસ્તિત્વમાં આવ્યા છે. અમેરિકામાં પસંદગીનું સ્વાતંત્ર્ય છે. પત્નીને જ્યાં નોકરી કરવી હોય, જે પ્રકારની નોકરી કરવી હોય, જેટલા કલાક નોકરી કરવી જોય એટલા કલાક કરી શકે છે.

ત્યાં જીવનસાથીની પસંદગી ખોટી થઈ છે એવું લાગે તો શાંતિથી